શ્રી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા આત્મીય બાલ-બાલિકાઓને
સંસ્કાર-સત્સંગ અને સમજણ દ્રઢ કરાવતું પાઠ્યપુસ્તક



લોયાધામ સંસ્કાર
વર્ષ - ૧

-: પ્રેરક :-
પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

-: લેખક અને સંપાદક :-
સાધુ સત્સંગવલ્લભદાસ

-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

લોયાધામ સંસ્કાર (વર્ષ-૧)

પ્રેરક :- પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક અને સંપાદક :- સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કોપીરાઇટ :- © સર્વહક પ્રકાશકને આધીન.

(આ પુસ્તકનો કોઈપણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.)

રજૂકર્તા :- બાળ-કિશોર-યુવા-સત્સંગ સંસ્કાર કેન્દ્ર - લોયાધામ

ચિત્રકલા :- સાધુ આધારવલ્લભદાસ અને સહાયક ચિત્રકાર

પ્રકાશન તિથિ :- શ્રી નંદભુવન ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે

સંવત્ ૨૦૭૮, જેઠ સુદ-૧૧ (ભીમ એકાદશી) તારીખ :- ૧૧-૬-૨૦૨૨

આવૃત્તિ :- પ્રથમ

પ્રત :- ૩૦૦૦

પડતર કિંમત :- ૨૦૦/-

વેચાણ કિંમત :- ૧૦૦/- (લોયાધામ મંદિરના અનુદાનથી ઘટાડેલી કિંમત)

મુદ્રક :- હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા.લી. - અમદાવાદ.

મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯.

પ્રાપ્તિ સ્થાન :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ અને તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.

Visit us :- www.theswaminarayan.org
Email :- loyadhamnj@gmail.com

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ

મૂ.પો : લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર. પીન : ૩૬૩૪૧૦

મો. ૯૦૯૯૮૯૭૮૦૦, મો. ૯૯૨૫૨૦૭૫૦૪



કીર્તન
- : + : -

વિક્રમ સંવત - ૨૦૭૮ -
વૈશાખ સુદ - પંચમી

મા - ઉ - એ - ૨૦૨૨ -
શુક્રવાર

સ્વામિનારાયણ
અક્ષરપુરુષોત્તમ વર્ષ સં. ૨૦૭૮
પોથી દિન

આશીર્વાદ પત્ર

વ્હાલા સત્સંગી સ્વામી !!

સમસ્ત સંસ્થાઓ સંસ્કાર વિભાગ આયોજન થી ફ્રેન્ડશિપ ડે ઉજવાયો. આપણા બાળ સત્સંગ અને સંસ્કાર વધુ ને વધુ પોષાય તે.

પરંતુ આજે સમાજમાં શિક્ષણોમાં વધતી જતી પરંપરા પરંતુ સંસ્કાર ને ઘટી જતા જોઈ !! અને એ દુઃખદ દુઃખદ છે !!

આ દિવસ કોઈપણ સંસ્થાઓમાં અને કાર્યક્રમ વ્યવસ્થાપકોમાં આવા વિચાર

ચાલો જુઓ પોતાનાજ સંતાકો કે
ઝંઝટકાર ચાપલાઓ ઉડ્યા કરતી.
કદાચિત્ તમારે પણ આવા પરિવારોમાં
આવે કોઈ જવાબદારી !

તમારા અનુભવ કહેશો !

આજ વિચારીને આપણા દેવાધિદેવ
પરિવારના બાળ. કુટુંબોના હિત કે
પૂજ્ય ઇચ્છારામે ! આપણા દેવાધિદેવ
જોડિયા ભાઈ

"દેવાધિદેવ ઝંઝટકાર"

આવતાંજ પૃથમ વાક્ષા પુસ્તક તેનું
પૂર્ણવાળા વાચકે તે પછેડ આવા જ
પૃથમ કીરણાર્થે !

આ પુસ્તકોમાં દર્શિત પૃસંગો જે
આપણા દેવાધિદેવ જોડિયા ઝંઝાવિત
પ્રસંગ બાળ જોડળ જા બાલ. બાલિ.
કુ તેનું હિત ઇચ્છતા આપણા દેવાધિ
દેવ પરિવારના ઝંઝાવાત ઝંઝટ.
કુટુંબ કુળ પૂર્ણ હિત કરવા જાં
આવશે તેમ જેડ આશ્ચર્ય બાળ
હિત. આવશે દેવાધિદેવ પરિવાર.
આપણું કિંમતિ વાર્ષ !!

વાદાના સત્સંગ સભાથી !

આ સોપાનના પરિવારના બાળ મુકુલોના હૃદય ઘડતર માટે પૂજ્યશ્રી દ્વારા જ બાર જે

"સોપાન-સંસ્કાર"

બાળકોને જે પુસ્તક નામે પૂર્ણાહુતિ રૂપે ભેટ આપ્યું !! નામ જે સુંદર અને હૃદય આલ્હાદક નામે પ્રાપ્ત થયું. ભક્તિ પૂર્વક અને અતિ પરિશ્રમથી કરેલું આ ચિંતન અને સંપાદન આનંદ થયો છે ને ગમશે પણ થશે.

આવનારા વિદ્યાર્થીઓ પણ આવા દ્વારા આવું સુંદર હૃદય પુસ્તકોનું જે આલેખન તે વાત્સલ્ય ભરેલું ઉદ્બોધન આદ્યાત્મ અને પ્રાર્થનાદ્વારા પુસ્તકનું સંપાદન આપણા હૃદય ઓપ્યું પુસ્તક ચોક્કસ અરજોમાં પ્રાર્થના !

આ પુસ્તકમાં મુકેલા ચિત્રો જે સુંદર અને હૃદય ચિત્રાકૃતિ આપણા બાલસોપાન આદ્યાત્મ આવી છે જે. કહ્યું તેથી પુસ્તકની અંતકરણથી હૃદયના અભિનંદન

પ્રેમાળ સ્વજનો તથા વાચકમિત્રોના આશિષ
દ્વારા પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકનો
પ્રથમ ભાગ પ્રેમાળ સ્વજનોના હાથમાં મૂકતાં
અત્યંત આનંદ અને ગૌરવની લાગણી
અનુભવું છું. આશા છે કે આપ સૌને
આ પુસ્તક ઉપયોગી અને જ્ઞાનવર્ધક
નીવડશે.

આપનો

લેખકની કલમે

આપણી ભારતીય સંસ્કૃતિમાં સત્સંગ અને સંસ્કારનું વિશિષ્ટ મહત્વ રહેલું છે.સત્સંગ અને સંસ્કારથી સંસ્કારિત થયેલ વ્યક્તિનું વ્યક્તિત્વ કાંઇક અનોખું જ નિખરે છે.તેની આંખથી સતત અમૃત વરસે છે. તેનું વર્તન વેદ બને છે. તેના શબ્દોમાં કોયલના ટહુકા જેવી મીઠાશ હોય છે. તેની ભાષા સુભાષિતરત્નભાંડાગાર હોય છે. તેની સહજ નમવાની ચેષ્ટા પરમપિતાની વંદનભક્તિની અભિવ્યક્તિ હોય છે. કસ્તુરીની માફક સમગ્ર વાતાવરણને મહેંકાવનાર તે વ્યક્તિ પોતાના સંગમાં આવનાર તમામને મહેકતા કરી મુકે છે. આમ, સંસ્કારી મનુષ્ય સર્વજનમનોભિરામ હોય છે.

આજનો કહેવાતો માનવ સારા બનવાં કરતાં સારા દેખાવાનું વધુ પસંદ કરે છે. Wi-Fi ના આ જમાનામાં તે એટલો બધો Hi-Fi થઇ ગયો છે કે પાઇની પેદાશ નથી ને ઘડીની નવરાશ નથી. મનુષ્યની બાહ્યપ્રવૃત્તિ એટલી બધી વધી ગઈ છે કે તેને પોતાની આંતરપ્રવૃત્તિ-આંતરપ્રગતિ જોવા-જાણવાનો પણ સમય નથી. બાહ્ય ટાપટીપથી સુંદર દેખાતો માનવ અંદરથી ખોખલો છે ને વિષય વાસના ને વ્યસનોની દુર્ગંધથી પીડાઈ રહ્યો છે.

ભૌતિકવિકાસ પાછળ ગાંડો બની સુખી થવાની હરિફાઈમાં રાત-દિવસ દોડતો માણસ પોતામાં અને પોતાના સંતાનોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરી સુખ-શાંતિની સાચી દિશા તરફ વળવાનો કેમ વિચાર કરતો નથી ? એ સમજવું મુશ્કેલ છે. ખેર, **ભગવાન અને મોટાપુરુષોની દ્રષ્ટિમાં તો એ જ બુદ્ધિશાળી અને ડાહ્યો છે કે જે ભગવાનના માર્ગે ચાલે છે.** ઉપનિષદોમાં પણ **શ્રેય માર્ગ**ની ખુબજ પ્રશંસા થઇ છે. ટૂંકમાં, ભૌતિક સુખ-સગવડો ને જ્ઞાનથી ભરપુર હોવાં છતાં આધ્યાત્મિકજ્ઞાન વિના મનુષ્ય અધુરો છે, અપૂર્ણ છે, ખાલી છે. આ ખાલીપાને દૂર કરી આધ્યાત્મિકજ્ઞાનથી તેને ભરવાનું સરળ અને શ્રેષ્ઠ સાધન છે **સત્સંગ** !!

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે ; **હે ઉદ્ધવ : હું સત્સંગથી જેવો વશ થાઉ છું તેવો બીજા કોઈ સાધનથી નથી થતો.** આ સત્સંગના પણ અનેક પ્રકારો છે. આ યુગમાં **બાળમંડળ-કિશોરમંડળ-યુવામંડળ** સ્થાપી યુવાધનને પ્રભુપ્રેમ અને ભક્તિના કલ્યાણકારી માર્ગમાં પ્રોત્સાહિત કરવા એપણ એક સત્સંગનું જ સ્વરૂપ છે.

પરમ પૂજ્ય ગુરુજી ઘણીવાર કહે છે: **બાળક એ ખીલતું પુષ્પ છે અને સંસ્કાર તેની સૌરભ છે. બાળકોને વારસામાં સંપત્તિજ નહિ સંસ્કાર પણ આપો !!**

આ **"લોયાધામ સંસ્કાર"** પુસ્તકમાં મોગરાની કાચી કળીઓ સમાન ખીલતાં નવાં બાળપુષ્પને સત્સંગના શુભ સંસ્કારો આપી પૂર્ણ રીતે વિકસવાના અને ફોરમવાના તમામ પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં હરિ-હરિજનના રસાળ ચરિત્રો છે. ભારતના વીર સપૂતોની પ્રેરક અમર કથાઓ છે. આર્ય સન્નારીના શુદ્ધ ચારિત્ર્યની મહેંક છે. સંપ્રદાય અને સાહિત્યની નાની-નાની ઉપદેશાત્મક પંક્તિઓ છે. સ્વામિનારાયણીય પરમહંસોના હૃદયના ઉદ્‌ગારો છે; ને શ્રીજીમહારાજના અમૃતવચનો છે. સંપ્રદાયના વિધિ-વિધાનો અને શુદ્ધ સર્વોપરી ઉપાસનાનું જ્ઞાન છે. પ્રાર્થનાઓ ,સુવાક્યો ,સુભાષિતો અને જાણવા જેવું એવું ઘણું બધું છે કે જેનાથી આ પાઠ્યપુસ્તકશ્રેણી સમૃદ્ધ બનેલછે.

પ્રસ્તુત **"લોયાધામ સંસ્કાર"** પાઠ્યપુસ્તકશ્રેણીમાં સંપ્રદાયનું બહુધા જ્ઞાન સમાવિષ્ટ થઇ જાય અને ભારતીય સંસ્કૃતિના અમૂલ્ય મૂલ્યોનું પણ જતન થાય તેવો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.જો કે , આ પુસ્તકનો મૂળ ઉદ્દેશ્ય **પાઠ્યપુસ્તક** તરીકે જ છે છતાં પણ જીજ્ઞાસા ખાતર વાંચનાર જ્ઞાનપિપાસુઓને પણ આમાંથી ઘણો લાભ થશે, તેમજ કથાકારો અને શ્રીહરિચરિત્રના રસિકોને પણ ખુબ ઉપયોગી નિવડશે એવી આશા છે.

ઘડતર વિના માણસની કોઈ કિંમત નથી. આ પુસ્તક ઘડતરની તાલીમ આપી આપણા જીવનમાં સદ્‌ગુણો અને સંસ્કાર કેળવવા જોઈએ તેની સાચી સમજ આપશે. આના નિયમિત વર્ગો ,અભ્યાસ અને પરીક્ષા દ્વારા બાળકોમાં સત્સંગના શુભ સંસ્કારો જાગશે , સદ્‌ગુણી થશે અને તેના જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે.

શ્રી ઠાકોરજી મહારાજ, મુક્તાનંદીય ગુરુપરંપરાના ભગવત્સ્વરૂપ સદ્‌ગુરુઓ અને પરમ પૂજ્ય ગુરુજીની શુભ પ્રેરણા અને આશીર્વાદથીજ આ પુસ્તકશ્રેણીનું આલેખન થયું છે. અહીં જે કાંઇ આપને સારું લાગે તે એમનો કૃપાપ્રસાદ છે; અને જે કાંઇ અણગમતું હોય તે આ સેવકની ક્ષતિ છે એમ માની રાજી રહેજો.

પુસ્તકને ક્ષતિ રહિત બનાવવા માટે પૂરતાં પ્રયાસો થયાં છે છતાં પણ કાંઇ પ્રેસ ભૂલ જણાય તો અનુકંપા કરશોજી અને આ આત્માનું ભગવાન સારું કરે એવા આશીર્વાદ આપશોજી.



लि :- साधु सत्संगवल्लभदासना
भावथी जय स्वामिनारायण

પ્રકાશકીયમ્

આજની બાળ-કિશોર-યુવા પેઢીને દિન-પ્રતિદિન વધતાં જતાં વિષય-વ્યસન અને ફેશનના કલુષિત વાતાવરણથી બચાવી સત્સંગનાં શુભ સંસ્કારો સિંચી ભગવદ્‌સન્મુખ કરવાં માટે **પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**એ (લોયાધામ) બાલ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર પ્રવૃત્તિ ચાલું કરાવી છે. જેમાં ઘણી મોટી સંખ્યામાં બાલ-બાલિકા ,કિશોર-કિશોરી ,યુવક- યુવતીઓ જોડાયાં છે/જોડાય રહ્યાં છે.

પરમ પૂજ્ય ગુરુજીની પ્રેરણાથી આપણા ગામમાં/ શહેરમાં અઠવાડિક સત્સંગ સભા ચાલે છે/ શરૂ કરી છે; તેમાં પૂજ્ય ગુરુજીએ યુવાનોને પણ કથા-વાર્તા કરવા-શીખવાની પ્રેરણા આપી છે. આજે કેટલાય બાલ-કિશોર-યુવા-યુવતીઓ-હરિભક્તો શ્વેતાંબરી સાધુ બનીને શ્રીજીમહારાજ, આદીગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુઓ અને લોયાધામના ઉત્કૃષ્ટ જ્ઞાનનું પ્રવર્તન સુપેરે કરી રહ્યાં છે.આ કાર્ય સરળતાથી થઇ શકે અને તેની પરીક્ષાઓ પણ યોજી શકાય તે માટે આ પુસ્તક ખૂબજ સહાયરૂપ બની રહેશે.

આજનાં મૂરઝાઈ જતાં બાલ-કિશોર-યુવાધનને સંપ્રદાયનું શુદ્ધજ્ઞાન અને શુભ સંસ્કારો આપી સમૃદ્ધ બનાવવા માટે આ **"લોયાધામ સંસ્કાર"** પાઠ્યપુસ્તકશ્રેણી આપ સહુંના હાથમાં મુકતા આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા છે કે ઘર-ઘરમાં સર્વ કોઈને આ પુસ્તક ખૂબજ ઉપયોગી નિવડશે.

આ પુસ્તકનું રસાળ આલેખન અને સંશોધન લોયાધામ પરિવારના **વિદ્વાન સંત પૂજ્ય શાસ્ત્રી શ્રી સત્સંગવલ્લભદાસજી સ્વામી**એ કર્યું છે. તેમજ લેખનને અનુરૂપ **પૂજ્ય શ્રી આધારવલ્લભદાસજી સ્વામી**એ (M.F.A) સ્વયં ચિત્રો દોરી અને **જતીન ભાઈ પેન્ટર** દ્વારા ચિત્રો દોરાવી તેને બહુરંગી અને નયનરમ્ય બનાવ્યું છે. કવરપૃષ્ઠ આદિ સજાવટનું કાર્ય **હરિકૃષ્ણ ગ્રાફિક્સ-અમદાવાદ**ના **નંદકિશોરભાઈ** આદિ આર્ટિસ્ટો દ્વારા થયું છે. આ પુસ્તકમાં મદદરૂપ થનાર **પૂજ્ય શ્રી વેદવલ્લભદાસજી સ્વામી, સાધક હરેશ ભગત** આદિ સહું કોઈ પર ભગવાનની કૃપાવર્ષા થતી રહે એવી પ્રાર્થના છે.

વિશેષમાં દરેક સંચાલકોએ નીચેની સૂચનાઓ મુજબ આ પુસ્તકનો અભ્યાસ ખંતથી કરી બાળકો પાસે પણ કરાવવાનો રહેશે.

બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર
લોયાધામ

(૧) પુસ્તક ભણાવવા વિષે :-

- એક વર્ષનાં કુલ **૫૨** રવિવારમાંથી **દિવાળીનો દોઢ મહિનો અને ઉનાળાનો દોઢ મહિનો** બાદ કરતા **૪૦** રવિવાર બાકી રહે છે. આમ, એક વર્ષમાં કુલ **૪૦** સભા થાય તે રીતે આ પુસ્તકમાં **૪૦** પાઠ તૈયાર કરાયા છે.
- અઠવાડિક બાળસભાનો વાર કે દિવસ પરિસ્થિતિ પ્રમાણે ગમે તે હોય પણ બાળસભાનો કાર્યક્રમ અને સમય બંધારણ નીચે મુજબ જ કરવું. જો શક્ય હોય તો સભા રવિવારે જ કરવી.

સભાનું સમય બંધારણ

ધૂન/કીર્તન	૧૦ મિનિટ
પ્રારંભની પ્રાર્થના	૫ મિનિટ
ચરિત્રામૃતમ્	૩૫ મિનિટ
કડીગાન/શ્લોકગાન	૧૦ મિનિટ
વાતો વિભાગ	૧૦ મિનિટ
ટૂંકા પ્રશ્નો	૫ મિનિટ
જાણવા જેવું	૫ મિનિટ
વિશેષ	૫ મિનિટ
અંતે કડીગાન	૫ મિનિટ
કુલ સમય	**૧:૩૦ કલાક**



- સભા પ્રારંભની પ્રાર્થના અને સભાના અંતે ગાવાની કડીઓ પેજ નંબર ૧૬ પર આપેલ છે; તે ગાવી અને ગવડાવવી.
- પ્રત્યેક સભામાં પ્રાર્થના બાદ **૩૫** મિનિટ ચરિત્ર નિરુપણ કરવાનું રહેશે. જેને પહેલેથી વાંચી-વિચારી-સમજી લેવું.
- પ્રત્યેક સભામાં **એક-બે કડી** ગવડાવી; સમજાવવાની રહેશે. જેનો રાગ-ઢાળ પહેલેથી શીખી લઈ સ્વયં અથવા બાળકો પાસે ગાઈ-ગવડાવી-કંઠસ્થ કરાવવી.
- પ્રત્યેક સભામાં **એક-બે વાતો**નું ટૂંકમાં નિરુપણ કરવાનું રહેશે. જેને સ્વયં ઉચ્ચ સ્વરે બોલી; બાળકો પાસે બોલાવી; સમજાવી; કંઠસ્થ કરાવવી.
- પ્રત્યેક પાઠમાં **ટૂંકા પ્રશ્નો** આપેલ છે તેને પણ સમજાવી કંઠસ્થ કરાવવાનાં રહેશે.
- પ્રત્યેક ચાર પાઠ પછી સત્સંગની પ્રણાલીકાઓ વિષે એક **વિશેષ પાઠ** આપવામાં આવ્યો છે. જેમ કે **પૂજાવિધિ, માળા, દંડવત્, પ્રદક્ષિણા, માનસીપૂજા, કંઠી, તિલક-ચાંદલો** વગેરે - જેને સમજાવવાનો રહેશે.
- દરેક પાઠના અંતે આપેલ **અભ્યાસ**ને બાળકો પાસે **ગૃહકાર્ય** તરીકે કરાવવાનો રહેશે. અને **લેખિત-મૌખિક પરીક્ષા** લેતા રહેવાની રહેશે.
- **લોયાધામ સંસ્કાર-વર્ષ-૧ની બનાવટ ધોરણ-૮-૯ માં ભણતા બાળકો અર્થાત્ ૧૪-૧૫ વર્ષની ઉંમરનાં બાળકોની બૌદ્ધિક ક્ષમતાને આધારિત કરવામાં આવી છે. નવા આવેલ ૧૫ થી ૪૦ વર્ષનાં યુવાનોને પણ બાળકની કક્ષામાં જ ગણવા.**
- આ પુસ્તક કુલ ૩ ભાગમાં પ્રકાશિત થશે. આમ, બાળકો-બાલિકાઓ માટે ૩ વર્ષનો કોર્સ રહેશે.
- **પાઠ ૧ થી ૨૦** ની **૬ માસિક** અને **પાઠ ૧ થી ૪૦** ની **વાર્ષિક પરીક્ષા** લેવાની રહેશે. જેનાં પરીક્ષા પેપર **''શ્રી લોયાધામ બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર''**માંથી નીકળશે. અથવા ગામના/શહેરના સંચાલકો સ્વયં પેપર કાઢી પરીક્ષા લેશે.
- વાર્ષિક પરીક્ષાનાં સમય પહેલાં સંપૂર્ણ પુસ્તક ભણાવી દેવાનું રહેશે.
- પ્રત્યેક સંચાલકે બાળસભાના સભ્યોનું **એડમીશન ફોર્મ** ભરવાનું રહેશે. અને પ્રત્યેક સભામાં **હાજરીપત્રક** રાખી હાજરી પુરવાની રહેશે.
- જે બાળકનું વાણી-વર્તન અયોગ્ય અને અનિયમિત હોય તેનું એડમીશન રદ કરી તેને પ્રેમથી રજા આપવાની રહેશે.

(૨) સંચાલકોનું નૈતિક કર્તવ્ય :-

- સંચાલકોનાં જીવન વ્યવહારની સભ્યો પર ખૂબ જ ઊંડી અસર થાય છે. માટે મહારાજ અને મોટાપુરુષને ગમે તેવું અને એક સભ્ય **સંસ્કારી માણસ**ને શોભે તેવું જ વાણી-વર્તન-જીવન રાખવું.
- આ પુસ્તકમાં જે જે શીખવવામાં આવ્યું છે તે બધુજ **સંચાલકનાં જીવન-વ્યવહારમાં** અવશ્ય પળાતું હોવું જોઈએ.
- **લોયાધામ પરિવાર** સાથે ઓછામાં ઓછા **૨ વર્ષ**થી જોડાયેલ આત્મીય ભક્તને સંચાલકની સેવા માટે પૂજ્ય સંતો દ્વારા નિમણુંક કરવામાં આવશે.
- પ્રત્યેક સંચાલક **પૂજ્ય ગુરુજી** અને લોયાધામ પરિવારનાં **ઓછામાં ઓછા બે સંતો**ના **લાઈવ કોન્ટેક્ટ**માં રહેતાં હોવા જોઈએ.



- પ્રત્યેક સંચાલકે પોતાનાં ગામ/શહેર કે સભાની પરિસ્થિતિથી પોતાનાં ઉપરી સંચાલકને વાકેફ રાખવા.
- પ્રત્યેક સંચાલકે અવશ્યપણે **સફેદ ઝભ્ભો-લેંઘો** પહેરીને જ સભા કરવી.
- ક્યારેય કોઈ પણ બાળક ઉપર હાથ ઉપાડવો નહિ. સખતાઈ અને ક્રોધની ભાષા કરતાં **પ્રેમની ભાષા**થી બાળકને સમજાવશો તો પરિણામ અવશ્ય મળશે.
- સભાનાં સમય દરમ્યાન પોતાનો **મોબાઈલ ફોન સ્વીચ ઓફ** અથવા **સાયલન્ટ** રાખવો. ચાલુ સભામાં કોઈ સાથે ફોનમાં વાત કરવી નહિ.
- **બાળકો કેળવી સંસ્કારી, નિષ્ઠાવાન્ બનાવવાં એ એક કળા-કૌશલ છે. તેમાં જેટલો વધારે સમય ગાળશો એટલાં જ સારા ફળ મળશે.**
- કોઈ પણ બાળકને 'તુકારે' બોલાવવા નહિ. તેના નામની પાછળ 'ભગત' લગાડીનેજ બોલાવવા. દા.ત. દર્શન ભગત.
- પ્રત્યેક સંચાલકે અને બાળકે **''નિત્ય નિયમાવલી''** પણ સાથે રાખવી. સમયની અનુકૂળતાએ નિત્યનિયમ પણ બોલાવી કંઠસ્થ કરાવવાનાં રહેશે.
- **સભાના ૪૦ રવિવારને બાદ કરતા બાકી રહેલા ૧૨ રવિવારે સંચાલક સ્વૈચ્છિક રીતે આનંદોત્સવ, રમતોત્સવ, તીર્થ-સ્થાન દર્શન વગેરેનું આયોજન કરી શકે છે.**

(3) સભાનું આયોજન અને પૂર્વ તૈયારી

- સભાસ્થળની સાફ-સફાઈ કરી એક સુંદર ટેબલ ઉપર આસન પાથરી **શ્રી ઠાકોરજી મહારાજ**ની મૂર્તિ પધરાવી અને તેનાથી નીચું બીજુ આસન પાથરી તેના ઉપર **ગુરુપરંપરાની મૂર્તિ** દર્શન માટે પધરાવવી. સભામાં શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ **વચનામૃત, મુક્તાનંદ કાવ્ય** જેવાં મૂળ ગ્રંથને તો અવશ્ય રાખવા. શ્રી ઠાકોરજી મહારાજ અને ગ્રંથને પ્રણામ કરી, પોતાનાં સ્થાને બેસી **''લોયાધામ સંસ્કાર''** પુસ્તકનું વાંચન અને નિરુપણ કરવું.
- સભાની શરૂઆતમાં પ્રાર્થના બાદ નીચે જણાવેલ છ (૬) જય અવશ્ય બોલાવવી. જય બોલાવવાની પદ્ધતિ એકજ રાખવી પણ અદલા બદલી ન કરવી.

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય

(૨) શ્રી ઠાકોરજી મહારાજની જય (૩) શ્રી હરિકૃષ્ણ મહારાજની જય (૪) શ્રી ઘનશ્યામ મહારાજની જય (૫) શ્રી સદ્‌ગુરુદેવની જય (૬) શ્રી પાંચસો પરમહંસની જય.

- ધૂન-પ્રાર્થના-કીર્તન કોણ બોલાવશે તેની સોંપણી પહેલેથી જ કરી રાખવી અથવા સ્વયં ઉચ્ચ મધુર સ્વરે બોલાવવું. જો બાળકને પણ ગાવા કે બોલવા દેવાનો અવસર આપવામાં આવે તો સર્વને સભા પોતાની લાગશે અને બાળકો તૈયાર થશે.
- બાળસભા રસપ્રદ બનાવવા માટે દરેક પાઠની પૂર્વતૈયારી અને મનન ખૂબજ જરૂરી છે, તો જ આ પુસ્તકનો હેતુ સફળ થશે. ચરિત્રોનો રસાળ ઉલ્લેખ આ પુસ્તકમાં છે; છતાં તેના વિસ્તાર અને રોચક શૈલીની રજુઆત માટે વક્તા-સંચાલકે પૂર્વતૈયારી કરવી આવશ્યક છે.

(૪) બાળકોનું કર્તવ્ય :-

(૧) આપણી રમત-ગમત, મોજશોખ છોડી દર અઠવાડિયે બાળસભામાં નિયમિત-સમયસર હાજરી આપવી. બાળસભાનાં સમય કરતાં દશ મિનિટ પહેલા પહોચી જવું.

(૨) બાળસભામાં આપણા બૂટ-ચંપલ લાઈનમાં જ ઉતારવા અને અન્યનાં બૂટ-ચંપલ આપણે ન પહેરવાં.

(૩) બાળસભામાં ફરજીયાત સફેદ વસ્ત્રો (ઝભ્ભો-લેંઘો) પહેરીને જ જવું અને તિલક-ચાંદલો ફરજીયાત કરવો.

(૪) બાળસભામાં બોલાતી ધૂન, પ્રાર્થના, કડી, શ્લોક, વાતો, કીર્તન, પ્રતિજ્ઞા વગેરે ઉચ્ચ સ્વરે મુખપાઠ બોલવાં.

(૫) બાળસભામાં બાળસભાની ચોપડી-નોટ-પેન લઈને જવું. અને સભા દરમ્યાન અગત્યનાં મુદ્દા નોટબુકમાં નોંધવા.

(૬) સભામાં બેસતા પહેલા મહારાજની મૂર્તિ સમક્ષ છ (૬) દંડવત્ કરીને - સંચાલકશ્રીને પગે લાગીને જ બેસવું.



(૭) સભામાં શિસ્ત, વિનય, વિવેક અને મર્યાદા જાળવવી. બેસવામાં આડી-ઊભી લાઈન જોઈ-શિસ્તમાં જ બેસવું.

(૮) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકોની આજ્ઞામાં જ રહેવું. મનનું ધાર્યું મુકવું.

(૯) બાળસભાના બાળકો અને સંચાલકશ્રીનાં નામ પાછળ ભગત લગાડીને જ આદરપૂર્વક બોલીએ. દા.ત. જીજ્ઞેશ ભગત.

(૧૦) સભામાં સંચાલક સાહેબને આદર આપીએ. તેમને 'તુંકારે' ન બોલાવીએ તથા તેમની સાથે અવિવેકી વર્તન ન કરીએ.

(૧૧) સંતોના આખા નામ આદરપૂર્વક બોલીએ. દા.ત. પૂજ્ય મુકુન્દવલ્લભ સ્વામી.

(૧૨) સભામાં કોઈ પ્રશ્ન પુછાય ત્યારે અથવા આપણે કંઈક પૂછવું હોય ત્યારે આંગળી ઊંચી કરવી, પરંતુ વચ્ચે ન બોલવું.

(૧૩) જો મોબાઈલ ફોન લઈને બાળસભામાં જવાનું થાય તો સભા દરમ્યાન મોબાઈલ ફોન સ્વીચ ઓફ અથવા સાયલન્ટ રાખવો.

(૧૪) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકશ્રી સાથે એક પલંગ, સોફા કે ખુરશી પર ન બેસવું. પણ તેમની સન્મુખ નીચા આસને જ બેસવું.

(૧૫) બાળસભા જે સ્થળે હોય તે સ્થળે કોઈપણ વસ્તુને પૂછ્યા વિના અડવું નહિ તથા નુકશાન પણ ન થાય તે ધ્યાન રાખવું.

(૧૬) બાળસભામાં ધમાલ-મસ્તી કે અટકચાળા ન કરીએ, તથા અંદરોઅંદર વાતો ન કરવી. પૂજ્ય સંતો અને સંચાલકોની વાતને એકાગ્રતાથી સાંભળવી.

(૧૭) બાળસભામાં યોજાતા કાર્યક્રમોમાં, સ્પર્ધાઓમાં ઉત્સાહ અને ઉમંગથી ભાગ લેવો.

(૧૮) આરતી અને પ્રસાદ માટે દોડાદોડી ન કરવી પણ લાઈનમાં ઉભા રહેવું.

(૧૯) નવાં-નવાં બાળકોને આપણી બાળસભામાં આગ્રહપૂર્વક લઈ આવવા અને તેમનો સંચાલકશ્રી તથા પૂજ્ય સંતોને પરિચય કરાવવો.

(૨૦) આપણા જન્મદિવસે તથા શુભપ્રસંગોમાં તથા મહારાજને રાજી કરવા અનુકૂળતા મુજબ આપણી બાળસભામાં પ્રસાદીની સેવાનો લાભ લેવો.

(૨૧) બાળસભામાં જે વાત શીખવાડવામાં આવે તે વાત ઘરે આવીને માતા-પિતાને તથા અન્ય સભ્યોને કહેવી તથા તે પ્રમાણે આગ્રહપૂર્વક વર્તવું.

(૨૨) સભા પૂર્ણ થયા બાદ પૂજ્ય સંતો અને સંચાલકશ્રીને પગે લાગીને ''જય સ્વામિનારાયણ'' કહીને જ જવું.

(૨૩) સભા પૂર્ણ થયા બાદ વાતો કરવામાં સમય પસાર ન કરવો તથા બહાર ફરવા ન જવું. સીધા ઘરે જ જવું. જેથી આપણા માતા-પિતાને ચિંતા ન થાય.

(૨૪) અઠવાડિયે અથવા પંદર દિવસે એકવાર પૂજ્ય ગુરુજી અને પૂજ્ય સંતોને અવશ્ય ફોન કરવો.

(૨૫) વેકેશનના સમયે પૂજ્ય ગુરુજી અને સંતો સાથે રહેવાં માટે જવું.

॥ પ્રતિજ્ઞાપત્ર ॥

- સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા આરાધ્ય ઉપાસ્ય ઈષ્ટદેવ છે.
- તે મને આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત શ્રી ઠાકોરજી મહારાજના રુપે પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યાં છે.
- હું શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા દ્રઢ કરીને રાખીશ.
- શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાનાં પ્રગટ સત્પુરુષ મારા મોક્ષનાં દાતા છે.
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ મારા આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર છે.
- હું તેને તન-મન-ધનથી સમર્પિત રહીશ અને તેની સેવા વફાદારીપૂર્વક ખંતથી કરીશ.
- શ્રી લોયાધામ પરિવારનાં સંતો ભક્તો મારા પરમ આત્મીય અને આત્માનાં સાચા સગા છે.
- હું હંમેશા મારા ગુરુજી અને સંતો ભક્તોનું નિર્દોષ ભૂલકું બનીને રહીશ.
- મારા કોઈપણ કર્મથી મારા ગુરુજી અને સંતોને શરમથી માથું ઝુકાવવું પડે એવું કોઈ પણ કૃત્ય હું નહિ કરું.
- ''શ્રી પુરુષોત્તમનારાયણને પામી જ જવું છે'' એજ મારું જીવનલક્ષ્ય છે.
- તે અર્થે ગરજુ-રાંક થઈને શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્ય ગુરુજી અને સંતો-ભક્તોને રાજી કરીશ.
- શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરા અને લોયાધામ પરિવારનાં સંતો ભક્તોનો હું દાસ છું. એનો મને ગર્વ છે.



સભાનાં પ્રારંભે ગાવાની પ્રાર્થના

પ્રભુ તમ વિના મારું કોણ છે, તમે જાણો છો હરિ હરિ...
પરિવારમાં તમે સાર છો, સંસારનાં આધાર છો;
મારા પ્રાણતણા તમે પ્રાણ છો... પ્રભુ. ૧
આ લોકમાં તમે આપ છો, પરલોકમાં માબાપ છો;
સર્વે જગતનાં પ્રતિપાળ છો... પ્રભુ. ૨
મારી આશતણા તમે સૂર છો, અતિ કૂડથી તમો દૂર છો;
મંજુકેશાનંદનાં નાથ છો... પ્રભુ. ૩

સભાનાં અંતે ગાવાની કડીઓ

ગરજુ બિન ન હરિ હિત લાવે, ગરજુ પાસ સહેજે ચાલી આવે ।
ગરજુ કે શ્રીહરિ હોત હે બેલી, ગરજુ કો કબું દિયે ન મેલી ॥

સત્સંગ મે અબ આયે હે જેતે, સંત હરિજન બાઈયું તેતે ।
સબ હે મુક્ત અનાદિ તેહી, સો ભાવ અબ ભુલ ગયે એહી ॥

અનુક્રમણિકા

સભા	વિષય	પેજ નંબર
૦૧.	અવતારીનું અવતરણ	
૦૨.	મહારાજનાં પરમહંસો	
૦૩.	લાકડા ભેળું લોઢું તરે	
૦૪.	માતૃપિતૃભક્ત શ્રવણ	
૦૫.	સ્વામિનારાયણ મહામંત્ર (મંત્ર મહિમા)	
૦૬.	હિંસા એ મહાપાપ છે	
૦૭.	સંત સમાગમનો પ્રતાપ	
૦૮.	શ્રી મુક્તાનંદસ્વામીનું બાળપણ	
૦૯.	પ્રેમ દિવાની મીરાં	
૧૦.	હું તો માંડ પચાસ માળા જ ફેરવું છું (માળાજાપ)	
૧૧.	ગૃહત્યાગ અને વનગમન	
૧૨.	ગઢપુરનાં દાદાખાચર	
૧૩.	આપણા ગુરુજીનું બાળપણ	
૧૪.	બાળભક્ત ધ્રુવ	
૧૫.	અખંડ સૌભાગ્યનું ચિહ્ન (તિલક-ચાંદલો)	
૧૬.	સિંહે સ્વભાવ છોડ્યો	
૧૭.	વાહલામાં વાહલી વસ્તુ	
૧૮.	મુક્તમુનિનું માતૃત્વ	
૧૯.	છત્રપતિ શિવાજી મહારાજ	
૨૦.	પતિવ્રતાની ટેક (કંઠી)	
૨૧.	બાળવત્સલ શ્રીહરિ	
૨૨.	મંગળિયો	
૨૩.	સો માંની મમતા	
૨૪.	પરોપકારી રાજા રંતિદેવ	
૨૫.	શીર સાટે સત્સંગ (નિત્યપૂજા)	
૨૬.	સર્વસ્વ સમર્પણ	
૨૭.	ધૂળ પર ધૂળ	
૨૮.	મહારાજનાં સ્ત્રી ભક્તો	
૨૯.	શાકોત્સવ લીલા	
૩૦.	અગત્રાઈના પર્વતભાઈ (માનસીપૂજા)	
૩૧.	ઘરઘણી	
૩૨.	આપણા ગુરુજીનું જીવન-કાર્ય	
૩૩.	ગુરુભક્ત સત્યકામ જાબાલી	
૩૪.	લોયાધામના વલુબા	
૩૫.	જય સદ્‌ગુરુ સ્વામી (આરતી)	
૩૬.	નિર્માની સંત તુકારામ	
૩૭.	લોયાધામના શાન્તીબા	
૩૮.	સત્સંગની માં	
૩૯.	સંત એકનાથજી	
૪૦.	કેવો અદ્‌ભુત મહિમા (દંડવત્-પ્રદક્ષિણા)	
•	ભગવાન શ્રી સ્વામિનારાયણ - સંક્ષિપ્ત જીવન પરિચય	
•	મોક્ષનું ધામ - લોયાધામ	
•	લોયાધામ પરિવાર : એક આધ્યાત્મિક અને સામાજિક પરિવાર	
•	આપણું ઘર આવું હોવું જોઈએ	

સભા-૧ : અવતારીનું અવતરણ

એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં સંતો ભક્તોની સભા ભરીને વિરાજમાન હતા. પછી શ્રીજીમહારાજે વાત કરી કે **"આ બ્રહ્માંડનું નામ ફૂટલું બ્રહ્માંડ છે ને આવા તો અનંતકોટી બ્રહ્માંડો છે. અક્ષરધામનાં અધિપતિ એવા અવતારી શ્રી પુરુષોત્તમનારાયણ તેઓ પ્રતિબ્રહ્માંડમાં ફક્ત એક એક વાર જ પધારે છે. જીવ જ્યારે તે પુરુષોત્તમ ભગવાનનો આશ્રય કરે છે ત્યારે તે અક્ષરધામને પામે છે.** અને ભગવાનનાં બીજા અવતારો તો પ્રતિબ્રહ્માંડમાં અનેકવાર થયા કરે છે. તે અવતારોનાં ભક્તો જે તે અવતારને ભજીને જે તે ધામને પામે છે. જે અવતાર જ્યાંથી આવ્યા હોય તેમનાં ભક્તોને તેઓ ત્યાં જ લઇ જાય છે.''

ત્યારે ભક્તોએ પ્રશ્ન પૂછ્યો : હે મહારાજ ! આજ પુરુષોત્તમ ભગવાન કંઈ રીતે આ ફૂટલાં બ્રહ્માંડમાં પધાર્યા છે ? તે કહો !

પછી શ્રીજીમહારાજ બોલ્યા : એકવાર અક્ષરધામનાં અધિપતિ શ્રી પુરુષોત્તમનારાયણ પોતાનાં અક્ષરધામમાં અનંત મુક્તોની સભા ભરીને વિરાજમાન હતા. પછી ભગવાને તે મુક્તોને પ્રશ્ન પૂછ્યો : હે મુક્તો ! ઘણાંક કાળથી આ બ્રહ્માંડ સર્જાયું છે; પણ તેમાંથી કોઈ જીવ





મુક્ત થઈને આ અક્ષરધામમાં કેમ આવતાં નથી? ત્યારે મુક્તો બોલ્યા : **હે નાથ ! જ્યારે તમે આ બ્રહ્માંડમાં પધારો ત્યારે તમારા આશ્રયે કરીને જીવ મુક્ત થઈને અહીંયા આવે પણ બીજા અવતારને ભજી અહીંયા ન અવાય.**

આ રીતે મુક્તોનો જવાબ સાંભળી ભગવાને તરત નિશ્ચય કર્યો ને બોલ્યા : **ત્યારે તો અમારે આ ફૂટલાં જરૂર બ્રહ્માંડમાં પધારવું જ પડશે; અને હે મુક્તો ! અમારી સાથે તમારે પણ આ બ્રહ્માંડમાં પધારવું પડશે.ત્યારે મુક્તોએ કહ્યું : હે પ્રભુ ! આપ તો સર્વેશ્વરેશ્વર છો ! મહાસમર્થ છો ! તમે પધારો ત્યારે અમારી શી જરૂર છે ? ત્યારે ભગવાન બોલ્યા : અમે જઈએ તોપણ તમારી તો જરૂર રેહવાની જ ! કેમ જે, અનાદિ કાળથી જીવ માયામાં બદ્ધ છે; તેને માયા ત્યાગ કરાવવી અતિ કઠણ છે. તેતો તમે મનુષ્ય જેવા થઈને એકાંતિક ધર્મ પાળશો, તેને જોઇને તમારે યોગે કરીને જે મુમુક્ષુ જીવ, દૈવી જીવ અને સંસ્કારી જીવ હશે તે મોક્ષનાં માર્ગે ચાલશે !! કેની પેઠે ? તો, એકવાર એક નાનું છોકરું સાંકડી ગુફામાં પેસી ગયું. તેના મા-બાપે તેને ઘણું બોલાવ્યું ને બહાર કાઢવા ઘણી મહેનત કરી પણ તે બહાર ન આવ્યું. પછી મા-બાપે ગામનાં બીજા નાના છોકરા ભેગાં કરીને ગુફાને મોઢે રમતાં મુક્યાં. ત્યારે તેને જોઇને તે છોકરું ગુફામાંથી બહાર નીસરી આવ્યું ને છોકરાઓ ભેગા રમવા લાગ્યું, પછી તેના મા-બાપે તેને ઉપાડી લીધું. તેમ તમે મનુષ્ય જેવા થઈને એકાંતિક ધર્મ પાળશો તો તમને જોઈને બીજા જીવ પણ એકાંતિક ધર્મ પાળશે. પછી માયારૂપી અંધારી ગુફામાંથી બહાર આવી અક્ષરધામને પામશે. માટે, હે મુક્તો ! તમારે પણ અમારી ભેગાં આ બ્રહ્માંડમાં પધારવાનું જ છે.**

અક્ષરધામની દિવ્યસભામાં ભગવાને સર્વે મુક્તોને આવી રીતે આજ્ઞા કરી.

પછી બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાનની સભામાં દુર્વાશાઋષિનાં શાપનું નિમિત બનાવી અવતારી એવા પુરષોત્તમ નારાયણ અને અનેક મુક્તો આ ફૂટલાં બ્રહ્માંડમાં પધાર્યા છે. અને આજ આ મુળજી બ્રહ્મચારી, મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ, રાજબાઈ વગેરે મનુષ્ય જેવાં દેખાય છે પણ તેતો અક્ષરમુક્તો જ છે.

વાહલા બાળકો ! આ રીતે સ્વયં અવતારી એવાં શ્રીજીમહારાજે પોતાના અવતરણની **પૂર્વભૂમિકા** સર્વે સંતો ભક્તોને કહી સંભળાવી. આ વાત સાંભળી સહું સભાજનોનાં મુખમાંથી અહો! અહો!નાં ઉદ્‌ગારો નીકળી પડ્યાં.

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે

અયોધ્યા પાસે નાનકડું અને અતિ રળિયામણું **છપૈયા** નામનું ગામ છે. ગામની ચારે બાજુ ઘટાદાર આંબા, આંબલી, વડ, પીપળા, જમરૂખ, દાડમ અને જાંબુના વૃક્ષો છે. આખો દિવસ પંખીઓનો કિલકિલાટ અને કોયલ, મોર, પોપટ, મેનાના મીઠાં મધુરાં ટહુકા સંભળાયા કરે છે. ગામની નજીક એક સુંદર **નારાયણ સરોવર** પણ છે. નાની નાની ગલીઓ અને મંદિરોથી ગામ અતિ શોભે છે.

આજનો દિવસ આનંદનો દિવસ છે. **સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદી નવમીનો દિવસ (તા. ૩-૪-૧૭૮૧, સોમવાર) અને રાતના દશ અને દશ મિનિટનો સમય છે. ધર્મદેવ**નાં ઘરે અને આખાય ગામના આસોપાલવના તોરણો બંધાયા છે. દીપમાળાઓ પુરવામાં આવી છે. ધર્મદેવના ઘરની બહાર લોકોની ભીડ જામી છે. બાળકો આનંદમાં નાચી રહ્યાં છે. સ્ત્રીઓ મંગળ ગીતો ગાય છે. કેટલીક સ્ત્રીઓ અબીલ, ગુલાલ અને પુષ્પની માળાઓ, રેશમી વસ્ત્રો લઈને હસતી હસતી ધર્મદેવના ઘરે પહોંચી છે. યજ્ઞશાળામાં બ્રાહ્મણો મંત્રગાન કરી યજ્ઞમાં આહુતિઓ આપી રહ્યાં છે. ઢોલ, નોબત, શરણાઈઓ વાગી રહી છે. આઠેય દિશાઓ સ્વચ્છ બની છે. મંદ સુગંધિત વાયુ વહેવા લાગ્યો છે. આકાશમાં ગાંધર્વો-અપ્સરાઓ સંગીતનાં મધુરા સ્વરો સાથે ગાયન-વાદન અને નર્તન કરી રહ્યાં છે.

પ્રેમવતી સુત જાયો રે અનુપમ,
બાજત આનંદ બધાઈ હો;
પ્રગટ ભયે પૂરણ પુરુષોત્તમ,
સુર સજ્જણ સુખદાઈ હો.

આકાશમાંથી દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ બાળપ્રભુનાં દર્શને પધાર્યા છે. પુરવાસીઓ બાળપ્રભુ શ્રી ઘનશ્યામનાં દર્શન કરી આનંદથી નાચી કુદી ગગન ગજાવી રહ્યાં છે.

આજે સ્વયં અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે જ બાળક બનીને ભક્તિમાતાને ત્યાં પ્રગટ થયા છે. બાળપ્રભુના દિવ્ય શરીરમાંથી શીતળ શાંત તેજ નીકળ્યું છે.



આ તેજથી આખુંય ઘર ભરાઈ ગયું છે. દર્શને આવેલાં સહું કોઈ તે તેજને જોઈ આશ્ચર્ય ચકિત થઈ ગયા છે. ધર્મદેવે બ્રાહ્મણો-ગરીબો અને સાધુ સંતોને ગાયો, વસ્ત્રો અને ઘરેણાં દાન કર્યા છે.

અક્ષરધામનાં મુક્તો આજે પુષ્પો અને ચંદનનો વરસાદ કરી આ મંગળ અવસરને વધાવી રહ્યાં છે.

જય જયકારની ધ્વનિ ચારેકોરે સંભળાઈ રહી છે.

ધર્મઘેર આનંદ ભયો,
જય બોલો ઘનશ્યામકી,
હાથી ઘોડા પાલખી,
જય બોલો ઘનશ્યામકી.

સ્વયં પરમાત્મા પોતે પોતાનાં પ્રેમી ભક્તોને લાડ લડાવવા અને સંતો-ભક્તોની ભેગાં રહેવાં માટે મનુષ્ય જેવાં થાય છે ને મનુષ્ય જેવું વર્તન કરે છે. ભગવાનનું અવતરવું અને અંતર્ધ્યાન થવું એ માત્ર એક લીલા છે. આ દિવ્યલીલાનું જે સ્મરણ કરે છે, તેના ભવબંધન છુટી જાય છે અને મુક્તિને પામે છે. ઓં શ્રી અજન્મને નમઃ.



કડીગાન વિભાગ

- **આ વારનો જે અવતાર રે,**
  એવો ન થાય વારંવાર રે ।
  નથી આવ્યાં ને આવશું ક્યાંથી રે,
  સૌ જન જાણજ્યો મનમાંથી રે ॥
- **સહું જનને કરવા છે સુખી રે,**
  નથી રાખવાં કોઈને દુઃખી રે ।
  સહું જીવની લેવી છે સંભાળ રે,
  એહ અર્થે આવ્યાં છે દયાળ રે ॥

(પુરુષોતમ પ્રકાશ)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થાશે પણ આ સાધુ ને આ ભગવાન તે આવ્યા નથી ને આવશે પણ નહિ.

(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૬૨)

- સર્વોપરી તો એક મારો મહારાજ જ છે ! આ મહારાજ સિવાય બીજો કોઈ ભગવાન નથી અને આવા સાધુ કોઈ બ્રહ્માંડમાં નથી. મહારાજને બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય. જેને પરમાત્માની પાકી નિષ્ઠા હોય તેને મૃત્યુનો ભય ટળી જાય છે. (કલ્યાણ કણિકા - ૧/૧)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) આપણા સંપ્રદાયનું મુળ નામ શું છે? **ઉદ્ધવ સંપ્રદાય.**
(૨) અત્યારે આપણા સંપ્રદાયનું નામ શું છે ? **સ્વામિનારાયણ સંપ્રદાય.**
(૩) આપણા આરાધ્ય ઇષ્ટદેવ કોન છે ? **સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.**
(૪) ભગવાન સ્વામિનારાયણની અટક કંઈ હતી? **પાંડે.**
(૫) ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ કંઈ હતી ? **સરવરિયા બ્રાહ્મણ.**

જાણવા જેવું

ચાર વેદ : (૧) ઋગ્વેદ (૨) સામવેદ (૩) યર્જુવેદ (૪) અથર્વવેદ
ચાર ઉપવેદ : (૧) આયુર્વેદ (૨) ધનુર્વેદ (૩) ગાંધર્વવેદ (૪) સ્થાપત્યવેદ

- **આટલું ક્યારેય ન ભૂલશો**
  આપણી લાયકાત કરતા આપણી પ્રાપ્તિ બહું મોટી છે.
- **આટલું કેળવો**
  આ મહારાજ, આ મોટાપુરુષ અને આ સંતો ભક્તોનું અહો-અહોપણું સતત રહે એવા વિચારો સતત કરતા રહો. તેમના પ્રત્યે સેકન્ડે- સેકન્ડે દિવ્યબુધ્ધિ-મહિમા વધારતા રહો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રીજીમહારાજે અક્ષર ઓરડીમાં સંતો ભક્તોને શું વાર્તા કરી ?
(૨) અક્ષરધામનાં અધિપતિની વાત સાંભળી મુક્તોએ શું કહ્યું ?
(૩) અક્ષરધામનાં અધિપતિ ભગવાને મુક્તોને સાથે આવવા માટે ક્યું દૃષ્ટાંત આપ્યું?
(૪) ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ અને અટક કંઈ હતી ?
(૫) ભગવાન સ્વામિનારાયણનું પ્રાગટ્ય કયા ગામમાં અને ક્યારે થયું ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) અનાદિકાળથી જીવ .....માં બદ્ધ છે.
(૨) આપણા સંપ્રદાયનું નામ ..... છે.
(૩) આપણા બ્રહ્માંડનું નામ ..... છે.
(૪) આપણી ..... કરતાં આપણી ..... બહુ મોટી છે.
(૫) ભગવાન સ્વામિનારાયણના માતાનું નામ ..... અને પિતાનું નામ ..... હતું.


(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) આ વારનો જે .....
(૨) સહું જનને .....

સભા-૨ : મહારાજનાં પરમહંસો

શ્રીજીમહારાજનાં ૩૦૦૦થી વધુ પરમહંસો હતા. તેમાં કેટલાક તો અવતારો જેવા સમર્થ તો કેટલાક દેવો હતા. કેટલાક વૈકુંઠાદિક ધામના પાર્ષદો, તો કેટલાક અક્ષરધામનાં મુક્તો; અને કેટલાક તો રાજા-મહારાજા અને મહંતો હતા. બધા જ અનેક શક્તિઓને કળાઓમાં પુરા અને ઐશ્વર્યશાળી.

મહારાજનાં પરમહંસોમાં **૫૦૦** પરમહંસો મુખ્ય હતાં. **તેમાં પણ મુક્તાનંદ સ્વામી મુખ્ય અને સર્વશ્રેષ્ઠ હતા.** મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાના ગુરુ માનતા ને બધીજ જગ્યાએ પોતાની સાથે રાખતા. કંઈક સલાહ સુચન લેવું હોય તો તે મુક્તાનંદ સ્વામીને પુછતાં.



સંકલ્પથી કલ્યાણ

એકવાર મહારાજે મુક્તાનંદ સ્વામીને પોતાની છાતીએ હાથ અડાડીને કહ્યું: સ્વામી ! આ મૂર્તિને ભજીને અનંત કમલાપતિ અને અનંત અક્ષરમુક્તો થયા છે. એવો આ મૂર્તિનો પ્રતાપ છે. અને સ્વામી ! તમારામાં જે સામર્થ્ય છે તેને તમે જાણો છો ?

સ્વામી કહે : ના મહારાજ ! નથી જાણતો. ત્યારે મહારાજે કહ્યું: **આહીં અલ્પ જેવો જીવ હોય ને તમે એમ ધારો કે ''આ જીવ અષ્ટ આવરણ પાર અક્ષરધામમાં જાય તો તે તત્કાળ જાય !'' એવું તમારા સંકલ્પમાં બળ છે. જેમ જંતરડામાં ઘાણીને પાણો ફગાવી નાખે, તેમ તમે પણ જીવને આંહીથી અક્ષરધામમાં ફગાવો, તેને ત્યાં જાતા વચમાં કાળ-માયાદિક કાંઈ આડું આવી શકે નહિ, એવું તમારા કાંડામાં બળ છે.**

સ્વામી ! અનંતકોટી બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંતકોટી બ્રહ્માંડમાં કર્યું થાય છે, પણ તમે તમારી મોટ્યપ જાણતા નથી.

(સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો-૯૨)



મરેલાં જીવતાં થાય

બોટાદમાં હમીર ખાચરનો દરબાર. **વ્યાપકાનંદ સ્વામી** ફરતા ફરતા ત્યાં પહોંચ્યા; પણ દરબારમાં રોકકળ ચાલતી હતી. પૂછ્યું તો જાણવાં મળ્યું કે **બાપુની ઘોડી મરી ગઈ છે.** ઘોડી મરે એટલે બાપુને દીકરો મર્યા જેવું દુઃખ થાય. બાપુની આ હાલત જોઈને સ્વામીને દયા આવી.

સ્વામી મરેલી ઘોડી પાસે પહોંચ્યા. **સ્વામિનારાયણ... સ્વામિનારાયણ** બોલી સ્વામીએ ઘોડી પર પાણીની ત્રણ અંજલી છાંટી ને **મચ્છરનો જીવ** લઈ ઘોડીમાં નાંખી દીધો ! ઘોડી હણહણતી બેઠી થઈ ગઈ. દરબારમાં આનંદ વ્યાપી ગયો. જય જયકાર થઈ ગયો.

શ્રીજીમહારાજને ખબર પડી એટલે શ્રીજીમહારાજે તેમને ઠપકો આપ્યો. આપણે મરેલા જીવતાં કરવા નથી આવ્યા. આપણે તો દરેકને આત્મા-પરમાત્માનું સાચું જ્ઞાન આપી, અજ્ઞાન દૂર કરી અક્ષરધામમાં લઈ જવા આવ્યા છીએ. **ચમત્કારો કરવાથી લોકોના ચિત્તમાં ભ્રમણાઓ અને અજ્ઞાન પેદા થાય છે. સાચો આધ્યાત્મિક વિકાસ અટકી જાય છે.** માટે ઉપદેશ આપવો પણ ચમત્કાર ન બતાવવો.

સ્વામીને પોતાની ભૂલ સમજાઈને. ક્ષમા માંગી.

બાળમિત્રો - આ તો ફક્ત બેજ પરમહંસોની વાત થઈ. આવા તો અનેક પરમહંસો હતા. ભગવાન થઈને પૂજાય એવા. એમનો જોટો ક્યાંય ન જડે.

પરમહંસોનો પ્રતાપ

મુક્તાનંદ સ્વામી - અધમમાં અધમ અને પામરમાં પામર જીવનું પણ આત્યંતિક કલ્યાણ કરે.

ગોપાળાનંદ સ્વામી - અનેક રૂપો ધારણ કરી શકે ને અનંતકોટી બ્રહ્માંડો ચલાવી શકે.

બ્રહ્માનંદ સ્વામી - થાપટ મારે તો ઘોડા જેવા કામી જીવને પણ નિષ્કામી કરી મુકે ને કાવ્યશાસ્ત્રમાં તો તેમને કોઈ ન પહોંચે.

નિત્યાનંદ સ્વામી - આખી દુનિયાના વિદ્વાનો ભેગા થાય તો પણ તેમને કોઈ જીતી ન

શકે એવાં પંડિત.

નિષ્કુળાનંદ સ્વામી - ભગવાનના પ્રેમથી ભરેલા ને વૈરાગ્યનું જીવંત સ્વરૂપ.

ગુણાતીતાનંદ સ્વામી - માખી જેવા જીવને સૂર્ય જેવો કરી મુકે. બ્રહ્મરૂપ કરી દે.

સચ્ચિદાનંદ સ્વામી - ઈન્દ્રને લાત મારી વરસાદ વરસાવે.

શતાનંદ સ્વામી - ગમે ત્યાં જઈ શકે, દીવાલની આરપાર નીકળી શકે.

કાનડાનંદ સ્વામી - સિંહ પર સવારી કરે. આવા તો અનેક ચમત્કારો પરમહંસો દેખાડી શકતાં. તેમનાં વચને રોગ મટે, દીકરા થાય, પાપ-તાપ-સંતાપ સર્વે ટળી ને દૂર થાય.

આપણા સંતો

જેમ શ્રીજીમહારાજનાં પરમહંસો હતાં તેમ આજે આપણા **લોયાધામ પરિવાર**માં પૂજ્ય ગુરુજીના સંતો છે. મહારાજ અને સ્વામી અને ગુરુજીના પ્રતાપે આજે દેશ-વિદેશમાંથી અનેક મુમુક્ષુઓ યુવાનવયમાં સાધુ થઇ જાય છે. **આજ મુક્તાનંદીય ગુરુપરંપરાનાં પચાસ જેટલા ભણેલાં ગણેલાં સ્ત્રી ધનનાં ત્યાગી સંતો છે.** બુદ્ધિશાળી અને સારા કુટુંબમાં જન્મ પામેલા આવા યુવાનીયાઓ મોજ-શોખ અને સંસારનાં વિષયો છોડી ભગવાન ભજે અને ભજાવે તે કળિયુગમાં સત્યયુગ છે.

આપણા સંતો **નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિઃસ્વાદ** અને **નિર્માન** એમ પંચવર્તમાન પાળે છે. એટલે કે સ્ત્રી સાથે કોઈ પ્રકારે સંપર્ક રાખતાં નથી અને ધન રાખતાં નથી. પત્તરમાં જમે છે. માથે મુંડન અને શીખા રાખે છે. સાદા અને ભગવા વસ્ત્રો પહેરે છે.પોતાનાં સગાં વાહલાનો ત્યાગ રાખે છે. અને દાસનાદાસ થઈને મહિમાથી લોયાધામ પરિવારની નાની મોટી તમામ સેવા કરે છે.

આપણા સંતો સાધુતાવાન્ અને સુશિક્ષિત છે. કોઈ વેદાન્તાચાર્ય તો કોઈ વ્યાકરણાચાર્ય તો કોઈ ન્યાયાચાર્ય છે. કોઈ સંગીતકાર તો કોઈ નૃત્યકાર છે. કેટલાં સંતો કવિ, લેખક, વક્તા, કુશળ આયોજક, કાયદાનાં જાણનારા, એન્જિનિયર, M.A., M.B.A, B.C.A, M.C.A., M.F.A., B.D.S. વગેરે યોગ્યતાં ધરાવે છે. કેટલાક સંતો અમેરિકા, કેનેડા, આફ્રિકાની સિટીઝનશિપ ધરાવે છે. ઘણાં સંતો માતા-પિતાનાં એકનાએક સંતાન છે.

આપણા સંતો પ્રારંભમાં લોયાધામમાં તાલીમ લે છે, ત્યાર બાદ પૂજ્ય ગુરુજીની આજ્ઞા પ્રમાણે સંપ્રદાયની અને સમાજની સેવા નિઃસ્વાર્થ ભાવે કરે છે.

ખરેખર, સ્ત્રી-ધનનાં સાચા ત્યાગી સંતો એટલે બે હાથવાળા ભગવાન છે. આ કળીયુગમાં આવા પવિત્ર સંતો એ એક આશ્ચર્ય જ કહેવાય.



કડીગાન વિભાગ

- સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે ।
  સંત માનજો મારી મુરતી રે, એમાં ફેર નથી એક રતી રે ॥
- સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે ।
  સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છું સાક્ષાત્ રે ॥
  (પુરુષોતમ પ્રકાશ)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે.... સ્વામિનારાયણ હરે....

- ચાર વેદ, પુરાણ, ઈતિહાસ, એ સર્વેમાં એજ વાર્તા છે
  જે ભગવાન અને ભગવાનના સંત એજ કલ્યાણકારી છે.
  (વ.ગ.મ.૫૯)
- આવા સાધુ ખાસડાં મારે તો પણ અક્ષરધામમાં લઈ
  જાય ને બીજા મશરૂના ગાદલામાં સુવારી મૂકે તો પણ
  નરકમાં નાખે એમ સમજવું
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો – ૧/૫૭)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં કુલ કેટલાં નામ હતા ?
કયા કયા ? કોણે પાડયાં હતાં ?

- **કુલ અગિયાર નામ હતા.**

નામ		નામ પાડનાર
ઘનશ્યામ	-	ભક્તિમાતા, છપૈયાની સ્ત્રીઓ
હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ	-	માર્કંડેય મુનિ
નિલકંઠવર્ણી	-	જંગલના ઋષિમુનીઓ-મનુષ્યો
સર્જુદાસ	-	મુક્તાનંદ સ્વામી
સહજાનંદ સ્વામી, નારાયણમુનિ	-	રામાનંદ સ્વામી
શ્રીજીમહારાજ	-	નંદસંતો
ન્યાલકરણ	-	આંબા શેઠ
સ્વામિનારાયણ	-	સ્વયં પોતે

જાણવા જેવું

સ્વામિનારાયણ સંપ્રદાયનાં મુખ્ય અષ્ટકવિઓ

(૧) મુક્તાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી
(૩) નિષ્કુળાનંદ સ્વામી (૪) પ્રેમાનંદ સ્વામી
(૫) મંજુકેશાનંદ સ્વામી (૬) દેવાનંદ સ્વામી
(૭) આધારાનંદ સ્વામી (૮) કૃષ્ણાનંદ સ્વામી



આ સમજણ કેળવો !!

મારા ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે. અને સર્વે અનાદિમુક્તોમાં શ્રેષ્ઠ મુક્તાનંદ સ્વામી છે.આ મુક્તાનંદીય પરંપરાના પ્રગટ સદ્‌ગુરુ પરમ પૂજ્ય ગુરુજી મારા સદ્‌ગુરુ છે ને મોક્ષના દાતા છે ને મારી માટે ભગવાનનું હાલતું ચાલતું સ્વરૂપ છે-આ સમજણ ને હું રોજ વધુને વધુ દ્રઢ કરીશ.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) પાંચસો પરમહંસોમાં સર્વશ્રેષ્ઠ અને મુખ્ય સંત કોણ હતા ?
(૨) શ્રીજીમહારાજના કેટલા સંતો હતા ?
(૩) ક્યાં સંતે બોટાદમાં મરેલી ઘોડી જીવતી કરી હતી ?
(૪) ઇન્દ્રને પણ લાત મારી વરસાદ વરસાવનારા સંત કોણ હતા ?
(૫) સિંહ પર સવારી કરનાર સંતનું શું નામ છે ?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) ભક્તિમાતા	(૧) ન્યાલકરણ
(૨) મુક્તાનંદ સ્વામી	(૨) સહજાનંદ સ્વામી
(૩) આંબા શેઠ	(૩) હરિકૃષ્ણ
(૪) રામાનંદ સ્વામી	(૪) સર્જુદાસ
(૫) માર્કંડેય મુનિ	(૫) ઘનશ્યામ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સંત હું ને હું તે વળી .....
(૨) સંત બોલે તે ભેળો .....

સભા-૩ : લાકડા ભેળું લોઢુ તરે

શ્રીજીમહારાજ **લોયા** ગામમાં હતા. ગામના પાદરે **પાતાળિયો કુવો.** શ્રીજીમહારાજ અને પરમહંસો આ કુવામાં વારે વારે સ્નાન કરે. જુદી જુદી રમતો રમે. ને અનેક લીલાઓ કરે. આમ, **આ પાતાળિયો કુવો અતિપ્રસાદીનો.**

એકવાર શ્રીજીમહારાજ સંતો-ભક્તો સાથે પાતાળિયા કુવામાં ''પાટુડી'' દાવની રમત રમતા હતા. રમત પુરી થઈ. બાજુના બાવળના ઝાડ નીચે સભા ભરાઈ. શ્રીજીમહારાજ કથા કરે ને સૌ સંતો-ભક્તો કથા સાંભળે.

તેવામાં ગામનાં એક **કણબી પટેલ** સભામાં આવીને બેઠા. તે સત્સંગી નહિ. તેણે મહારાજને કહ્યું: **મહારાજ ! આ તમારા સાધુ છે તે તો તમારું અખંડ ભજન કરે છે, તેથી તે તો સંસાર તરી જશે ને ધામમાં જશે ! પણ આ તમારા સત્સંગી છે તે તો કપટી અને કુડીયા છે. તમે આવો ત્યારે ભજન ભક્તિનો ઢોંગ કરે ને પછી જેમ હતું તેમ, એને અમે ઓળખીએ. સાવ ખોટા સીક્કા. માટે તે સંસાર નહિ તરે.**

મહારાજ કહે : અમારા હરિભક્તોએ તમારું કાંઇ બગાડ્યું ? પટેલ કહે : ના ! બગાડ્યું તો કાંઈજ નથી. પણ એતો બધા એવાજ !!

મહારજ કહે : કેમ પટેલ ? તમારા હાથમાં શું છે ?

પટેલ કહે : મહારાજ ! આ તો **પરોણો** છે.

મહારાજ કહે : તેને કુવામાં નાંખો જોઈએ; **તરે છે કે કેમ ? પટેલે તે કુવામાં નાખ્યો. તે તરવા લાગ્યો.**



ત્યારે મહારાજ કહે : પટેલ ! પરોણામાં શું છે ?

પટેલ કહે : **માંહે લોઢાની આર છે.**

મહારાજ કહે : એકલી આર (ખીલી) નાખો ; જોઈએ તરે છે કે કેમ ?

પટેલ કહે : મહારાજ ! લોઢુ કાંઈ તરે ?

મહારાજ કહે : **પટેલ ! તમારો પરોણો જેમ આરને તારે છે તેમ મારા સંતો મારા હરિભક્તોને તારશે. કેમકે આ બધા ભક્તોને સંતોમાં અતિ આત્મબુદ્ધિ ને જોડાણ છે, તેથી તેના પ્રતાપે હરિભક્તો પણ તરી જશે.**

પટેલ તો મહારાજને પગે લાગીને ખૂબ વખાણ કરવા લાગ્યાં. મહારાજ ! તમોએ ખરેખરી વાત કરી હો !

પછી મહારાજે પટેલને પૂછ્યું : પટેલ તમારે કેટલા દીકરા ? પટેલ કહે : ચાર છે.

મહારાજ કહે : તમને વધારે હેત કોના પર રહે છે ?

પટેલ કહે : મને નાના દીકરા પર વધું હેત રહે.

મહારાજ કહે : મારે મોટા દીકરા સાધુ અને નાના દીકરા હરિભગત. તેથી પહેલું હરિભક્તોનું કલ્યાણ કરીશું ને પછી સાધુનું કરીશુ.

પટેલ તો આ વાત સાંભળી બોલતા જ બંધ થઈ ગયા.

સંતોમાં હેત એ બંધન નહિ પણ મુક્તિ છે. જીવનાં સાચા સંગાથી સંત છે. મન-કર્મ-વચને સંતનાં વેચાણ થઈ રહેવું. સંસાર સાગર તરવા સંતોમાં અતિ હેત કરવું. સંતની કૃપાથી તરત મુક્તિ થાય છે. સંતોના રાજીપાની ભૂખ-ગરજ રાખવી. સંત તો સાક્ષાત્ ભગવાનનું જ સ્વરૂપ છે.



કડીગાન વિભાગ

- **સંત કૃપાએ સુખ ઊપજે, સંત કૃપાથી સરે કામ ।**
  સંત કૃપાથી પામીએ, પુરણ પુરુષોતમ ધામ ॥
- **સંત કૃપાએ સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ ।**
  સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ ॥
- **સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવન ।**
  ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન ॥
  (ભક્તચિંતામણિ)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....



- ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે મા-બાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (વ.ગ.મ.૫૯)
- બે સારા સાધુ ને ત્રણ સારા હરિભક્તની સાથે જીવ બાંધવો તો સત્સંગમાંથી ન પડાય. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૩૭)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) ભગવાન શ્રી સ્વામિનારાયણનાં માતા-પિતાનું નામ શું હતું ? **ધર્મદેવ- ભક્તિમાતા.**

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં માતા-પિતાના મૂળ નામ કયા હતાં ?

ભક્તિ માતાનું મૂળ નામ બાળા અને પ્રેમવતી હતું, ધર્મદેવનું મૂળ નામ દેવશર્મા અને હરિપ્રશાદ હતું.

(૩) ભક્તિ માતાનો જન્મ કયા ગામમાં થયો હતો ? **છપૈયા (ઉત્તર પ્રદેશ)**

(૪) ધર્મદેવનો જન્મ કયા ગામમાં થયો હતો ? **ઇટારપુર (ઉત્તર પ્રદેશ)**

(૫) ધર્મદેવનાં કુળદેવ કોણ હતા ? **હનુમાનજી.**

જાણવા જેવું

હિન્દુઓનાં ચાર મુખ્ય તીર્થધામો

(૧) બદ્રીનાથ (ઉત્તરાખંડ) (૨) જગન્નાથ (ઓરિસા)
(૩) દ્વારિકા (ગુજરાત) (૪) રામેશ્વર (આંધ્રપ્રદેશ)

- **જેવો સંગ તેવો રંગ**

તમે જેવા લોકો સાથે હરશો-ફરશો તેવાંજ તમે અન્યની નજરમાં અંકાઈ જશો. તમને પણ બીજા લોકો એવાંજ માની બેસશે. માટે કુસંગથી દુર રહો. સારા લોકોનો સંગ રાખો. તમને જેમાં દોષ ન દેખાતો હોય છતાં લોકોની દ્રષ્ટીએ જે હીન હોય તેનો સંગ ન કરો.

A man is known by the company he keeps.

- **મારો દ્રઢ ઠરાવ**

  ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણનું મુખ્ય કારણ છે, માટે હું ભગવાન અને સંતમાં ક્યારેય સંશય નહિ કરું, તેમનાં વચનમાં વિશ્વાસ રાખીશ અને તેમનો સંગ ક્યારેય નહિ છોડું.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) લોયાધામનાં પ્રસાદીનાં કુવાનું નામ શું છે ?

(૨) લોયાધામમાં આવેલાં પ્રસાદીનાં સ્થાનોના નામ જણાવો ?

(૩) શ્રીજીમહારાજે કણબી પટેલને કંઈ રીતે સમજાવ્યા.

(૪) સંતોની કૃપાથી શું શું ફળ થાય છે ?

(૫) કેવા હેતે કરીને જીવ કૃતાર્થ થઇ જાય છે ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) હનુમાનજી ધર્મદેવના ..... હતા.

(૨) ભક્તિમાતાનું મૂળ નામ ..... અને .....હતું.

(૩) બે સારા સાધુ ને ત્રણ સારા હરિભક્તની સાથે ..... તો સત્સંગમાંથી ન પડાય.

(૪) આવા સાધુ ખાસડાં મારે તો પણ ..... લઇ જાય.

(૫) બદ્રિનાથ ..... માં આવેલું છે.

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સંત કૃપાએ .....

(૨) સંત સેવ્યા .....




સભા-૪ : માતૃપિતૃભક્ત શ્રવણ

રામાયણ કાળની વાત છે. **શ્રવણ** નામનો એક વૈશ્ય માતૃ પિતૃ ભક્ત થઈ ગયો. તેના માતા-પિતા અંધ હતા. શ્રવણ ઘણી સાવધાની અને શ્રદ્ધાથી તેમની સેવા કરે. પોતે સવારે વહેલાં ઉઠે. નાહી-ધોઈ પૂજા પાઠ કરે. ભગવાનને રોજ પ્રાર્થના કરે : **હે ભગવાન ! હું રોજ માતા-પિતાની પ્રેમથી સેવા કરી શકું એવી સદ્‌બુદ્ધિ અને શક્તિ આપજો. મારાથી ક્યારેય માતા-પિતાનો ભૂલેય અપરાધ ન થઈ જાય એવી કૃપા કરજો. અને મને સારું સારું શીખવે એવા સાધુ-સંતોનો સંગ આપજો !**

પૂજાપાઠમાંથી પરવારી શ્રવણ પોતાનાં માતા-પિતાની સેવામાં લાગી જાય. સવારે માતા-પિતા જાગે એટલે હાથ પકડી દાતણ કરાવે. ઋતુ પ્રમાણે ઠંડા-ગરમ પાણીથી સ્નાન કરાવે. તેમનાં વસ્ત્રો ધોવે, પથારી સાફ કરે, ગરમી હોય તો પંખો લઈ પવન નાખે. ગામમાંથી ભીક્ષા માંગી રસોઈ કરી ભગવાનને થાળ ધરાવે. માતા-પિતાને પ્રેમથી જમાડે. પછી પોતે જમે.

એક દિવસ તેનાં માતા-પિતાને તીર્થયાત્રા કરવાની ઈચ્છા થઈ. તેમણે શ્રવણને વાત કરી. બેટા ! અમે રહ્યાં આંધળા અને વૃદ્ધ, જાતે ન જોઈ શકીએ, ન કોઈ કામ કરી શકીએ. અમે રહ્યાં લાચાર !! બેટા ! મરતાં પહેલાં અમારી એક ઈચ્છા છે; તું પુરી કરીશ ? શ્રવણ બોલ્યો: તમારી જે ઈચ્છા હોય તે મને નિ:સંકોચપણે કહો!! હું તમારી બધીજ ઈચ્છા પુરી કરીશ. આવું સાંભળી તેનાં માત-પિતા બોલ્યા: **બેટા ! શાસ્ત્રોમાં તીર્થયાત્રાનું બહું મોટું ફળ લખ્યું છે. અમે જોઈ તો ન શકીએ પણ જો કાશી-વૃંદાવન-મથુરા-અયોધ્યા-હરિદ્વાર વગેરે તીર્થોની જાત્રા થઈ જાય તો બહું મોટું પુણ્ય થાય.**

માતા - પિતાનાં હૃદયની વાત જાણી તેને તરત જ કહ્યું: **તમે ચિંતા ન કરશો. હું તમને બધા તીર્થોની જાત્રા કરાવીશ !!**



તેણે એક કાવડ બનાવ્યો. બન્ને બાજુ કાવડમાં પોચી રજાઈ પાથરી. પછી માતા-પિતાને કાવડમાં બેસાડી, ખભે કાવડ લઈ, માતા-પિતાને તીર્થયાત્રા કરાવવાં શ્રવણ નીકળી પડ્યો.

ગામ પછી ગામ, નગર પછી નગર, કાંટા-કાંકરા, ઝરણાં, નદી, પર્વતો, જંગલો પાર કરતો કરતો શ્રવણ ચાલ્યો જાય છે... ચાલ્યો જ જાય છે...

વચ્ચે માતા-પિતાને ભૂખ લાગે તો પાક્કા ફળો શોધી લાવે. રસોઈ માંગી લાવે ને જમાડે. માતા-પિતા જમીને રાજી થાય ને આશીર્વાદ આપે.

આ રીતે યાત્રા કરતાં-કરતાં અયોધ્યા નજીકના જંગલમાં જઈ પહોંચ્યો. માતા-પિતાને તરસ લાગી. શ્રવણ માતા-પિતાને એક ઝાડ નીચે બેસાડી પાણી ભરવા ગયો. **નદીમાં પાણી ભરતાં તૂંબડામાંથી બૂડ... બૂડ... બૂડ અવાજ આવ્યો.** બરાબર એજ સમયે **દશરથ રાજા** મૃગયા કરવા નીકળ્યાં હતા. તેમને શિકાર જાણી **શબ્દવેધી** બાણ છોડ્યું. સનનનનન... કરતાં તીર શ્રવણની છાતીએ જઈને વાગ્યું. લોહીની ધારાઓ વહેવા લાગી.

શ્રવણે ચીસ પડી ને જમીન પર ઢળી પડ્યો. રાજાએ સાંભળ્યું. રાજા દોડતા શ્રવણ પાસે આવ્યા. તેમણે માફી માંગી.

શ્રવણે કહ્યું: મારા માતા-પિતા અંધ છે. હું તેમને તીર્થયાત્રા કરાવવા નીકળ્યો છું. તેઓ અહીં નજીકજ જંગલમાં ઝાડ નીચે બેઠા છે. તરસ્યા છે ને મારી રાહ જોતા હશે !! તમે જલદી જઈને તેમને પાણી પાઓ. એમ કહી શ્રવણે સદાને માટે આંખ મીચી દીધી.



દશરથ રાજા પાણી લઈ ગયા. શ્રવણનાં માતા પિતાને સંપૂર્ણ બીના કહી સંભળાવી. માતા-પિતા અતિ દુ:ખિત થઈ ગયા. તેમને દશરથ રાજાને શાપ આપ્યો. ને પુત્રવિયોગે માતા-પિતાએ પણ ત્યાંજ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો.

માતા-પિતા ભગવાનનું જ સ્વરૂપ છે. જે માતા-પિતાએ આપણને જન્મ આપ્યો; પાળી પોષીને મોટા કર્યા તેમની ખૂબ સેવા કરવી ને રાજી કરવા એ આપણો પ્રથમ ધર્મ છે. માતા-પિતાની આંતરડી કકડાવીને કોઈ સુખી થયો નથી. માટે આપણે પણ શ્રવણની જેમ છેલ્લા શ્વાસ સુધી માતા-પિતાની ખુબજ ભાવથી સેવા કરવી.

• સૌ સાથે બોલો

માતૃદેવો ભવ । માતાને દેવ સમાન માનો, માતાની આજ્ઞાનું પાલન કરો.

પિતૃદેવો ભવ । પિતાને દેવ સમાન માનો, પિતાની આજ્ઞાનું પાલન કરો.

આચાર્યદેવો ભવ । ગુરુને દેવ સમાન માનો, ગુરુની આજ્ઞાનું પાલન કરો.

અતિથિદેવો ભવ । અતિથિને દેવ સમાન માનો, અતિથિની આજ્ઞાનું પાલન કરો.

સત્યં વદ । સાચું બોલો.

ધર્મં चर । ધર્મનું આચરણ કરો.

સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ । અભ્યાસમાં આળસ ન કરો.



કડીગાન વિભાગ

• **ધાર્યું બધું શ્રીહરિનું જ થાય, મનુષ્ય જાણે મુજથી કરાય ।**
ગાડા તળે શ્વાન ગતિ કરે છે, તે માન મિથ્યા મનમાં ધરે છે ॥
છે પ્રાણ નાડી પ્રભુનેજ હાથ, સૌને નચાવે વળી વિશ્વનાથ ।
અજ્ઞાની લોકો અભિમાન આણે, જથાર્થ શક્તિ હરિની ન જાણે ॥
(શ્રી હરિલીલામૃત)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

• શ્રીહરિને સંભાર્યા વિના અન્ન ખાય કે પાણી પીએ છે તે દારૂ અને માંસ તુલ્ય છે. માટે હરિને સંભારી સર્વ ક્રિયા કરવી.
(હ.ચ.સા - ૪/૨૨)

• કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધર્યા ને એક મોક્ષ બગડયો તો શું કર્યું
(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૪)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) ભગવાન શ્રી સ્વામિનારાયણનાં કેટલાં ભાઈ હતા?

(૨) **બે ભાઈ હતા (૧) મોટા- રામપ્રતાપ ભાઈ (૨) નાના- ઈચ્છારામ ભાઈ.**

(૩) રામપ્રતાપ ભાઈનાં પત્નીનું નામ શું હતુ ? **સુવાસિની બાઈ.**

(૪) ઈચ્છારામ ભાઈનાં પત્નીનું નામ શું હતુ ? **વરીયાળી બાઈ.**

(૫) સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં કેટલા વર્ષ રહ્યાં હતા ? **ત્રણ વર્ષ.**

(૬) છપૈયા છોડયા પછી સ્વામિનારાયણ ભગવાન ક્યાં રહેવા ગયા ?
અયોધ્યા.



જાણવા જેવું



માનવ શરીર

- માનવ શરીરમાં મુખ્ય પાંચ તંત્ર છે. (૧) રુધીરાભીસણતંત્ર (૨) શ્વસનતંત્ર (૩) પાચનતંત્ર (૪) ચેતાતંત્ર (૫) પ્રજનનતંત્ર. કુલ મળીને ૨૧૩ હાડકાં છે. પાંસળીઓ ૨૪ અને મણકા ૨૩ છે.દર મિનિટે ૭૫ થી ૮૦ હૃદયનાં ધબકારા થાય છે. દર મિનિટે ૧૬ થી ૨૦ શ્વસોશ્વાસ થાય છે. મનુષ્યની આંખ ૮૦ લાખ જાતના રંગ પારખી શકે છે. માનવ મન સંસારની તમામ ઝડપી વસ્તુઓમાં ઝડપી છે. મુઠી જેવડું હૃદય રોજ ૧૮,૦૦૦ લિટર લોહી ફેંકે છે. માનવ શરીરનું ૧ ચોરસ ઇંચ હાડકું ૨૦૦૦ કિલો વજન ખમી શકે છે.

- **આટલું યાદ રાખો**

  જે માતા-પિતા અને વડીલોનો આદર કરે છે; નિત્ય પ્રણામ કરે છે; તેનાં બળ,બુદ્ધિ,આયુષ્ય અને યશની વૃદ્ધિ થાય છે. અને જે તેમનો તિરસ્કાર કરે છે તેમનાં આ ચારેય નાશ પામે છે.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રવણ માતા-પિતાની કંઈ કંઈ સેવા કરતો હતો ?

(૨) આપણે ભગવાનને કેવી પ્રાર્થના કરવી જોઈએ ?

(૩) દશરથ રાજાથી કંઈ ભૂલ થઇ ?

(૪) માતા-પિતા ને ગુરુને દુ:ખી કરવાથી થતું નુકશાન જણાવો.

(૫) સ્વામિનારાયણ ભગવાનનાં માતા-પિતા અને ભાઈઓનાં નામ શું હતાં ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) શ્રવણનાં માતા-પિતાને ..... કરવાની ઈચ્છા થઇ.

(૨) દશરથ રાજા .....ના પિતા હતાં.

(૩) દશરથ રાજાએ .....બાણ છોડ્યું.

(૪) .....માંથી પરવારી શ્રવણ .....માં લાગી જતો હતો.

(૫) કરોડ કામ બગાડીને પણ ..... સુધારવો.

(પ્રશ્ન-૩) નીચેના વાક્યોમાંથી તમને ગમતા વાક્યો પસંદ કરો.

(૧) માતા-પિતાની સેવા જીવનપર્યંત કરવી જોઈએ.

(૨) માતા-પિતાનો સ્વભાવ સારો હોય તો સેવા કરવી જોઈએ.

(૩) માતા-પિતા આપણો તિરસ્કાર કરે તો સેવા ન કરવી જોઈએ.

(૪) માતા-પિતા કુસંગી હોય તો પણ તેમની સેવા કરવી જોઈએ.

(પ્રશ્ન-૪) વિચારો અને અમલમાં મુકો

(૧) માતા-પિતાનાં આપણા પર કયા કયા ઉપકારો છે એની યાદી બનાવો.

(૨) તમે માતા-પિતાને રાજી કરવા માટે શું શું કરો છો એની નોંધ કરો.

(૩) માતા-પિતા અને વડીલોને રાજી કરવા માટે હજુ વધારે શું કરી શકાય એની નોંધ કરો.

સભા-૫ : સ્વામિનારાયણ મહામંત્ર

ડોશીને ધામમાં તેડી જશું !!

કારિયાણી ગામમાં મંદિરની પાછળ **એક ડોશીમા** રહેતા હતા. તે સ્વામિનારાયણ ભગવાનનાં **પાક્કા વિરોધી.** ભૂલમાંય કદી સ્વામિનારાયણ ભગવાનનું નામ ન બોલે. મહારાજને આ વાતની ખબર પડી. મહારાજે પણ દૃઢ સંકલ્પ કર્યો કે **ડોશીને સ્વામિનારાયણ નામ લેવડાવવું.**

એક દિવસ **ભગુજી**ને શ્રીજીમહારાજે કહ્યું: ભગુજી ! આ ડોશીનાં છાપરા ઉપર આ **રોકડા રૂપિયા** નાખો. ભગુજીએ મહારાજની આજ્ઞા પ્રમાણે છાપરા પર રોકડા રૂપિયા નાખવા લાગ્યાં. રૂપિયા જેવા છાપરા પર પડ્યા કે તરત તેનો ખણણણ... ખણણણ... અવાજ આવવા લાગ્યો. ડોશીથી રહેવાયું નહિ. તે ક્રોધાવેશમાં આવી બોલવાં માંડ્યાં કે **''મારા બેટા આ સ્વામિનારાયણિયા ફાટી ગયા છે.''** આમ, ડોશી જ્યાં બોલ્યાં ત્યાં મહારાજ કહે: ભગુજી ! હવે રાખો રાખો. **અમારું કામ પતી ગયું ને ડોશીનું કામ પણ પતી ગયું.** અમારે તો ડોશી પાસે એક વખત સ્વામિનારાયણ નામ લેવડાવવું હતું. હવે અમે એને ધામમાં તેડી જઈશું.

આ સંસારમાં કોઈ માથાભારે માણસ હોય તે કાયમ કહેતો હોય છે કે જો મારું નામ કદી ભૂલમાંથી લીધુ તો હું માર્યા વગર નહિ છોડું



ત્યારે શ્રીજીમહારાજ કહેતા કે જો અમારું ભૂલમાંય નામ લીધું તો તાર્યા વગર નહિ છોડું.

વાહ ! પ્રભુ ! વાહ !

શ્રીજીમહારાજ કહે છે : ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વપાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે, એવો ભગવાનનો પ્રતાપ મોટો છે, માટે ભગવાનનું બળ રાખવું. (વચનામૃત ગ.પ્ર.૫૬)

મરેલાં મડદાં બેઠાં થયાં

ઝીંઝાવદરનાં અલૈયાખાચર પાક્કા સત્સંગી. મહારાજ તેમનાં ઘરે અનેકવાર પધારેલા, અને એવા આશીર્વાદ આપ્યા હતાં કે, **''તમારી આ ડેલીમાં જેનો દેહ પડશે તેને અમે અમારા ધામમાં તેડી જઈશું.''** આ વાતની આખા ગામને ખબર હતી.

અલૈયાખાચરનો ચાકર જેહલો હતો. તે અકસ્માતમાં મૃત્યુ પામ્યો. તે વખતે અલૈયાખાચર ખેતરે ગયા હતાં. આ બાજુ જેહલાના મૃતદેહના અગ્નિસંસ્કારની તૈયારી કરીને તેને સ્મશાને લઈ ગયા. અલૈયાખાચર ખેતરેથી સ્મશાને આવ્યા. તે વખતે **અલૈયાખાચરના કાકા જેઠસુરખાચર** જેઓ કુસંગી હતા તે બોલ્યા કે, અલૈયા ! આ જેહલાનો જીવ તો પુઠેથી નીકળ્યો છે અને અમે તો મહારાજને ભાળ્યાં પણ નથી. માટે અમને ખાતરી કરાવો કે તમારા સ્વામિનારાયણ ભગવાનનાં આશીર્વાદ મુજબ આ જેહલો અક્ષરધામમાં ગયો છે. એમ કહી તેમને સ્મશાનમાં અગ્નિસંસ્કારની વિધિ અટકાવ્યો.

પછી અલૈયાખાચરે બધા પાસે સ્વામિનારાયણની ધૂન કરાવી ને તેઓ ચિતા પાસે ગયા ને જેહલાના કાનમાં ત્રણવાર **સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ** મહામંત્રનો જપ કર્યો. અને આશ્ચર્ય થયું !! **ચમત્કાર સર્જાયો !!** સ્મશાનમાં આવેલા અનેક માણસોના દેખતાં મૃત્યુ પામેલો



જેહલો ચિતા ઉપર સળવળ્યો ને આંખો ખોલી આળસ મરડીને બેઠો થયો : ત્યારે અલૈયાખાચર કહે: **જેહલા ! ક્યાં ગયો હતો ?** જેહલો કહે : **મને અહીં શાં માટે બોલાવ્યો ? હું તો અક્ષરધામમાં ભગવાનનું અલૌકિક સુખ ભોગવતો હતો. પણ તમારી પ્રતિજ્ઞાને રાખવા શ્રીજીમહારાજે મને કહેવા મોકલ્યો છે કે કોઈ બીજા વિચાર ન કરશો ને મારી ચિંતા ન કરશો. હું તો અક્ષરધામમાં જ છું. લ્યો તારે, જય સ્વામિનારાયણ.** આટલું કહીને ફરી પાછો જેહલો સદાને માટે આંખો બંધ કરી ચિતા પર સુઈ ગયો.

★ **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :-**

ભગવાન શ્રીહરિના અનંત નામો છે તે એક એકથી અધિક છે પણ જેવો સમય ત્યાં તેવું નામ ભગવાન શ્રીહરિ પ્રગટ કરે છે, પણ શ્રી સ્વામિનારાયણ નામ સર્વેથી પર વિખ્યાત છે. તેને વિષે બીજા સર્વે નામ આવી જાય છે. બીજા નામને વિષે જેવો પ્રતાપ છે તે થકી પણ શ્રી સ્વામિનારાયણ નામનો અનંત અપાર પ્રતાપ અધિક છે. એવો પ્રતાપ બીજાનો જાણવો નહિ. (હ.ચ.સા.૧૦/૩૫) સ્વામિનારાયણનું નામ ભજે તે સર્વ સંત, હરિભક્ત દિવ્ય છે. બધા અવતારનું સામર્થ્ય એમાં રાખ્યું છે.

(હ.ચ.સા. ૧૧/૪૨)

★ **સ્વામિનારાયણ, સ્વામિનારાયણ,**
સ્વામિનારાયણ જપના
મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના...

★ **સુખદાયક રે સ્વામી સહજાનંદ,**
પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ...
જેનું સ્વામિનારાયણ નામ છે,
જેને ભજને રે પામે ભવજળ પાર.



કડીગાન વિભાગ

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
(શ્રીહરિલીલામૃત)

(૧) મંત્ર એટલે શું ?



મનુષ્યના મનમાં જે વાત વારંવાર ઘૂંટાય છે તે વાત મૂર્તિમાન બનતી હોય છે. પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના ક્ષેત્ર અનુસાર અમુક ચોક્કસ વિચાર અથવા આદર્શોને સ્વીકારીને તેનું વારંવાર રટણ કરતી જ હોય છે. જેમકે કોઈ ઉદ્યોગપતિ મારે કરોડપતિ થવું છે, કોઈ વિદ્યાર્થી મારે I.A.S. ઓફિસર થવું છે, નેતા બનવું છે, રમતવીર બનવું છે, ડોક્ટર બનવું છે વગેરે વિચારોને પકડી તેનું વારંવાર રટણ કરી, અભ્યાસ કરીને વ્યક્તિ જે તે સિદ્ધિ

પ્રાપ્ત કરે છે. આ વિચાર એજ મંત્ર. શાસ્ત્રોમાં કહ્યુ છે :-

मननात् त्रायते इति मन्त्रः।

મનન કરવાથી જે ઉદ્ધાર કરે - રક્ષણ કરે તે મંત્ર

જીવનનું ધ્યેય સ્પષ્ટ કરે તે મંત્ર.

સરદાર વલ્લભભાઈ પટેલને વિચાર આવ્યો **''અખંડ ભારત''.** આ વિચારના ફળ સ્વરૂપે ભારતનાં **પ૬૨ રજવાડા**ઓ ભારતમાં સમાયા ને ભારતનાં ભાગલા પડતાં બચ્યાં, મંત્ર સાકાર થયો. ટૂંકમાં, કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધનાર, સફળ થનાર વ્યક્તિએ પોતાના જીવનમાં ચોક્કસ વિચારોને અપનાવી, તેને પોતાનો જીવનમંત્ર (Goal-Aim) બનાવી તેનું વારંવાર રટણ કર્યું જ છે. આ થઈ **લૌકિક સફળતા** અપાવનાર નામ-મંત્રની વાત.

આજ રીતે **આધ્યાત્મિક** માર્ગમાં પણ કોઈ સિદ્ધિ મેળવવા કે પ્રભુ પામવા માટે મંત્રની આવશ્યકતા સ્વીકારાઈ છે.

પરમાત્માનાં મહિમાને અભિવ્યક્ત કરતો શબ્દ અથવા વાક્ય એટલે મંત્ર. પરશુરામ કલ્પસૂત્રમાં કહ્યું છે કે 'मंत्राणाम् अचिंत्य शक्तिता' - **મંત્રોમાં અપાર શક્તિમાત્તા રહેલી છે. વ્યાસજી કહે છેઃ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં પરમ પુણ્યકારી નામમાં જેટલી પાપોને નાશ કરવાની શક્તિ છે, એટલા પાપ તો પાપી પુરુષ પોતાના સમગ્ર જીવન દરમિયાન પણ કરી શકતો નથી.**

આમ, પરમાત્માના નામ માત્રથી વ્યક્તિ શુદ્ધ થઈને પરમાત્માને પ્યારો બની શકે છે. વ્યવહારમાં પણ જોવા મળે છે કે વ્યક્તિથી જેટલું કામ થાય છે તેટલું જ કામ તેના નામ-મંત્રથી થાય છે. આથી મંત્ર એ પણ ભગવાનનું જ સ્વરૂપ છે. **નામ અને નામી વચ્ચે અભેદ સંબંધ છે. જે પુણ્યશાળી વ્યક્તિની જીભ પર ભગવાનનું નામ રમે છે તેને ચારેય વેદોનું અધ્યયન પણ કરી લીધુ છે અને અનેક યજ્ઞો પણ કરી લીધા.**

વ્યાસજી કહે છે :

हरेर्नाम हरेर्नाम हरेर्नाम केवलम्।

कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा॥

અર્થ :- પરમાત્માનું નામ જ, નામ જ અને નામ જ ભવસાગર તારે છે. કળિયુગમાં તે સિવાય પ્રભુ પામવાનો અન્ય ઉપાય નથીજ, નથીજ અને નથીજ. (બૃહન્નારદીય પુરાણ - ૩૮/૧૨૮૭)

(૨) મંત્રજાપ (જપયજ્ઞ) શાં માટે ?

આપણા વૈદિક સાહિત્યમાં અનેક પ્રકારના યજ્ઞ-યાગાદિકનું વર્ણન છે. યજ્ઞ એ ક્રિયાકાંડનો એક ખર્ચાળ પ્રકાર છે. તેની સામે આજના યુગ પ્રમાણે યજ્ઞની વિચારણા કરીએ તો કદાચ જપયજ્ઞ (મંત્રજાપ)નું સ્થાન પ્રથમ આવશે. **જપયજ્ઞ આર્થિક દૃષ્ટિએ બિનખર્ચાળ અને આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રેષ્ઠ છે.** ''यज्ञानां जपयज्ञोऽस्मि'' કહીને ગીતામાં ભગવાને જપયજ્ઞને પોતાનું સ્વરૂપ ગણાવ્યું છે.

પોતાના ઈષ્ટદેવના નામનું - મહિમાનું વારંવાર ઉચ્ચારણ, સ્મરણ કરવું એ જપયજ્ઞ - મંત્રજાપ છે. આ જપયજ્ઞમાં સૌને અધિકાર છે. તેનાથી અજ્ઞાની-અધર્મી અને પતિત માણસો પણ પાવન થઈ પરમપદના અધિકારી બન્યાં છે. જેમ કે પાપીઓનો સરદાર

અજામિલ ભગવાન નારાયણનું નામ રટણ કરી પરમપદને પામ્યો. પાંચ વર્ષના બાળક ધ્રુવે ''ॐ નમો ભગવતે વાસુદેવાય'' મંત્ર-જપના અનુષ્ઠાનથી છ માસમાં ભગવાન વિષ્ણુનો સાક્ષાત્કાર કર્યો. રામ નામના રટણથી વાલીયો લુટારો મહર્ષિ વાલ્મીકિ બની ગયા. ન્યાલકરણના નામજપથી ગઢાળીના આંબાશેઠ ન્યાલ થઈ ગયા. અને **સ્વામિનારાયણ મહામંત્ર જપના પ્રતાપથી કેટલાય હરિભક્તો મુક્તપણાને પામી ભગવાનની મૂર્તિના સુખના ભોક્તા બન્યા છે, બની રહ્યાં છે ને બનતા રહેશે.** યજ્ઞ-દાન-તપ-તીર્થયાત્રા વગેરે સાધનો ભગવાનના નામ સ્મરણની સમાન ક્યારેય થઈ શકતા નથી. આવો છે મંત્રજાપનો પ્રભાવ !

(૩) મંત્રજપનાં મુખ્ય ત્રણ પ્રકાર :

(૧) વાચિક મંત્રજપ (૨) ઉપાંશુ મંત્રજપ (૩) માનસિક મંત્રજપ



(૧) **વાચિક જપ =** સ્પષ્ટ રીતે સાંભળી શકાય તેવી રીતે બોલી બોલીને ભગવાનના નામનું ઉચ્ચારણ કરવામાં આવે તેને **''વાચિક જપ''** કહેવાય છે, તેનું ફળ ઓછું છે. તેના અનુષ્ઠાનથી સ્થુળ દેહથી કરેલા કર્મોનો નાશ થાય છે. વાચિક જપથી મન લક્ષ્યમાં જલ્દી સ્થિર થાય છે. સામુહિક રીતે કરવામાં આવતી ધૂન પણ વાચિક જપ જ કહેવાય છે.

(૨) **ઉપાંશુ જપ =** મોઢુ બંધ રાખીને - ફક્ત જીભના હલનચલનથી પાસે બેઠેલ વ્યક્તિ પણ ન સાંભળી શકે તે રીતે, ધ્વનિના ઉચ્ચાર વિના જે મંત્રજપ થાય તેને **''ઉપાંશુ જપ''** કહેવાય છે, તેનું ફળ મધ્યમ છે. તેના પ્રભાવથી સ્થુળ અને સૂક્ષ્મ દેહથી કરેલા કર્મોનો નાશ થાય છે.

(૩) **માનસિક જપ =** જે મંત્રજપ કરતી વખતે જીહ્વાનું જરાપણ હલનચલન ન થાય અને મન વડે જ ભગવાનના નામનો જપ થાય તેને **'માનસિક જપ'** કહેવાય છે. તેનું ઉચ્ચારણ નાભિમાંથી થાય છે તેનું ફળ ઉત્તમ છે. તેના જપથી સ્થુળ-સુક્ષ્મ અને કારણ દેહથી થયેલા કર્મો અને પ્રારબ્ધ-સંચિત અને ક્રિયમાણ કર્મોનો નાશ થાય છે તથા વાસનામય લિંગ દેહનો પણ નાશ થાય છે.

ઉપરોક્ત જાપો સિવાય તેલની ધારાની જેમ ક્યારેય ખંડિત ન થતા જપને **''અખંડ જપ''** કહેવાય છે. **આ અજપાજાપ બ્રાહ્મીસ્થિતિને પામેલા મોટાપુરુષોની સહજાવસ્થા છે.**

(૪) મંત્રજાપ કેવી રીતે કરવો જોઈએ ?



મનની સ્થિરતા, એકાગ્રતા મંત્રજાપમાં મહત્ત્વનું અંગ છે. મનના અન્ય સર્વે સંકલ્પોને વિરામ આપી કેવળ ભગવાનની પ્રસન્નતા અને આત્મશાંતિ માટે જ મંત્રજાપ કરવો જોઈએ.

મંત્રજાપ માટે તુલસીની માળા, પૂર્વદિશા અથવા ભગવાન સન્મુખ, ઉનનું ગરમ આસન, ઘીનો દીવો, સામે ભગવાનનું અર્ચાસ્વરૂપ, અને ભગવાનનું મંદિર વગેરે ઉત્તમ ગણાય છે.

(૫) સર્વશ્રેષ્ઠ મહામંત્ર : ''સ્વામિનારાયણ''

શાસ્ત્રોમાં અનેક નામો અને મંત્રો બતાવ્યા છે. તે સર્વે મંત્રોમાં **સર્વોપરી અવતારી પરબ્રહ્મ**નો નિર્દેશ કરતા નામને **મહામંત્ર** કહેવાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં કહે છે :-



સ્વામિનારાયણ નામ સાર, રટજો સહું તે નરનાર,
બીજા નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાક તે તણા;
સૂર્યનારાયણ જે કહેવાય, પૈરાટનારાયણ પણ લેવાય,
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર,
તે સૌ નારાયણનો હું સ્વામી, સહું રહ્યાં મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ,
સર્વોપરી નામ છે એ સાર, માટે રટજો સહું નરનાર.

(પુરુષોત્તમલીલામૃત સાગર : તરંગ ૧-૧૩)

આવા સર્વોપરી મહામંત્રના પ્રવર્તક પણ **સર્વોપરી, સર્વાવતારના અવતારી, સર્વકારણના કારણ, ક્ષર-અક્ષરના આત્મા, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વાત્મા, સર્વનિયંતા, સર્વતંત્ર-સ્વતંત્ર, સ્વયંપ્રકાશ, સર્વાન્તર્યામી, સર્વવ્યાપક, પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં છે.** જ્યારે બીજા બધા મંત્રોને કોઈ મહાપુરુષોએ, અવતારોએ આપ્યા છે.

બીજી વાત એ સમજવાની કે **સ્વામિનારાયણ મહામંત્ર એક અને માત્ર એક એવા પરાત્પર પરંબ્રહ્મ નારાયણનો જ વાચક છે. સ્વામી** અને **નારાયણ** બન્ને શબ્દો એકજ અર્થના વાચક અને બોધક છે.

- स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः ।

  અર્થ :- સ્વામી એવા નારાયણ = સ્વામિનારાયણ

- स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ

  अन्तर्यामी नारायणः इति स्वामिनारायणः ॥

  અર્થ :- સ્વામી એટલે સકલઐશ્વર્યથી યુક્ત એવા અંતર્યામી નારાયણ એટલે સ્વામિનારાયણ.

  મહામંત્ર પ્રાગટ્ય :- સંવત ૧૮૫૮, માગશર વદ-૧૧, (તા. ૩૧-૧૨-૧૮૦૧)

  ગામ :- ફણેણી

શીતળદાસ નામના વૈરાગીને પ્રથમવાર આ મહામંત્રનું ભજન કરાવ્યું ને તેને સમાધિ થઈ. જે પછીથી **વ્યાપકાનંદ સ્વામી** બન્યા હતા.

આ મંગળકારી દિવસથી

- ઉદ્ધવ સંપ્રદાય **''સ્વામિનારાયણ સંપ્રદાય''**ના નામથી ઓળખાતો થયો.
- શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવવાનો પ્રારંભ કર્યો.
- પહેલા રામ-કૃષ્ણ-ગોવિન્દ વગેરે નામનું ભજન થતું પરંતુ આ દિવસથી પોતાના સર્વોપરી મહામંત્ર **''સ્વામિનારાયણ''**નું ભજન ચાલુ થયું.
- **''સ્વામિનારાયણ''** મહામંત્રના જાપથી સમાધિ પ્રકરણો પ્રારંભ થયા.
- શ્રીજીમહારાજે ધર્મધુરા સંભાળીને સૌ પ્રથમવાર વિશાળસભાને સંબોધી અને સૌ પ્રથમ સંતદીક્ષા આપવાનો પ્રારંભ કર્યો.



પરમ પૂજ્ય ગુરુજી, દરેક વાતમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવે છે. કોઈ બીમાર હોય કે મુશ્કેલી હોય તો કહે ધૂન કરો; મહારાજ સારું કરી દેશે. એમને તો એનો સાક્ષાત્કાર છે છતાં આપણા સૌની પ્રેરણા માટે આવી ધૂન કરાવે છે. અને પૂજ્ય ગુરુજી પ્રતિદિન રોજ એક કલાક સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવી જપ કરે છે. તેમાં પણ તેમની પરાભક્તિના દર્શન તો છે જ પણ આપણી પ્રેરણા માટે પણ ખરું જ !

(૬) મંત્રજાપથી થતા ફાયદા :

નિષ્કામભાવે પરમાત્માના મહિમાના મંત્રજાપથી ઈષ્ટદેવની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે ને સાક્ષાત્કાર થાય છે. **સકામભાવે** કરવામાં આવતા મંત્રજાપથી પોતાના તમામ શુભ સંકલ્પો પૂર્ણ થાય છે.

આ સાથે અન્ય શારીરિક ફાયદાઓમાં મનની વૃત્તિઓનો વિરામ થાય છે. સમગ્ર ચેતાતંત્ર શાંત થાય છે. શરીરનાં અંગો-ઉપાંગોને પણ વિરામ મળે છે. બુદ્ધિ સ્થિર થાય છે ને આસન જીતાય છે.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મંત્ર એટલે શું ? મહત્વ સમજાવો.
(૨) મંત્રજાપ શાં માટે કરવો જોઈએ ?
(૩) મંત્રના પ્રકાર કેટલા છે ? કયા કયા ?
(૪) માનસિક જપ શું છે ? તેનું મહત્વ સમજાવો.
(૫) મંત્રજાપ કેવી રીતે કરવો જોઈએ ?
(૬) સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા જણાવો.
(૭) મંત્રજાપથી થતા ફાયદા જણાવો.
(૮) સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય ક્યારે અને કયા પ્રસંગથી થયું ? ટૂંકમાં જણાવો.
(૯) શ્રીજીમહારાજે કારિયાણીમાં ડોસીને કંઈ રીતે સ્વામિનારાયણ મંત્ર બોલાવ્યો ?
(૧૦) મુક્તાનંદ સ્વામી સ્વામિનારાયણ મહામંત્ર વિષે શું કહે છે ?

સભા-૬ : હિંસા એ મહાપાપ છે

ઘનશ્યામપ્રભુ નાનપણથી જ ખુબ ચમત્કારી હતા. અનેક સ્વરુપો ધારણ કરવા, અસુરોનો નાશ કરવો, ભૂતોનો ઉદ્ધાર કરવો, પાણી ઉપર ચાલવું, જડ ને ચૈતન્ય બનાવવું, પશુ-પંખીઓને સમાધિ કરાવવી, જેવા ચમત્કારો પ્રતિદિન થતાં જ રહેતા.

છપૈયામાં એક **મીનસરોવર** છે. એ ઘનશ્યામનું મનગમતું સ્થાન. વેણી-માધવ અને પ્રાગને લઈને ઘનશ્યામ ત્યાં રમવા જાય અને રમીને સરોવરમાં મજા કરે.

એક દિવસ મિત્રો અને ઘનશ્યામપ્રભુ સરોવર પહોચ્યાં. સ્નાનની તૈયારી થઈ. વડ નીચે સૌ વસ્ત્રો કાઢતા હતાં. તેવામાં ઘનશ્યામની નજર થોડે દૂર ગઈ. ત્યાં એક **માછીમાર** હતો. કાળો ડીબાંગ અને કદાવર. પાણીમાં જાળ નાંખે. બિચારી માછલીઓ પકડાય અને પછી તરફડી-તરફડીને મરી જાય. માછીમારનો ટોપલો ભરાય ને તે આનંદિત થાય. પણ ઘનશ્યામપ્રભુ આ જોઈને ખુબજ દુઃખી થયા અને ખુબ જ દયા આવી. **અરે ! નિર્દોષ માછલીઓની આ દશા !** ઘનશ્યામને અંતરમાં અરેરાટી થઈ અને માછીમારને પડકાર કર્યો.

''એય ભાઈ... માછલીઓ કેમ મારે છે ? માણસને કોઈને મારવાનો શો અધિકાર ? પોતાનું પેટ ભરવા બીજા જીવના પેટ તોડવાં એ અધર્મ છે. દરેક જીવમાં ભગવાન વસે છે. હિંસા એ મહાપાપ છે. હિંસા કરનારો જમપુરીમાં ખુબ દુઃખી થાય છે.

નાના બાળકની મોટી વાત સાંભળી માછીમાર હસ્યો ને ઉપેક્ષામાં કહેઃ હું ગમે તે કરું, તારે શી લેવાદેવા?



ઘનશ્યામપ્રભુને થયું, આ પાપીને અત્યારે જ બોધપાઠ ભણાવવો પડશે ! તેમણે મરેલા માછલાઓની સામે જોયું ને સંકલ્પ કર્યો. અચાનક જ ટોપલામાંથી બધી માછલીઓ જીવતી થઈ ગઈ અને ટપોટપ સરોવરમાં કુદવા લાગી.

પળવારમાં ટોપલો ખાલી થઈ ગયો. આ જોઈ માછીમારે નિશાસો નાખ્યો. અરેરે ! મારી આખા દિવસની મહેનત પાણીમાં ગઈ. તે ખીજાયો અને ઘનશ્યામ પાછળ દોડ્યો. ત્યાં તો પ્રભુના શરીરમાંથી તેજનો ફુવારો છુટ્યો ! માછીમાર અંજાઈ ગયો ! તેની આંખો બંધ થઈ ગઈ. આંખો ખોલી ત્યાં તો તેને યમરાજ દેખાયા.

યમરાજ એટલે મૃત્યુના દેવતા. અતિશય વિશાળ અને વિકરાળ, મહાભયાનક રૂપ, મોટી મોટી મુછો, મોટા મોટા દાંત, લાલઘુમ આંખો, લાંબી જીભ, હાથમાં ગદા-તલવાર-ત્રિશુળને ભાલાનું હથિયાર. પાડા પર સવારી. માછીમાર ડરી ગયો. તેને પરસેવો છુટ્યો ને હાથ-પગ ધ્રુજવા લાગ્યાં. યમરાજે તેને યમપુરી અને નરકના દુઃખો દેખાડ્યાં. યમદુતો પાસે મેથીપાક ખવડાવ્યો. તેના હાડકે-હાડકાં ખોખલાં થઈ ગયા. તે બચાવો બચાવોની બુમો પાડવા લાગ્યો.

તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તે ઘનશ્યામપ્રભુનાં ચરણે પડ્યો ત્યાંજ યમરાજ અદૃશ્ય થઈ ગયા. માછીમારે માફી માંગી, મને માફ કરો પ્રભુ ! હવેથી હું ક્યારેય પાપ નહિ કરું. આપતો ભગવાન છો. મારા પાપ દુર કરો. ઘનશ્યામપ્રભુએ તેને **અહિંસા**નો ઉપદેશ આપ્યો અને આશીર્વાદ આપ્યા. માછીમારને નવું જીવન મળ્યું અને માછલીઓને પણ હવેથી નિરાંત થઈ.

સાચા ભક્તો ક્યારેય જીવ-પ્રાણીમાત્રની હિંસા કરતા નથી. જાણીને તો નાના-જીવજંતુને પણ મારતા નથી. કોઈને દુઃખ થાય તેવું વર્તન ક્યારેય ન કરવું. પરને પીડા આપીને રાજી થાય તે અસુર છે. પારકાની પીડા જોઈને દુઃખી થાય અને તેને મદદ કરે તે જ ભગવાનના સાચા ભક્ત છે. માટે, આપણે ક્યારેય કોઈનેય મન-કર્મ-વચને કરીને દુઃખવવા નહિ. આ પ્રસંગ દ્વારા ઘનશ્યામપ્રભુએ સમગ્ર માનવજાત માટે અહિંસાનો અદ્‌ભૂત સંદેશો આપ્યો છે.



કડીગાન વિભાગ

- **મૂર્તિ તમારી સુખકારી, જીવન જાણું છું.**
  છો અવતારના અવતારી, જીવન જાણું છું.
  મહા સમર્થ છો મહારાજ, જીવન જાણું છું.
  વળી આપે રાજાધિરાજ, જીવન જાણું છું.
  મળવું તમારું છે મોંઘુ, જીવન જાણું છું.
  તે તે સહુને થયુ છે સોંઘું, જીવન જાણું છું.
  (હરિસ્મૃતિ)

શ્લોકગાન વિભાગ

ॐ सहना ववतु सहनौ भुनक्तुसह वीर्यं करवावहै।
तेजस्वी नावधीतमस्तु मा विद्विषावहै ॥(कठोपनिषद्)

(હે પરમેશ્વર ! શિષ્ય (મારી) અને આચાર્ય બન્નેની સાથે-સાથે રક્ષા કરો . અમો બન્ને સાથે-સાથે વિદ્યાના ફળનો ભોગ કરીએ . અમો બન્ને એકસાથે મળીને વિદ્યાપ્રાપ્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરીએ . અમો બન્નેનું ભણેલું તેજસ્વી થાય . અમો બન્ને પરસ્પર ઈર્ષા-દ્વેષ ન કરીએ એવી પ્રાર્થના છે .)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જેમ ગંગા સમુદ્રને મળવા તલપાપડ થાય છે . તેમ આપણે સાચા સહજાનંદી સિંહ થઇ પુરુષોત્તમને મળવા તલપાપડ થવું . (કલ્યાણ કણિકા - ૨/૧૫)
- ને કામમાંથી પરવારીને પ્રભુ ભજવા એવી તો કોઇયે આશા રાખવી નહિ . કેમ જે કોઈનું કામ પૂરું થયુ નથી ને થાશે પણ નહિ . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૧૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યામાં કયા કયા મંદિરે રોજ દર્શન કરવા જતા ?

હનુમાનગઢી, કનકભુવન, વિદ્યાકુંજ .

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાનને સૌ પ્રથમ શાસ્ત્રાર્થ ક્યાં અને કોની સાથે કર્યો ?

કાશીના ગૌમઠમાં- કાશીના પંડિતો સાથે.

(૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનની યજ્ઞોપવિત ક્રિયા કેટલા વર્ષની ઉમંરે કરવામાં આવી હતી ?

આઠ વર્ષે.

(૪) નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન કયો પ્રશ્ન દરેકને પુછતાં ?

જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપ વિષે.

(૫) નીલકંઠવર્ણીને લોજમાં પ્રથમ કયા સંતનો મેળાપ થયો હતો ? **સુખાનંદ સ્વામી.**

જાણવા જેવું

પરમ પૂજ્ય ગુરુજીનાં સૂત્રો



(૧) પ્રભુમાં પાગલ બનો. (૨) મહારાજમાં મસ્ત રહો.
(૩) હરિમાં હેત કરો. (૪) હેતે હરિ ઢુંકડા.
(૫) અણું-પરમાણુંમાં મારો મહારાજ છે.
(૬) સર્વોપરી તો એક મારો મહારાજ જ છે.
(૭) બાળકોને વારસામાં સંપત્તિ જ નહિ, સંસ્કાર પણ આપો.
(૮) એક ટાઈમ ભોજન અને એક ટાઇમ ભજન સાથે કરો.
(૯) મને મળ્યાં જે મહારાજ એ મારે સામા જીવને આપવા છે; એજ મિશન છે.
(૧૦) મારું લક્ષ્ય લોયાધામ.
(૧૧) Respect All, Follow one, Hate None.

આટલું ન ખાશો

ડુંગળી, લસણ, ઈંડા, માંસ ને હોટલનું ખવાય જ નહિ. દારૂ અને કેફી પદાર્થો પીવાયજ નહિ. આ બધું ખાવાથી શરીર અને મન બગડે; પાપ પણ લાગે. ખરાબ વિચારો આવે ને ખરાબ કામો થાય ને નરકમાં પડાય ને મોક્ષ બગડે ને ભગવાન- ગુરુજી- સંતોથી દૂર થઇ જવાય. માટે ભગવાનને રાજી કરવા માટે આવું તો નજ ખવાય કે નજ પીવાય.

આટલું યાદ રાખો

- ગાળ્યા વિનાનું દૂધ અને પાણી પીએ તો છ મહિના સુધી માછલાં મારે તેટલું પાપ લાગે છે.
  मांस तोयम् अगालितम्। (ગાળ્યા વિનાનું પાણી માંસ બરાબર છે)
- **વિચારો અને અમલમાં મૂકો**
  આપણી સંસ્કૃતિનાં મહાન મૂલ્યોમાં અહિંસા કેવી રીતે સમાયેલી છે તે વિચારો
- **आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।**
  પોતાને જેનાથી દુઃખ થાય તેવું આચરણ બીજા પ્રત્યે ન કરવું.
- **वसुधैव कुटुम्बकम्।**
  વિશ્વ એક પરિવાર છે.
- **कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः।**
  सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्धया कदाचन ॥ (शिक्षापत्री-११)
  અર્થ :- અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ,માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા કયારેય ન કરવી.)

વિશેષ વાંચન



સ્વામી વિવેકાનંદ અમેરિકા યાત્રા દરમ્યાન શિકાગો શહેરમાં પધારેલા. અહીં વિશ્વનું સૌથી મોટું કતલખાનું હતું. તેના આયોજકો વિવેકાનંદ સ્વામીને તે જોવા લઇ ગયા. આખું કતલખાનું યંત્ર સંચાલિત હતું. એક તરફ જીવતી ગાયને પટ્ટા પર ચડાવવામાં આવતી હતી. આગળ જતા બીજી તરફ તેના શરીરનું એક એક અંગ છુટું પડી જતું, અને માંસના ડબ્બા પણ ભરાઈ જતાં હતા. આ આખી પ્રક્રિયા સંચાલકોએ સ્વામીજીને બતાવી. પોતાના આ આધુનિક કતલખાના વિશે તેઓએ છેલ્લે અભિપ્રાય માંગ્યો. ત્યારે સ્વામી વિવેકાનંદે તેઓને પ્રશ્ન પૂછ્યો : **તમે આ પ્રક્રિયાને ઉલટાવી શકો ? આ બાજુથી તમે માંસ,હાડકાં,અને ચામડું નાંખો તો સામેની બાજુથી જીવતી ગાય નીકળે ?** સંચાલકોએ કહ્યું: ના, એતો કેવી રીતે શક્ય બને? **ત્યારે સ્વામીજી બોલ્યા: તો પછી આ કામ કરીને તમે શું ધાડ મારી ? જેને તમે જીવતું કરી શકતા નથી તે પશુને મારવાનો તમને શો અધિકાર છે ?** આમ કહેતાં સ્વામીજી ત્યાંથી નીકળી ગયા.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રી ઘનશ્યામ મહારાજના મિત્રોના નામ શું હતા ?

(૨) શ્રી ઘનશ્યામ મહારાજ ક્યા સરોવરમાં સ્નાન કરવા જતા ?

(૩) શ્રી ઘનશ્યામ મહારાજે માછીમારને શું કહ્યું ?

(૪) પૂજ્ય ગુરુજીના કોઈ પણ પાંચ સૂત્રો જણાવો

(૫) સાચા ભક્ત કોને કહેવાય છે ?

(૬) કલ્યાણ કણિકા શું છે ?

(પ્રશ્ન-૨) ''અહિંસા પરમો ધર્મ''-ટૂંકનોંધ લખો.

(પ્રશ્ન-૩) શ્લોકપૂર્તિ કરો.

कस्यापि प्राणिनो.....

(પ્રશ્ન-૪) પંક્તિ પૂર્ણ કરો.

મૂર્તિ તમારી સુખકારી .....

(પ્રશ્ન-૫) જીવનમાં કંઈ-કંઈ જગ્યાએ હિંસા થવાની શક્યતાઓ છે તે જણાવો.

સભા-૭ : સંત સમાગમનો પ્રતાપ



રામાયણ કાળની વાત છે. **એક હતો વાલીયો લૂંટારો. તેનુ મૂળ નામ રત્નાકર ને જાતિ બ્રાહ્મણ.** પણ ડાકુ-લૂંટારાઓની સોબતે તે પણ લૂંટ-મારૂ અને હત્યા કરતો થઈ ગયો. માણસોને લૂંટીને તેને મારી નાખતો; મહાપાપી અને નિર્દય. કોઈથી ડરતો નહિ. જંગલમાં પોતાના પરિવાર સાથે રહે. લોકો તેનાથી બહું ડરે અને વાલીયા લૂટારા તરીકે ઓળખે.

એકવાર નારદજી જંગલમાંથી પસાર થઈ રહ્યાં હતા. વાલીયાએ નારદજીને પકડયા. મોટો છરો બતાવીને બોલ્યોઃ તારા ખિસ્સામાં જે હોય તે આપી દે... નહિંતર મારી નાખીશ. નારદજીએ કહ્યું: **સાધુના કપડામાં ખીસ્સા ન હોય...** મારી પાસે તો ફક્ત આ એક વીણા છે... **નારાયણ... નારાયણ...**

વાલીયો બોલ્યોઃ ચાલ ! ચાલ! વધારે ડાહ્યો ન બનીશ. આ ગળામાં શું પહેર્યું છે ? કાઢ જોઈએ ! નારદજી બોલ્યાઃ ગળામાં તો તુલસીની કંઠી છે અને ઝોળીમાં સાકર ને સીંગદાણાંનો પ્રસાદ છે. લ્યો આ પ્રસાદ જમો !

લૂંટારાએ પ્રસાદ ખાધો ને તેની વૃત્તિ જરાક બદલાઈ ગઈ. તે થોડો નરમ થયો, ને પાછો બોલ્યો : તારી પાસે રૂપિયા કેટલા છે ?

નારદજીએ હસીને કહ્યું: **નારાયણ... નારાયણ... મારી પાસે પૈસા નથી, પણ પરમેશ્વર છે. શ્યામ જ મારું સાચું નાણું છે. ભક્તિ જ મારું જીવન છે.** એમ કહી નારદજીએ ભજન શરૂ કર્યું. વીણાનાં સુરોથી જંગલનું વાતાવરણ ગાજી ઉઠ્યું.

હવે વાલીયો થોડો વધારે શાંત થયો. નારદજી બોલ્યા : પાપનું ફળ દુઃખ છે. પુણ્યનું ફળ સુખ છે. આપણે કોઈને જીવન ન આપી શકીએ તો કાંઈ નહિ પણ કોઈનું જીવન સમાપ્ત તો ન કરીએ. તું અત્યારે હસી-હસીને પાપ કરે છે તેના ફળ ભોગવવા પડશે !! માટે પાપ છોડ-ચેતીજા ! અને તું આમ લોકોને લૂંટીને-મારીને પાપ કરે છે તે કોના માટે ?

વાલીયાએ જવાબ આપ્યો. અરે ! કોના માટે શું ? મારા કુટુંબ-કબીલાને માટે. તેમને ખવડાવવું પડે કે નહિ ?

નારદજીએ કહ્યું: એ વાત તો બરાબર. પણ શું તારા કુટુંબીઓ આ તારા પાપના ભાગીદાર થશે ?

વાલીયાએ કહ્યું: આ તે કાંઈ પુછવાની વાત છે ? અમે સૌ ભેગા બેસીને ખાઈએ છીએ તો પાપમાંય ભાગીદાર થશે જ ને !

નારદજીએ કહ્યું: પણ તું જઈને પુછી આવતો ખરો !

વાલીયો બોલ્યો : હું ઘરે જાવ ને તમે ભાગી જાવ તો ! તેને નારદજીને ઝાડ સાથે દોરી વળે બાંધ્યા ને ઘરે પુછવા ગયો. કુટુંબીઓને ભેગા કરી પૂછ્યું ત્યારે કુટુંબીઓએ એક સૂરે જવાબ આપ્યો: **અમે શાં માટે તમારા પાપના ભાગીદાર થઈએ ! કુટુંબ પરિવારનું પોષણ કરવું તમારી ફરજ છે. ન્યાય નીતિથી કમાતા હો તો ? શાં માટે પાપ કરો છો ? તમારા કર્યા તમે ભોગવો !!**

વાલીયો તો આ સાંભળતાંજ ચોકી ગયો. **તેને થયુ સંસારમાં સૌ સંબંધી સ્વાર્થી જ છે.** તે દોડતો-દોડતો નારદજી પાસે આવ્યો. આવીને સીધોજ નારદજીના પગમાં પડ્યો ને કરગરવા લાગ્યો. સાધુરામ ! તમે આજે મારી આંખ ઉઘાડી



નાખી. મારા પાપમાં કોઈ ભાગીદાર થવા તૈયાર નથી. અત્યાર સુધી મેં જે પાપ કર્યા છે તેનાથી મને ઉગારી લ્યો ! આટલું બોલતાં-બોલતાં તે ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. તેને ખૂબ પસ્તાવો થયો.

નારદજીએ કહ્યું: **તને આ પસ્તાવો થયો તે જ તારા પાપોનું પ્રાયશ્ચિત છે.** હવે તું લૂંટફાટનો ધંધો છોડ ને સત્યનો માર્ગ પકડ.

વાલીયો હાથ જોડીને બોલ્યો: હવે હું શું કરું ?

નારદજીએ કહ્યું: **ભગવાનનાં નામના જપ કરવાથી પાપનો નાશ થાય છે, ને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. માટે ''રામ'' મંત્રનો જપ કરજે.** આટલા આશીર્વાદ આપી નારદજી ત્યાંથી નારાયણ-નારાયણ કરતા વિદાય થયા.

પછી તો વાલીયો એક ઝાડ નીચે બેસી ગયો. આવડતના અભાવે મરા... મરા... નો જપ કરે. મરા... મરા... મરા... મરા... બોલે તો રામ... રામ... રામ થઈ જાય. સાચા ભજનના પ્રતાપે અંતરમાં શાંતિ થવા લાગી. પ્રભુ સ્મરણથી હૃદયની મલિનતા દૂર થઈ ગઈ. વર્ષો સુધી એકજ જગ્યાએ બેસીને ઉલટા જપ કર્યા. આખું શરીર રાફડાથી ઢંકાય ગયુ. **શ્રદ્ધા સાચી હતી. તેના હૃદયમાં પ્રભુનો સાક્ષાત્કાર થયો. તેનું આખુ જીવન પરિવર્તન થઈ ગયુ. તે ખુનીમાંથી મુનિ અને વાલીયામાંથી વાલ્મીકિ ઋષિ બની ગયા. ત્રિકાળજ્ઞાની બની ગયા. સંસ્કૃતના પંડિત બની ગયા ને રામાયણ ગ્રંથ લખ્યો.**

ઉલટ નામ જપત જગ જાના; વાલ્મીક ભયે બ્રહ્મ સમાના। (રામચરિતમાનસ)

સંતો ભારાડી જીવોને પણ ભક્ત બનાવે છે. દુરાચારીને સદાચારી બનાવે છે. મુક્તાનંદસ્વામીનાં સમાગમથી લુંટારો જોબનપગી જોબનભક્ત બની ગયા. ભક્તિ અને સત્સંગથી માનવી લુટારામાંથી ઋષિકક્ષા સુધી પહોંચી શકે છે; તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે મહર્ષિ વાલ્મીકિ !!



કડીગાન વિભાગ

- **સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાંય।**
  ભવસાગરમાં ડૂબતા, સાચા સંત કરે છે સાંય ॥
- **ઘણું રાજી કરી સંતને, કૈક પામિયા પરમ ધામ।**
  સંત વિના શોધી જુવો સઘળે, કહો કેનું સરિયુ કામ ॥
  (વચનવિધિ)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઇ જાય છે. (વચ.વ.૧૪)
- મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે.
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૦)
- સંત કહે તેમ કરવું શ્રેષ્ઠ છે ને મન ધાર્યું કરવું તે કનિષ્ઠ છે.
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૫૭)
- આપણે તો અક્ષરધામમાં જાવું જ છે એવો સંકલ્પ રાખવો.
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૭)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનું મિલન ક્યારે અને ક્યાં ગામમાં થયું હતું ?
સંવત ૧૮૫૬ જેઠ વદ બારસે (૧૯-૬-૧૮૦૦) પીપલાણા

(૨) રામાનંદ સ્વામી કોણ હતા ? **સ્વામિનારાયણ ભગવાનના ગુરુ.**

(૩) રામાનંદ સ્વામીનો જન્મ ક્યાં થયો હતો ? **અયોધ્યા.**

(૪) આપણો મત કયો છે ? **વિશિષ્ટાદ્વૈત.**

(૫) નીલકંઠવર્ણીને મહાદીક્ષા કોને આપી ? **રામાનંદ સ્વામી.**

જાણવા જેવું

ત્રણ પ્રકારનાં કર્મો

(૧) સંચિતકર્મ- પૂર્વજન્મના ભેગા થયેલા કર્મો.

(૨) પ્રારબ્ધકર્મ- આ જન્મમાં ભોગવવાનું શરું થયેલાકર્મો.

(૩) ક્રિયમાણકર્મ- આ જન્મમાં થતાં નવા કર્મો.

આટલું યાદ રાખો

- **એક ઘડી આધી ઘડી, આધીમે પુની આધ ।**
  તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ ॥
- **બળતો જળતો આત્મા, સંત સરોવર જાય ।**
  સત્સંગરૂપી લહેરમાં, તરત ટાઢો થાય ॥



વિચારવાં જેવું

સાચા સંત દીવા જેવા છે.

દીવો અંધારામાં પ્રકાશ આપે છે, તેમ સાચા સંત મુશ્કેલીમાં માર્ગદર્શન આપે છે.

સાચા સંત વાદળ જેવા છે.

વાદળ પક્ષપાત રહિત સૌ પર વરસાદ વરસાવીને લોકોનું સારું કરે છે, તેમ સાચા સંત કરુણા-દયા વરસાવીને સૌનું હિત કરે છે.

સાચા સંત વૃક્ષ જેવા છે.

વૃક્ષ સૌને શીતળ છાંયડો આપે છે તેમ સાચા સંત સૌને શાંતિ પમાડે છે.

સૂભાષિત

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यंमानोन्नतिं दिशति पापमपाकरोति ।

चेतः प्रसादयति दिक्षु तनोति किर्तिंसत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥

અર્થ :- સંતનો સંગ બુધ્ધિની જડતા દૂર કરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, સન્માનનો વધારો કરે છે, પાપ નાબૂદ કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે, બધી દિશાઓમાં કીર્તિ ફેલાવે છે, બોલો ,સત્સંગ માણસનું શું શું નથી કરતો ? (નીતિશતક-૨૩)

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) વાલીયા લૂંટારાનું મુળ નામ શું હતું ?
(૨) સત્સંગથી જીવનમાં શું શું ફાયદા થાય છે ?
(૩) આપણો સંપ્રદાય અને મત કયો છે ?
(૪) સ્વામિનારાયણ ભગવાના ગુરૂનું નામ શું હતું ?
(૫) આપણે કેવો સંકલ્પ રાખવાનો છે ?
(૬) સંત સમાગમથી જીવન પરિવર્તન થયું હોય તેવો એક પ્રસંગ જણાવો.

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) વાલિયા લૂંટારાને ખુનીમાંથી મુનિ બનાવનાર ..... હતા.
(૨) .....એ જોબનપગીને સત્સંગ કરાવ્યો.
(૩) રામાયણ .....અને .....એ લખેલી છે.
(૪) .....કરવાથી પાપનો નાશ થાય છે.
(૫) પાપનું ફળ .....છે અને પૂણ્યનું ફળ .....છે.

(પ્રશ્ન-૩) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) પારસમણિ	(૧) ગરમીમાં ઠંડુ કરે.
(૨) ચંદન	(૨) ખરાબને સારું કરે.
(૩) સંત	(૩) લોઢાનું સોનું કરે.

(પ્રશ્ન-૪) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સાચા સંગાથી સંત છે.....
(૨) ઘણું રાજી કરી સંતને .....

સભા-૮ : શ્રી મુક્તાનંદસ્વામીનું બાળપણ

સ્વામિનારાયણ સંપ્રદાયનાં અજોડ, અતિસમર્થ, અનુપમ અને અક્ષરધામનાં અનાદિમુક્તમાં સર્વશ્રેષ્ઠ સંત એટલે મુક્તાનંદ સ્વામી.

પ્રાગટ્ય - સંવત-૧૮૧૪, પોષસુદ-૭ (તા-૧૫-૧-૧૭૫૮)

પ્રાગટ્ય સ્થળ - અમરાપુર (અમરેલી-ગુજરાત-ભારત)

બાળપણનું નામ - મુકુન્દદાસ (મુકુન્દ એટલે મુક્તિદાતા)

પિતાનું નામ - આનંદરામ (બ્રાહ્મણ)

માતાનું નામ - રાધાબાઈ


બહેનનું નામ - ધનબાઇ

અમરેલીના મહાત્મા મૂળદાસ તેમની માતાના પાલક પિતા હતા; તેમના દ્વારા મુકુન્દદાસને ભક્તિ અને સત્સંગનો રંગ લાગ્યો અને પિતા આનંદરામ પાસેથી તેમને વેદ-વેદાન્તનું જ્ઞાન મળ્યું.

પ્રભુ દર્શનની લગની

આમ, તો મુકુન્દદાસ બાળપણથી જ બહુવિધ બુદ્ધિશાળી અને રામાયણના મર્મજ્ઞ હતા. સંસ્કૃતની સાથે સાથે ગાયનવિદ્યા, નર્તનવિદ્યા, વાદનવિદ્યા, આયુર્વેદવિદ્યા, કવિત્વશક્તિ અને લેખનકળામાં પણ તેઓ નિપુણ હતા. ધીરજતા, સરળતા, સહજતા, સાધુતા વગેરે અનેક કલ્યાણકારી ગુણો તેમનામાં સ્વાભાવિક હતા.

મુકુન્દદાસને **વાલ્મિકી રામાયણ** તો અતિ પ્રિય હતું. તેઓ રોજ સવાર-સાંજ રામજી મંદિરમાં બેસી રામાયણની કથા સુમધુર કંઠે ભક્તોને સંભળાવતા. તેમના સુરીલા અને ભાવભીના સ્વરેથી સરી પડતી ચોપાઈઓ મુમુક્ષુઓને મંત્રમુગ્ધ કરી દેતી. આમ, મુકુન્દદાસ રાત-દિવસ રામજી મંદિરમાં




વિતાવતા, ને કથા-વાર્તા-ધ્યાન-ભજનમાં લીન રહેતા.

એકવાર મુકુન્દદાસ સવારથી રામજી મંદિરમાં રામાયણની ચોપાઈઓ ગાઈ રહ્યાં હતા. બપોરનો સમય વિતવા લાગ્યો. મુકુન્દદાસ જમવા ઘરે ન આવ્યા એટલે ''માં'' ને ચિંતા થઈ. તે રામજી મંદિરે આવ્યા ને મુકુન્દને કહે : **બેટા ! બપોરના બે વાગી ગયા છે; તે હજુ ભોજન નથી લીધું !! ચાલ ભોજન કરવા.**

ત્યારે નિખાલસતાથી મુકુન્દદાસ બોલી ઉઠ્યા; **લે ''માં''! એ તો હું સાવ ભૂલી જ ગયો.** આમ, મુકુન્દદાસની દૈનિક બધીજ ક્રિયા પરમાત્મારૂપ બની ગઈ હતી. આવી હતી મુકુન્દદાસની બાલ્યાવસ્થા. **બાળમિત્રો ! આમ, જેને પ્રભુ દર્શનની લગની લાગે તેને જ પ્રગટ પ્રભુ મળે છે.**

ઈરાદાપૂર્વકનું ગાંડપણ

મુકુન્દદાસ નાનપણથી જ વૈરાગ્યવંત હતા. સંસારના બંધનોથી મુક્ત થઈ સાધુ થવાનાં વિચારો પણ કર્યા કરતા. મુકુન્દદાસને સાધુ થવું હતું પણ ઘરેથી સહેલાયથી રજા મળે તેમ ન હતું. તેથી તેમણે માતા-પિતાની રજા મેળવવાનો ઉપાય શોધી કાઢ્યો ને જાણી જોઈને ગાંડા હોવાનું નાટક ચાલુ કર્યું.



મુકુન્દદાસે નિત્યની દેવપૂજા કરવાનું છોડ્યુ; કથા-વાર્તા કરવાનું મૂકી દીધું; સમયે જમે નહિ ને સમયે સુવે નહિ. ગાંડાની માફક આખા ગામમાં ફર્યા કરે જાણે કે કોઈ ભૂતનો વળગાટ હોય. પિતાએ માનસિક રોગી જાણી વૈદ્યોને બતાવ્યું; પણ મુકુન્દદાસે તો વધારે ગાંડપણ ચાલુ કર્યું.

ગામના લોકોની જે ચીજવસ્તુ હાથમાં આવે તે એકની બીજાના ઘરે મુકવા માંડ્યા. કોઈ પુછે આ શું કરે છે ? તો કહે **''રામ ઘટાઘટ મહુડી ફુલી''.** મુકુન્દદાસની શારીરિક ક્રિયા અને બોલચાલથી ગામના લોકો કંટાળી ગયા. ઘરે ફરિયાદો આવવા લાગી. મુકુન્દને ઘરમાં પુરવામાં આવ્યા; પણ તેમનું ગાંડપણ બંધ ન થયુ. આમ, એક વર્ષ સુધી ગાંડા જેવું વર્તવાનું ચાલુ રાખ્યું. મહાત્મા મૂળદાસે મુકુન્દનું ઈરાદાપૂર્વકનું ગાંડપણ જાણી માતા-પિતા પાસે રજા અપાવી. પછી મુકુન્દદાસે સાચા સદ્‌ગુરુની શોધમાં તીર્થસ્થાનોની યાત્રા શરુ કરી.

સાચા સદ્‌ગુરુની શોધ

નૈષ્ઠિક બ્રહ્મચર્યની સિદ્ધિ કરાવી; પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરાવે તેવા સાચા સદ્‌ગુરુની શોધમાં મુકુન્દદાસે ૪ ગુરુ બદલ્યા.

(૧) દ્વાંગદ્વાનાં દ્વારકાદાસ

(૨) મોરબીનાં એક મહંત

(૩) વાંકાનેરનાં કલ્યાણદાસબાપુ

(૪) સરધારનાં તુલસીદાસ

પછી સરધારમાં મુકુન્દદાસે **રામાનંદ સ્વામી**ની કથા વાર્તા સાંભળી અને તેમનું દિવ્ય જીવન જોયું એટલે તેમને પોતાનાં ગુરુ તરીકે સ્વીકારી લીધા.

રામાનંદ સ્વામીએ મુકુન્દદાસની આકરી



પરીક્ષાઓ લીધી. અને મુકુન્દદાસે પણ **બંધીયાના મુળુભાઈનું ૨ વર્ષ સુધી હળ હાંકી; રામાનંદ સ્વામીને રાજી કર્યા.** રામાનંદ સ્વામીએ મુકુન્દદાસને **સંવત્ ૧૮૪૨ ની વસંતપંચમીએ ભાગવતી દીક્ષા આપી ''મુક્તાનંદ સ્વામી'' એવું નામ આપ્યું. આ સમયે મુક્તાનંદ સ્વામીની ઉંમર ૨૮ વર્ષની હતી.**

આમ, મુક્તાનંદ સ્વામીનું લક્ષ્ય શુદ્ધ અને પાક્કું હતું. તો અંતે સાચા સદ્‌ગુરુનો યોગ થયો અને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ પણ થઈ.



કડીગાન વિભાગ

- **સંત મિલે તબ હરિ મિલે, યામે નહિ સંદેહ ।**
  પાવત પ્રાણી પરમપદ, બઢત હે પ્રભુપદ નેહ ॥ (હ.ચ.સા.)
- **સંત કૃપા તે હોત હે, પામર પરમ પુનિત ।**
  જ્યું કીટ હોત હે ભ્રમ સમ, સેવત દ્રઢ કરી પ્રીત ॥ (હ.ચ.સા.)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાન સ્વામિનારાયણ આપણા પરમ પિતા છે. માટે કોઈ તો માં હશે ને ? ભગવાન આપણી માં ને પણ સાથે લાવ્યા છે. તે માં મુક્તાનંદ સ્વામી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મુક્તાનંદ સ્વામીનું પાત્ર અજોડ છે.

(કલ્યાણકણિકા - ૫/૧૫૮)

- આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય, એમ મહિમા જાણવો. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૩૦)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) મુક્તાનંદ સ્વામીને નીલકંઠવર્ણીનો સૌ પ્રથમ મેળાપ ક્યાં ગામમાં થયો હતો ? **લોજ.**

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાન લોજમાં કોની આજ્ઞામાં રહયાં હતાં ? **મુક્તાનંદ સ્વામીની.**

(૩) મુક્તાનંદ સ્વામી અને નીલકંઠવર્ણીના મિલન સમયે બન્નેની ઉમંર કેટલી હતી?
મુક્તાનંદ સ્વામી ૪૨ વર્ષ, નીલકંઠવર્ણી ૧૯ વર્ષ.

(૪) મુક્તાનંદ સ્વામી મહારાજથી ઉમંરમાં કેટલાં વર્ષ મોટા હતાં ? **૨૩ વર્ષ.**

(૫) શ્રી સ્વામિનારાયણ ભગવાન રામાનંદ સ્વામીને મળ્યાં પહેલાં મુક્તાનંદ સ્વામી સાથે કેટલો સમય રહ્યાં હતાં? **૧૦ માસ-૬ દિવસ.**

જાણવા જેવું

- **આપણી ગુરુપરંપરા**

  (૧) સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી (૨) સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી (૩) સદ્‌ગુરુ શ્રી હરિપ્રિયદાસજી સ્વામી (૪) સદ્‌ગુરુ શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી (૫) સદ્‌ગુરુ શ્રી નારાયણસ્વરુપદાસજી સ્વામી (૬) સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી (૭) સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (પરમ પૂજ્ય ગુરુજી)

- **મારો દ્રઢ ઠરાવ**

  હે નાથ ! હે દયાળુ ! હે મુક્તાનંદ સ્વામી ! હે દાદાગુરુજી ! હું આજથી નક્કી કરું છું કે સર્વે બળ છોડી કેવળ આપનાં આશરાનાં બળે જીવન જીવીશ. ક્યારેય ખોટા માર્ગે ચાલીશ નહિ. મારે આ જન્મે તમને પામી જ જવું છે. હે નાથ !
  આ ઠરાવ પળાવવામાં આપ મારી મદદ કરજો ! મારી સાથે રહેજો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મુક્તાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?
(૨) મુક્તાનંદ સ્વામીનાં માતા પિતાનું નામ શું હતું ?
(૩) મૂળદાસ કોણ હતા ?
(૪) મુક્તાનંદ સ્વામી કંઈ કંઈ કળામાં નિપૂણ હતા ?
(૫) મુક્તાનંદ સ્વામીએ સાધુ થવાની રજા મેળવવા માટે શું કર્યું ?
(૬) મુક્તાનંદ સ્વામીનું કોઈ પણ ૧ ચરિત્ર જણાવો.

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) મુકુન્દદાસને .....શાસ્ત્ર અતિ પ્રિય હતું.
(૨) મુકુન્દદાસે .....ને પોતાનાં ગુરુ તરીકે સ્વીકાર્યા.
(૩) મુક્તાનંદ સ્વામી સાધુ થયા ત્યારે તેમની ઉંમર .....હતી.
(૪) મુક્તાનંદ સ્વામીએ દીક્ષા .....તિથિએ લીધી હતી.

(પ્રશ્ન-૩) યોગ્ય જોડણી કરો.

(અ)	(બ)
(૧) દ્વારિકાદાસ	(૧) સરધાર
(૨) મૂળદાસ	(૨) બંધિયા
(૩) તુલસીદાસ	(૩) ધ્રાંગધ્રા
(૪) કલ્યાણદાસ	(૪) અમરેલી
(૫) મુળુભાઇ	(૫) વાંકાનેર

(પ્રશ્ન-૪) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સંત મિલે તબ .....
(૨) સંત કૃપા તે .....

સભા-૯ : પ્રેમ દિવાની મીરાં

મીરાંબાઈનો જન્મ આજથી ૫૦૦ વર્ષો પહેલા રાજસ્થાનમાં થયો હતો. આજે આખુંય ભારત મીરાંબાઈને જાણે છે. **મીરાં એટલે સર્વોચ્ચ કૃષ્ણભક્તિ.** મીરાં વગર અભ્યાસની ગ્રંથાવલીઓ અને ભજનીકોની ભજનસંધ્યાઓ અધુરી.

મીરાંબાઈની ઉંમર પાંચ વર્ષની હતી; ત્યારે એકવાર તેમના ઘરે સંતો આવ્યા. સંતો પાસે **લાલજીની મૂર્તિ** હતી. તે મીરાંબાઈને ખુબ ગમી ગઈ. તેમને તે મૂર્તિ મેળવવાની જીદ પકડી. દાદાએ કહ્યું: સંતો પૂજા કર્યા પછી મૂર્તિ આપી જશે; પરંતુ સંતો તો જતા રહ્યા. મીરાંબાઈએ મૂર્તિ મેળવવા માટેની જીદ મુકી નહિ. તેમણે ખાવા-પીવાનું છોડી દીધું. **એક-બે-ત્રણ એમ; અગિયાર ઉપવાસ થયા.**

બાળમીરાંનો સાચો પ્રેમ જોઈ ભગવાન પેલા સંતોના સ્વપ્નમાં આવ્યા; ને મીરાંબાઈને મૂર્તિ આપવા કહ્યું. સ્વપ્ન તો આવે ને જાય એમ વિચારી તે સંતોએ સ્વપ્નની વાત ગણકારી નહિ.

બીજે દિવસે પાછા ભગવાન તે જ સંતોના સ્વપ્નમાં આવ્યા ને પોતાની મૂર્તિ મીરાંબાઈને આપવાનું કહ્યું; ત્યારે તે સંતોને વાત મનાઈ ને મીરાંબાઈને તે મૂર્તિ આપી.

મીરાંબાઈને મૂર્તિ મળી એટલે ખૂબ આનંદ થયો. પછી તો તે રોજ લાલજીને નવડાવે, વાઘા-આભૂષણો પહેરાવે, શણગારે, આરતી ઉતારે, રમાડે, જમાડે, સુવડાવે ને ખૂબ લાડ લડાવે.

તેઓ ઉંમરલાયક થયા એટલે તેમનાં લગ્ન **મેવાડના રાજા ભોજ** સાથે થયા. શરીરથી તેઓ ભોજરાજા સાથે વર્યા પણ **મનથી તો**



બાળપણથીજ ગીરધર ગોપાલને વરી ચુક્યાં હતા. પરણીને સાથે ગયા પણ **લાલજીની મૂર્તિ** તો સાથેજ. તેમનું ભક્તિમય જીવન પતિને ગમતું. પણ થોડા સમયમાંજ પતિનું મૃત્યુ થયું. હવે મીરાંબાઈએ ભગવી સાડી ધારણ કરી.

ભોજ રાજાના મૃત્યુ બાદ તેમના **નાનાભાઈ વિક્રમ** ગાદીએ બેઠા. **મહારાણા વિક્રમ**ને મીરાંબાઈનું ભક્તિમય જીવન પસંદ ન હતું. તેણે મીરાંબાઈને ખુબ હેરાન કરવાનું ચાલુ કર્યું. સંતો-ભક્તોને

મીરાંબાઈ સાથે મળવા પર પ્રતિબંધ મુક્યો. તેમને રૂમમાં પૂર્યા. છતાં મીરાંબાઈએ ભક્તિ કરવાનું ચાલું જ રાખ્યું.

જેમ જેમ મીરાંબાઈની ભક્તિ વધતી ગઈ તેમ તેમ રાણા વિક્રમનો ઉપદ્રવ પણ વધવા લાગ્યો. તેમને મહેલમાંથી કાઢી જુના મકાનમાં રહેવા મોકલ્યા. પરંતુ અહીંયા તો મીરાંબાઈની ભક્તિ છુટથી ખુલ્લે આમ થવા લાગી. **મીરાંબાઈ હાથમાં વીણા લઈ, નાચી, કુદી, ભજનો લલકારી વધુને વધુ ભક્તિ કરવા લાગ્યા.**



રાણાજીને આ જોઈ વધારે ક્રોધ ચઢ્યો ને મીરાંબાઈને મારી નાખવાનું એક કાવતરું રચ્યું. **ઝેરી નાગ** કરંડિયામાં પૂરી મીરાંબાઈ પાસે મોકલ્યો ને કહેવડાવ્યું: આમાં **દ્વારકાથી પ્રસાદીનો હાર** મોકલ્યો છે. મીરાંબાઈએ હરખાતા હૈયે કરંડિયો ખોલ્યો તો તાજા **ગુલાબનો હાર** હતો. આંખે અડાડી ને કીર્તનો ગાવા લાગ્યાં.

આ સાંભળી રાણાજીએ **કાતિલ ઝેર** મોકલ્યું ને કહેવડાવ્યું: **દ્વારકાથી ચરણામૃત** મોકલેલ છે. મીરાંબાઈ પ્રસાદી જાણી તરત પી ગયા. ભગવાને તે **ઝેરનું અમૃત** બનાવી દીધું.



ઉપદ્રવો વધ્યાં એટલે મીરાંબાઈ **મેવાડ**નો ત્યાગ કરી **દ્વારિકા** જતાં રહ્યા. મીરાંબાઈના જવાના કારણે મેવાડમાં ભારે **દુષ્કાળ** પડ્યો. પશુ-પંખી-મનુષ્યો બહું પીડાવા લાગ્યા. રાણાજીએ જ્યોતિષોને પૂછ્યું ત્યારે જ્યોતિષોએ કહ્યું: **તમે મીરાંબાઈ જેવા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે; માટે આ દુષ્કાળ પડ્યો છે. માટે જો મીરાંબાઈ પાછા આવે તોજ આ દુષ્કાળ દુર થાય.**

રાણાએ પત્ર લખી માફી માંગી અને પાછા આવવા વિનંતી કરી. મીરાંબાઈ ન આવ્યા.

ફરીવાર **માફી માંગતો પત્ર** લખી બ્રાહ્મણોને મોકલ્યા. દુષ્કાળની વાત જાણી મીરાંબાઈનું હૃદય પીગળી ગયું. તેઓએ કહ્યું: **જો દ્વારકાનાથ રજા આપે તો હું પાછી આવીશ.**

પછી સૌ મંદિરમાં આવ્યા. મીરાંબાઈ વીણા હાથમાં લઈ ગદ્‌ગદ્ થઈને કીર્તન ગાવા લાગ્યા. કીર્તન પૂરુ થયું ને આશ્ચર્ય થયું ! મંદિરમાં આપમેળે ઢોલ-નગારા વાગવા લાગ્યાં. શંખ ફૂંકાયો. પ્રકાશ-પ્રકાશ થઈ ગયો. અનેક લોકો મંદિરમાં ભેગા થઈ ગયા. **દ્વારિકાધીશની મૂર્તિમાંથી બે હાથ બહાર નીકળ્યા, જાણે કે મીરાંબાઈને પોતાની પાસે બોલાવતા હોય !! મીરાંબાઈ પંચભૌતિક દેહે એ મૂર્તિમાં સમાઈ ગયાં.**

મીરાંબાઈની જેમ આપણે પણ મૂર્તિમાં ખૂબ પ્રેમ કરવો. ગમે તેટલા દુઃખો આવે, ઉપદ્રવો થાય તોપણ સત્સંગમાં આપણો રંગ ચઢતો ને ચઢતોજ રહેવો જોઈએ. ભગવાનને ભજવામાં આડુ આવે તે બધાનો ત્યાગ કરવો. મીરાંબાઈ, પ્રહ્લાદ, નરસિંહ મહેતા, મુક્તાનંદ સ્વામી, દાદાખાચર, સુરાખાચર જેવી આપણી અનન્યભક્તિ અને શરણાગતિ થાય તો ભગવાન આપણું બધેજ ઠેકાણે રક્ષણ કરે.

કડીગાન વિભાગ

- **હિંમત જોઈ હરિજનની, હરિ રહે છે હાજર હજુર ।**
  પણ ભાંગે મને ભક્તિ કરે, તેથી શ્રીહરિ રહે છે દૂર ॥
- **જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયાકરી ।**
  જેહ સુખે દુઃખ ઉપજે, તે આપે નહિ કેદિ હરિ. ॥
  (ધીરજાખ્યાન)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- **"વરીએ તો નટવરને વરીએ"** વરવા જેવા તો એક વનમાળી છે. જે મહારાજને પરણ્યા તેને જીવનમાં ક્યારેય રંડાપો ન આવે, બાકી તો જીવનમાં બધાંને રંડાપો આવવાનો જ. (કલ્યાણ કણિકા - ૨/૧૦૭)
- જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ માટે એ વાત પણ એક જાણી રાખવી. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને મહાદીક્ષા ક્યાં ગામમાં લીધી હતી?
પીપલાણા ગામમાં સંવત-૧૮૫૭, કારતક સુદ-૧૧

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદીનો સ્વીકાર ક્યાં ગામમાં કર્યો ? **જેતપુર.**
સંવત ૧૮૫૮, કારતક સુદ-૧૧ (૧૬-૧૦-૧૮૦૧)

(૩) શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યારે ગાદીએ બેઠા ?

(૪) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ? **૨૧ વર્ષ.**

જાણવા જેવું

- **શ્રીજીમહારાજનાં ચરણારવિંદમાં ૧૬ ચિહ્ન હતા.**



જમણા ચરણમાં (નવ) ૯ ચિહ્નો (૧) જવ (૨) જાંબુ (૩) વજ્ર (૪) કેતુ (ધ્વજ) (૫) પદ્મ (કમળ) (૬) અંકુશ (૭) ઉર્ધ્વરેખા (૮) અષ્ટકોણ (૯) સ્વસ્તિક

ડાબા ચરણમાં ૭ (સાત) ચિહ્નો (૧) કળશ (૨) અર્ધચન્દ્ર (૩) વ્યોમ (૪) ગોપદ (૫) ધનુષ્ય (૬) ત્રિકોણ (૭) મીન (મત્સ્ય)

- **અંતર્દૃષ્ટિ કરો**

  દિવસમાં કેટલી વાર આપણને ભગવાન યાદ આવે છે તે વિચારો. તમને ભગવાનની યાદમાં કેટલી વાર રડવું આવ્યું.

- **તમે શું વિચારો છો ?**

  મીરાંબાઈ ને બે હાથ લાંબા કરી ભગવાને બોલાવ્યા. તો આપણને કેમ બોલાવતા નથી ? આપણે શું કરીએ તો ભગવાન આપણી સાથે રમવા આવે ?

- **આટલું યાદ રાખો**

  ભગવાનમાં પ્રેમ તે આપણી સાચી મુડી છે. માટે સર્વ ક્રિયામાં ભગવાનને સંભારવાનો અભ્યાસ કરવો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મીરાંબાઈનો જન્મ ક્યાં થયો હતો ?
(૨) મીરાંબાઈએ શેની જીદ પકડી હતી ?
(૩) ભગવાને સંતોને સ્વપ્નમાં શું કહ્યું ?
(૪) મીરાંબાઈના લગ્ન ક્યાં અને કોની સાથે થયા હતા ?
(૫) મહારાણા વિક્રમે મીરાંબાઈને મારી નાખવા માટે શું શું કર્યું ?
(૬) મેવાડમાં દુષ્કાળ શાં કારણથી પડયો હતો ?

(પ્રશ્ન-૨) ખરું ✓ ખોટું ✗ જણાવો.

(૧) મહારાણા વિક્રમને મીરાંબાઈનું ભક્તિમય જીવન પસંદ હતું. ☐
(૨) મીરાંબાઈનો જન્મ મધ્યપ્રદેશમાં થયો ન હતો. ☐
(૩) મીરાંબાઈએ લાલજીની મૂર્તિ મેળવવા અગિયારસ કરી હતી. ☐
(૪) દ્વારકાધીશ આગળ મીરાંબાઈએ કીર્તન ગાયું. ☐
(૫) મીરાંબાઈનો આત્મા દ્વારકાધીશની મૂર્તિમાં સમાઈ ગયો. ☐
(૬) જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુ:ખ વિનાનું છે. ☐

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) હિંમત જોઈ હરિજનની .....
(૨) જે દુ:ખે થાય સુખ .....

સભા-૧૦ : હું તો માંડ પચાસ માળા જ ફેરવું છું

એકવાર દાદાખાચરના દરબારમાં સંતો-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. મહારાજે સર્વે સંતોને પૂછ્યું: તમે સહુ રોજ કેટલી માળા ફેરવો છો ? ત્યારે કેટલાક સંતોએ કહ્યું: મહારાજ ! હું બસો માળા ફેરવું છું, કોઈ કહે હું ત્રણસો માળા ફેરવું છું, તો કોઈએ કહ્યું હું રોજની પાંચસો ફેરવું છું. મહારાજ કહે: શી રીતે ફેરવો છો ? સંતો કહે: મહારાજ ! માળા ફેરવવા માટે **બેરખા** રાખ્યા છે.

પછી મહારાજે **મુક્તાનંદ સ્વામી**ને પૂછ્યું: સ્વામી ! તમો કેટલી માળા ફેરવો છો ? ત્યારે સ્વામી કહે : મહારાજ ! **હું તો માંડ પચાસ માળા ફેરવું છું.**

આ સાંભળી કેટલાક સંતો અને હરિભક્તો મનમનમાં ગણગણવા લાગ્યા કે આમ તો મોટા કહેવાય છે પણ આટલી જ માળા કરતા હશે ? આવો ગણગણાટ જોઈ મહારાજે મુક્તાનંદ સ્વામીને ફરી પૂછ્યું: સ્વામી ! **તમો પચાસ માળા કેવી રીતે ફેરવો છો ?** તે કહો.

સ્વામી કહે: મહારાજ ! હું તમારા દરેક અંગ-અંગને ધારી ધારીને મનમાં સ્વામિનારાયણ મંત્ર બોલતા બોલતા રોજ પચાસ માળા ફેરવું છું. એમાં જો વચ્ચે બીજો સંકલ્પ થઈ જાય તો એ માળા ખોટી પડે, ને એ માળાને ગણતરીમાં નહિ લેવાની.

સ્વામીની માળા ફેરવવાની રીત સાંભળી શ્રીજીમહારાજ ખૂબજ પ્રસન્ન થયા ને સ્વામીને પોતાનો જરકસી ખેસ ઓઢાડી, હાર પહેરાવી, પોતાની પ્રસાદીની માળા આપીને બોલ્યા: **સંતો ! આ મુક્તાનંદ સ્વામીની જેમ માળા ફેરવો.**



એમની માળા આગળ તમારી પાંચસોય કાંઈ નહિ અને હજારેય પણ કાંઈ ન કહેવાય. પછી સૌ સમજી ગયા કે મહારાજના **અંગો ધારી ધારીને** માળા ફેરવવી. ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ માળા કેવી રીતે ફેરવવી તે ઉપર કીર્તનના ચાર પદો પણ બનાવ્યા છે.

ભજો ભાવશું અખંડ જપમાળા રે;
માળા ટાળે છે મન કેરા ચાળા રે. (૧)
હરિનું એક એક અંગ ઉર ધારો રે;
સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. (૨)

★ **પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-**

લોયાધામ પરિવારના સહું સંતો-ભક્તોએ પોતાની **ઉંમર પ્રમાણે માળા** ફેરવવાનો નિયમ રાખવો. જેની જેટલી ઉંમર હોય તેટલી માળા રોજ ફેરવવી જ જોઈએ. જો માળા બાકી રહી જાય તો રાત્રે જાગીને પણ માળાનું નિયમ પૂરું કરવું. માળા ન હોય તો જપીયું રાખવું ને હાલતાં-ચાલતાં મંત્રજાપ કરવાની ટેવ પાડવી. જે દિવસ ભજન વિનાનો જાય તે દિવસ વાંજીયો દિવસ ગણાય.

કડીગાન વિભાગ

કરી કરી કે કરના હે ઈતના, ભગવાનમે ચિત્ત જોરના તીતના ।
ભગવાન જેસી વસ્તુ નહિ કોઈ, દ્રઢ કરીકે સમજના સોઈ ॥
હરિ વિસ્મરણ જિતનો હોઈ તિતનો જાનના કુસંગ સોઈ ।
સો કુસંગ કો ભય રખના નિર્ભે હોઈ કે ના વિચરના ॥ (હ.ચ.સા.)

તો વાહલા બાળકો ! ચાલો, આ પાઠમાં આપણે માળા વિષે વિશેષ માહિતી મેળવીએ.

(૧) માળા શું છે ?



મંત્રજાપ કરવાની શાસ્ત્રીય પદ્ધતિનું એક પવિત્ર સાધન માળા છે. **તુલસીની માળા અતિ ઉત્તમ ગણાય છે.** ૨૭ મણકાની માળા મધ્યમ અને ૧૦૮ મણકાની માળા ઉત્તમ ગણાય છે. પૂર્વે ઋષિમુનિઓ પાત્રમાં ધાન્યના એક-એક કણ મુકી મંત્રજાપ કરતા. એ પછી આંગળીના વેઢાની મદદથી પણ મંત્રજાપ કરતા. સમય જતા રુદ્રાક્ષ-સ્ફટીક-તુલસી-ચંદન વગેરેની માળાઓ બનાવવામાં આવી જેનાથી સાધકને મંત્રજાપની સંખ્યાનું અનુસંધાન રહે.

(૨) માળામાં ૨૭ કે ૧૦૮ મણકા શાં માટે ?



એક મત અનુસાર આપણા ૨૪ કલાક અનુસાર આપણા શ્વાસોશ્વાસની સંખ્યા ૨૧,૬૦૦ થાય છે. ૧૨ કલાક અર્થાત્ અડધા દિવસમાં આપને ૧૦,૮૦૦ વખત શ્વાસ લઈએ છીએ. ભક્તને તો સ્વાભાવિકપણે શ્વાસેશ્વાસે ભગવાનનું નામ લેવાની ઈચ્છા રહે; પરંતુ અન્ય વ્યાવહારિક કામોના કારણે આટલી વિશાળ સંખ્યામાં જાપ કરવાનો સમય બધાને ન મળે. અને વિધિવત્ **''ઉપાંશુજપ''** કરવામાં આવે તો પ્રત્યેક જાપે ૧૦૦ ઘણું ફળ મળે. આમ, ૧૦૮ મણકાની એક માળા ફેરવવાથી શ્વાસે શ્વાસે ૧૦,૮૦૦ જપ કર્યા ગણાય. આ રીતે એક માળા ફેરવવી એ શ્વાસેશ્વાસે ભજન

કરવાનું પહેલું પગથીયું છે. આ શાસ્ત્રોક્ત વિધાનને આધારે દિવસમાં ૧૦૮ મંત્રનો જપ થવો જોઈએ.

ખગોળશાસ્ત્ર પ્રમાણે સૂર્ય-ચંદ્રના આધારે પૃથ્વી પર ઋતુચક્ર ચાલે છે. સૂર્યના માર્ગને પ્રાચીન ઋષિ-વૈજ્ઞાનિકે ૨૭ વિભાગોમાં વહેંચીને પ્રત્યેક વિભાગમાં રહેલા તારાઓના સમૂહને **''નક્ષત્રસંજ્ઞા''** આપી છે. પ્રત્યેક નક્ષત્રને **ચાર ચરણ** હોય છે. આમ ૨૭ X ૪ = ૧૦૮ ચરણ થાય છે. તેથી માળાના મણકાની સંખ્યા ૧૦૮ રખાઈ છે.

બ્રહ્માંડની નક્ષત્રમાળા જેને કેન્દ્રમાં રાખીને ફરે છે તે સ્થાનને **''સુમેરુપર્વત''**ના નામથી શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે. આજ રીતે જપમાળાના બંને છેડા જ્યાં મળે છે તેને કેન્દ્ર ગણી ત્યાં આવતા સૌથી મોટા મણકાને **''સુમેરુ'' (મેરુ)** કહેવામાં આવે છે.

(૩) માળા ફેરવવાની રીત :-



જપમાળા હાથમાં લઈને પ્રથમ તેને આંખે અડાડી, જમણા હાથે પહેલી આંગળી માળાને અડે નહિ તે રીતે, વચલી આંગળી ઉપર માળા રાખીને અંગુઠા વડે પોતા તરફ માળા ફેરવવી. એક એક પારે સ્વામિનારાયણ બોલવું અને મનથી ભગવાનના દિવ્ય સ્વરૂપનું ચિંતવન કરવું. **નામીએ સહિત નામ લેવાય તે ઉત્તમ ગણાય છે.** ૧૦૮ મણકા પુરા થાય ત્યારે વચ્ચે મેરુ આવે તેને ઉલ્લંઘવો નહિ, પણ તેને બન્ને આંખે અને હૃદયે અડાડી ત્યાંથી માળા ઉલટાવીને પાછા ફેરવવી.

મંત્રજાપમાં ઉપયુક્ત થતી માળા પવિત્ર છે. એને અયોગ્ય પદાર્થ કે સ્થાનનો સ્પર્શ ન થઈ જાય તે માટે જ માળાને **''ગૌમુખીમાં''**માં રાખી મંત્રજાપ કરવાનો રિવાજ છે. તુલસીની માળા જમીન પર અડી જાય તો તેના પ્રાયશ્ચિત રૂપે ૬ (છ) પ્રાણાયામ અને ૧ માળા વધુ ફેરવવી જોઈએ.

સાખી :- માલા તો કરમે ફિરે, ઔર જિહ્વા ફિરે મુખ માંહી।
મનવા તો ચહુ દિસ ફિરે, એતો સુમિરન નાહિ ॥

(૪) માળાને પહેલી આંગળીનો સ્પર્શ શાં માટે વર્જ્ય છે ?

પહેલી આંગળીને **''તર્જની''** કહેવાય છે. તર્જન કરવું અર્થાત્ નિંદા કરવી, તિરસ્કાર કરવો, ધિક્કારવું વગેરે. આવી ક્રિયા સમયે આ પહેલી આંગળીનો ઉપયોગ થતો હોય છે. મંત્રજાપમાં ઉપરોક્ત મલિન વિચારોના ત્યાગના નિર્દેશ અર્થે જ મંત્રજાપ દરમ્યાન માળાને પહેલી આંગળીનો સ્પર્શ થવો વર્જ્ય ગણાયો હશે !!



(૫) માળાનો જપ મધ્યમ આંગળીએથી જ શાં માટે ?

મધ્યમ આંગળીની ધમનીનો હૃદય સાથે સીધો સંબંધ છે. હૃદયમાં આત્માનો નિવાસ છે અને આત્મામાં પરમાત્માનો નિવાસ છે. હૃદયસ્થ આત્મા-પરમાત્મા સાથે સીધો સંબંધ સ્થાપવા માટે માળાના મણકાને મધ્યમ આંગળીની સહાયતાથી ફેરવવામાં આવે છે.

(૬) મેરુ કેમ ઓળંગાય નહિ ?

એક પરંપરા મુજબ માળા નક્ષત્રમાળનું પ્રતીક છે. તથા ફુમકા નીચેનો મોટો મણકો કે જે **''મેરુ''** કહેવાય છે તે **''સુમેરુ પર્વત''**નું પ્રતીક છે. આપણા બ્રહ્માંડની નક્ષત્રમાળ સુમેરુ પર્વતને કેન્દ્રમાં રાખી ફરે છે. **કોઈ પણ નક્ષત્ર ઉત્તરધ્રુવના સ્થાને આવેલ સુમેરુપર્વતને ઓળંગી શકતું નથી,** સૌ કોઈ સુમેરુ પર્વતની મર્યાદા જાળવે છે. માળા નક્ષત્રમાળનું જ રૂપક છે. આથી તેમાં રહેલ **'મેરુ'**નું પણ એવું જ માહાત્મ્ય સ્વીકારી ભક્ત 'મેરુ' નો સ્પર્શ કરી; માળાની દિશા ફેરવી પુનઃ મંત્રજાપ શરૂ કરે છે.

બીજી માન્યતા પ્રમાણે **'મેરુ' ભગવાનનું જ સ્વરૂપ છે** તેથી તેનું ઉલ્લંઘન ન કરતા તેને બંન્ને આંખે હૃદય અડાડી માળા ઉલટાવાય છે.

(૭) માળાનાં ફાયદા :-

માળાના માધ્યમથી પ્રભુનું સ્મરણ સહેલાઈથી કરી શકાય છે. અંગુઠો અને આંગળીના સંઘર્ષથી એક વિલક્ષણ વિદ્યુત ઉત્પન્ન થાય છે. આ વિદ્યુત; ધમનીના તાર દ્વારા સીધી હૃદયચક્રને અસર કરે છે જેનાથી જ્યાં ત્યાં ભટકતું ચંચળ મન સ્થિર અને શાંત થાય છે. હાથની ચંચળતા પણ માળા દ્વારા ટળે છે.



(૮) ''તપની માળા'' શાં માટે ?

મારે કોઈ પણ ભોગે, કોઈ પણ પરિસ્થિતિમાં શરીર-ઈન્દ્રિયો-મનનું શમન-દમન કરીને પણ ભગવાનની પ્રાપ્તિ કરવી જ છે. એ વિચાર સાથે ભક્ત તપની માળામાં જોડાય છે.

ધ્રુવજીએ પણ એક પગે ઉભા રહી, બે હાથ ઊંચા રાખી, તપ કરતા કરતા મંત્રજાપ કર્યા ત્યારે ભગવાન વિષ્ણુ પ્રસન્ન થઈને દોડી આવ્યા હતા. ધ્રુવજીની આ અડગ મુદ્રામાં ફેરવવામાં આવતી માળાને **''તપની માળા''** કહેવામાં આવે છે.

શ્રીજીમહારાજે નીલકંઠવર્ણીવેશે પુલહાશ્રમમાં એક પગે ઊભા રહી તપ કર્યું હતું. તેની સ્મૃતિ પણ તપની માળા દ્વારા થાય છે.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મુક્તાનંદ સ્વામી કેટલી માળા ફેરવતા હતા ? કેવી રીતે ?
(૨) માળા શું છે ?
(૩) માળા ફેરવવાની રીત જણાવો ?
(૪) તપની માળા શાં માટે ફેરવવી જોઈએ ?
(૫) માળાનો જાપ મધ્યમ આંગળીએથીજ શાં માટે કરવો જોઈએ ?
(૬) માળા ફેરવવાના ફાયદા જણાવો ?
(૭) પૂજ્ય ગુરુજી માળા વિષે શું કહે છે ?

સભા-૧૧ : ગૃહત્યાગ અને વનગમન

માતા પિતાને દિવ્યગતિ આપ્યા બાદ ઘનશ્યામ સંસારથી વિશેષ ઉદાસ રહેવા લાગ્યાં. આત્યંતિક કલ્યાણના રાજમાર્ગ સ્વરૂપ એકાંતિકધર્મનું સ્થાપન કરવાના વિચારો હવે તેમનાં અંતરમનમાં રમવા લાગ્યાં.

મોક્ષપ્રદ લીલાઓ દ્વારા છપૈયા-અયોધ્યાને તીર્થત્વ આપી સમગ્ર ભારતવર્ષને તીર્થભુમિ બનાવવા તેઓ આજે નીકળી પડ્યાં.

સમય હતો : સંવત્ ૧૮૪૯ - અષાઢ સુદ દશમ (તા. ૨૯-૬-૧૭૯૨)

અયોધ્યા નગરીમાં મુશળધાર વરસાદ વરસે છે. **સવારનાં ચાર (૪) વાગ્યાં છે.** આખુંય નગર સૂતું છે, **જાગે છે ફક્ત ઘનશ્યામ.** સૂતેલા અન્ય પરિવારજનોને તેઓએ અંતિમ પ્રણામ કર્યા છે અને શરૂ કરી છે એક અદ્વિતીય **''કલ્યાણયાત્રા.''**

નામ : નીલકંઠવર્ણી


ઉંમર : ૧૧ વર્ષ, ૩ માસ, ૧ દિવસ

વેશ : वर्णीवेशरमणीयदर्शनं
मन्दहास रुचिराननाम्बुजम्।
पूजितं सुरनरोत्तमैर्मुदा
धर्मनन्दनमहं विचिन्तये॥

પાસેની વસ્તુઓ :

કંઠી માળ કમંડળુ વળિ ધર્યો
સચ્છાસ્ત્રનો ગુટકો,
શાળગ્રામ તથા સુપાત્ર જમવા
પાસે ન પૈસો ટકો;
પાણી ગાળણ વસ્ત્ર કોપિન
તથા બીજુ બહિર્વાસ છે,
કૂવેથી જળ કાઢવા
સુતરની દોરી હરિ પાસ છે.





નિર્ભયતા : જ્યારે અમે ઘર મુકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ અને વનમાં જ રહેવું ગમતું. અને બીક તો લેશમાત્ર લાગતી જ નહિ. અને વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઈત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં, પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ. એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા. (વ.ગ.મ.૫૫)

મા-બાપની કૂખમાં સંતાઈ જવા જેવી ઉંમરે તેઓ હિમાલયના ગાઢ વનમાં નીકળી પડ્યા. એકાંત - અંધારૂ - ભયાનક પ્રાણીઓ અને ડરાવના જંગલો વચ્ચે પણ નીલકંઠ નિર્ભયતાથી ચાલ્યા જાય છે.

તપશ્ચર્યા : અમે શ્રી પુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યાં તથા શિયાળો, ઉનાળો ને ચોમાસુ તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા. (વ.ગ.પ્ર.૨૯)

મુક્તિનાથની કઠીન યાત્રા અને પુલ્હાશ્રમમાં ચાર (૪) મહિના એક પગે અડગ ઉભા રહી - બે હાથ ઉંચા રાખી હિમપ્રપાત અને પવનના વાવાઝોડા વચ્ચે કઠોર તપશ્ચર્યા એ દેહાતીત સ્થિતિના દર્શન કરાવે છે.

ધૈર્યતા : ખુલ્લા પગે કાંટા-કાંકરા વાગે છે. કોઈ સાથ-સંગાથ નથી છતાં મુખે મંદ હાસ્ય છે.

ભોજન જ્યારે મળે - જે મળે - જેવું મળે અને ન મળે તો એકસામટા ઉપવાસ કે વાયુ ભક્ષણ કરવું પડે છતાં મુખે મંદ હાસ્ય છે.

ચામડી બાળી નાખે તેવો બળબળતો તાપ હોય, કે ચોમાસાનો મુશળધાર વરસાદ હોય, ગાત્રો થીજવી દે તેવી ટાઢ હોય, કે હિમપ્રપાત હોય, વાવાઝોડાના સુસવાટા હોય કે પર્વત પરથી પડતી મોટી મોટી હિમશીલાઓ હોય, ઊંડી ઊંડી ખીણો હોય કે ન ચઢી શકાય તેવા કપરા ચઢાણો હોય છતાં મુખે મંદ હાસ્ય છે.


સહજ સ્વભાવ : અમારો સ્વભાવ કેવો હતો ? તો ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ. એવા

ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો. (વ.લોયા-૩)

જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે. માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટા મોટા શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી. એવો અમારો સહજ સ્વભાવ છે. (વ.ગ.અં.૨૧)

યોગસાધના : ગોપાળયોગી પાસે માત્ર એકજ વર્ષમાં **અષ્ટાંગયોગ** સાધ્યો.

ભક્તિપ્રધાનતા : અમારે તો નેત્રમીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું



સુખ છે તેવું ચૌદલોકના રાજ્યને વિષે પણ નથી. (વ.વ.૧૬) તેઓ નિત્યક્રમ-સંધ્યા-વંદનાદિક ક્યારેય ચુકતા નહિ. શાલગ્રામ ભગવાનની નિયમિત પૂજા કરતા. જે જમે તે પણ ભગવાનને જમાડીને જ જમે.

ત્યાગવૃત્તિ : અનેક સંતો-મહંતોએ કહ્યું : તમે અમારી ત્યાં રહો; તમને મહંત બનાવીએ. અનેક રાજા-મહારાજાઓએ કહ્યું: તમે અમારા રાજ્યમાં રહો; તમને રાજા બનાવીએ. અનેક મહારાણીઓએ કહ્યું: અમારી પુત્રીઓ તમને પરણાવીએ તોય તેઓ ત્યાં ન લોભાયા.

અવતારકાર્ય : પોતાના યોગમાં આવનાર જડ-ચૈતન તમામનું કલ્યાણ કર્યું. અને જગન્નાથપુરીમાં વિના શસ્ત્રે ૧૦,૦૦૦ બાવાના વેશમાં રહેલા અસુરોનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો.

વનવિચરણ સમાપન :

- ૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ (આશરે ૨૫૬૨ દિવસ) વનવિચરણ ચાલ્યુ હતું.
- ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં, અંદાજીત ૧૩,૦૦૦ કિલોમીટરની મુસાફરી કરી, તે પણ ઉઘાડા પગે, માત્ર કૌપીનપર, કોઈ પણ સાથ-સંગાથ કે નકશા વિના.
- ૬ દેશ (ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા) ભારતના ૧૪ રાજ્યોના ૧૭૦ થી વધુ શહેરો અને ગામડાઓ પાવન કર્યા.
- સંવત્ ૧૮૫૬ - શ્રાવણ વદ-છઠ (સન્ ૧૭૯૯)ના દિવસે લોજપુરમાં મુક્તાનંદ સ્વામીની સાધુતા અને વિદ્વત્તા જોઈ નીલકંઠવર્ણી લોજ આશ્રમમાંજ રોકાય ગયા.
- **આટલી નાની વયે, કોઈના પણ ઉપદેશ વિના, સ્વતઃ વૈરાગ્યથી, એકલા અટુલા, લોકકલ્યાણ માટે, ગૃહત્યાગ કરનાર નીલકંઠવર્ણી દુનિયાભરના સાધુ-સંતો-ત્યાગીઓમાં મૂઠી ઉંચેરા; પ્રથમ અને અંતિમ છે.**

કડીગાન વિભાગ

આ મૂર્તિ સૌથી ન્યારી, અચરજકારી છે.
આ મૂર્તિ સૌથી નોખી, અચરજકારી છે.
આ મૂર્તિ નહિ અન્ય જેવી, અચરજકારી છે.
હરિ ધરી ન ધરશે એવી, અચરજકારી છે.
આ મૂર્તિનો મહિમાય, અચરજકારી છે.
કોટિ કવિએ કેમ કહેવાય, અચરજકારી છે.
(હરિસ્મૃતિ)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સુતાં બેસતા સર્વ ક્રિયામાં જે હરિચરિત્રનું સ્મરણ કરે છે તેનાં મનનાં સમગ્ર મળ નાશ પામે છે. ભવરોગને માટે તેના સમાન બીજું કોઈ ઔષધ નથી. (હ.ચ.સા.- ૫/૪)
- અને નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ?
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૩૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગુરુ રામાનંદ સ્વામી સાથે કેટલું રહ્યાં ? **૧ વર્ષ -૫ માસ-૧૬ દિવસ.**

(૨) શ્રીજીમહારાજે સૌપ્રથમ દીક્ષા કોને આપી ? **શીતળદાસ-વ્યાપકાનંદ સ્વામી.**

(૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનને કયા બે વરદાનો પોતાના ગુરુ પાસે માગ્યાં હતાં ?

(૧) હરિભક્તોને એક વીંછીના ડંખ જેટલું દુઃખ થવાનું હોય તો તે કોટી વીંછીના ડંખની વેદના જેટલું મને થાય પણ તમારા ભક્તોને દુઃખ ન થાય.

(૨) સત્સંગી હોય તેના કર્મમાં રામપત્તર મળે એવી ગરીબાઈ લખી હોય તો તે મને મળજો પણ હરિભક્તો અન્ન વસ્ત્રે દુઃખી ન થાય.

જાણવા જેવું

ચાર વર્ણ :- (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) ક્ષુદ્ર

ચાર આશ્રમ :- (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સન્યાસાશ્રમ

- **મહારાજ અને ગુરુજીને રાજી કરવા આટલું કરો !**
  - હું હંમેશા સારા મિત્રોનોજ સંગ રાખીશ. જે ચોરી કરતા હોય, જુઠું બોલતા હોય, ઝગડાખોર હોય, કુસંગી હોય, વ્યસની હોય એવા ખરાબ છોકરાઓથી દૂર જ રહીશ **કારણ કે મારે બનવું છે પાક્કા સહજાનંદી.**
  - હું રોજ મંદિરે નિયમિત ભગવાનનાં દર્શન કરવા જઈશ. સંતો, વડીલો અને માતા-પિતાની સેવા કરીશ ને પગે લાગીશ, મારા જીવનને સેવામય-ભક્તિમય બનાવીશ **કારણ કે મારે બનવું છે પાક્કા સહજાનંદી.**

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રી ઘનશ્યામ મહારાજે ગૃહત્યાગ ક્યારે કર્યો હતો ?

(૨) શ્રી ઘનશ્યામ મહારાજે ગૃહત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?

(૩) ગૃહત્યાગ સમયે શ્રીહરિ પાસે શું શું વસ્તુઓ હતી ?

(૪) શ્રીજીમહારાજનો સહજ સ્વભાવ કેવો હતો ?

(૫) નિલકંઠવર્ણીએ કેટલો સમય વનવિચરણ કર્યું હતું ?

(૬) ''શ્રી નીલકંઠવર્ણી'' વિષે ટૂંકનોંધ લખો ?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) ગોપાળયોગી	(૧) લોજપુર
(૨) મુક્તિનાથ	(૨) વાયુ ભક્ષણ
(૩) મુક્તાનંદ સ્વામી	(૩) વ્યાપકાનંદ સ્વામી
(૪) પુરુષોત્તમપૂરી	(૪) ૪ મહિના કઠોર તપ
(૫) શીતળદાસ	(૫) અષ્ટાંગયોગ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) આ મૂર્તિ સૌથી ન્યારી .....

સભા-૧૨ : ગઢપુરનાં દાદાખાચર

શ્રીજીમહારાજની માળાનાં પ્રથમ મણકા એટલે **દાદાખાચર.** શ્રીજીમહારાજ ગઢડા પધાર્યા ત્યારે દાદાખાચરની ઉંમર ચાર (૪) વર્ષની હતી. **પિતા એભલબાપુ**ની અંતિમ ઘડીઓ આવી એટલે દાદાખાચરની સંપૂર્ણ જવાબદારી તેમને શ્રીજીમહારાજને સોંપી. **કુટુંબમાં બાળક દાદાખાચર, ચાર બહેનો, બે માતાઓ અને એક ફોઈ.** દાદાખાચરનું બાળપણ શ્રીજીમહારાજ અને પરમહંસોની આંખ સામે વીત્યું. મહારાજે દાદાખાચરની આકરી કસોટીઓ કરી; છતાં તેમની નિષ્ઠા, સેવા-સમર્પણ, સમજણ, વિશ્વાસ, શ્રદ્ધા, ભક્તિ, મહિમા, દિવ્યભાવ વધતા ને વધતાજ રહ્યાં. આવું ઉત્તમ જીવન જોઈને મહારાજ વ્હાલથી તેમને **''ઉત્તમ''** અને **''દાદો''** કહીને બોલાવતા.

ગરાસ લખી આપો

એકવાર શ્રીજીમહારાજે દાદાખાચરને બોલાવ્યા અને કહે: દાદા ! **તારે ગામ-ગરાસની (મિલકત) શી જરૂર છે ? બધુ બહેનોને લખી આપ.**

જરાય શંકા કર્યા વિના દાદાખાચરે લેખ કરાવ્યો, ને **બધી મિલકત બહેનોને લખી આપી.** ત્યારે શ્રીજીમહારાજ કહે: દાદા ! હવે શું કરશો ? દાદાખાચર કહે: એમાં શું ? **કારિયાણી જઈને વસ્તાખાચરનાં** નોકર થઈને નિર્વાહ કરીશું. એમ કહીને તે ચાલતા થયા.

આ બાજુ શ્રીજીમહારાજે લાડુબા અને જીવુબા ને બોલાવ્યા ને કહ્યું: મિલકતના કામ માટે વારે વારે ભાવનગર જવું પડશે તો કોણ



જશે ? માટે એક કામ કરો, તે માટે એક નોકર રાખો. એમ નક્કી કરી કહ્યું: દાદો કારિયાણી ચાકર રહેવા જાય છે તે તેને જ બોલાવીને ચાકર રાખો.

પછી રાઘાવાવથી દાદાખાચરને પાછા બોલાવ્યા ને મહારાજ કહે : **તમે દરબારમાં જ રહો અને બહેનોના નોકર બની તેમનું કામકાજ સંભાળો.**

દાદાખાચરે આ આજ્ઞા પણ રાજી થઈને માથે ચઢાવી અને પોતાના જ ઘરમાં, પોતાની જ બહેનના નોકર થઈને રહ્યા. એ પણ ૧-૨ દિવસ નહિ પુરા **૧ વર્ષ સુધી** દાદાખાચરે આ આજ્ઞા હસતે મોઢે પાળી. પછી તો શ્રીજીમહારાજે મિલકત પાછી અપાવી. આમ, કઠિન પરીક્ષામાંય પાસ થયા.

અન્નકોટ, જન્માષ્ટમી, વસંતપંચમી, ફુલદોલ વગેરે ઉત્સવ આવે ત્યારે મહારાજ પહેલેથી જ કહી દેતા કે ગામડેથી ભક્તો આવશે તે ક્યાં ઉતરશે ? એમ કહીને દાદાખાચરને કહે : **તમે તમારા ઘર ખાલી કરો ને બીજે રહેવા જાવ.** ત્યારે પણ તે જરાય પણ બીજું વિચાર્યા વિના બીજાનાં ઘરે જતાં. **આવી રીતે ઘર બદલાવતા-બદલાવતા ૨૪ વર્ષમાં ૫૬ વાર ઘર બદલાવ્યું** પણ તેમને કોઈ દિવસ એમ કહ્યું નહિ જે હે મહારાજ ! એક ઘરમાં મને રહેવા દો. **મહારાજની જેમ જીભ વળે તેમ તેમનું જીવન વળતું.**

અડધી હજામતે હજાર

એકવાર દાદાખાચર હજામત કરાવવા બેઠા હતાં. આ બાજુ અક્ષરઓરડીએથી શ્રીજીમહારાજે સાદ કર્યો: દાદો ક્યાં છે ?

મહારાજનો સાદ સાંભળી દાદાખાચરે હજામને કહ્યું: ''હજામત કરવી રાખ ! મહારાજ બોલાવે છે ! બાકીના કામ પછી કરજે !!!

પછી મોઢે-માથે કપડું વીંટીને અક્ષર ઓરડીએ આવ્યા. એમનો વિચિત્ર વેશ જોઈ મહારાજે પૂછ્યું: ક્યાંથી આવો છો ?

દાદાખાચર કહે: મહારાજ ! હું હજામત કરાવતો હતો !

મહારાજે કહ્યું: પણ, હજામત તો પુરી થવા દેવી હતી ને ?

દાદાખાચરે જવાબ આપ્યો : **મહારાજ ! હજામત તો પછીય થાય, પણ તમારી આજ્ઞા પાળવામાં મોડું થાય એ ન ચાલે ! માટે આવી ગયો.**

ભગવાનની નાની-મોટી તમામ આજ્ઞા પાળવામાં ક્યારેય શંકા-કુશંકા કરવી નહિ; ખુબજ વિશ્વાસથી તરત જ પાડવી. આજ્ઞા પાળવામાં લાભજ લાભ છે અને આજ્ઞા લોપવામાં દુઃખજ દુઃખ છે. આપણે પણ દાદાખાચરની જેમ તન-મન-ધન સર્વસ્વ સમર્પણ કરી ઉત્તમ ભક્ત બનીએ.

કડીગાન વિભાગ

- **હરિ હરખી સુખ આપે, જો વર્તીએ વચન માંય ।**
  મેલી ગમતું મનતણું, રહીએ શ્યામ ગમતે સદાય ॥
  વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ, વચને બદ્ધ મુક્ત કહીએ ।
  તે વચન શ્રીહરિ મુખના, સુખદાયક સરવે લહિયે ॥
- **એક પગભર ઊભા આગળે, હાથ જોડીને રહેવું હજુર ।**
  જેમ કહે તેમ કરવું, કરી ડા'પણ આપણું દૂર ॥
  વળી જેમ વાળે તેમ વળવું, તજી દેવી તનમન તાણ ।
  અન્ય ભરોસો અળગો કરી, થઇ રહેવું હરિના વેચાણ ॥
  (શ્રી નિષ્કુળાનંદ કાવ્ય)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જ્યાં ભગવાન , સંત અને કથા કીર્તન નથી ત્યાં જમનો વાસ છે .તે ઘર સ્મશાન જેવું છે .
  (હ .ચ .સા . ૬/૪૩)
- થોડું થશે પણ મહારાજની આજ્ઞામાં થશે તો ઘણું કર્યું કહેવાશે . (કલ્યાણ કણિકા - ૫/૨૮૩)
- પાપ મૂકવાં ને પ્રભુ ભજવા એ સિદ્ધાંત રાખવો . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૫/૨૧૭)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજે સમાજ સેવાનું સૌ પ્રથમ કયું કાર્ય કર્યું હતું ? **કારીયાણી ગામમાં તળાવ ખોદાવ્યું.**

(૨) શ્રીજીમહારાજે કયાં સંતને સમાધિ નથી કરાવી ? **મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી.**

(૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનને શિક્ષાપત્રી કયાં ધામમાં લખી ? **વડતાલમાં હરિમંડપમાં.**

(૪) શિક્ષાપત્રીમાં કેટલા શાસ્ત્રનો સાર છે ? **૩૫૦ શાસ્ત્ર.**

(૫) સ્વામિનારાયણ સંપ્રદાયનાં મુખ્ય ત્રણ ગ્રંથોનાં નામ શું છે ?**(૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત (૩) સત્સંગિજીવન.**

જાણવા જેવું

સંતોના પંચવર્તમાન

નિર્લોભી , નિષ્કામી , નિસ્વાદી , નિસ્નેહી , નિર્માની

હરિભક્તોના પંચવર્તમાન

(૧) દારુ (૨) માટી (માંસ) (૩) ચોરી (૪) અવેરી (વ્યભિચાર) (૫) વટલવું નહિ અને વટલાવવું નહિ .

- **વિચારો અને અમલમાં મુકો.**

ભગવાનની આપણા માટે કંઈ કંઈ આજ્ઞાઓ છે ?

આટલું ન કરવું

ચોરી ન કરવી . જુઠું ન બોલવું .
દારૂ , માંસ કે તમાકુનું સેવન ન કરવું .
ટીવી-સિનેમામાં ખરાબ ન જોવું .
આત્મહત્યા ન કરવી .
મન-કર્મ-વચને કોઈની હિંસા ન કરવી .
કોઈને દુ:ખવવા નહિ .
આપણને ન ગમતું હોય , તેવું બીજા સાથે વર્તન ન કરવું .



આટલું કરવું

પૂજા નિયમિત કરવી. પાંચ માનસીપૂજા કરવી.
તિલક-ચાંદલો નિયમિત કરવો.
માતા-પિતા, વડીલો અને સદ્‌ગુરુઓને નિત્ય પગે લાગવું.
અભ્યાસ બરાબર કરવો. વ્રત-ઉપવાસ કરવા.
માતા-પિતા અને ગુરુને દેવ સમાન જાણવા.
એક બીજાને મદદરૂપ થવું.
સંતો, ભક્તોનો મહિમાં સમજવો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) દાદાખાચરના પરિવારમાં કોણ-કોણ હતું ?
(૨) શ્રીજીમહારાજ દાદાખાચરને વહાલથી ક્યાં નામથી બોલાવતા ?
(૩) શ્રીજીમહારાજ ગઢડા પધાર્યા ત્યારે દાદાખાચરની ઉંમર કેટલી હતી ?
(૪) દાદાખાચરના સદ્‌ગુણો જણાવો.
(૫) "હરિમંડપ" ક્યાં આવેલો છે ?

(પ્રશ્ન-૨) તમે શું વિચારો છો ?

(૧) આજ્ઞાલોપથી થતું નુકશાન પ્રસંગો દ્વારા જણાવો.
(૨) આપણે આજ્ઞાનું પાલન કેમ નથી કરી શકતા ?
(૩) આજ્ઞાપાલનથી થતું સુખ - એક પ્રસંગ જણાવો.

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) હરિ હરખી સુખ આપે .....
(૨) એક પગભર ઊભા .....



સભા-૧૩ : આપણા ગુરુજીનું બાળપણ

વિનુનો સહજ સ્વભાવ વિનોદી. તે પોતે આનંદમાં રહે ને બીજાને પણ ખૂબ આનંદ કરાવે. **વિનુને રમત ગમતનો બહું શોખ.** તે જેટલો રમત-ગમતમાં હોશિયાર તેનાં કરતાં ભણવામાં તો તેનાથી પણ વધારે હોશિયાર. દરેક ધોરણમાં **બીજો કે ત્રીજો** નંબર તો લાવેજ. ઇનામ પણ બહું મેળવે. ક્યારેય ઝગડો તોફાન મસ્તી કે જીદ નહિ. નિયમિત જીવન. નમ્રતાવાળું જીવન. ખરાબ છોકરાની સોબત તો તેને ગમેજ નહિ. છોકરાઓ ભેગાં થાય તો તેમને વાર્તા સંભળાવે. બધા શિક્ષકો પણ વિનુના વાણી-વર્તનથી બહું રાજી; તેથી શિક્ષકોનો લાડ-પ્રેમ પણ વિનુ ને અવારનવાર મળતો રહે .

વિનુનો સહજ સ્વભાવ દાનવીર; તે મેળવેલાં ઈનામોને વેચી દેતો અને તેની જે રકમ આવે તેનું દાન કરી દેતો. ઘરેથી પૈસા વાપરવાં આપે તે પણ મિત્રોની મદદમાં વાપરતો. વિનુ જેવો રમવામાં ને ભણવામાં હોશિયાર તેનાં કરતાં **લાખ ઘણો ભજનમાં હોશિયાર.** ભજન ભક્તિને સંતસમાગમની વાત હોય તો વિનુ તો રમવાનું પણ છોડી મુકે. બાળપણથીજ વિનુને બધા **ભગત** તરીખે ઓળખે.

વિનુની વાતોમાં સતત ભગવાન અને સંત ઘુંટાયા કરતાં. વિનુ રમતો રમે તે પણ ભગવાનના સંબંધવાળી. તે માટીનું મંદિર બનાવે; ઉપર લાકડી ઉભી કરી ધજા લગાડે. માટીની ભગવાનની મૂર્તિ બનાવી પ્રતિષ્ઠા કરે, આરતી કરે, ધૂન-ભજન કરે. **બીજા છોકરા ઘર-ઘર રમે ત્યારે વિનુ મંદિર-મંદિર રમે.**

બપોરે બે વાગ્યે નિશાળમાં રીસેસ





પડે ત્યારે બધા બાળકો ખોખો, કબ્બડી, સંતાકુકડી,આંબલી-પીંપળી વગેરે રમતો રમે. તે વખતે વિનુ એકાંતમાં બેઠો-બેઠો ભગવાનનું ધ્યાન-ભજન કરે. **એકાદશી** આવે તો આખો દિવસ મંદિરે જ વિતાવે અને તેના **નિર્જળા ઉપવાસો** પણ કરે.

●●●●●

વેળાવદરની નિશાળમાં રોજ સવારે પ્રાર્થના પછી વાર્તા કહેવાનો નિયમ. વિનુ જ્યારે **તારીખઃ- ૧૫/૬/૧૯૬૪ ને સોમવારના દિવસે ધોરણ-૧ માં દાખલ થયો ત્યારે પહેલાંજ દિવસે શિક્ષક સુખલાલભાઈ**એ તેને વાર્તા કહેવા ઉભો કર્યો. વિનુએ તો કોઇથી ડર્યા વિના ઉભા થઈને વાર્તા કહેવાનું ચાલુ કર્યું.

વિનુ બોલ્યો : બધાજ બાળકોને મારા જય સ્વામિનારાયણ. આજે હું તમને "સર્વોપરી શ્રી હરિ" વિશે વાર્તા કહીશ.

"અગત્રાઈ ગામમાં પર્વતભાઇ નામના એકાંતિક ભક્ત રહે. એકવાર ખેતરમાં હળ ચલાવતાં ચલાવતાં તેમને વિચાર થયો કે ભગવાને વરાહ અવતાર ધારણ કર્યો તે કેવોક હશે ? ત્યાં તો તેમની નજરની સામે તેમને વરાહ અવતારનાં દર્શન થયા. પછી તો એક પછી એક એમ નૃસિંહ, વામન, રામ, કૃષ્ણ એમ ચોવીસ અવતારો તેમની નજર સામે આવવા લાગ્યાં. એમને થયું આ બધું શું થાય છે?

પરતું શ્રીજીમહારાજે તેમનો વરાહ અવતાર જોવાનો સંકલ્પ જાણી લીધો હતો. આજે વરાહ અવતાર જોવાની ઈચ્છા થઇ છે તો કાલે બીજી થશે માટે બધા અવતાર દેખાડી દઉં. એમ વિચારી શ્રીજીમહારાજે પર્વતભાઈનો સંકલ્પ પુરો કર્યો હતો.

વિનુ બોલ્યો : બાળમિત્રો ! થોડીવાર પછી પર્વતભાઇને વિચાર આવ્યો. આ ચોવીસ અવતારનાં કારણ કોણ હશે ? અને તરતજ શ્રીજીમહારાજને તેમની નજર સામે દેખ્યા. અને આશ્ચર્ય તો એ થયું કે ચોવીસ અવતારો શ્રીજીમહારાજમાં સમાઈ ગયાં. પછી તો પર્વતભાઈના આનંદનો કોઈ પાર ન રહ્યો. અહોહો ! મહારાજનું ઐશ્વર્ય તો જુઓ ! એવા ઉદ્‌ગારો એમનાં મુખમાંથી નીકળી પડ્યા.

પર્વતભાઈને સમજાઈ ગયું કે જેમ સાગર નદીઓને પોતામાં સમાવી શકે તેમ જે સર્વોપરી હોય તે જ બીજાને પોતાના સ્વરૂપમાં લીન કરી શકે. શ્રીજીમહારાજ ખરેખર સર્વોપરી ભગવાન છે. બોલો સર્વોપરી ભગવાન સ્વામિનારાયણની જય.”

વિનુએ શાળામાં પ્રથમ દિવસેજ આ વાર્તા બધાને જોરથી કહી સંભળાવી.વાર્તા સાંભળી સૌ બાળકોએ તાળીઓનો ગડગડાટ કરી વિનુને વધાવી લીધો. પછી તો અવાર-નવાર સાહેબ વિનુને જ વાર્તા કહેવા ઉભો કરતાં. વિનુની વાર્તા કહેવાની ખુમારી જોઇને સહુંને આશ્ચર્ય થતું.

●●●●●

વળી, વિનુને ધ્યાન-ભજન-ભક્તિ કરતાં જોઈને બીજા છોકરાઓ અને શિક્ષકોને મનમાં થાય કે આ વિનુ આંખો બંધ કરીને શું કરતો હશે ? અને એક દિવસે શિક્ષકોએ પુછી પણ લીધું. વિનુ ! તું રમત રમતો નથી.ને આખો દિવસ ધ્યાન-ભજન કરે છે તો પછી સાધુજ થઇ જા ને ?!

આ સંભાળી વિનુએ કહ્યું : **હા, હું સાધુજ થઈશ !!** શિક્ષકોને ક્યાં ખબર હતી કે વિનુ સાધુ થઈને ભગવાન ભજશે ને કેટલાયને ભગવાન ભજાવશે.

આ વિનુ એટલે આપણા પરમ પૂજ્ય ગુરુજી.

જેમ વિનુને સમય બગાડવો ન ગમે. ગપ્પાં મારવાં ન ગમે. ભજન કરવુંજ ગમે. તેમ આપણે પણ નવરાશ મળે તો સમય ન બગાડવો, ભજન કરવું. આનું નામ સાચુ બાળપણ કહેવાય. જે બાળપણમાં વિનુ જેવા હોય તે મોટા થઈને મહાન બને છે.!!



કડીગાન વિભાગ



- **સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સુતા પછી હું સોઉં રે ।**
  સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે ॥
- **સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડે હું ભમું રે ।**
  સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે ॥

(પુરુષોત્તમપ્રકાશ)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ.....

- જેની યુવાની સુધરી તેની સંપૂર્ણ જીંદગી સુધરી .માટે પોતાની યુવાનીને મહારાજ અને સત્પુરુષની અનુવૃત્તિમાં લગાવી દેવી .(કલ્યાણ કણિકા ૪।૧૮૪)
- મોટાને વિષે સદ્‌ભાવ એ જ નિર્વાસનિકપણાનો હેતુ છે, ને મોટાને વિષે અસદ્‌ભાવ એજ વાસનાનો હેતુ છે .(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૫૨)
- સર્વે વાત સાધુ વતે છે, માટે તેને મુખ્ય રાખવાં .(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૬૯)

પ્રશ્નોત્તર વિભાગ



(૧) આપણા ગુરુજીનું નામ શું છે?
પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજીસ્વામી.

(૨) આપણા ગુરુજી કયાં સ્વરૂપની સેવા કરે છે ?
આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત શ્રી ઠાકોરજી મહારાજ.

(૩) આપણા ગુરુજી આ પૃથ્વી પર ક્યારે પધાર્યા ?
૨૬-૭-૧૯૫૮, શનિવાર (અધિક શ્રાવણ સુદ એકાદશી)

(૪) આપણે કયાં નંદસંતની પરંપરાના છીએ ?
સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની.

(૫) આપણા દાદાગુરુજીનું નામ શું છે ?
સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજીસ્વામી.

જાણવા જેવું

ભારતીય ષટ્‌દર્શન અને તેના રચયિતા

(૧)	ન્યાય દર્શન – ગૌત્તમ ઋષિ	(૨)	વૈશેષિક દર્શન- કણાદ ઋષિ
(૩)	સાંખ્ય દર્શન – કપિલ ઋષિ	(૪)	યોગ દર્શન – પતંજલિ ઋષિ
(૫)	મીમાંસા દર્શન – જૈમીની ઋષિ	(૬)	વેદાન્ત દર્શન – વ્યાસ ઋષિ

- **ત્યારે તમે શું સમજાવશો ?**

કોઈ કુસંગી તમને કહે કે, કથા-વાર્તા, સત્સંગ, ભક્તિથી શું મળી જવાનું છે ? તેનાં કરતા જગતમાં મોજ મજા કરી લો- ત્યારે તમે તેને શું સમજાવશો ?

- **આવું ન કરો**

  નવી નવી ફેશનોમાં વ્યસનોમાં રાચતા પુરુષોથી દૂર રહો. તમારી રહેણી-કરણી,વેશભૂષા વગેરેમાં સાદાઈ અપનાવો. સિનેમાની અભિનેત્રી કે અભિનેતાઓના પહેરવેશ કે રીતભાતનું અનુકરણ કદી ન કરો. તેનાથી દૂર રહીશું તો જ ખરાબ સંસ્કારોથી બચી શકીશું !!

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ગુરુજીનું બાળપણનું નામ શું હતું ?

(૨) વેળાવદરની નિશાળમાં શેનો નિયમ હતો ?

(૩) ગુરુજીનું પૂર્વાશ્રમનું ગામ કયું હતું ?

(૪) વિનુએ નિશાળમાં કંઈ વાર્તા કહી સંભળાવી ?

(૫) આપણા ગુરુજીનું નામ શું છે ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) આપણા દાદાગુરુજીનું નામ .....છે.

(૨) આપણે .....ની પરંપરાના છીએ.

(૩) મોટાને વિષે.....એજ નીર્વાસનીકપણાનો હેતુ છે.

(૪) યોગદર્શનના રચયિતા .....છે.

(૫) જેની .....સુધરી તેની .....સુધરી.

(પ્રશ્ન-૩) પૂજ્ય ગુરુજીના કોઈ પણ બે પ્રસંગો જણાવો.

(પ્રશ્ન-૪) પંક્તિ પૂર્ણ કરો.


(૧) સંત જુવે .....

(૨) સંત જમે.....



સભા-૧૪ : બાળભક્ત ધ્રુવ

પુરાણકાળમાં **ઉત્તાનપાદ** નામે એક રાજા થઈ ગયા. **તેમને બે રાણીઓ. સુરુચિ અને સુનીતિ.** સુરુચિ માનીતી અને સુનીતિ અણમાનીતી. **સુરુચિનો પુત્ર ઉત્તમ** અને **સુનીતીનો પુત્ર ધ્રુવ.** બન્ને પુત્રો સરખી ઉંમરના.



એકવાર ઉત્તમ પિતાના ખોળામાં રમતો હતો. ધ્રુવને પણ પિતાના ખોળામાં બેસીને રમવાની ઈચ્છા થઈ. ધ્રુવ ત્યાં આવ્યો. પિતાનો પ્રેમ પામવા તે ખોળામાં ચઢવા દોડ્યો. સુરુચિએ તે ને અટકાવ્યો. ધમકાવ્યો ને છણકો માર્યો : **પિતાના ખોળે રમવાનો અધિકાર મારા ઉત્તમનેજ છે, તને નથી. સમજ્યો? તારે જો રાજાના ખોળામાં બેસવું હોય તો મારે પેટે જનમ ધરવો પડે !! તે માટે જંગલમાં જઈ તપ કર. ભગવાનને પ્રસન્ન કર.**

ધ્રુવને અપરમાતાનું આ અપમાન લાગી આવ્યુ. તે રડતા-રડતા માતા સુનીતિ પાસે આવ્યો. **સુનીતિ રાણી સંસ્કારી માતા હતા.** તેમણે પુત્રને સમજાવ્યો. બેટા ! આ વાતનું તું દુઃખ ન લગાડીશ. જે દુઃખ આપે છે તેણે જરૂર દુઃખ ભોગવવું પડે છે. **હવે તું ભગવાનની આરાધનામાં તારો જીવ જોડી દે.** એજ તારા તમામ દુઃખોને દૂર કરશે, બીજો કોઈ ઉપાય નથી.

હવે ધ્રુવે પણ મનોમન એક નિર્ણય કરી લીધો. **હું જંગલમાં જઈશ.** કઠોર તપ કરીશ. **ભગવાનને પ્રસન્ન કરીશ.** માતાનાં આશીર્વાદ લઈ તે જંગલ તરફ ચાલ્યો. કાંટા, કાંકરા, જંગલી પ્રાણીઓ અને ઝાડીઓ વચ્ચે ધ્રુવ અડગ મને ચાલ્યો જાય

છે. **તેની ઉંમર ફક્ત પાંચ વર્ષની છે.**

રસ્તામાં નારદજી તેને સમજાવવા આવ્યા. અરે બાળક ! તું ખૂબ નાનો છે. ભગવાન મેળવવા સહેલા નથી. ભગવાન તો મોટા મોટા જોગીઓને પણ મળતા નથી. માટે તું પાછો ઘરે જા.

પરંતુ આ તો ધ્રુવ હતો ! **અડગ અને ધ્યેયનિષ્ઠ.** તેને મક્કમતાથી કહ્યું: **હે બ્રહ્મન્ ! હું ઘરે જવા નહિ; ભગવાન મેળવવા નીકળ્યો છું. મને માર્ગદર્શન આપો.** બાળકની દૃઢતા જોઈ નારદજીએ તેને તપ કરવાની વિધિ શીખવી અને ''ૐ નમો ભગવતે વાસુદેવાય'' મંત્ર આપ્યો. ધ્રુવ યમુના નદીને કિનારે મધુવનમાં જઈ, એક ઝાડ નીચે, એક પગે ઉભા રહી તપ કરવા લાગ્યો.

- **પહેલે મહિને દર ત્રણ દિવસે એકવાર સૂંકું ઘાસ અને બોર ખાઈને તપ કર્યું.**
- **બીજે મહિને અઠવાડિયે એકવાર ખરી પડેલા પાનનો આહાર કર્યો.**
- **ત્રીજે મહિને દર નવમે દિવસે માત્ર એકવાર જળ પીધું.**
- **ચોથે મહિને તો પાણી પીવાનુય બંધ કર્યું ને ઉપવાસો શરૂ કર્યા.**
- **પાંચમે મહિને પ્રાણાયામની અવસ્થા સિદ્ધ કરી શ્વાસ લેવાનું પણ બંધ કર્યું. ધ્રુવને હવે ભગવાન સિવાય કાંઈ ચિંતવન થતું ન હતું.**

હિંસક પ્રાણીઓનો અવાજ આવે, શરીર પર સાપ ચઢે, વાવાઝોડું કે વરસાદ આવે. કાંઈ પણ તેને તપથી ડગાવી શકતુ નહિ. એમ કરતાં કરતાં **છ માસ** પસાર થયા. આવું કઠોર તપ જોઈ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા ને ધ્રુવજીને દર્શન આપ્યા.

ધ્રુવજી ભગવાનનાં સ્વરૂપમા તલ્લિન હતા. આંખો બંધ હતી. ભગવાને ધ્રુવજીને જગાડવા તેમના ચિત્તમાંથી પોતાની મૂર્તિ દૂર કરી. ધ્રુવજીએ ભય પામીને આંખો ઉઘાડી જોયું તો પરમાત્મા સ્વયં સામે હતા.

ધ્રુવજી ગદ્‌ગદ્ થઈ; દંડની જેમ ભગવાનનાં ચરણમાં ઢળી પડ્યા. ભગવાને પ્રેમથી તેમના ગાલ પર શંખ અડાડ્યો. ધ્રુવજીએ ભગવાનને પ્રાર્થના કરી.

ભગવાને પ્રસન્ન થઈ તેને વરદાન આપ્યુ કે: **''આટલી નાની ઉંમરમાં તે આટલું મોટુ તપ કર્યું છે. તો જા... તારી ઈચ્છા મુજબ નક્ષત્ર, તારામંડળ તારી પ્રદક્ષિણા કરે, એવું અવિચળ ધ્રુવપદ તને આપુ છું.**

પછી તેઓ જંગલમાંથી પાછા આવ્યા ને સુદીર્ઘ કાળ સુધી રાજ્ય કર્યું.

આપણે પણ ધ્રુવજીની જેમ અચળ, ધ્યેયનિષ્ઠ અને તપસ્વી બનીએ. એકાદશી આદિક વ્રતોના ઉપવાસો કરીએ. ભગવાનને પ્રસન્ન કરવા આ જન્મ ધર્યો છે. માટે રાત-દિવસ એક રટન લગાડી દેવું કે મારે ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોને રાજી કરવા જ છે.

કડીગાન વિભાગ



- **ભક્ત થાવું ભગવાનના, તે છેજો કઠણ કામ ।**
  સુખ સર્વે સંસારના, કરવા જોઈએ હરામ ॥
- **સાચાને સોંઘા ઘણા, નથી મોંઘા થયા મહારાજ ।**
  ખોટાને ન જડે ખોળતા, તે દિન કે વળી આજ ॥

(નિષ્કુળાનંદ કાવ્ય)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- નબળાને જોઈ મહારાજ રાજી થતાં નથી. મરદને જોઈ મહારાજ રાજી થાય છે. તે જ ભગવાનનાં માર્ગે ચાલી શકે છે, તે જ નિધડક વર્તે છે અને ધીરજવાન હોય છે.

(કલ્યાણ કણિકા - ૩/૬૭)

- સત્સંગી થાવું તો પાકા સત્સંગી થાવું. પણ અડધા સત્સંગી ને અડધા ઠગત એવું તો ન જ કરવું. સારા ભગત બની ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ કરવી. (કલ્યાણ કણિકા - ૩/૪૭)
- આ દેહ તો પત્રાવળાને ઠેકાણે છે, તેમાં લાડવા જમી લેવા.

(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૪૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) પૂજ્ય ગુરુજીને રાજી કરવા બાળકોએ શું કરવું ?
નિયમિત બાળસભામાં જવું, ભક્તિ કરવી, અભ્યાસ બરાબર કરવો, સાચા સત્સંગી બનવું, માતા-પિતા-વડીલોને આદર આપવો, કુસંગ ન કરવો.

(૨) મનુષ્ય જન્મનો હેતુ શું છે ? **કોઈ પણ ભોગે ભગવાનને પામીજ જવું.**

(૩) આપણે કોનું બળ રાખવું ? **ભગવાન અને સદ્‌ગુરુ સંતોનું બળ રાખવું.**

(૪) સંતો-ભક્તોમાં આપણે શું કરવાનું છે ? **આત્મબુદ્ધિ- પ્રીતિ.**

જાણવા જેવું

ચારયુગ અને મનુષ્યની આવરદા

(૧) સત્યુગ- ૧,૦૦,૦૦૦ વર્ષ (૨) ત્રેતાયુગ - ૧૦,૦૦૦ વર્ષ
(૩) દ્વાપરયુગ- ૧,૦૦૦ વર્ષ (૪) કળિયુગ- ૧૦૦ વર્ષ

- રામચંદ્ર ભગવાન ૧૧,૦૦૦ (અગ્યાર હજાર વર્ષ) આ પૃથ્વી પર રહ્યાં હતા.
- શ્રી કૃષ્ણ ભગવાન ૧૨૫ વર્ષ આ પૃથ્વી પર રહ્યાં. તેમની જ્યારે ૯૦ વર્ષની ઉંમર હતી ત્યારે મહાભારતનું યુધ્ધ થયું હતું.

- **મારો દ્રઢ ઠરાવ**

  હું દર અઠવાડિયે નિયમિત પણે બાળસભામાં સમયસર જઈશ. ત્યાં જે શીખવવામાં આવે તેને હું જીવનમાં ઉતારીશ. અને દર બે મહીને એક નવા બાળકને સત્સંગી બનાવીશ.તેને બાળસભામાં આવતો કરીશ. નિત્યપૂજા કરતા શીખવાડીશ **કારણ કે મારે બનવું છે આદર્શ બાળક !!**

  હું દરેક એકાદશીએ ફળાહાર કરીશ પરંતુ અનાજ તો નહિ જ જમું. મોટી એકાદશીએ નકોરડો કે નિર્જળા ઉપવાસ પણ કરીશ **કારણ કે મારે બનવું છે આદર્શ બાળક!!**

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ઉત્તાનપાદ રાજાને કેટલી રાણીઓ હતી ?

(૨) ધ્રુવની માતાનું નામ શું હતું ?

(૩) ધ્રુવ જંગલમાં ગયો ત્યારે તેની ઉંમર કેટલી હતી ?

(૪) નારદજીએ ધ્રુવને કયો મંત્ર આપ્યો ?

(૫) ધ્રુવજીએ કેટલો સમય તપ કર્યું હતું ?

(૬) મનુષ્ય જન્મનો હેતુ શું છે ?

(પ્રશ્ન-૨) અંતરદ્રષ્ટિ કરો અને કહો.

(૧) ધ્રુવની જેમ તમને કોઈ મેણું મારે કે કડવા વચનો કહે ત્યારે તમે શું કરશો ? જણાવો.

(૨) ભગવાન કે મોટાપુરુષ તમારા પર પ્રસન થાય તો તમે શું માંગશો ? જણાવો.

(૩) ભગવાન અને મોટાપુરુષને રાજી કરવા માટે તમે શું શું કરો છો ? જણાવો.

(૪) આપણે આપણા શરીરને કેટલું સાચવું જોઈએ ?

(૫) ભગવાન કેવા ભક્તને મળે છે ? આપણે ભગવાનના કેવા ભક્ત થવાનું છે ?

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) ભક્ત થવું ભગવાનાનાં .....

(૨) સાચાને સોંઘા ઘણા.....

સભા-૧૫ : અખંડ સૌભાગ્યનું ચિહ્ન

તિલક-ચાંદલાની સૌ પ્રથમવાર શરૂઆત લોયાધામમાં !

એકવાર શ્રીજીમહારાજ **લોયાધામમાં સુરાખાચર**ના દરબારગઢમાં બિરાજમાન હતા. એક બાજુ મુક્તાનંદસ્વામી આદિક પરમહંસો અને બીજી બાજુ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સંતોને કહ્યું: આ ઉદ્ધવ સંપ્રદાયમાં જેટલા સંતો અને હરિભક્તો છે તે દેખતાની સાથે જ **''આ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત છે.''** એમ કંઈ રીતે ઓળખાય જાય ? તે તમે સહું કહો. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : **હે મહારાજ ! જેટલા સંપ્રદાય છે તે બધાના તિલક અલગ-અલગ પ્રકારના હોય છે. તેણે કરીને તે બધા સંપ્રદાયોની ઓળખ પડે છે કે આ અમુક મતના છે. તિલક વગર ક્યારેય ઓળખાણ પડતી નથી.** પછી બધા સંતોએ પણ કહ્યું કે મુક્તાનંદ સ્વામીની વાત સાચી છે મહારાજ !!

પછી શ્રીજીમહારાજે કહ્યું: દરેક સંપ્રદાયોમાં તથા મતોમાં જુદા જુદા તિલક હોય છે. ધામોમાં ભગવાનની મૂર્તિઓ અને પાર્ષદો રહ્યાં છે; તેમને પણ તિલક હોય છે ને તેનાથી તેઓ સુંદર શોભે છે. **માટે આપણે પણ બધા સંપ્રદાયથી સારું, સહું લોકોને દેખાવમાં અતિ પ્રિય લાગે એવું ચિહ્ન ધારણ કરાવવું છે. મોટા મોટા રાજાઓને પણ પ્રેમ ઉપજે એવા તિલક-ચાંદલાની પ્રથા આપણા સંપ્રદાયમાં પ્રવર્તાવવી છે.''**

એમ કહીને શ્રીજીમહારાજે **આધારાનંદ સ્વામી** અને **કપિલેશ્વરાનંદ સ્વામી**ને પાસે બોલાવ્યા અને કહ્યું : **''તમે બન્ને ઘણાં હોશિયાર છો,** માટે ઈચ્છારામભાઈના ઉતારે જઈને દર્પણમાં દેખીને ગોપીચંદનનું તિલક કરજો અને તેની વચમાં કપાળમાં ગોળ ચાંદલો કરજો. વળી, વિશેષમાં **આધારાનંદ સ્વામીને** કહ્યું : **તમે ઉર્ધ્વપુંડ્ર તિલક કરજો અને તે પણ નાસિકાના મૂળમાં**



બીજના ચંદ્રમાં જેવી અર્ધગોળાઈ આવે તેમ કરજો.''

પછી બન્ને સંતો શ્રીહરિની આજ્ઞા મુજબના તિલક-ચાંદલો કરીને આવ્યા. મહારાજે તેમને પોતાની સમીપે ઊભા રાખ્યા. પોતાના બન્ને હાથ તે બન્ને સંતોના મસ્તક ઉપર રાખ્યા અને સભામાં બેઠેલા સહુ સંતોને કહ્યું: સહુ જુઓ, આ બેમાં કોનું તિલક સરસ છે ? પછી સહુ સંતોએ પોતપોતાનો મત રજુ કર્યો. પછી મુક્તાનંદ સ્વામીએ છેલ્લે કહ્યું : **હે મહારાજ ! આ આધારાનંદ સ્વામીનું તિલક સહુંથી સુંદર છે, તેવું કોઈ મતમાં નથી. આ તિલક તો સર્વે તિલકનો રાજા છે. માટે, હે મહારાજ ! તેને સત્સંગમાં પ્રવર્તાવો તો સહુંને ખુબ જ ગમશે.**

પછી શ્રીજીમહારાજે **નારાયણજી** સુથાર સાથે **નિષ્કુળાનંદ સ્વામી** અને **આધારાનંદ સ્વામીને** રાખીને સીસમના લાકડાના તિલકના બીબા બનાવડાવ્યાને આખા સંપ્રદાયમાં વહેચાવ્યા. આવી રીતે **લોયાધામમાં** સૌ પ્રથમવાર **આધારાનંદ સ્વામી** દ્વારા તિલક-ચાંદલાની શરૂઆત કરાવી. (હ.ચ.સા.૨૪/૫૨)

''તમે મને તિલક કરી આપો''

તિલક-ચાંદલાની શરૂઆત કરાવ્યા પછી શ્રીહરિ **લોયાધામથી પંચાળા** પધાર્યા. એક દિવસ સભામાં શ્રીહરિ કહે: આપણા સંપ્રદાયમાં કેસર ચંદનનું તિલક કરવું અને વચ્ચે કુંકુમનો ચાંદલો કરવો તે વિધિ અમે સત્સંગમાં પ્રવર્તાવી છે. હવે અમારે પણ સહુંની પ્રેરણા માટે આ પ્રથા શરૂ કરવી છે. માટે કોઈ **ચતુર સંત હોય તે ચંદનનુ સુશોભિત તિલક અમારા કપાળે કરવા માટે આવો.** ત્યાર બાદ, ચાર-પાંચ સંતો અને બે-ત્રણ હરિભક્તો ઊભા થઈને આવ્યા પણ શ્રીહરિએ તેમને ના પાડી અને પાછા બેસાડ્યા.

પછી શ્રીજીમહારાજે **આધારાનંદ સ્વામીનું નામ લઈને પોતાની પાસે બોલાવ્યા,** ને કહ્યું: **તમે મને તિલક કરી આપો.** પછી સ્વામીએ શ્રીજીમહારાજને સુંદર તિલક કરી આપ્યું. આખી સભા આધારાનંદ સ્વામી અને શ્રીહરિની પરસ્પરની પ્રીતિ જોઈ રહ્યાં. (હ.ચ.સા.૨૫/૯)

આમ, **શ્રીહરિ જેને સામે ચાલીને બોલાવતા હશે તે સંતનું કેવું અદ્‌ભુત વ્યક્તિત્વ હશે ! આ આધારાનંદ સ્વામી એટલે આપણા**



આદિગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીના પરમ શિષ્ય.''

વાહલા બાળકો; તો ચાલો ! આ પાઠમાં આપણે તિલક-ચાંદલાના મહિમા વિષે જાણીએ !

(૧) તિલક-ચાંદલો શું છે ?

પૂર્વકાળમાં માનવી સૌંદર્યના પ્રતીક સ્વરૂપે પોતાના વિવિધ અંગો પર જાતજાતની રંગબેરંગી માટીના રંગોથી ટીલા-ટપકા કરતો. વિશેષે કરીને પોતાના મુખની સુંદરતામાં વધારો કરવા માટે કપાળ પર ટીલા-ટપકા કરતો. સમય જતા કોઈ વ્યક્તિ પ્રત્યે આદર દર્શાવવા ને પૂજન કરવા તેના કપાળમાં ચાંદલો અથવા તિલક કરવામાં આવતો. કોઈ રાજા ગાદી પર બેસે ત્યારે તેની પૂજા કરી તેને પણ ચાંદલો કરવામાં



આવતો. જેને **''રાજતિલક''** કહેવામાં આવતું.

વર્તમાન સમયે વ્યક્તિ પોતાને થયેલી વિશિષ્ટ પ્રાપ્તિ કે ઉપલબ્ધિ સૌભાગ્યરૂપ છે તે દર્શાવવા વિવિધ પ્રતિકોનો સહારો લે છે. જેમકે લાયન્સ કે રોટરી ક્લબના સભ્યો તેનો બિલ્લો હોશે-હોશે કોટ કે શર્ટ પર પહેરે છે. કોંગ્રેસીઓ ખાદી પહેરે છે તો ભાજપના પ્રતિનિધિઓ કેસરી ટોપી ધારણ કરે છે. પરદેશમાં છોકરાઓ પોતાની મનપસંદ રમતટુકડી-ટીમના નામથી કે ચિહ્નથી અંકિત શર્ટ-ટીશર્ટ-કેપ-બેલ્ટ વગેરે રાજીખુશીથી પહેરે છે.

સમાજમાં લગ્ન કરેલી સ્ત્રી પોતાને યોગ્ય પતિ મળી ગયો છે તેના હર્ષમાં **સૌભાગ્યચિહ્ન** સ્વરૂપે સેથામાં સિંદુર પૂરે છે ને કપાળે ચાંદલો કરે છે.

ભક્તિ સંપ્રદાયોમાં પણ ભક્ત માટે ભગવાન તેના સ્વામી-નાથ છે. **પ્રભુરૂપી સૌભાગ્ય અવિનાશી છે. તેમાં રંડાવાનો ભય નથી. આ અખંડ સૌભાગ્યની પ્રાપ્તિના પ્રતિક સ્વરૂપે ભક્ત પણ કપાળે તિલક-ચાંદલો કરે છે.**

- **ભગવાનને સમર્પિત થયાનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો !**
- **ભગવાનની પ્રાપ્તિનું અખંડ સૌભાગ્યનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો !!**
- **આપણને ભગવાન અને સંત મળ્યા છે એ સૌભાગ્યની નિશાની એટલે તિલક-ચાંદલો !!!**

(૨) તિલક-ચાંદલો શાં માટે કરવો જોઈએ ?

સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મપ્રતિક હોવાથી અને શ્રીજીમહારાજની **આજ્ઞા** હોવાથી આપણે તિલક-ચાંદલો કરવો જોઈએ.

તિલક એ ભગવાનના ચરણારવિંદનું પ્રતિક છે અને ચાંદલો એ લક્ષ્મીજી (ભક્તનું) પ્રતિક છે. ભક્તના માથા પર ભગવાનના અભય ચરણારવિંદ સદા રહે છે તે ભાવ સાથે તિલક કરવામાં આવે છે. અને ભક્તનું સ્થાન સદા ભગવાનના ચરણોમાં હોય એ ભાવ સાથે તિલકના મધ્યમાં ચાંદલો કરવામાં આવે છે.

તિલક કર્યા વિના કરવામાં આવતી ધર્મસંબંધી તમામ ક્રિયાઓની નિષ્ફળતાનો નિર્દેશ કરતા બૃહન્નારદીય પુરાણમાં કહ્યું છે કે :

यज्ञो दानं जपोहोमः स्वाध्यायः पितृतर्पणम्।

वृथा भवति तत्सर्वं उर्ध्वपुंड्रं विना कृतम्॥

અર્થ :- જે મનુષ્ય લલાટમાં તિલક કર્યા વિના યજ્ઞ, દાન, જપ, તપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણાદિક કરે છે તે સર્વે વ્યર્થ જાય છે.

(૩) તિલક-ચાંદલો ક્યાં ક્યાં કરવો ને ક્યાં મંત્ર બોલવા ?

(૧) કપાળમાં - ૐ શ્રી વાસુદેવાય નમઃ।
(૨) હૃદયમાં - ૐ શ્રી સંકર્ષણાય નમઃ।
(૩) જમણા હાથે - ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ।
(૪) ડાબે હાથે - ૐ શ્રી અનિરૂદ્ધાય નમઃ।



(૪) તિલક-ચાંદલો કરતી વખતે શું ભાવના કરવી ?

મસ્તક એ વ્યક્તિનું આત્મગૌરવ છે. મસ્તિસ્કમાં બુદ્ધિ રહી છે ને બુદ્ધિમાં જ્ઞાનયોગ રહ્યો છે. તેથી કપાળમાં તિલક-ચાંદલો કરતા એવી ભાવના કરવી કે હે પ્રભુ ! હું મારી **બુદ્ધિ (જ્ઞાનયોગ)** તમારા ચરણારવિંદમાં સમર્પણ કરું છું. આપ મારી બુદ્ધિમાં બિરાજો. આ બુદ્ધિ દ્વારા મને સતત તમારા વિચારો થાય તેવી કૃપા કરજો.



હૃદય એ વ્યક્તિની લાગણીઓ અને ભક્તિભાવનું પ્રતીક છે. હૃદયમાં ભક્તિયોગ રહ્યો છે. તેથી હૃદયમાં તિલક-ચાંદલો કરતી વખતે એવી ભાવના કરવી કે હે પ્રભુ ! મારા **હૃદયનો તમામ ભક્તિભાવ** એટલે કે આત્માનો તમામ પ્રેમ તમારા માટે હજો. આપ મારા હૃદયમાં - આત્મામાં સતત બિરાજો. મારું હૃદય સદા તમારા માટે જ ધબકે એવી કૃપા કરજો.

બળસૂચક બન્ને ભુજાઓ કર્મયોગનું પ્રતીક છે. બન્ને ભુજાઓ પર તિલક-ચાંદલો કરતી વખતે એવી ભાવના કરવી કે, હે પ્રભો ! મારો બધો જ કર્મયોગ હું તમને સમર્પિત કરું છું. આપ મારી બન્ને ભુજામાં બિરાજો. મારા બન્ને હાથ વડે સદા સત્કર્મો થતા રહે એવી કૃપા કરજો.

(૫) તિલક-ચાંદલાનાં લાભ :-

તિલક-ચાંદલો બુદ્ધિનું પૂજન છે. કપાળ વચ્ચે બ્રહ્મરંધ્ર પર ચંદનનો લેપ કરવાથી મેધાનાડી પવિત્ર રહે છે. ખરાબ વિચારો આવતા અટકે છે ને બુદ્ધિ પણ શુભ અને કલ્યાણકારી બને છે ને મુખ ઉપર નવીન તેજ પ્રગટે છે.



યોગશાસ્ત્ર પ્રમાણે કપાળનો મધ્યભાગ ઈડા-પીંગલા અને સુષુમ્ના ત્રણે નાડીઓનું સંગમ સ્થાન છે. ત્યાં આજ્ઞાચક્ર છે. ત્યાં કુંકુમ-ચંદન કે સૌભાગ્ય દ્રવ્યનો ચાંદલો કરવાથી ભક્તની આંતર ચેતનાનો વિકાસ થાય છે. કુંડલિનીશક્તિ જાગ્રત થાય છે ને સંકલ્પશક્તિમાં અસાધારણ વૃદ્ધિ થાય છે.

ખાખી ડ્રેસ પહેરવાથી પોલીસની શક્તિ વધતી નથી; પણ તેના દ્વારા તેને પોતાના કર્તવ્યનું ભાન થાય છે. તેમ તિલક-ચાંદલો કરવાથી **''હું ભગવાનનો દાસ છું''** તેનું સતત અનુસંધાન રહે છે. અને **''હું સ્વામિનારાયણ સંપ્રદાયનો છું.''** મારાથી ખોટું કામ ન થાય તેની સતત યાદ આવતી રહે છે.

વળી, તિલક-ચાંદલો આપણને બગડતા બચાવે છે. કુસંગ અને કુસંગીથી દૂર રાખે છે. વ્યસન અને ફેશનથી પણ દૂર રાખે છે. દુર્જનો આપણાથી સહેજે જ છેટા રહે છે. આપણા વાણી-વર્તનમાં સહેજે જ સંયમ-દ્રઢતા આવે છે. નૈતિક તાકાત વધે છે અને સમાજમાં પ્રામાણિક વ્યક્તિ તરીકે આબરૂ વધે છે ને ઊંચુ માથું રાખીને જીવી શકાય છે.

(૬) પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-

તિલક-ચાંદલો સુંદર અને વ્યવસ્થિત કરવો. તેમાં નાનપ ન અનુભવવી કે શરમાવું નહિ. તિલક-ચાંદલા વિના આપણે શ્રીહરિના આશ્રિત ગણાતા નથી. તિલક-ચાંદલો સ્વામિનારાયણ સંપ્રદાયનો ટ્રેડમાર્ક છે. આનો આચાર પ્રવર્તાવનાર કોઈ મહાપુરુષ નથી પણ સ્વયં સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ છે. તિલક-ચાંદલો કરીએ એટલે આપણા પર પરમાત્માની માલિકી આવી ગઈ. જેના માલિક સ્વયં પરમાત્મા હોય તેને કાળ-કર્મ-માયા-મંત્ર-તંત્ર-ભૂત-પ્રેત વગેરે આસુરી તત્વો અડી શકતા નથી. અને પોતાના ભક્તના યોગ-ક્ષેમની જવાબદારી ભગવાને સ્વયં ઉઠાવી છે. જેમ સરનામા વિનાની ટપાલ કચરાપેટીમાં જાય છે તેમ તિલક-ચાંદલા વિનાના ભક્તની ચિંતા પ્રભુ કરતા નથી.



(૭) વિશેષ નોંધ :-

- સ્ત્રીઓએ સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર ફક્ત કપાળે કંકુનો ચાંદલો જ કરવો.
- તિલક-ચાંદલા વિનાની પૂજા અધુરી ગણાય. કેટલાક ભક્તો ફક્ત ચાંદલો જ કરે છે પણ તિલક કરતા નથી. તેને મુક્તાનંદ સ્વામી લબાડ ભક્ત કહે છે:

લોકન કી લાજ ડરું, જો ન ભક્ત ચિહ્ન ધરું;
પાવક કે મધ્ય મેરે, તનકું પ્રજારિયો,
છાંડી કે શ્રી ઘનશ્યામ, ઓર કો જપું નામ,
કર લે કટારી મેરી, જીભા કાટિ ડારિયો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) તિલક-ચાંદલાની સૌ પ્રથમ શરૂઆત ક્યાં અને કેવી રીતે થઇ ? પ્રસંગ જાણવો.

(૨) તિલક-ચાંદલો એટલે શું ?

(૩) તિલક-ચાંદલો શાં માટે કરવો જોઈએ ?

(૪) તિલક-ચાંદલો ક્યાં-ક્યાં કરવો ને ક્યાં મંત્ર બોલવા?

(૫) તિલક-ચાંદલાના લાભ જણાવો ?

(૬) પૂજ્ય ગુરુજી તિલક-ચાંદલા વિષે શું કહે છે ?

(૭) શ્રીજીમહારાજે પોતાના કપાળે તિલક-ચાંદલો કરવા ક્યાં સંતને નામ લઈને બોલાવ્યા?



સભા-૧૬ : સિંહે સ્વભાવ છોડ્યો

નીલકંઠવર્ણી વનવિચરણ કરતા કરતા **શ્રીપુર** નામના ગામમાં આવ્યા. ચારે બાજુ મોટું જંગલ. ગામના પાદરે **કમલેશ્વર મઠ,** ને મઠની આગળ એક મોટુ ઝાડ. વર્ણીએ તેના ઓટલા પર આજની રાત રહેવાનું નક્કી કર્યું.

તેજસ્વી બાળબ્રહ્મચારીને ઓટલા પર બેઠેલા જોઈ મઠના મહંત આકર્ષાયા ને ચિંતા થવા લાગી. મઠમાંથી મહંત વગેરે દોડતા દોડતા બહાર આવ્યા ને કહ્યું: **બ્રહ્મચારી ! રાત રહેવું હોય તો મઠમાં આવો કે ગામમાં જાઓ ! અહીં નહિ ! અહીં રોજ એક હિંસક સિંહ આવે છે ! પશુ કે માણસ જે કોઈ બહાર હોય તેને ફાડી ખાય છે; માટે મઠમાં આવો ને જીવ બચાવો !!**

મહંતની વાત સાંભળી વર્ણીએ સ્મિત વેર્યું ને બોલ્યા: મહંતજી ! શું સંતાઈ જવાથી આવેલું મોત પાછું જતું રહેશે ? મોત શું મઠમાં નહિ આવે ? હું રાત અહીંજ રહીશ !!

બ્રહ્મચારીની વાણીમાં મહંતને **બાલહઠ** અને **જોગીહઠ** બંને એક સાથે જણાઈ. મહંતજી ગુંચવાયા અને વધુ વાત કરવાનું મૂકીને ઉતાવળા મઠમાં ભરાયા.

પછી અડધી રાત થઈ. **અચાનક કેસરી સિંહની ત્રાડ સંભળાઈ.** આખુ જંગલ ધ્રુજી ઉઠ્યું. મઠમાં સૂતેલા મહંત અને તેમના શિષ્યો સફાળા જાગી ગયા. ભયથી થરથર ધ્રુજતા બારીની તીરાડમાંથી બહાર જોવા લાગ્યા. સિંહ છલાંગ મારતો ઓટલા પાસે આવ્યો. વર્ણીએ સિંહને ઈશારો કર્યો. અને આશ્ચર્ય ! આ શું ? **હિંસક સિંહ પાળેલા પશુની જેમ એમની આગળ સૂઈ ગયો ને જીભ વળે વર્ણીના પગ ચાટવા લાગ્યો.**



વર્ણી ધીરે ધીરે એના શરીર પર હાથ ફેરવતા હતા. મહંત તો મઠની બારીમાંથી આ દૃશ્ય જોતાજ રહ્યાં. મઠના બીજા માણસોને પણ બોલાવીને તેમને આ દૃશ્ય દેખાડ્યું. બધાની આંખો ખુલ્લીને ખુલ્લીજ રહી ગઇ.

સવાર થયું. વર્ણીએ સિંહના ગાલે ટપલી મારીને કહ્યું: **ભઈલા ! જા હવે તું તારા ઘરે જા ! હવેથી ક્યારેય માણસોને મારતો નહિ !!** સિંહે એક-બે ને ત્રણ છલાંગ મારી ને જંગલમાં અદૃશ્ય થયો.

મહંત અને કેટલાય માણસો દોડતા-દોડતા આવી વર્ણીના ચરણમાં ઢળી પડ્યા ને બોલ્યા: **બ્રહ્મચારી ! આપ બહું પ્રતાપી પુરુષ છો! આપ બાળક નથી; જરૂર ભગવાન છો.**

મહંતે પણ વર્ણીને નમન કર્યા ને કહ્યું: **તમે તો સાક્ષાત્ ઈશ્વર છો.** હવે અહીં જ રોકાઈ જાવ. અમારા મઠની **વર્ષે ૧ લાખ રૂપિયા** આવક છે. આખા મઠના મહંત તમને બનાવી દઈએ. અમારી આ વિનંતીનો સ્વીકાર કરો !

વર્ણીએ કહ્યું: **જે વસ્તુની ઉલટી થઈ જાય તેને ખાવાની ઈચ્છા થતી નથી. અમારે સંસારની ઉલટી થઈ ગઈ છે.** મહંતજી ! અમે કોઈ મઠની મહંતાઈ કરવા ઘર છોડ્યું નથી ! હજી તો અમારે ઘણું કામ કરવાનું બાકી છે. કામની શરૂઆત જ હજી તો નથી થઈ ! આટલું કહી વર્ણીએ તેમની કલ્યાણયાત્રા આગળ વધારી.

સૌના નિયંતા એટલે નીલકંઠપ્રભુ ! તેમને જંગલી સિંહ અને પશું જેવું જીવન જીવતા જંગલી ડાકુઓને પણ વશ કર્યા હતા. જો સિંહ જેવું હિંસક પ્રાણી ભગવાન પાસે આવવાથી તેના સ્વભાવો છોડી દે તો આપણે આપણા ખરાબ સ્વભાવોને કેમ ન છોડી શકીએ ? આપણી પાસે આવનાર તમામને શાંતિ થવી જોઈએ.

વળી, વર્ણી કેવા નિઃસ્પૃહી ! તેઓ મઠની મહંતાઈમાં ન લોભાયા અને આપણા માટે અનેક સુખ સમૃદ્ધિનો ત્યાગ કર્યો.

અને વળી, નાનકડા વર્ણીની કેવી નિર્ભયતા ! સામે સિંહ આવ્યો છતા ડર્યા નહિ.





કડીગાન વિભાગ

- **હરિ તવ ચરણ હી પાસ, નિવાસ અખંડ મોય દીજીએ ।**
  તવ દાસન કે દાસ, મતિ રહે શુભ સદાય મમ ॥
  તુમારે ચરણ બિન ઓર, મતિ ન રહે અબ કોઉ મહી ।
  એહી પ્રાર્થના મોય, માંગત હું કર જોરી કર ॥ (હ.ચ.સા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- આ જીવ એકવાર નિર્ણય કરે કે, **"મારે પુરુષોત્તમને મેળવવા છે."** તો આ જીવ શું ન કરી શકે? માટે આ જીવ તો પુરુષોત્તમને પણ વશ કરી શકે છે. (કલ્યાણ કણિકા : ૪।૧૪૮)
- ભજન કરવું તે રાતમાં ઊઠી ઊઠીને મંડે ત્યારે સાચું. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૫/૧૧૬)
- ક્યારે કોનું મોત આવશે તેની શું ખાતરી છે ? માટે ભગવાનને ભજી લેવા. કરવાનું રહી જશે ને નહિ કરવાનું થઈ જશે, માટે કાળથી બચવું હોય તેને તો ભગવાનને ભજી લેવા.

(કલ્યાણ કણિકા - ૨/૧૦૮)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) સત્સંગમાં કેવી રીતે રહેવાનું છે ? **દાસનાદાસ થઈને.**

(૨) મહારાજ અને ગુરુજી ક્યારે રાજી થાય ? **મહારાજ અને સંતો-ભક્તોને રાજી કરીએ તો.**

(૩) સંતો-ભક્તો આપણા પર કેમ રાજી થાય ? **(૧) તેમની આજ્ઞામાં રહીએ તો અને (૨) સારું વાણી-વર્તન રાખીએ તો.**

(૪) આપણામાં ભગવાનનું બળ ક્યારે આવે?

(૧) સંતોનું બળ રાખીએ (૨) ભગવાનની આજ્ઞા પાળીએ (૩) ભગવાનનું ભજન કરીએ ત્યારે.

જાણવા જેવું

અવકાશીય પદાર્થો

(૧) ગ્રહોની સંખ્યા - ૮
(૨) નક્ષત્રોની સંખ્યા - ૨૭
(૩) પૃથ્વીથી નજીકનો ગ્રહ - શુક્ર
(૪) સૌથી મોટો ગ્રહ - ગુરુ
(૫) સૌથી નાનો ગ્રહ - બુધ
(૬) સૌથી તેજસ્વી ગ્રહ - શુક્ર
(૭) અવીચળ તારો - ધ્રુવ
(૮) સૂર્યની નજીકનો ગ્રહ - બુધ
(૯) લાલ રંગનો ગ્રહ - મંગળ
(૧૦) સૌથી દુરનો અને ઠંડો ગ્રહ - નેપ્ચ્યુન
(૧૧) જેની આજુ બાજુમાં વર્તુળાકાર વલયો છે તે ગ્રહ- શનિ

જેવું કરો તેવું પામો

તમે જો ઇચ્છતા હોય કે સૌ તમારો આદર કરે તો તમે પણ સૌને આદર આપો. જો તમે ઈચ્છતા હો કે લોકો તમને પ્રેમ કરે, માન આપે તો તમે પણ લોકોને પ્રેમ આપો, માન આપો.
જે બીજાની આલોચના કરે છે તેની આલોચના પણ બીજા કરે છે.
જે પ્રેમ કરે છે તેને પ્રેમ મળે છે.
જે ક્રોધ કરે છે તેને ક્રોધ મળે છે.
જે ક્ષમા કરે છે તેને ક્ષમા મળે છે.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) નીલકંઠવર્ણીએ શ્રીપુર ગામમાં શું કર્યું ?
(૨) શ્રીપુર ગામના પાદરે કયો મઠ હતો ?
(૩) મઠના મહંતે નીલકંઠવર્ણીને શું પ્રલોભન આપ્યું ?
(૪) નીલકંઠવર્ણીએ મઠના મહંતને શું જવાબ આપ્યો ?
(૫) સત્સંગમાં કેવી રીતે રહેવાનું છે ?

(પ્રશ્ન-૨) ખરું ✓ ખોટું ✗ જણાવો.

(૧) જે વસ્તુની ઉલટી થઇ જાય તેને ખાવાની ઈચ્છા થતી નથી. ☐
(૨) આ જીવ પુરષોત્તમને વશ કરી શકતો નથી. ☐
(૩) તપ કરવું હોય તેતો રાતે ઊઠી ઊઠીને મંડે ત્યારે સાચુ. ☐
(૪) નીલકંઠવર્ણીએ મઠના મહંતને અહિંસક કર્યો. ☐
(૫) સૌથી મોટો ગ્રહ ગુરુ છે. ☐

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) હરિ તવ ચરણ .....

સભા-૧૭ : વાહલામાં વાહલી વસ્તુ

કચ્છ પ્રદેશમાં ધુફે નામનું નાનકડું ગામ. આખા ગામમાં **એકજ ઘર સત્સંગી.** ત્યાં એક **નવ વર્ષનો બાળક હમીર** રહે. માતા-પિતાના સત્સંગના કારણે હમીર પણ સત્સંગી. તે રોજ મંદિરે જાય. તિલક-ચાંદલો, પૂજા કરે. માતા-પિતાને પગે લાગે. ખોટું ન બોલે. ચોરી ન કરે. વ્યસન ન કરે. બધાની સાથે વિનય વિવેકથી વર્તે. આ બધા સંસ્કારો તેનામાં સહજ હતા. તેથી તે બીજા બાળકોથી સાવ અલગ જ તરી આવતો. ગામ લોકો તેને **''હમીર ભગત''** કહીને બોલાવતા.



એક વખતની વાત છે. **શતાનંદ સ્વામી** અને **વ્યાપકાનંદ સ્વામી** કચ્છ પ્રદેશમાં સત્સંગ વિચરણ માટે નીકળેલા. આજથી **૨૦૦ વર્ષો પહેલાં** સત્સંગ કરાવવો ઘણો કઠણ હતો. નંદસંતો ગામડે ગામડે વિચરણ કરે, ત્યારે તેમને કુસંગીઓના અપમાનો અને તિરસ્કાર સહન કરવાં પડતાં. ક્યારેક તો લાકડીઓના માર પણ ખાવા પડતાં. આમ, આવા કચ્છ જેવા અજાણ્યા પ્રદેશમાં સંતો સત્સંગ માટે નીકળ્યાં; તેથી **સળંગ ત્રણ દિવસના ઉપવાસ** થયા. ચાલવાનો પરિશ્રમ અને ત્રણ દિવસના ઉપવાસ, એટલે હવે તેઓ વધુ ચાલી શકે તેમ ન હતાં. ભૂખ્યા-તરસ્યા બન્ને સંતો **ધુફે ગામના પાદરે** પહોંચ્યા.

ગામના કોઈ માણસે સંતોને હમીરનું ઘર બતાવ્યું. સંતો હમીરના ઘરે પહોંચ્યા. નાનકડો હમીર સંતોને જોઈ ખૂબ આનંદમાં આવી ગયો. **અહો ! આ તો મારા સંતો !** સંતોને ઘરમાં પધરાવ્યા ને દંડવત્ કર્યા. સંતોએ હમીરને પૂછ્યું: તારા પિતાજી ક્યાં છે ?

હમીરે જવાબ આપ્યો : મારા માતા-પિતા તો **ગઢપુર સમૈયો** કરવા ગયા છે.

બાળકની વાત સાંભળી સંતોએ બીજા ઘરે જવાની તૈયારી કરી. ત્યારે હમીર સંતોના પગમાં ચોંટી પડ્યો ને બોલ્યો: **ઠાકોરજીનો થાળ બનાવી તમે જમો અને પછી બીજા ઘરે જવું હોય તો જજો. જો તમે આજે મારે ઘરે નહિ જમો તો હું પણ ઉપવાસ કરીશ.**

હમીરની કાલી-ઘેલી વાતો સાંભળી બન્ને સંતો રાજી થયા અને હા કહી.

હમીરે થાળ માટે સીધુ તૈયાર કરી આપ્યું. સંતોએ થાળ બનાવ્યો. પોતે જમ્યા અને હમીરને પણ જમાડ્યો.

સંતોને ત્રણ દિવસના ઉપવાસ હતા અને હમીરનો ભાવ-પ્રેમ-વિવેક જોઈ બન્ને સંતો ખુબજ રાજી થયા.

બન્ને સંતોએ હમીરને કહ્યું: હમીર ! તે અમારી ખુબ સેવા કરી. તારે અમારી પાસેથી જે કાંઈ જોઈતું હોય તે માંગ !!

હમીર વિચાર કરવા લાગ્યો ને બોલ્યો: સંતો ! આપ જો આપવા જ માંગતાં હોવ તો **''તમારી વાહલામાં વાહલી વસ્તુ''** હોય તે મને આપો !!


સંતો પણ આજે અદળક દળ્યા હતા. સંતોના મુખમાંથી આશીર્વાદના શબ્દો સરી પડ્યા: **''હમીર અમને તો વાહલામાં વાહલા ભગવાન છે.'' માટે જાવ ! આજથી તારી નિરાવરણ દૃષ્ટિ થાવ ! આજથી તને અખંડ ભગવાન દેખાશે, અને મહારાજ જ્યાં જ્યાં લીલાઓ કરતા હશે તે પણ દેખાશે.**

અને ખરેખર બન્યું પણ એવુંજ !! જે કઠણમાં કઠણ સાધન છે તે આજે **સંતકૃપાથી** સરળમાં સરળ બન્યુ. **હમીરને અખંડ ભગવાન અને ભગવાનની લીલાઓ દેખાવા લાગી.** સંતો આશીર્વાદ આપીને બીજે ગામ ગયા.

આ બાજુ થોડા દિવસ બાદ ગઢડેથી તેના માતા-પિતા પાછા આવ્યાં. હમીરે ગઢડામાં થયેલી બધી જ લીલાઓ કહી સંભળાવી. માતા-પિતાને આશ્ચર્ય થયું. ત્યારે હમીરે બનેલી તમામ ઘટના કહી સંભળાવી.

આ હમીર મોટો થઈ ભુજ મંદિરમાં સાધુ થયો ને **''અચ્યુતદાસ સ્વામી''** નામ પડ્યું.

સાધુના સંગથી મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. સંતની સેવા થાય એજ ઘરમાં રહેવાનું ફળ છે. સંતોના દર્શન કરવાથી, વાતો સાંભળવાથી, નમન કરવાથી, સ્પર્શ કરવાથી, ભોજન કરાવવાથી, તેમને બહુ પ્રકારે રાજી કરવાથી અનેક જન્મોના પાપો બળીને ભસ્મ થઈ જાય છે. સંતનો રાજીપો થાય તો રંક હોય તો રાજા થાય ને ભૂંડુ પ્રારબ્ધ હોય તો રુડું થાય છે. શ્રીહરિ પણ સંતોનો ખુબ મહિમા સમજતા, સેવા કરતા, દંડવત્ કરતા. માટે જેવું હેત સગા-વાહલા સાથે છે તેવું હેત સંતોમાં કરવું.



કડીગાન વિભાગ



- **એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા ।**
  જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા ॥
  એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી ।
  કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી ॥
  (ચોસઠપદી)
- **કરી પ્રીત કોઉ ભોજન કરાવે,**
  તા કર સંસૃતિ રહન ન પાવે ।
  પૂજત સાધુ કરી વિવેકા,
  લહત પરમ પદ સો હમ દેખા ॥ (હ.ચ.સા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સંત હરિના હાથમાં હાથ સોપે છે. સંત મળે ત્યારે જ ભવરોગ ટળે છે. તેમના ચરણની રજ પામવી જીવને દુર્લભ છે. સંતની ચરણ રજ જે માથે ચડાવે તે ભગવાનની સમીપે વાસ કરે છે. (હ.ચ.સા -૩।૩૬)
- અને બાપના હૈયામાં સ્ત્રી છે તે છોકરાને પરણાવે છે; ને સાધુના હૈયામાં ભગવાન છે તે જીવના હૈયામાં ઘાલે છે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૭૫)
- એકાંતિક સાધુ વિના બીજા કોઈને જીવનું સાચું હેત કરતાં આવડે નહિ ને બીજા તો હેત કરે તે ઇન્દ્રિયોનું પોષણ કરે, તેમાં તો મૂળગું અવળું થાય.(ગુણાતીતાનંદ સ્વામીની વાતો -૩/૯૨)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોમાં સંપ્રદાયના મુખ્ય સંત તરીકે કોનું નામ છે ? **મુક્તાનંદ સ્વામી.**

(૨) વચનામૃતમાં મુક્તાનંદસ્વામીના કુલ કેટલા પ્રશ્નો છે ? **૯૦**

(૩) સ્વામિનારાયણ ભગવાન કયા સંતની મર્યાદા રાખતા હતા ? **મુક્તાનંદ સ્વામી.**

(૪) મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે સદ્‌ગુરુ તરીકે કયાં ગામમાં નીમ્યાં હતા ? **આદરજ ગામ**

(૫) શ્રીજીમહારાજે ક્યાં રસોઈયા જેવું સ્વરૂપ ધારણ કર્યું હતું ? **લોયાધામ.**

જાણવા જેવું

શ્રીજીમહારાજે સ્વહસ્તે બંધાવેલ છ મંદિરો અને દેવોનાં નામ

(૧) અમદાવાદ - શ્રી નરનારાયણ દેવ
(૨) ભુજ - શ્રી નરનારાયણ દેવ
(૩) વડતાલ - શ્રી લક્ષ્મીનારાયણ દેવ
(૪) ધોલેરા - શ્રી મદનમોહનજી મહારાજ
(૫) જુનાગઢ - શ્રી રાધારમણ દેવ
(૬) ગઢપુર - શ્રી ગોપીનાથજી મહારાજ

- **આટલું અવશ્ય કરો**

  શૌચ જઈને હંમેશા માટી-પાવડર અથવા સાબુથી **૧૭ વાર** હાથ ધુઓ અને વસ્ત્રે સહિત સ્નાન કરો. લઘુશંકા કર્યા બાદ પાણીથી હાથ-પગ અવશ્ય ધુઓ. જ્યાં પવિત્રતા છે ત્યાં પ્રભુનો વાસ છે.

- **આ ટેવ પાડો**

  સવારે ઉઠીને અને રાત્રે સુતાં પહેલાં પથારીમાં બેસીને આંખો બંધ કરીને ભગવાનનું સ્મરણ કરો.

- વહેલાં સુવે, વહેલાં ઉઠે વીર। બળ બુધ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર ॥

  Early to bed and early to rise makes a man healthy wealthy and wise.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) કયા સંતો કચ્છ પ્રદેશમાં સત્સંગ કરાવવા ગયા હતા ?

(૨) કચ્છના કયા ગામમાં સંતોને જમવાનું મળ્યું ?

(૩) હમીરમાં કયા કયા સદ્‌ગુણો હતા ?

(૪) આજથી ૨૦૦ વર્ષ પહેલાં સત્સંગ કરાવવા સંતોને શું-શું સહન કરવું પડતું ?

(૫) હમીરે સંતોને જોઇને શું કર્યું ?

(૬) સંતોએ હમીરને શું આશીર્વાદ આપ્યા ?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) ગઢપુર	(૧) શ્રી રાધારમણદેવ
(૨) ભુજ	(૨) શ્રી લક્ષ્મીનારાયણદેવ
(૩) વડતાલ	(૩) શ્રી નરનારાયણદેવ
(૪) લોયાધામ	(૪) શ્રી ગોપીનાથજી મહારાજ
(૫) જુનાગઢ	(૫) શાકોત્સવ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) એવા સંત જમે .....

(૨) કરી પ્રીત .....

સભા-૧૮ : મુક્તમુનિનું માતૃત્વ

મુક્તાનંદ સ્વામી એટલે સાધુતાની મૂર્તિ.

મુક્તાનંદ સ્વામી એટલે સદ્‌ગુણોના સાગર.

મુક્તાનંદ સ્વામી એટલે મહારાજનું જ સ્વરૂપ.

મુક્તાનંદ સ્વામી એટલે પાંચસો પરમહંસોમાં મુખ્ય સંત.

મુક્તાનંદ સ્વામી એટલે અક્ષરધામના અનાદિ મુક્તોમાં પણ મુખ્ય.

●●●●●

શ્રીજીમહારાજનાં સંબંધવાળા તમામ સંતો-ભક્તોનો મુક્તાનંદ સ્વામી ખૂબજ મહિમા સમજતા ને તેમનાં પર દયા-પ્રેમ-કરુણા રાખી તેમનું હિત થાય તેવુંજ ચિંતવન કરતા.

એકવાર મુક્તાનંદ સ્વામી **સંસ્કૃત ભણનારા વિદ્યાર્થી સંતોને** લઈને **વડતાલ** પધાર્યા હતા. સ્વામી સંતોને ભણાવે ને સંતો પણ **રાત્રે મોડા સુધી અભ્યાસ કરે.** તેવામાં એક દિવસ રાત્રે ભણનારા **નાના સંતોને** ખૂબજ ભૂખ લાગી. તેઓ **ભંડારમાં** ગયા ને **બપોરના સુકા-ટાઢા રોટલા** હાથમાં લઈ જમવાં લાગ્યાં. જોગાનુજોગ મુક્તાનંદ સ્વામી માળા ફેરવતાં-ફેરવતાં અચાનક ભંડારમાં આવી ચડ્યા. સ્વામીને અચાનક આવેલાં જોઈ નાના સંતો ડરી ગયા; ક્ષોભ પામ્યા; તેમના હાથમાંથી રોટલાના ટુકડાં નીચે પડી ગયા ને શરમાઈને નીચું જોઈ ગયા.

આ જોઈ મુક્તાનંદ સ્વામીને પણ ક્ષોભ થયો. તેમને થયું મને દેખીને સંતો ડરે તે બરાબર નહિ ને ભૂખ્યાં રહે તે પણ ઠીક નહિ. તેઓએ તરત જ સામેથી સંતોને કહ્યું: **સંતો !**



મને પણ ખૂબજ ભૂખ લાગી છે. જો રોટલો હોય તો મને પણ આપો. હું પણ જમું.

સ્વામી પણ ભોજન કરવા આવ્યાં છે એમ જાણીને સંતોના હૃદયમાં ઠંડક વળી. સ્વામીને **છાશ** ને **રોટલો** પીરસ્યો. નાના સંતો સાથે બેસીને સ્વામી જમ્યાં. સંતો રાજી રાજી થઈ ગયા.

હકીકતમાં સ્વામીને ભૂખ નહોતી લાગી, પણ સંતોને જોઈ છાના માના ચાલ્યાં જાત તો સંતો ગભરાઈને જમવાનું છોડી દેત; ને ભુખ્યા રહેત. માટે સ્વામીએ દિલમાં દયા લાવીને પોતાના અધિક નિયમનો ત્યાગ કરી; સમયસુચકતા વાપરીને ભૂખ્યાં સંતો સાથે જમવા બેસી ગયાં.

આ પ્રસંગને જાણીને લોયાનાં છઠ્ઠા વચનામૃતમાં સ્વામીને ઉદ્દેશીને જ શ્રીહરિ કહે છે કે **મુક્તાનંદ સ્વામી જેવાં હોય અને સર્વથી સરસ વર્તમાન પાળતા હોય તેને કરીને બીજા સંતોને ઉદ્વેગ થાય કેમજે એની બરોબર વર્તાય નહિ તે સારું યદ્યપિ તે ગુણ મોટો છે; તોપણ તેનો ત્યાગ કરીને સર્વ સંતની બરોબર વર્તવું અને બરોબર વર્તવારૂપ દોષ છે તેનું ગ્રહણ કરવું.**

આમ, સમયસુચકતા વાપરી ધર્મ-અધર્મનો યોગ્ય નિર્ણય લેવો એ પણ એક **મોટી સાધુતા** છે. મુક્તાનંદ સ્વામી નાના-મોટા સાજા-માંદા સર્વની ભેદભાવ વિના યથોચિત સંભાળ રાખતા ને સેવા કરતા. આવા અનેક ગુણો સ્વામીમાં સ્વાભાવિક હતા.

જોબનપગી જેવાં લૂંટારાને સત્સંગ કરાવવાનો હોય કે આંબાશેઠ, બોદાકમાણગર, કે ચૈતન્યાનંદ સ્વામી જેવાં કોઈનો સત્સંગમાંથી પાછો પગ પડી ગયો હોય; સર્વને દયાળુ સ્વામી સમજાવીને સત્સંગમાં રાખતાં.

જેમ માતા બાળકની ચિંતા રાખે તેમ મુક્તાનંદ સ્વામી પણ સમગ્ર સત્સંગની ચિંતા કરતા ને જેમ સંતો-ભક્તોનું હિત થાય તેમ કરતાં તે વચનામૃતમાં મુક્તાનંદસ્વામીનાં પ્રશ્નોથી ચોખ્ખું જણાય આવે છે.

કડીગાન વિભાગ

મુક્તમુનિ સમ સંત ન કેહું, સર્વોપરી હમ જાનત તેહું।
માહાત્મ્ય કે ગુણ હે અધિકાઈ, દિનદિન પ્રતિ લેત ચટાઈ ॥ (હ.ચ.સા. ૮/૧૪)

સર્વોપરી સંત શ્રી મુક્તાનંદ સ્વામી

★ શ્રીજીમહારાજ કહે છે :-

— મુક્તાનંદ સ્વામીનાં સમાન કોઈ સંત નથી. હું તેમને સર્વશ્રેષ્ઠ સાધુ જાણું છું. તેમનું અંગ માહાત્મ્યનું છે. દિન-પ્રતિદિન તે મહિમાનું અંગ વધતું જ જાય છે. (હ.ચ.સા. ૮/૧૪)


— આ મુક્તાનંદ સ્વામી સર્વ સંતમાં શ્રેષ્ઠ છે. સત્સંગની ''માં'' છે અને અમારા પણ ગુરુ છે. મુક્તોમાં સહુંથી મહાન મુક્તાનંદ સ્વામી કહેવાય. (હ.ચ.સા. ૪/૭૬)

— સ્વામી ! અનંતકોટિ બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંતકોટિ બ્રહ્માંડમાં કર્યું થાય છે. પણ તેને તમે જાણતા નથી.

(ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૬)

— ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવાં મોટા હોય તેના નામ લઈને તેની પ્રાર્થના કરવી. તો ભુંડાઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય. પણ એ વિના બીજો એવાં ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.

(વ.લો.૬)



- મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. (વ.મ.૬૨)
- હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે તે નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય. (વ.લો.૧૩)
- અમે સ્વામીના દર્શન થયા મો'ર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. (વ.લો.૩)
- હે સંતો ! તમારે સર્વેને પણ મુક્તાનંદ સ્વામીની જેમ મધુરવાણી બોલતાં શીખવી પણ કઠોર વાણી બોલતા શીખવી નહિ. (અદ્‌ભુતાનંદસ્વામીની વાતો-૨૧૫)
- અમને સંકલ્પ થાય છે જે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ. પછી સાચવવા ન પડે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૦૭)
- કામ-ક્રોધાદિકના જોરને હટાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે અને તે તમારા જીવમાં રહ્યો છે. (વ.ગ.મ.૨૭)
- સ્વામી ! તમે તમારી મોટ્યપને જાણો છો ? ત્યારે સ્વામી કહે, ના, મહારાજ ! હું જાણતો નથી. ત્યારે મહારાજ કહે કે ''અલ્પ જેવો જીવ હોય અને તમે એમ સંકલ્પ કરો જે, આ જીવ ઠેઠ અક્ષરધામમાં જાય. તો તે જીવ અક્ષરધામમાં જઈને પૂગે; એવું તમારા સંકલ્પનું બળ છે અને તમારી મોટ્યપ તો અપાર છે. (અક્ષરાનંદસ્વામીની વાતો-૮૧૧)
- મહારાજે તેરા ગામથી કાગળ લખાવ્યો જે, ''વર્ષ દહાડામાં એક મહિનો સર્વે સાધુ-સત્સંગીને મુક્તાનંદ સ્વામીની વાત સાંભળવી. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૩/૧૦)

- મુક્તાનંદ સ્વામીનો તો એક જ સરખો રંગ છે. તેમના રંગનો ક્યારેય ભંગ થતો નથી. તેમના એકસરખા રંગને જોઈને અમે તેમને ગુરુ માનીએ છીએ અને સત્સંગના જેટલા સદ્‌ગુણ કહેવાય છે તે બધા તે સ્વામીમાં રહ્યાં છે. (હ.ચ.સા. ૧૮/૨૧)
- મુક્તાનંદ ગુરુ છે અમારા, ગુરુ જાણવા તે તો તમારા. (હરિલીલામૃત : ૭/૪૭/૩૦)
- મુક્તમુનિ બહુ નિપુણ છે, અમારી મરજી પ્રમાણેજ અનુસરે છે. તેમની તુચ્છતા સમજે, તે ગુરૂ કે રાજાઓ ધિક્કારને પાત્ર છે. (હ.ચ.સા. ૧૯/૪૧)

★ પરમહંસો કહે છે :-



- **ગોપાળાનંદ સ્વામી કહે છે :-** સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે તો મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું. (ગોપાળાનંદ સ્વામીની વાતો - ૨/૯)
- **નિત્યાનંદ સ્વામી કહે છે :-** આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદ સ્વામી જેવો બીજો કોઈ સમર્થ પુરુષ નથી. તે તો એ એક જ છે ! માટે તેમનાં જેવો બીજો હું ક્યાંથી લાવું ?! (અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૯૧)
- **ગુણાતીતાનંદ સ્વામી કહે છે :-** મુક્તાનંદ સ્વામી જેવા સાધુ વાત કરે, તે બે હજાર માણસોની સભા બેઠી હોય તે સહુના સંકલ્પના ઉત્તર થાતા જાય. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૩૨૩) મુક્તાનંદ સ્વામી જેવા સાધુનો અહોરાત્રી નિરંતર સમાગમ કરે, ત્યારે પૂરા સાધુ થવાય ! (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૫/૩૦)
- **બ્રહ્માનંદ સ્વામીએ** મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું: સ્વામી ! તમારે તો દર્શન દેવા પણ વાતો કરવી નહિ. કેમજે તમારી વાતો સાંભળીને કોઈ બીજે જશે જ નહિ. તમારા સમાગમ માટે તમારી પાસે રહેશે. માટે તમારે તો દયા રાખવી પણ વાતો ન કરવી. (અક્ષરાનંદ સ્વામીની વાતો : ૮૨૫)
- **અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે કે :** મને શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે આ મુક્તાનંદ સ્વામીને અમારી જગ્યાએ વેમારડી તેડી જાઓ. અને અમારી સેવા કરો તેમ સ્વામીની સેવા-પૂજા કરજો. મુક્તાનંદ સ્વામીની સેવા-પૂજા કરવાથી અમારી પૂજા થઈ ગઈ ગણાશે. પછી વેમારડીના હરિભક્તોએ ૧૮ દિવસ સુધી સ્વામીને વસ્ત્ર-અલંકાર પહેરાવી હીંડોળે ઝુલાવી મહારાજની જેમજ સેવા-પૂજા કરી, તો મહારાજ ઘણાં રાજી થયા.
  (અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૬૫)
- **આધારાનંદ સ્વામી કહે છે :** આચાર્યપદ સ્થાપવા અંગે શ્રીહરિએ મુક્તમુનિની અંગત સલાહ લીધી. (હ.ચ.સા. ૭/૪) બન્ને આચાર્યોને ઉપદેશ કરવાની આજ્ઞા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કરી. (હ.ચ.સા. ૧૧/૨)

– **જગદીશાનંદ બ્રહ્મચારી કહે છે :-**

મહામુનિવર મુક્તાનંદ, સદ્‌ગુરુ સ્વામી રે,
જેમાં સદ્‌ગુણ શ્રેષ્ઠ અપાર, લેશ ન ખામી રે. મહા...
જેને વંદે સદામુનિવૃંદ, મુખ્ય પ્રમાણી રે,
જેની અમૃતતુલ્ય અમૂલ્ય, ઉત્તમ વાણી રે. મહા...

– **આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કહે છે :-**

સર્વે સદ્‌ગુણના ભૂષણ એવા અને શ્રીહરિના અત્યંત વાહલા શાંત સ્વભાવના સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી હતા.
(શ્રી દુર્ગપુર માહાત્મ્ય-૧૦)

– **આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :-**

નમું મુક્તાનંદ પ્રભુપદ તણા સેવક સદા;
મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા.
કરે વાર્તા જ્યારે સુરસરિત ધારા સમ વહે;
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે.
(શ્રીહરિલીલામૃત - ૧/૧/૩૩)



★ સાંપ્રદાયિક શાસ્ત્રો કહે છે :-

– मुक्तानन्दादयो ये स्युः साधवाश्चाखिलारपि। (शिक्षापत्री-५)
(મુક્તાનંદ સ્વામી આદિક સર્વે સાધુ)

– औध्धवीयाऽग्रणीर्मुनिः। (श्रीमद् सत्संगिजीवन : १/५१/४०)
(રામાનંદ સ્વામીનાં મુખ્ય શિષ્ય મુક્તાનંદ સ્વામી)

– મુક્તમુનિ વડોદરામાં શાસ્ત્રાર્થ જીત્યા ત્યારે કેટલાક સંતો પ્રસન્ન ન થયાં અને કટાક્ષ કર્યો ત્યારે શ્રીહરિ કહે: મુક્તમુનિ જે સર્વોપરી સંત છે અને અમે પણ ગુરુ માનીએ છીએ. તોય અમારી પણ મહોબત રાખી નહિ. શ્રીહરિ ઉદાસ થઈ ગયા અને કહે: હવે અમે વનમાં જઈને રહીશું. ત્યારે બ્રહ્મમુનિએ રોકડું પરખાવ્યું: ''મુક્તમુનિ આવે ત્યારે રજા દઈશું. ત્યાં સુધી રહો. તમને સત્સંગનો અધિકાર મુક્તમુનિએ આપ્યો છે. તમે બન્ને ગુરુ શિષ્ય તમારી વાત જાણો. અમે એમાં કાંઈ જાણીએ નહિ.
(હ.ચ.સા. ૧૮/૧૪,૨૦,૨૧)



– શ્રીહરિએ મુક્તમુનિને બોલાવીને પોતાના પલંગ ઉપર બેસાડ્યા ને પોતે પલંગ પરથી ઉતરીને મુક્તમુનિની

આરતી ઉતારી, દંડવત્ કર્યા. (હ.ચ.સા. ૧૮/૩૦)

- શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને સંપ્રદાયના આદ્ય કવિ સંબોધીને તેમના ગાયનની ખૂબજ પ્રશંસા કરી. (હ.ચ.સા. ૮/૬)
- મુક્તાનંદ સ્વામી જ્યાં સુધી પોતાના પદો ગાતા હોય ત્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી પોતાના પદ ગાતા નહિ. આ રીતે તેઓ મુક્તાનંદ સ્વામીની અપાર મર્યાદા રાખતા. (હ.ચ.સા. ૨૮/૬૨)
- મુક્તાનંદ સ્વામી આદિક સાધુના જે કાવ્ય-કીર્તન તે ગાવવાં ને સાંભળવા. (ગ.મ.૩૫)

શ્રીહરિ ખુદ મુક્તાનંદ સ્વામી અને એમના પદોને પ્રામાણિત કરે છે. એટલું જ નહિ પણ અનેક ધામોમાં પણ મુક્તમુનિના કીર્તનો બોલાય છે અને ત્યાંના મુક્તોને તેમના કીર્તનોમાંથી આનંદ-સુખ આવે છે. ગ.મ.૧૯ વચનામૃતમાં શ્રીહરિ કહે છે ગોલોકધામવાસી પણ મુક્તમુનિના કીર્તનો ગાય છે.

- ગુરુદેવના રચેલા પદો શિષ્યો ગાઈ તેમાં નવાઈ નહિ પણ શિષ્યના રચેલા પદો ગુરુદેવ ગાય તે શિષ્ય માટે ગૌરવસ્પદ છે. રામાનંદ સ્વામી પણ મુક્તાનંદ સ્વામીના રચેલા પદો સ્વયં ગાતા. (હરિલીલામૃત : ૪/૧૭)
- જેમને ૧૦,૦૦૦ જેટલા પદો તથા સંસ્કૃત, પ્રાકૃત ભાષાના ૩૨ જેટલા નાના-મોટા ગ્રંથો લખ્યા છે.

★ ઈતિહાસનાં પુરાવા કહે છે :-

- શુકાનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામીએ દીક્ષા આપી હતી. (અક્ષરાનંદસ્વામીની વાતો-૩૯૬)
- ખુશાલભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) સાધુતાના સદ્‌ગુણો શીખવા માટે મુક્તાનંદ સ્વામી પાસે રહ્યાં હતા. તેમની નિષ્કપટભાવે સેવા કરતા હતા. ને મુક્તાનંદ સ્વામીનો સમાગમ પળવાર પણ છોડતા નહિ. તેમને મુક્તાનંદ સ્વામી ઉપર ઘણું હેત હતુ. (હ.ચ.સા. ૧૮/૪૨)
- ખુશાલભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) પણ મુક્તાનંદ સ્વામી પાસે રહીને રામાનુજાચાર્ય કૃત ગીતાભાષ્ય ભણ્યાં હતા. (હ.ચ.સા. ૧૮/૯૧, ૨૦/૩૨)
- બ્રહ્માનંદ સ્વામી સરોદ વગાડવાનું મુક્તાનંદ સ્વામી પાસે શીખ્યા હતા. (હ.ચ.સા. ૧૦/૩૫)
- શુકમુનિના ચઢતા રંગની પ્રશંસા કરતા થકાં, સાખ મુક્તાનંદ સ્વામીની આપી છે કે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.

(વચ.કા.૩)



- વડોદરાના મોટા મોટા પંડિતો શોભારામ, નરભેરામ, ચિમનરાવજી, વગેરે તથા માયારામભટ્ટ, દિનાનાથ ભટ્ટ, રામપ્રતાપભાઈ, ગોંડલના દરબાર, જોબનપગી, આદિક મોટા મોટા ભક્તોને પૂર્ણપુરુષોત્તમનો નિશ્ચય કરાવ્યો. તેમજ ગોંડલ, રાજકોટ, વડતાલ, વડોદરા, ઉમરેઠ, અમદાવાદ, સુરત, ભુજ આદિક મોટા મોટા શહેરમાં સ્વામીએ સત્સંગના પાયા નાખ્યાં. (હ.ચ.સા. ૩/૪૩,૬૦,૬૧)
- વડોદરામાં શાસ્ત્રાર્થ જીતી ''स्वामिनारायणो विजयतेतराम्'' નું સૂત્ર અપાવનાર સ્વામી જ હતાં.
- વચનામૃત ગ્રંથના આદ્યસંપાદક પૂજ્ય સ્વામી જ હતા. વચનામૃતમાં આવેલ તમામ જ્ઞાનચર્ચાને અક્ષરદેહ આપવાનું સૌ પ્રથમ કાર્ય શ્રીહરિની આજ્ઞાથી મુક્તમુનિને કર્યું હતું. ''શ્રીહરિએ મુક્તમુનિને આજ્ઞા કરી કે, ''અમે જે વાત કહીએ તે સંભાળપૂર્વક લખી લેવી. શ્રીહરિ જેમ જેમ વાત કરતા તે મુક્તમુનિ બરાબર યાદ રાખતા. શ્રીહરિ તેમને પૂછતાં, પછી શુકમુનિ, આધારાનંદ મુનિ, શાંતમુનિ તથા દહરમુનિ આ ચાર મુક્તમુનિ કહે તે પ્રમાણે શ્રદ્ધાપૂર્વક લખી લેતા. (હ.ચ.સા. ૩/૧૪,૨૧)

★ અનુભૂતિ કહે છે :-



- વચનામૃત લોયા-૩ માં માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તોની નામાવલીમાં, સંતોમાંથી મુક્તાનંદ સ્વામી એકનું જ નામ આવ્યું છે. (વચનામૃત લોયા-૩)
- જેમને સમગ્ર સત્સંગના હિત માટે વચનામૃત ગ્રંથમાં સૌથી વધારે ૯૦ પ્રશ્નો પૂછ્યા છે.
- સંપ્રદાયના દરેક શાસ્ત્રમાં મુક્તાનંદ સ્વામીનું નામ પ્રથમ છે અને શ્રીહરિએ પણ ઘણીવાર પોતાની પાઘ, માળા, વસ્ત્રો સ્વામીને પહેરાવ્યા છે, ને રથમાં, મેણામાં, હાથીની અંબાડીએ બેસાડ્યા છે, ને પોતાની જગ્યાએ વેમારડી, વડથલ, વડતાલ જેવા અનેક ગામોમાં મોકલ્યાં છે.
- જેઓ સદ્‌ગુરુ હોવા છતાં, ૫૦૦ પરમહંસોમાં મુખ્ય હોવા છતાં, ભરી સભામાં પગમાં ઘુંઘરા બાંધી નૃત્ય કરે છે ને ગાય છે:

  ''હું તો છું ઘણી નગણી નાર તોય તમારી રે.''
- મુક્તમુનિના વાણી-વર્તનમાં વડીલ હોવાની તોછડાઈ ન હતી, વિદ્વાન હોવાનો ભાર ન હતો, સંગીતજ્ઞ હોવાનો રૂઆબ ન હતો. શ્રીજીમહારાજ તેમને ગુરુ માનતા પણ તેઓ સત્સંગમાં દાસભાવ રાખી - દિવ્યબુદ્ધિ રાખીને દાસીભાવે શ્રીહરિને ભજતા. નાના-મોટા દરેકની વાત્સલ્યપૂર્ણ અને મહિમાપૂર્વક સંભાળ લેતા. તેથી સ્વયં મહારાજે તેમને **''સત્સંગની માં''**નું બિરુદ આપ્યુ હતું.

★ પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-

ઓ મુક્તાનંદ સ્વામીના છોકરાઓ ! આપણા આદિગુરુદેવ મુક્તમુનિના કુળમાં આપણને મહારાજે જન્મ આપ્યો છે માટે તેમના જેવા સદ્‌ગુણો લાવવા માટે પ્રયત્ન કરો.

પ્રશ્નોત્તર વિભાગ

(૧) મુક્તાનંદ સ્વામીને કયા-કયા વાદ્યો વગાડતાં આવડતું હતું ?

વીણા, સરોદ, ચુગન નામનું મોરચંત્ર.

(૨) મુક્તાનંદ સ્વામીએ નૃત્ય દ્વારા કંકુથી શેનું ચિત્ર દોરેલું. ? **ગઢપુરમાં હાથીનું ચિત્ર.**

(૩) મહારાજે મુક્તાનંદ સ્વામીને શું આજ્ઞા કરી હતી ? **દેહ રહે ત્યાં સુધી શાસ્ત્ર રચવાની.**

(૪) મુક્તાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર કેટલા વર્ષો રહ્યાં ? **૮૪ વર્ષ.**

● **આવું વાણી વર્તન રાખો**

હંમેશા બધાનું સન્માન કરો. કોઈનું કદી અપમાન કે તિરસ્કાર ન કરો. બધા સાથે મધુર વાણી બોલો. પોતાનાથી ઉંમર,પદ કે અધિકારમાં કોઈ નાનું હોય તો તેમની સાથે પણ વિનય-વિવેક, પ્રામાણિકતા ને શિષ્ટાચારભર્યો વ્યવહાર કરો. હંમેશા સત્ય બોલો.અસત્ય બોલનાર પ્રત્યે લોકો વિશ્વાસ કરતાં નથી. ખોટું બોલનાર વ્યક્તિ પ્રતિષ્ઠાહિન થઇ જાય છે.

● **મારો દ્રઢ ઠરાવ**

હે મહારાજ ! મુક્તાનંદ સ્વામી ! હે દાદાગુરુજી ! હે વહાલા ગુરુજી ! મારે આપનો લાડલો આદર્શ બાળક બનવુંજ છે. આપ મને આશીર્વાદ આપજો. હું જરૂર મહેનત કરીશ.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉતર આપો.

(૧) મુક્તાનંદ સ્વામીએ સંતોને રોટલા જમતાં જોઈ શું કર્યું ? શાં માટે ?

(૨) મુક્તાનંદ સ્વામી વિશે શ્રીહરિ લોયાના છઠ્ઠા વચનામૃતમાં શું કહે છે ?

(૩) મુક્તાનંદ સ્વામી સર્વશ્રેષ્ઠ સંત છે એવું ક્યાં શાસ્ત્રમાં અને ક્યાં આવે છે ?

(૪) ભુંડાઘાટ સંકલ્પ થાય ત્યારે શું કરવું ?

(૫) મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. આ વાક્ય ક્યાં વચનામૃતનું છે ?

(૬) શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી વિષે શું કહે છે ?

(૭) નંદસંતોના મતે મુક્તાનંદ સ્વામી વિષે જણાવો

(૮) સાંપ્રદાયિક શાસ્ત્રોમાં મુક્તાનંદ સ્વામીનો મહિમા કંઈ રીતે વર્ણવ્યો છે. ? જણાવો

(૯) મુક્તાનંદ સ્વામી કંઈ કંઈ કળાઓમાં નિપૂણ હતા ?

(પ્રશ્ન-૨) પંક્તિ પૂર્ણ કરો.

(૧) મુક્તમુનિ સમ.....

સભા-૧૯ : છત્રપતિ શિવાજી મહારાજ

શિવાજી મહારાજને કોણ નથી ઓળખતું? **મહારાષ્ટ્રના તેઓ મહાન મરાઠા રાજા. તેમના માતાનું નામ જીજાબાઈ.** શિવાજી જ્યારે નાના હતા ત્યારે જીજાબાઈએ દેશપ્રેમ, ધર્મપ્રેમ, સાહસ, નીડરતાના હાલરડા ગાઈ-ગાઈને શિવાજીમાં સંસ્કારોનું સિંચન કર્યું હતું. રોજ રાત્રે રામાયણ, મહાભારત અને પુરાણોની વીરકથાઓ સાંભળ્યા પછી જ શિવાજી સુતા. પરિણામે શિવાજી ઘણી નાની ઉંમરથી જ વીર, નીડર અને ધર્મપ્રેમી હતા.

તેઓ બાળપણમાં બાળકોની ટોળી બનાવી તેમનું નેતૃત્વ કરતાં ને યુદ્ધના ખેલો



ખેલતાં. તેમણે બાળપણથી જ વિધર્મીઓથી **હિન્દુ ધર્મનું રક્ષણ, દેવમંદિરોનું રક્ષણ** અને **ગૌમાતાનું રક્ષણ** કરવાની દૃઢ ટેક લીધી હતી. તેમના જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવી પણ તેમને પોતાની ટેક ન છોડી. એટલું જ નહિ; પોતાની ટેક ખાતર પોતાનો પ્રાણ પણ કુરબાન કરી દીધો.

૧૭મી સદીમાં ભારતના મોટાભાગના પ્રદેશો મુસ્લીમ શાસકોની સત્તા નીચે હતા. ત્યારે શિવાજીએ પ્રજાની આ ગુલામી માનસિકતામાં એક નવી ચેતના જગાવી, ને હિન્દુઓમાં **સ્વદેશ પ્રેમ** અને **ધર્મપ્રેમની** ભાવના બુલંદ બનાવી. ક્રૂર અને ધર્માંધ ઔરંગઝેબ જેવાને હંફાવ્યા ને વિશાળ **''હિન્દુ સ્વરાજ્ય''** ની સ્થાપના કરી. જો ભારતવર્ષને શિવાજી જેવા વીર સપૂત ન મળ્યાં હોત તો ભારત વર્ષનો ઈતિહાસ આજે કંઈક જુદોજ હોત !!

★ ★ ★

છત્રપતિ શિવાજી મહારાજ જેવા **દેશભક્ત** હતા તેવાજ **ગુરુભક્ત** પણ હતા. તેઓ **સ્વામી રામદાસના** શિષ્ય હતા. સ્વામી રામદાસ એક સમર્થ સંત હતા. પોતાનો સમગ્ર રાજ્ય-કારભાર સ્વામી રામદાસના માર્ગદર્શન પ્રમાણે જ કરતાં. તેઓ શિવાજીની અનેક કસોટીઓ પણ કરતાં અને શિવાજી તેમાં પાર પણ ઉતરતા.

એકવાર સ્વામી રામદાસે શિવાજીની કસોટી કરવાનો વિચાર કર્યો. શિવાજીને તેઓએ રાત્રે સ્વપ્નમાં દર્શન આપ્યા. સ્વપ્નમાં શિવાજીએ જોયું કે... **તેઓ દરબારમાં સિંહાસન પર બેઠા હતા. સ્વામી રામદાસે તેમની પાસે જઈને ભિક્ષા માંગી. શિવાજીએ સિંહાસન પરથી નીચે ઉતરી પોતાના ગુરુ સ્વામી રામદાસને દંડવત્ પ્રણામ કર્યા ને સ્વપ્ન પૂરું થયું.**

બીજે દિવસે શિવાજી ગુરુ પાસે પહોંચ્યા ને સ્વપ્નની વાત કરી.


શિવાજીએ કહ્યું: **''ગુરુજી ! આ બધુજ આપનુ છે. આપને જે જોઈએ તે માંગો.''** ગુરુ રામદાસે કહ્યું: **તને જે સૌથી વ્હાલું હોય તે તું મને આપ.**

ગુરુ રામદાસની આજ્ઞા સાંભળી શિવાજી તો આશ્ચર્યમાં પડી ગયા. ગુરુદેવને શી ભિક્ષા આપવી તે વિશે તેમને થોડીવાર વિચાર કર્યો.

પછી તરત તેમણે એક ચિઠ્ઠી પર કંઈક લખ્યું. ને એ ચિઠ્ઠી તેમણે સ્વામી રામદાસના ભિક્ષાપાત્રમાં મુકી. સ્વામી રામદાસે ચિઠ્ઠી ખોલીને વાંચી. તેમની પ્રસન્નતાનો કોઈ પાર ન રહ્યો. **શિવાજીએ પોતાનું આખું રાજ્ય ગુરુને અર્પણ કર્યું હતું !!** પછી સ્વામી રામદાસે પોતાના વતી રાજ્ય કરવા જણાવ્યું. શિવાજીએ ગુરુ રામદાસને પ્રાર્થના કરતાં કહ્યું: ગુરુજી ! **આ ત્યાગ અને સમર્પણ મને અને મારી ભાવી પેઢીને કાયમ યાદ રહે તેવી આપને પ્રાર્થના કરું છું.** ગુરુ રામદાસે પોતાની **ભગવી ધજા** શિવાજીને આપીને કહ્યું: **આજથી આ તારા રાજ્યનો ધ્વજ; જે તને અને તારી આવનારી પેઢીને સતત યાદ અપાવશે કે આ રાજ્ય તે મને સોંપી દીધુ હતું. ત્યારથી એ ભગવી ધજા શિવાજીના રાજ્યનો ધ્વજ બની ગઈ.**

શિવાજીની ગુરુભક્તિ ખરેખર અદ્‌ભુત હતી. એકવાર સ્વામી રામદાસની તબિયત ખરાબ હતી, તેની દવા માટે સિંહણના દૂધની જરૂર પડી; તો શિવાજી સિંહણનું દૂધ કાઢીને લઈ આવ્યાં હતાં.

પોતાનાં ગુરુનો રાજીપો મેળવવાં માટે પોતાની સૌથી પ્રિય વસ્તુ ગુરુને સોંપી દેવી. પોતાના ગુરુને તન-મન-ધનથી સમર્પિત થવું. નિર્માની થઈને બધું એમનું જ છે એવી ભાવના સાથે જીવન જીવવું. આપણે પણ શિવાજી જેવી દેશભક્તિ ને ગુરુભક્તિ શીખવી.



કડીગાન વિભાગ



- **મનગમતું મેલી કરી, રહે આજ્ઞાને અનુસારે ।**
  તેજ શિષ્ય સાચા ખરાં, બીજા સરવે સંતાપ નાર ॥
- **ગુરુકૃપાએ સુખ પામીએ, ગુરુકૃપાએ ઉપજે જ્ઞાન ।**
  નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે, તો આપે અવિચળ દાન ॥

(ધીરજાખ્યાન)

- **સૌ સાથે બોલો**

ॐ असतो मा सद्गमय ।

હે પ્રભો ! અમને અસત્યમાંથી સત્ય તરફ લઇ જાઓ.

ॐ तमसो मा ज्योतिर्गमय ।

હે પ્રભો ! અમને અંધકાર તરફથી પ્રકાશ તરફ લઇ જાઓ.

ॐ मृत्योर्मा अमृतं गमय ।

હે પ્રભો ! અમને મૃત્યું તરફથી અમૃત તરફ લઇ જાઓ.

ॐ शांतिः ! शांतिः !! शांतिः !!!

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- અને બાજરો ખાવો ને પ્રભુ ભજવા, બીજું કાંઇ કરવું નથી. ને રોટલા તો ભગવાનને દેવાં છે તે દેશે, દેશે ને દેશે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૨૭)
- કેટલેક રૂપિયે આંખ્ય, કાન આદિક ઇન્દ્રિયો મળે નહિ તે ભગવાને આપ્યાં છે ,પણ જીવ કેવળ કૃતઘ્ની છે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૨૧)
- આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી, ને જે ગાંડો થાય તે ભજે છે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૨૬)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજે ક્યાં સાડી પહેરી હતી ? **લીમડી ગામમાં સગરામ ભગતના ઘરે.**

(૨) શ્રીજીમહારાજે સૌથી વધુ ઉત્સવ કયો કર્યો ? **રંગોત્સવ.**

(૩) શ્રીજીમહારાજને સૌથી વધારે થાળ કોનો ગમતો ? **જેતલપુરના ગંગાબા.**

(૪) દર્શન કરવાની રીત મહારાજે કોની વખાણી ? **ધરમપુરના કુશળકુંવરબાં.**

(૫) શ્રીજીમહારાજે કયા ભક્તની સેવા વખાણી ? **ગઢપુરના ઉકાખાચર.**

જાણવા જેવું

- **ભારત દેશનાં સપૂતોના સૂત્રો**

(૧) ભગતસિંહ - ઇન્કલાબ ઝિંદાબાદ.

(૨) બંકિમચંદ્ર ચેટરજી - વંદે માતરમ્.

(૩) રામપ્રસાદ બિસ્મિલ્લા - સરફરોશીકી તમન્ના અબ હમારે દિલમેં હૈ.
(૪) દાદાભાઈ નવરોજી - સ્વરાજ (શબ્દ આપ્યો)
(૫) બાલ ગંગાધર તિલક - સ્વરાજ મારો જન્મસિધ્ધિ અધિકાર છે.
(૬) ડો.ઈકબાલ - સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા.
(૭) રવીન્દ્રનાથ ટાગોર - જન ગણ મન અધિનાયક જય હૈ.
(૮) સુભાષચંદ્ર બોઝ - તુમ મુઝે ખૂન દો મેં તુમે આઝાદી દુંગા.
(૯) લાલબહાદુર શાસ્ત્રી - જય જવાન, જય કિશાન.
(૧૦) અટલબિહારી બાજપયી - જય જવાન, જય કિશાન, જય વિજ્ઞાન.
(૧૧) નરેન્દ્ર મોદી - સૌનો સાથ, સૌનો વિકાસ.

આટલું યાદ રાખો

- મુક્તાનંદ ચરણ બલિહારી, ગુરુમહિમા હરિસે અધિકાઈ
  ભાગ્ય બડે સદ્‌ગુરુ મેં પાયો.
- ગુરુ કુંભાર શિષ્ય કુંભ, ઘઢી ઘઢી કાઢે ખોટ।
  ભીતર હાથ સંવારકે, ઉપરસે લગાવે ચોટ ॥

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શિવાજી મહારાજે બાળપણમાં કંઈ પ્રતિજ્ઞા લીધી હતી ?
(૨) શિવાજી મહારાજ કોણ હતાં ? તેમની માતાનું નામ શું હતું ?
(૩) ગુરુ રામદાસજીએ શિવાજી મહારાજની કંઈ કસોટી કરી ?
(૪) ઉકાખાચાર કયા ગામના વતની હતા ?
(૫) રાષ્ટ્રગીતની રચના કોણે કરી છે ?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) સ્વામી વિવેકાનંદ	(૧) રામાનંદ સ્વામી
(૨) કુશળકુંવરબા	(૨) વંદે માતરમ્
(૩) બંકિમચંદ્ર ચેટરજી	(૩) ચાણક્ય
(૪) સમ્રાટ ચંદ્રગુપ્ત	(૪) ધરમપુર
(૫) મુક્તાનંદ સ્વામી	(૫) રામકૃષ્ણ પરમહંસ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) મન ગમતું .....
(૨) ગુરુકૃપાએ .....

સભા-૨૦ : પતિવ્રતાની ટેક

ઉત્તર ગુજરાતમાં **વિજાપુર** ગામ છે. ત્યાં **વજીબા** રહેતા હતાં. ગામમાં જે કોઈ સાધુ બાવા આવે તેમની તેઓ ખૂબજ ભાવથી સેવા કરે. એકવાર પરમહંસ **રામદાસ સ્વામી** વિજાપુર પધાર્યા. તેમનું સાધુતાવાળું જીવન જોઈ વજીબા સત્સંગના નિયમો ધારણ કરી કંઠી પહેરી નિષ્ઠાવાન સત્સંગી થઈ ગયા. પછી તેમને બીજા કોઈ સાધુ બાવાનો ભાર ન રહ્યો.

હવે, ચલમ કે બીડી ફૂંકનાર, ગાંજો પીનાર કે રામકીઓ રાખનાર કોઈ સાધુ-બાવા આવે, તો વજીબા તેમને ઘરે બોલાવતાં નહિ ને ઉતારો પણ આપતાં નહિ. આ વાતની શ્રીજીમહારાજને જાણ થઈ, ત્યારે તેમણે વજીબાની પરીક્ષા લેવાનું વિચાર્યું. બ્રહ્મચારીનો વેશ ધારી તેઓ વિજાપુર આવ્યાં. વજીબાના ઘરે જઈ કહે: **''અમે તીર્થવાસી છીએ. એક રાત રહેવા દો. અમને ઉતારો આપો.''** વજીબા કહે: ''જા જા, તારા જેવા ઢોંગી-ધુતારા ઘણાં આવે છે. કોઈ પાસે કલ્યાણ નથી અને સાંભળ તારેય જો કલ્યાણ કરવું હોય, તો સ્વામિનારાયણનો આશરો કર.

શ્રીજીમહારાજ કહે: એ બાઈ ! તને કોઈએ ભરમાવી લાગે છે ! સ્વામિનારાયણ કાંઈ ભગવાન નથી. એ તો... વાતને વચ્ચેથી જ



અટકાવી વજીબા કહે: ''ખબરદાર એક પણ અક્ષર આગળ બોલ્યો છે તો ! તને અને તારા લબાચાને ક્યાંય ફેંકી દઈશ. **અમને સ્વામિનારાયણની પતિવ્રતાની ભક્તિ છે. આ દુનિયામાં સ્વામિનારાયણ સિવાય બીજા કોઈ પાસે આત્યંતિક કલ્યાણ નથી સમજ્યો.** વજીબાની નિષ્ઠા-ખુમારી જોઈ શ્રીજીમહારાજ પણ આશ્ચર્ય પામી ગયાં. પછી ધીરેથી કહે: મૈયા, અમે કાંઈ નહિ બોલીએ અને કાંઈ નહિ માંગીએ. ફક્ત એક રાત રહેવાં દો.

વજીબા ધાર્મિક હૃદયવાળા હતા. તેમને દયા આવી ને બોલ્યા: સારું સારું. સાંભળ. અહીં બહાર **ઓટલા** પર સૂવું હોય તો સૂઈ જા. બીજું કાંઈ માંગતો નહિ. એમ કહી તેઓ ઘરમાં ગયા ને અંદરથી બારણું બંધ કર્યું.

થોડીવાર થઈ એટલે શ્રીજીમહારાજ કહે: મૈયા **પલંગ** હોય તો આપો. વજીબા કહે: પલંગ-બલંગ કંઈ નથી. કંઈ નહિ મલે. સૂવું હોય તો નીચે સૂઈ જા; નહીંતર ચાલતી પકડ. શ્રીજીમહારાજ કહે: અંદરના બીજા ઓરડામાં **રંગીન ઢોલિયો** છે તે કાઢી આપો. વજીબાને નવાઈ લાગી કે બાવો મારા ઘર અંદરની વાત કેવી રીતે જાણી ગયો ? પણ તેમણે વિચાર કર્યો કે આવા ચમત્કારી બાવા તો ઘણાં હોય, મારે શું? એમ વિચારી વજીબાએ પલંગ આપ્યો. થોડીવારે શ્રીજીમહારાજે **ગોદડું** માંગ્યું. વજીબાએ પાછી ''ના'' પાડી. તો શ્રીજીમહારાજ કહે: અંદર ગોદડાની થોકડી છે. તેમાં વચ્ચે **નવું ગોદડું** છે તે આપો. વજીબાને પાછી નવાઈ લાગી.

આમ, **એક પછી એક ચમત્કારના પ્રસંગો બનતા જતાં હતાં,** છતાં વજીબાની નિષ્ઠા જરાય ડગી નહિ. વજીબાતો ગોદડું આપી દરવાજો બંધ કરી સૂઈ ગયાં. પણ આ શું ! અચાનક જ તેમને **તેજ-તેજ** દેખાયું. આગ તો નથી લાગીને ! તે જોવા તેઓ બહાર આવ્યાં. અને જોયું કે **બહાર સૂતેલા બાવાનો પગ લાંબો થયો ને ઘરની બાજુમાં પીંપળો હતો તેને ધક્કો માર્યો તો પીંપળો કૂવા સુધી હટી ગયો. બાવાના જમણાં અંગુઠામાંથી ઝળહળ તેજ નીકળતું હતું !** આવો ચમત્કાર જોઈ કોનું મન ન ડગે ! પણ વજીબાને આ વાતની પણ કાંઈ જ અસર ન થઈ ! તેઓ દરવાજો બંધ કરી આરામથી સુઈ ગયાં.

બીજે દિવસે સવારે શ્રીજીમહારાજે ત્યાંથી વિદાય લીધી. થોડા વખત પછી વજીબા ગઢડા મહારાજના પ્રથમવાર દર્શને આવ્યાં. શ્રીજીમહારાજે તેમને જોયાં કે તરત જ બોલાવ્યાં ને પૂછ્યું: **માજી ! આ ચરણારવિંદને ઓળખ્યા ? તમારા પીંપળે અડ્યા હતા એજ આ ચરણારવિંદ છે કે બીજા ?** વજીબા નવાઈ પામ્યા અને માંફી માંગવા લાગ્યાં. અરે પ્રભુ ! એ આપ હતાં ? મેં તમને ન કહેવાના શબ્દો કહ્યાં માટે મને માફ કરો. ત્યારે શ્રીજીમહારાજ કહે: **તમે તો અમારા સાચા ભક્ત છો. અમે ખુદ ચમત્કાર બતાવી તમને ડગાવ્યાં તોય તમે ડગ્યાં નહિ. જે અમારા ડગાવ્યાં ન ડગે તે બીજાના ડગાવ્યાં ક્યાંથી ડગે !!**

આવા હતાં શ્રીજીમહારાજના ભક્તો ! પાક્કી પતિવ્રતાની ટેક. કોઈ ગમે તેટલાં, ગમે તેવાં ચમત્કાર દેખાડે તોય તેમની નિષ્ઠા જરાય ડગે જ નહિ. આપણેય આવા અનન્ય ભક્ત બનવાનું છે. આપણા ગળામાં પહેરેલી કંઠી આવા આશરાનું જ પ્રતીક છે.

તો વાહલા બાળકો ચાલો; આ પાઠમાં આપણે કંઠી અને તેનાં મહિમા વિષે વિશેષ માહિતી મેળવીએ.

અનન્ય શરણાગતિનું પ્રતીક - કંઠી

(૧) કંઠી શું છે ?



– ભગવાન એક જ છે અને તે સર્વતંત્ર 'સ્વતંત્ર' છે ને તે સર્વાધાર છે ને સર્વેશ્વરેશ્વર છે. ભગવાનને કોઈનો આશરો કે આધાર નથી પણ એમને આશરે ને આધારે સર્વજગત છે. આવા સર્વાધાર, સર્વેશ્વરેશ્વર ભગવાનનો આશરો કરવો તે લાચારી કે પરાધીનતા નહિ પરંતુ ગૌરવ છે. જે પરમાત્માને આધીન થાય છે તેણે બીજા કોઈને આધીન થવું પડતું નથી. **કંઠી એ ભગવાનની અનન્ય શરણાગતિનું પ્રતીક છે. ''હું ભગવાનનો અને ભગવાન મારા''** આ ભાવના દૃઢ કરવા માટે કંઠી છે.

– ભગવાન સિવાયના બધાજ આશરા ક્ષણિક અને નાશવંત છે. શાશ્વત સલામતી ભગવાનના આશરામાં જ છે.

કંઠી એ તાવ ઉતારવાનો કે નોકરી મેળવવાનો કે ધંધો ચલાવવાનો કામણ-ટુમણનો દોરો ધાગો નથી પણ અનન્ય આશરાનું પ્રતીક છે. **''હું ભગવાનને સમર્પિત છું''** એનું સતત અનુસંધાન કંઠી કરાવે છે.

(૨) કંઠી શાની બનાવેલી હોવી જોઈએ ?



તુલસી એ સમર્પણનું પ્રતીક છે. કોઈ પણ પદાર્થનું દાન આપતી વખતે **''આ મારું નથી; ભગવાનનું છે''** એવા ભાવ સાથે તેના પર તુલસીપત્ર મુકવામાં આવે છે. ભગવાનનો ભોગ ધરાવતી વખતે પણ આપણે તુલસીપત્ર મુકીએ છીએ. આજ ભાવના અનુસાર **હે નાથ ! આ તન-મન-ધન-ધામાદિક સર્વસ્વ હવે તમારું છે, મારું કાંઈ નથી.** આ ભાવરૂપે તુલસીપત્રના સ્થાને તુલસીની બેવડી કંઠી ગળામાં ધારણ કરવામાં આવે છે. સુખડ-ચંદન કે અન્ય કાષ્ઠની કંઠી પણ આજ ભાવનાથી ધારણ કરાય છે.

(૩) બે સેરની કંઠી શાં માટે ?

દરેક ધર્મ- સંપ્રદાયના લોકો પોતાની સાંપ્રદાયિક ઓળખ માટે ગળામાં કંઠી, માળા, માદળીયું, રૂદ્રાક્ષ, તાવીજ, ક્રોસ વગેરે ચિહ્નોને ધારણ કરે છે.



આપણા સંપ્રદાયમાં તુલસીની બે સેરની કંઠી પહેરવામાં આવે છે. તેમાં **એક સેર (પરમાત્માની-સ્વામીની) અને બીજી સેર આત્માની (સેવકની) ગણાય છે.** આમ, બન્ને સેર ભેગી થઈને કંઠી બને એટલે આત્મા-પરમાત્માના મિલનના પ્રતીકરૂપે બે સેરની કંઠી પહેરવામાં આવે છે. **સ્વામી-સેવકભાવનું સતત અનુસંધાન બે સેરની કંઠી કરાવે છે.**

(૪) વર્તમાન ધારણ વિધિ :-

ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થઈએ એટલે કંઠી

ધારણ કરાવવામાં આવે છે, જેને **''વર્તમાન ધારણ''** પણ કહેવાય છે. પાક્કા સત્સંગી થવું હોય તો આપણે પ્રથમ વર્તમાન ધારણ કરવા પડે છે.

(૫) વર્તમાન (કંઠી) કોના થકી ધારણ કરવી ?

મુમુક્ષુએ **ધર્મજ્ઞાનાદિક શુભગુણેયુક્ત પરમએકાંતિક સદ્‌ગુરુ સંત** પાસેથી વર્તમાન ધારી કંઠી ધારણ કરવી. ત્યાર બાદ ભક્તિના આધારભૂત ભગવાનની દિવ્યમૂર્તિ તે સદ્‌ગુરુ થકી મેળવી; ગુરુઆજ્ઞા અનુસાર ભગવાનની ભક્તિ કરવી. જેણે આપણને કંઠી પહેરાવી હોય તે આપણા **''ગુરુ''** કહેવાય.

– સ્ત્રીઓએ સાંખ્યયોગી માતાઓ પાસે વર્તમાન ધારણ કરવા.

(૬) કંઠી ધારણ કરતા પહેલાં જમણા હાથમાં જળ અપાય છે અને મંત્ર બોલવામાં આવે છે તે શું છે ?

ભગવાનની શરણાગતિનો સ્વીકાર કરતાં પહેલાં શુદ્ધ થવું જરૂરી છે. જળ મળને દૂર કરી સ્વચ્છતા, પવિત્રતા અર્પે છે. ભગવાનના શરણે જતાં મન-કર્મ-વચને શુદ્ધ થવાના ભાવ સાથે જમણા હાથમાં જળ ધારણ કરવામાં આવે છે. ત્યારબાદ ભગવાનની શરણાગતિનો મંત્ર નીચે પ્રમાણે બોલવામાં આવે છે.

કાળ-માયા-પાપ-કર્મ-યમદૂત-ભયાદ્ અહમ્ ।
શ્રી કૃષ્ણદેવશરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્ ॥



અર્થ :- કાળ-માયા-પાપ-કર્મ-યમદૂત વગેરેના ભયથી ત્રસ્ત (આધિ-વ્યાધિ-ઉપાધિથી પીડિત) હું ભગવાન સ્વામિનારાયણને શરણે આવ્યો છું. તેઓ મારું રક્ષણ કરો.

આમ, બોલાવીને પછી તેનાં ગળામાં તુલસીની બેવડી કંઠી પહેરાવવામાં આવે છે. તુલસીજીએ જેમ ભગવાનને સમર્પિત થઈ વિવાહ કર્યો હતો તેમ આપણો પણ પરમાત્મા સાથે વિવાહ કંઠી પહેરવાથી થયો.

આ મંત્ર વડે સદ્‌ગુરુ સંત આપણને ભગવાનના શરણાગત બનાવે છે. આપણા પરથી ભૂતકાળનો ભાર ઉતરે છે ને ભવિષ્યની ચિંતા ભગવાન પર છોડવામાં આવે છે. પ્રભુની શરણાગતિથી પ્રારબ્ધ પણ બદલાય જાય છે અને એક નવા જ જીવનનો પ્રારંભ થાય છે. ભગવાન શરણાગત જીવોના યોગક્ષેમની ચિંતા કરે છે.

(૭) અનન્ય શરણાગતિ એટલે શું ?

– મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે. અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે, ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે,

એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય; અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય. (વ.વ.૫)

- જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે. તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહિ ને જેમ ભગવાન રાજી તેમજ આપણે રાજી રહેવું. (વ.ગ.અં.૧૩)
- જેમ લગ્નની ચોરીમાં પત્ની એકવાર પતિને કહે છે કે હું તમારી છું. તો પતિ દેશ-પરદેશ ફરીને પણ તેનું પોષણ કરે છે. એટલે જ ભગવાન કહે છે:-

सकृदेव प्रपन्नाय तवाऽस्मीति याचते। अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम॥

(વાલ્મીકિ રામાયણ - ૬-૧૮-૩૩)

અર્થ :- એકજ વાર **"હે ભગવાન્ ! હું તમારો છું** એમ કહી શરણાગત થનાર ભક્તને અભયપદ આપવું એવું મારું બિરુદ છે.

(૮) શરણાગતિનું લક્ષણ :-

आनुकूलस्य संकल्पः प्रतिकूलस्य वर्जनम्। रक्षिष्यतीति विश्वासः गोप्तृत्व वरणं तथा॥

आत्मनिक्षेपकार्पण्यं षड्विधा शरणागतिः॥ (पञ्चरात्रागम : ३७/२८-२९)

અર્થ :- (૧) ભગવાનને ગમે તેજ કરવું, (૨) ન ગમે તે ન કરવું, (૩) ભગવાન અવશ્ય રક્ષા કરશેજ એવો દૃઢ વિશ્વાસ, (૪) હે ભગવાન્ ! રક્ષા કરો એવી પ્રાર્થના, (૫) પોતાનું સર્વસ્વ પરમાત્માને ચરણે સમર્પિત કરવું અને (૬) ભગવાનના દાસાનુદાસ થઈને દીનભાવે વર્તવું. આ છ (૬) પ્રકારના લક્ષણોવાળી શરણાગતિ છે.

अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक्। साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः॥ (ગીતા : ૯/૩૦)

અર્થ : કોઈ ગમે તેવો દુરાચારી હોય પણ જો અનન્યભાવે મારો આશ્રય કરે તો એજ ક્ષણે એને સર્વ પાપોથી મુક્ત સાધુ સમાન ગણવો; કારણ કે એણે મારે શરણે આવવાનો શ્રેષ્ઠ નિર્ણય કર્યો છે.

(૯) ભક્તિ અને શરણાગતિમાં તફાવત :-

- ભક્તિમાં ભક્ત ભગવાનનું સ્મરણ કરે છે જ્યારે શરણાગતિમાં ભગવાન ભક્તનું સ્મરણ કરે છે.
- ભક્તિ આજીવન કરવાની હોય છે જ્યારે શરણાગતિ ફક્ત એક જ વાર કરાય છે.
- ભક્તિમાં સૂક્ષ્મ અભિમાન રહેવાનો ભય છે, જ્યારે શરણાગતિમાં અભિમાનનો લેશ પણ નથી-અસમર્થપણું છે.
- શરણાગતિ દેખવામાં સરળ પણ તેના છ (૬) લક્ષણો હોવા અત્યંત કઠિન છે.
- ભક્તિ કરતાં કરતાં જન્માંતરે કલ્યાણ થાય જ્યારે શરણાગતિથી એક જ જન્મે કલ્યાણ થઈ જાય છે.

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે :-

હોય મેં શ્રીકૃષ્ણદાસ, ઓર કી જો કરું આસ; જાનિયો લબાર લુચ્ચો, નીચ ઠગ જાર સે...
જંત્ર મંત્ર સત્ય જાનુ, તાકી જો પ્રતીત આનું; જાનિયો અધિક મુંઢ, કુમતિ ગમાર સે...
મુક્તાનંદ કહે ઈષ્ટ એક, તાકી જો ન રાખું ટેક; જાનિયો અધિક બુરો, ગંડક બિડાર સે...

(૧૦) વર્તમાન (કંઠી) ધારણ કર્યા પછી કયા નિયમોનું પાલન કરવું જરૂરી છે ?

- વર્તમાન ધારણ કર્યા પછી દારૂ-માટી-ચોરી-અવેરી ને વટલવું નહિ ને વટલાવું નહિ; આ પંચવર્તમાનનું અવશ્ય પાલન કરવું. ત્યારબાદ શિક્ષાપત્રીના નિયમો પણ ધીરે ધીરે આચરણમાં મુકવાં ને સત્સંગમાં કથાવાર્તાના પ્રસંગથી આગળ વધતાં જવું.
- કંઠી પહેરી એટલે જુના બધા પાપ બળ્યાં, હવે ક્રિયમાણ કર્મ સારા કરવા. સત્સંગના નિયમમાં દૃઢ રહેવું, આચાર-વિચાર બરાબર પાડવાં.

(૧૧) કંઠી પહેરવાનો લાભ શું ?

- **કંઠી પહેરી એટલે નિર્ભય થઈ ગયા. સનાથ થઈ ગયા. રેઢીયારપણું મટી ગયું. ''જેને જેનો આશરો, તેને તેની લાજ.''**
- શરણાગતના યોગક્ષેમની ચિંતા ભગવાન જાતે કરે છે. ભગવાન તેના પર્વત જેટલા પાપોને પણ અણું જેવડા સમજે છે અને અણું જેટલા સદ્‌ગુણોને મોટા પર્વત જેવા ગણી લે છે.
- કંઠી ધારણ કરનારને ક્યારેય ભૂત-પ્રેત-પલીત વળગતું નથી. જમદૂત ક્યારેય તેડવા આવતા નથી. કાળ-કર્મ-માયાનો ભય રહેતો નથી.
- પ્રારબ્ધ ક્યારેય બદલાતું નથી પરંતુ તે પણ કંઠી પહેરવાથી બદલાય જાય છે. જન્મોજન્મના તમામ પાપો બળીને નષ્ટ થઈ જાય છે.
- તુલસી આદિ ઔષધીય વનસ્પતિની કંઠી-માળા ગળામાં પહેરવાથી ગલકંઠ - કંઠમાળ જેવા રોગોથી પણ બચી શકાય છે.

(૧૨) કંઠી તુટે તો શું કરવું ?

- કંઠી તુટે ત્યારે નવી કંઠી લઈ, પ્રસાદીની કરી સંતો પાસે પહેરી લેવી. જો સંતો હાજર ન હોય તો પ્રસાદીની કરીને ઘરના કોઈ વડીલ પાસે પહેરી લેવી. ઘરમાં ૨-૩ કંઠી રાખી મુકવી જોઈએ.
- કંઠી પહેર્યા વગર પાણી પણ ન પીવાય; તો ખવાય શાથી ?

(૧૩) આવશ્યક સુચન :-

- ગળામાં કંઠી સિવાય બીજુ કાંઈ પહેરવું નહિ, નહિ તો આપણી ભક્તિ વ્યભિચારિણી કહેવાય.
- કંઠીને મોઢામાં નંખાય નહિ ને ચવાય પણ નહિ.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) વજીબાઈની નિષ્ઠા વિશે તમે શું કહો છો ?
(૨) શ્રીજીમહારાજે વજીબાઈની કેટલી અને કેવી કસોટીઓ કરી ?
(૩) કંઠી એટલે શું ? તે શાનું પ્રતીક છે ?
(૪) બે સેરની કંઠી શાં માટે પહેરવી જોઈએ ?
(૫) શરણાગતિનો મંત્ર અને અર્થ લખો ?
(૬) અનન્ય શરણાગતિ એટલે શું ?
(૭) કંઠી ધારણ કર્યા પછી કયા કયા નિયમોનું પાલન કરવું જરૂરી છે ?
(૮) કંઠી પહેરવાના લાભ જણાવો ?

સભા-૨૧ : બાળવત્સલ શ્રીહરિ

શ્રીજીમહારાજ અને બાળકો એટલે એક અલગ જ વહાલની દુનિયા. એક અનોખું નિર્દોષતાનું વિશ્વ. તેઓ સ્વયં સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન હોવા છતાં છપૈયા અને અયોધ્યામાં **વેણી-માધવ-પ્રાગ-સુખનંદન** વગેરે કેટલાય બાળમિત્રોથી ઘેરાયેલા રહેતાં અને બાળચરિત્ર કરી સખાઓને સુખ આપતાં. એટલું જ નહિ શ્રીહરિ સહજ સ્વભાવે બાળકો સાથે બાળક બની જતા ને વાત્સલ્ય વરસાવતા.

બાળમિત્રો ! આ પાઠમાં આપણે શ્રીહરિ અને બાળકોનાં દિવ્ય અને ભાવવાહી પ્રસંગો માણીએ.

●●●●●

કચ્છ-ભુજના **માનકુવા** ગામનો એક કણબી પટેલનો છોકરો. તેનું નામ **નાથો.** તે મહારાજની સેવામાં જોડે જ રહેતો. તે મહારાજને વારે વારે પુછતો: **''તમે ભગવાન છો ?''** ત્યારે મહારાજ પણ કહેતા: **ના, અમે ભગવાન નથી.**

એક દિવસ મહારાજ બીજે ગામ જતા હતાં. તે નાથાને ભેગો લીધો. રસ્તામાં એક તળાવ આવ્યું. મહારાજે નાથાને ઘોડું પાવા મોકલ્યો. તે તળાવમાં એક ખાડો હતો. નાથો ને ઘોડુ બેય ખાડામાં પડ્યા. મહારાજે તળાવ સામે બેઠા બેઠા હાથ લાંબો કર્યો ને બન્નેને બહાર કાઢ્યાં. આ ઘટના બધાએ પ્રત્યક્ષ નિહાળી.

તળાવમાંથી બહાર નીકળી નાથાએ પાછું મહારાજને પૂછ્યું: **''તમે ભગવાન છો ?''**

મહારાજ કહે : **ના, અમે ભગવાન નથી !**

પછી નાથાએ **ઘોડીની ચાબુક** હાથમાં લઈને મહારાજ સામે ઉગામીને બોલ્યો: તમે મને લાંબો હાથ કરીને તળાવમાંથી બહાર કાઢ્યો. તે મેં નજરે જોયું છે ને વળી કેમ માનતાં નથી કે, **''હું ભગવાન છું''** સાચું બોલો નહિતો મારીશ.

પછી મહારાજ બોલ્યા... રહેવા દે... રહેવા દે... મને મારતો નહિ. **હા. અમે ભગવાન**



છીએ, ભગવાન છીએ. ભગવાન છીએ.

પછી નાથો બોલ્યો: તમે પણ સોટી વિના માનો તેવા નથી. તમને પણ મારની બીક લાગે છે ને !

મહારાજ નાથાની કાલીઘેલી નિર્દોષ ભાષાથી અતિ પ્રસન્ન થયા ને તેને પોતાની છાતી સાથે ચાંપ્યો. મસ્તકે બે હાથ મુક્યાં અને કહ્યું: **તેં અમને પ્રગટ ભગવાન માન્યાં માટે જા તારી ત્રણ પેઢીનું કલ્યાણ...**

આમ, શ્રીહરિને બાળકો સાથે મશ્કરી કરતાં પણ આવડતું. તેઓ બાળકો સાથે નાના બાળક બની જતાં. બાળકોને પણ શ્રીહરિનો સાથ-સંગાથ અને તેમની સાથે રમવાનું ગમતું.

●●●●●

ગઢડામાં એકવાર શ્રીહરિએ વાળંદ પાસે વતું કરાવ્યું. પછી સ્નાન કરીને ઉતારે પધારતા હતાં. ત્યાં રસ્તામાં એક બાળક રડતો ઉભો હતો.

શ્રીહરિએ પૂછ્યું: કેમ રડે છે ?

બાળકે કહ્યું: વાળંદને મે પહેલાં જ કહ્યું હતું કે **મને તમારી પ્રસાદીના કેશ આપે !! પણ તે તો મને આપ્યાં વગર જ જતો રહ્યો.**

શ્રીહરિ કહે : લે, આ મારી ચોટલીમાંથી થોડા વાળ કાપી લે.

બાળક કહે : મહારાજ ! તમારી ચોટલી કપાય નહિ.

પછી મહારાજે પોતાના હાથે થોડા વાળ કાપીને બાળકને આપ્યા ને તેને રાજી કર્યો.

આમ, શ્રીહરિને બાળકોને રાજી રાખતાં આવડતું. બાળકોની લાગણીની ભાષા તેઓ સારી રીતે સમજી શકતાં. નાનો બાળક પણ અજાણતાં દુઃખાયો હોય તો તેને રાજી કર્યા પછીજ શ્રીહરિને શાંતિ થતી; એવો શ્રીહરિનો સહજ સ્વભાવ હતો. શ્રીહરિ બાળકોને સો સો 'માં'ની મમતા અને સો સો પિતાનું વાહલ પણ આપતાં.



એકવાર રમત રમતમાંજ **પર્વતભાઈનો દીકરો મેઘો** શ્રીહરિને **બચકું** ભરી ગયેલો, તો **દાદાખાચરના પુત્ર બાવાખાચર**ને રોજ શ્રીહરિના ચરણનો **અંગુઠો ચૂસવામાં** અમૃતથી અધિક સ્વાદ આવતો. **લોયાના વલુબાઈ** શ્રીહરિ સાથે મસ્તીએ ચઢતાં ત્યારે તેમની કાલી-કાલી ભાષા સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થતાં. **ગઢડાની ૫-૬ વર્ષની પાંચુ, નાનુ, રામુ** નામે બાલિકાઓ શ્રીહરિના દર્શને ગઢડાથી કારિયાણી હોશેં-હોશેં ખુલ્લા પગે ચાલી નીકળતી ત્યારે શ્રીહરિ પણ તેમને માર્ગ બતાવવા **ભુદેવરૂપે ભોમિયા** બની આવી જતાં.

શ્રીહરિના બાગમાં એકબાજુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા જ્ઞાની પુરુષો પણ હતા તો બીજી બાજુ ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા જેવી અલૌકિક સ્થિતિ ધરાવતા બાળકો પણ હતાં. **શ્રીહરિની વાત્સલ્યવર્ષાથી બાળકોને ભગવાન રીજવવાનો અંતરથી ઉમળકો જાગતો ને ભુલકું બનીને શ્રીહરિ અને સંતોને રીજવતા પણ ખરા !!**

કડીગાન વિભાગ



- **દાસના દાસ થઇને, વળી જે રહે સત્સંગમાં ।**
  ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં ॥
  મારાં જનને અંતકાળે, જરુર મારે આવવું ।
  બિરુદ મારું એ ન બદલે, એમ સર્વે જનને જણાવવું ॥
  (ભક્તચિંતામણી)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- દુનિયા ભલે મૂરખ માને પણ ભગવાનમાં પાગલ થઈ જાવ. આવી રીતે ભજન કરીશું ત્યારે મહારાજ આપણા અવાજને સાંભળશે. (કલ્યાણ કણિકા - ૨।૧૯૪)
- હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરવાનો અભ્યાસ કરવો. (કલ્યાણ કણિકા - ૩/૨૬)
- હેત તો એક મહારાજમાં ને એકાંતિકમાં જ કરવું પણ માયાનાં લોચામાં નહિ. (કલ્યાણ કણિકા - ૩/૪૪)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજના સખા ભક્ત કોણ હતા ? **લોયાધામના સુરાખાચર.**

(૨) શ્રીજીમહારાજે કયા ભક્તની નનામી જાતે ઉંચકી હતી ? **પંચાળાના જીણાભાઇ.**

(૩) શ્રીજીમહારાજે કોના અગ્નિ સંસ્કાર જાતે કર્યા ? **ગોપાળયોગી, કરીયાણાના મીણબાઈ.**

(૪) શ્રીજીમહારાજના હજુરી સેવક કોણ હતા ? **મુળજી બ્રહ્મચારી.**

(૫) શ્રીજીમહારાજના હજુરી સેવક પાર્ષદ કોણ હતા ? **વીર ભગુજી.**

જાણવા જેવું



મનુષ્ય શરીર કુલ ૨૪ તત્વોનું બનેલું છે.

પાંચ જ્ઞાનેંદ્રિયો (૧) શ્રોત્ર (કાન) (૨) ત્વક્ (ચામડી)
(૩) ચક્ષુ (આંખ) (૪) રસના (જીભ) (૫) ઘ્રાણ (નાક)

પાંચ કર્મેન્દ્રિય (૧) વાક્ (વાણી) (૨) પાણિ (હાથ)
(૩) પાદ (પગ) (૪) પાયુ (ગુદા) (૫) ઉપસ્થ (શિશ્ન)

પંચ ભૂત (૧) પૃથ્વી (૨) જળ (૩) તેજ (૪) વાયુ (૫) આકાશ

પંચ પ્રાણ (૧) પ્રાણ (૨) અપાન (૩) વ્યાન (૪) ઉદાન (૫) સમાન

ચાર અંતઃકરણ (૧) મન (૨) બુધ્ધિ (૩) ચિત્ત (૪) અહંકાર

દેહ ત્રણ પ્રકારના છે (૧) સ્થુળ (૨) સૂક્ષ્મ (૩) કારણ

- **મહારાજ અને ગુરુજીને રાજી કરવા માટે આટલું કરો**

– નિત્ય પૂજાપાઠ અને તિલક-ચાંદલો તો હું રોજ અવશ્ય કરીશ. શાળામાં પણ તિલક-ચાંદલો કરીને જ જઈશ. તિલક-ચાંદલો કરવામાં બિલકુલ શરમ નહિ રાખું; **કારણ કે મારે મહારાજ, ગુરુજી અને સંતોને રાજી કરવાં છે.**

– હું ક્યારેય અસ્વચ્છ ખાણી-પીણી ખાઇશ નહિ તેમજ ડુંગળી- લસણ, ઈંડા, માંસ, દારૂ, બીડી, તમાકુ વગેરે ખાઇશ નહિ કે પીશ નહિ અને જુગાર ક્યારેય નહિ રમું; **કારણ કે મારે મહારાજ, ગુરુજી અને સંતોને રાજી કરવા છે.**

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) પર્વતભાઈના દીકરાનું નામ શું હતું ? તેને શ્રી હરિને શું કર્યું હતું ?
(૨) “તમે ભગવાન છો” ? એવું શ્રી હરિને કોણ પૂછતું હતું ?
(૩) દાદાખાચરના દીકરાનું નામ શું હતું ?
(૪) મુળજી બ્રહ્મચારી કોણ હતા ?
(૫) સત્સંગમાં કંઈ રીતે રહેવાનું છે ?

(પ્રશ્ન-૨) ખરું ☑ ખોટું ☒ જણાવો.

(૧) પંચભૂતમાં આકાશનો સમાવેશ થાય છે. ☐
(૨) મહારાજ માટે ભગુજી રોજ થાળ બનાવતા હતા. ☐
(૩) ગુણાતીતાનંદ સ્વામીની કહેલી વાતોનું નામ કલ્યાણ કણિકા છે. ☐
(૪) સુરાખાચરના દીકરીનું નામ વલુબાઈ હતું. ☐
(૫) શ્રીજીમહારાજના સખાભક્ત બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર હતા. ☐

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) દાસના દાસ .....
(૨) મારાં જનને .....


સભા-૨૨ : મંગળિયો


ગોપાળાનંદ સ્વામી વડોદરામાં હતાં. ત્યાં મંગળ નામનો એક ગરીબ છોકરો. રોજ મંદિરે જાય, સાફ સફાઈ કરે, સંતોના કપડા ધોવે, ભગવાનના હાર બનાવે, ને ખૂબ સેવા કરે. સેવામાંથી પરવારીને ગોપાળાનંદ સ્વામી પાસે સત્સંગ કરે.

ગોપાળાનંદ સ્વામી પ્રેમથી તેને **''મંગળિયો''** કહીને બોલાવે તે તેને બહું ગમે. આખું વડોદરા મંગળિયાની નિઃસ્વાર્થ સેવા વખાણે. સ્વામી પણ તેની સેવાથી ખૂબજ રાજી.

મંગળિયાની સેવા અને તેની ગરીબ સ્થિતિ જોઈને ગોપાળાનંદ સ્વામીનું હૃદય દ્રવી ગયું. **ગોપાળાનંદ સ્વામીની કૃપા થઈ અને હૃદયના આશીર્વાદ મળ્યાં** એટલે મંગળિયાની આર્થિક સ્થિતિ સુધરવા લાગી.

હવે મંગળિયાની ભાગ્યરેખા બદલાઈ. ગાયકવાડ સરકારના દરબારમાં તેને **મોટું પદ** મળ્યું. રિદ્ધિ-સિદ્ધિઓ વધવાં લાગી. **તે ઝુપડામાંથી બંગલામાં રહેવા લાગ્યો.** માલ-ખજાના વધ્યાં એટલે લોકમાં તેને લોકો **''મંગળજીભાઈ''** કહીને બોલાવતા થયાં. જ્યાં





જાય ત્યાં **માન મળે** અને **મંગળજીભાઈ, મંગળજીભાઈ થાય.**

રાજકીય પ્રવૃત્તિઓ વધી એટલે મંદિર અને સેવા બન્ને ભુલાઈ ગયા. મંદિરે જવાનો પણ સમય ન રહ્યો. સમય જતાં ગોપાળાનંદ સ્વામી પાછા વડોદરા પધાર્યા. બે-ત્રણ મહિના ગયાં પણ સ્વામીએ મંગળિયાને જોયો નહિ એટલે ભક્તોને પૂછ્યું: **પેલો મંગળિયો કેમ દેખાતો નથી ?**

ભક્તોએ કહ્યું: સ્વામી ! આપના રાજીપા અને આશીર્વાદથી **મંગળિયો હવે મંગળજીભાઈ બની ગયો છે.** સયાજીરાવ સરકારનો ખાસ થઈ ગયો છે. વૈભવી આલીશાન બંગલામાં મજા કરે છે.

સ્વામીએ કહ્યું : તેને મારા આવ્યાના સમાચાર આપો અને કહો; સ્વામી તમને બહું યાદ કરે છે ને મળવા બોલાવે છે.

ભક્તોએ મંગળજીભાઈને સમાચાર આપ્યા ત્યારે તેણે કહ્યું: **સ્વામી હમણાં તો વડોદરામાં જ રોકાવાના છે ને !! મને સમય મળશે ત્યારે આવીશ !** એમ કહી તે સુખશૈયામાં આળોટવા લાગ્યો.

ત્યાર પછી સ્વામીએ ઘણીવાર સમાચાર મોકલાવ્યાં પણ તેને તેના કામમાંથી ફુરસદ ન મળી. તે મંદિરે ન આવ્યો. હવે સ્વામી બીજે ગામ જવાં તૈયાર થયાં. ભક્તોને કહ્યું: પેલા મંગળિયાને કહો: સ્વામી જાય છે તો આવીને દર્શન કરી જાય.

ભક્તોએ પાછા સમાચાર પહોંચાડ્યા. **તે દર્શને આવ્યો. તેનો ઠાઠ જોવા જેવો હતો. જરીયાણી વસ્ત્રો, માથે સાફો, હાથમાં તલવાર અને મોટી સવારી. આગળ પાછળ સૈનિકો અને**

પોતે ઘોડાગાડીમાં.

તે ઘોડાગાડીમાંથી ઉતરી સૈનિકો સાથે મંદિરમાં સ્વામીના દર્શને આવ્યો. સ્વામીએ પ્રેમથી કહ્યું: **આવ; મંગળિયા આવ !! મજામાં છોને !! હમણા મંદિરે દર્શને કેમ નથી દેખાતો ?**

સ્વામીનું આ રીતે બોલાવવું મંગળિયાને ગમ્યું નહિ; તે મનમાં ને મનમાં ઉકળી ઉઠ્યો. મંદિર બહાર જતાં તે બબડ્યો: **''હું આટલો મોટો માણસ થઈ ગયો છું તોય સ્વામીને જરાય વિવેક નથી ! બધાની વચ્ચે મને મંગળિયો કહ્યો. મારું જરાય માન ન જાળવ્યું.''**

ગોપાળાનંદ સ્વામી પાસે આ સમાચાર પહોંચ્યા. સ્વામીએ ઉંડો નીસાસો નાખ્યો ને બોલ્યા: **મંગળજીભાઈ કરતા મંગળિયો સારો હતો !!!**

બસ, ત્યારથી તેનું ભાગ્યચક્ર અવળું ફર્યું. તે સરકારી કામે દરબારમાં ગયો. રાજ્યના ગુનામાં આવ્યો ને ગાયકવાડે તેને નોકરીમાંથી છુટો કર્યો. હવે તેનો સમાજમાં પહેલા જેવો ભાર અને આદર રહ્યો નહિ. ધીરે ધીરે પહેલા જેવો મંગળિયો થઈ ગયો ને પાછો મંદિરે આવી સેવામાં લાગ્યો.

થોડાક મહિનાઓ પછી સ્વામી પાછા વડોદરા પધાર્યા. સ્વામીએ આદરથી મીઠો આવકારો આપ્યો: **આવો મંગળજીભાઈ આવો ! મજામાં તો છો ને ! ?**

મંગળિયાનો રૂઆબ હવે ઉતરી ગયો હતો. તે રડતાં રડતાં સ્વામીના ચરણે પડ્યો. તેની અત્યંત દયામણી દશા જોઈને સ્વામીને દયા આવી અને અન્ન-વસ્ત્રથી સુખી રહે તેવી કૃપાદૃષ્ટિ કરી.

ભગવાન જેવું ઐશ્વર્ય આવે તો પણ મોટાપુરુષ આગળ ગરજુ રહેવું. મોટાપુરુષને ગરજુ ન કરવા. તેમની આગળ વિનમ્ર રહેવું, દાસ રહેવું, નિર્માની રહેવું, બાળક જેવા રહેવું. આપણામાં જે કાંઈ સારું છે તે એમની કૃપાનું ફળ છે. કરોડોના લાભ કરતાંય એમનો રાજીપો મુખ્ય છે. આપણામાં જે કાંઈ બુદ્ધિ-શક્તિ-ગુણો આવ્યા છે, તે એમના રાજીપાનું જ પરિણામ છે. સત્તા-કળા-ગુણો-આવડતો-બુદ્ધિ-શક્તિનું ક્યારેય અભિમાન ન આવવાં દેવું. દીન થઈને બે હાથ જોડીને ઉભા રહેવું. તેઓની આગળ આપણી શી ગણતરી ? છતાં તેઓ આપણને બોલાવે, બેસાડે, જમાડે, રમાડે, ખબર અંતર પૂછે અને આપણી ગરજ રાખે છે; તે આપણા અહોભાગ્ય છે.



કડીગાન વિભાગ

- **ગુણ આવ્યાં હોય આપણામાં, તોય તે પારકાં છે ઘરેણાં ।**
  મોટાના આપેલા ગુણ તે છે, તેનાથી આપણું શોભે છે ॥
  માટે અહં ન ધરવો અંગે, અતિ દિન થઇ રહેવું સંગે ।
  દીનતામાં દયાળુ છે રાજી, કરતા રે'વું હંમેશ હાજી હાજી ॥

- **સરસ ન થાવું સંતથી, રેવું દાસના દાસ ।**
  દીન જાણી દયા કરે, હરે તન મન ત્રાસ ॥
  (હરિબળગીતા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે. (વ.પં.૫)
- ભગવાનમાં ને સાધુમાં હેત રહેશે તેના ઉપર સહું હેત કરશે ને એથી પ્રતિકૂળ રહેશે તેને સહું પ્રતિકૂળ થાશે, એ વાત સમજી રાખવી; એમાં તો કોઈ સંશય નથી. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૨૯)
- સર્વે વાત સાધુ વતે છે, માટે તેને મુખ્ય રાખવાં; પણ સાધુ ગૌણ થાય ને જ્ઞાન પ્રધાન થઈ જાય એમ ન કરવું. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૬૯)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) માણકી ઘોડીની સેવા કોણ કરતું ? **નાજા જોગીયા.**

(૨) શ્રીજીમહારાજની ઘોડીનું નામ શું હતું ? **માણકી ઘોડી.**

(૩) શ્રીજીમહારાજના ઘોડાનું નામ શું હતુ ? **રોઝો ઘોડો.**

(૪) શ્રીજીમહારાજનો અવાજ કેવો હતો ? **ઘેરો.**

(૫) શ્રીજીમહારાજની ચાલ કેવી હતી ? **લટકંતી અને ઉતાવળી.**



જાણવા જેવું

શેનાથી શું વૃદ્ધિ પામે છે.

સુવચનથી- મૈત્રી	ક્ષમાથી- તપ
દાનથી- કીર્તિ	ઉપેક્ષાથી- શત્રુ
સત્યથી- ધર્મ	વ્યસનથી- વિષય
સદાચારથી- વિશ્વાસ	સત્વગુણથી- જ્ઞાનાદિક
ન્યાયથી- રાજ્ય	રજોગુણથી- રાગાદિક
દુર્વચનથી- કલહ	તમોગુણથી- ક્રોધાદિક
નીચ સંગથી- દુશ્શીલતા	કથા-વાર્તાથી- સદ્‌ગુણ
અસંતોષથી- તૃષ્ણા	સત્સંગથી- ભક્તિ
વિનયથી- ગુણ	અભ્યાસથી- વિદ્યા

- **તમે શું ધારો છો ?**

(૧) ગોવિંદનો પરીક્ષામાં પ્રથમ નંબર આવ્યો છે; મેં બધાને પાછાં પાડી દીધાં, એમ તે બધાને કહી રહ્યો છે. તેનું આ વર્તન સારું છે કે ખરાબ? કેમ ? તેને તમે કેવી રીતે સમજાવશો?

(૨) આપણે ભણીગણીને મોટા માણસ બની જઈએ પછી સંતો આગળ નમીએ નહિ કે દંડવત્ કરીએ નહિ તો આ સારું કહેવાય કે ખરાબ ? કેમ ? આપણે મોટા થઈએ તોપણ માતા-પિતા અને વડીલો આગળ કેવું વર્તન રાખવું જોઈએ તે કહો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) નિર્માનીપણું એટલે શું ?

(૨) રાવણે અહંકાર રાખ્યો તો શું મળ્યું ?

(૩) મંગળિયાની સેવાથી કોણ રાજી થયા હતા ?

(૪) ભગવાન ને ભગવાનના સંતની આગળ કેવી રીતે રહેવું ?

(૫) માનના કારણે પતન થયું હોય તેવા બે દ્રષ્ટાંતો જણાવો.

(૬) જીવનમાં નિર્માનીપણું કઈ રીતે ક્યાં-ક્યાં ઉપયોગી છે ? જણાવો.

(૭) જો મંગળિયાની જગ્યાએ તમે હોવ તો શું કરો ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) ઉપેક્ષા કરવાથી ..... વધે છે.

(૨) દુર્વચનથી ..... વૃદ્ધિ પામે છે.

(૩) શ્રીજીમહારાજની ઘોડીનું નામ ..... અને ઘોડાનું નામ ..... હતું.

(૪) ભગવાનને સંતની આગળ .....રાખવું સારું નથી.

(૫) કથા-વાર્તા સાંભળવાથી ..... વૃદ્ધિ પામે છે.

(પ્રશ્ન-૩) સમજાવો

અભિમાન પતનનું દ્વાર છે.

Pride comes before a fall.

(પ્રશ્ન-૪) પંક્તિ પૂર્ણ કરો.

(૧) ગુણ આવ્યા હોય .....

(૨) સરસ ન થાવું સંતથી .....



સભા-૨૩ : સો માંની મમતા

પરમ પૂજ્ય દાદાગુરુજી એટલે અતિ માયાળુ હૃદયના સંત. તેઓ દરેકને મીઠી વાણીએ બોલાવે, મીઠો આવકારો આપે, જાતે પીરસીને જમાડે, દુર જતાં હોય તો નાસ્તો બાંધી આપે, બાળકોને લાડુડી આપે. આ બધી ક્રિયામાં એટલી બધી મમતા દેખાય કે તેની **સામે સો 'માં'ની મમતા** પણ ઓછી પડે. **તેઓ મમતા આપીને હેત કરે-કરાવે ને તેની સાથે સત્સંગના સંસ્કારો પણ વાવી દે.**

એકવાર **સુરત (રામપુરા) મંદિરના ભંડારમાં** પૂજ્ય દાદાગુરુજી શાકભાજી સમારવાની સેવા કરી રહ્યાં હતાં. એવામાં **વેળાદરના બે ભાઈઓ** પૂજ્ય દાદાગુરુજીના દર્શને આવ્યાં. **મોટા ભાઈ દેવશી** અને **નાનો ભાઈ વિનુ.** સહુ ભક્તો સાથે તેઓ પણ દાદાગુરુજીને દંડવત્ કરી ત્યાં બેઠા. પૂજ્ય દાદાગુરુજી **નાના લવિંગીયા મરચાં** છુટાં પાડી રહ્યાં હતાં.

મોટાભાઈની પાસે બેઠેલ વિનુને દાદાગુરુજીએ મરચાં બતાવ્યાં ને કહ્યું: **દીકરા ! મોગરી ખાવી છે.** વિનુના મોઢામાં પાણી આવી ગયું. તેણે હાથ લાંબો કર્યો. ભોળપણમાં ઉતાવળે દાદાગુરુજીના હાથમાંથી મરચાં લઈ વિનુએ મોઢામાં મુક્યાં. **આ મરચાં એટલા તીખાં હતા કે વિનુની આંખમાંથી પાણી આવી ગયું.** તે આકળો-બાકળો થઈ ગયો ને **રડવા લાગ્યો.**

તુરંત દાદાગુરુજીએ ઊભા થઈને આ **નાના વિનુને તેડીને ખોળામાં બેસાડ્યો. રવાનો**





મોટો લાડુ મંગાવ્યો ને જાતે તેને જમાડવા લાગ્યાં. વિનુને મરચા તીખાં લાગ્યાં હતાં તેના કરતાં પણ રવાનો લાડુ વધારે મીઠો લાગ્યો. દાદાગુરુજી લાડુના ટુકડા કરતા જાય ને વિનુને જમાડતાં જાય. વિનુ પણ દાદાગુરુજીના ખોળામાં બેઠો બેઠો મોજથી લાડુ જમતો જાય.

પછી દાદાગુરુજીએ પૂછ્યુ: ''બેટા ! હવે કેવું લાગ્યું ?'' કિલકલાટ કરતા વિનુએ કહ્યુ: **''સ્વામી ! તમે જો આમ ખોળામાં બેસાડીને લાડુ જમાડો તો હું રોજ મોગરીની લાલચમાં મરચુ ખાઉ. આ સાંભળી સહું હસી પડ્યા.**

દાદાગુરુજીએ તેમનો હાથ વિનુના માથે મુક્યો ને **મોટાભાઈ દેવશી**ને કહ્યું: **આ છોકરો તો સાધુનો ભગત છે.** દેવશીભાઈ કહે: **સ્વામી ! એ સાધુકિયો છે. સાધુ મળે એટલે તેને કંઈ જ ન જોઈએ. જ્યારથી સમજણો થયો ત્યારથી સાધુ સાથે તેને સહજ મમતા છે અને તમારા જેવાં માયાળુ સાધુ મળે તો તે અમને પણ ભુલી જાય એવો છે.**

વિનુના જીવનનો દાદાગુરુજી સાથેનો આ **પ્રથમ પ્રસંગ** હતો. **તેને દાદાગુરુજીમાં સો સો 'માં'ની મમતા દેખાણી.** દાદાગુરુજીના સાથેના આ પ્રથમ પ્રસંગે જે હેત બંધાયું તે દિવસે દિવસે વધતું ગયું. પછી તો તે હેતના બંધનમાં એવો બંધાયો કે સંસારની મમતાના બંધનો તોડતાં તેને વાર ન લાગી. **તે ૧૪ વર્ષની નાની ઉંમરે સાધુ થવા ઘરેથી નીકળી પડ્યો. આ વિનુ એટલે આપણા પરમ પૂજ્ય ગુરુજી.**

ગુરુજી ઘણીવાર કથામાં કહે છે : અમે નાના હતા ત્યારે દાદાગુરુજીના હાથની લાડુડી ખૂબ જમતાં. મને ચણાની તળેલી તીખી દાળ બહું ભાવતી. જ્યારે હું વડોદરા ભણતો ત્યારે તેઓ નિયમિત દાળના ડબ્બા મોકલતાં. અડદિયાના અડદિયા મોકલતાં. તેમના મોટા હાથે એક જ વાર પીરસે તો ભાણું ભરાય જાય ને પીરસીને ખૂબ જમાડતા.

મોટાપુરુષો પોતાની સામાન્ય હાસ-પરિહાસની ક્રિયામાં પણ જીવને કલ્યાણકારી અતૂટ બંધનમાં બાંધી દે છે. સંસારી મમતા બાંધે તો માયા આપે છે. પણ સાચા સંત મમતા વરસાવે તો માયાના બંધન તોડી નાખે છે.

કડીગાન વિભાગ



દયા નેહ ભર પુરિત નૈના,
પર ઉપકાર કરત દિન રૈના ।
નિજ ગુણ ગિરિસમ અણું કરી જાને,
પરગુણ અણું પરબત કરી માને ॥ (ધ્યાન મંજરી)

શ્લોકગાન વિભાગ

यस्य देवे परा भक्तिः, यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः, प्रकाशन्ते महात्मनः ॥

અર્થ :- આ જીવને જેવી પરોક્ષ દેવને વિષે પ્રતીતિ (ભક્તિ) છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે , તો જેટલા અર્થ પ્રાપ્ત થવાનાં કહ્યાં છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે . (વ.ગ.અં.૨)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સત્પુરુષને વિશે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે . (વ.વ.૧૧)
- મને પરમહંસોમાં બહું હેત . તેના કરતાં ગોપાળાનંદ સ્વામીમાં વધુ હેત . પછી તેના કરતાં વધારે મારા આદિગુરુદેવ મુક્તાનંદ સ્વામીમાં વધુ હેત . પછી તેના કરતા કરોડ ઘણું મારા ગુરુદેવ **"નંદકિશોરદાસજી સ્વામીમાં"** હેત છે . કારણકે મારા ગુરુજીએ મને ભગવાન ભેટાડ્યા છે . (પરમ પૂજ્ય ગુરુજી)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) પૂજ્ય દાદાગુરુજીએ ગુરુજીને સંસ્કૃત ભણવા ક્યાં મોકલ્યા ? **વારાણસી (કાશી).**

(૨) પૂજ્ય ગુરુજીએ પ્રથમ પ્રવચન ક્યાં કર્યું હતું ? **વડતાલ સભામંડપ.**

(૩) પૂજ્ય દાદાગુરુજીએ પૂજ્ય ગુરુજીને નવાવર્ષે શું ભેટ આપી હતી ? **ઉર્ધ્વરેખાના સ્પષ્ટ દર્શન થતા પ્રસાદીના ચરણારવિંદ.**

(૪) પૂજ્ય દાદાગુરુજીએ આપેલા પ્રસાદીના ચરણારવિંદ ગુરુજી ક્યાં રાખે છે ? **પોતાની પૂજામાં.**

જાણવા જેવું

ગુરુ એટલે જીવન ઘડવૈયા

શિષ્ય	ગુરુ
સમ્રાટ ચંદ્રગુપ્ત	ચાણક્ય
પાંચ પાંડવો	દ્રોણાચાર્ય
સ્વામી વિવેકાનંદ	રામકૃષ્ણ પરમહંસ
શ્રી કૃષ્ણ ભગવાન	સાંદિપની ઋષિ
ભગવાન શ્રી રામ	વિશિષ્ઠ ઋષિ
રામાનંદ સ્વામી	રામાનુજાચાર્ય

આપણી દિવ્ય ગુરુપરંપરા

(૧) સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી :



શ્રીજીમહારાજ સાથે અક્ષરધામમાંથી અનેક અનાદિ મુક્તો આ ધરા પર અવતર્યા હતા; તે સર્વે મુક્તોમાં શ્રેષ્ઠ એટલે સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી !

સર મે સાગર હી અધિક । ભૂત મે અધિક આકાશ ॥
મુક્ત મે મુક્તમુનિ અધિક । બાયુ મે મોટીબા તાસ ॥

(હ.ચ.સા. ૪/૭૬)

જેમને શ્રીજીમહારાજે અનેકવાર પોતાનું પ્રતિનિધિત્વ આપ્યું છે, અને અનેક ગામડાઓમાં પોતાના સ્થાને અનેકવાર સત્સંગ કરાવવા મોકલ્યા છે. જેમને શ્રીજીમહારાજ સ્વયં પોતાના **''ગુરુ''** તરીકે માનતા અને આખોય સંપ્રદાય **''સત્સંગની માં''** તરીકે સ્વીકારતો; એવા અજોડ, અતિસમર્થ, અનુપમ, સાધુતામૂર્તિ સંત એટલે આપણા આદિગુરુદેવ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી.

(૨) સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી :



સ્વયં શ્રીજીમહારાજના દીક્ષિત અને મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણોના સંવાહક **મુખ્ય શિષ્ય** એટલે સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી. શ્રીજીમહારાજે સ્વયં જેમના દિવ્ય જીવન, સેવાકાર્યો અને સદ્‌ગુણોની વારંવાર પ્રશંસા કરી છે. જેમના જેવી સાધુતા, સરળતાને મોટા મોટા દેવો પણ ઝંખે છે. જેઓ પ્રભુની પ્યારી મૂર્તિના સિદ્ધ સંત **''સિદ્ધાનંદ''** નામથી પણ ઓળખાતા. અને જેમણે **''શ્રી હરિચરિત્રામૃતસાગર''** જેવાં વિશાળ ગ્રંથની રચના કરીને અનેક મુમુક્ષુઓ માટે મુક્તિનો માર્ગ ખોલી દીધો છે એવા સંત એટલે આપણા સદ્‌ગુરૂ શ્રી આધારાનંદ સ્વામી.

સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીમાં અનેક સદ્‌ગુણો અને કળાઓનો વાસ હતો. તેઓ (૧) આદર્શ કવિ (૨) અનુપમ ચિત્રકાર (૩) શ્રેષ્ઠ ગાયક (૪) સુંદર સિતારવાદક (૫) ઉત્તમ શિલ્પકાર (૬) સર્વોત્તમ લેખક (૭) અનુપમ વ્યવહારદક્ષતા વગેરે કલાકૌશલ્યના નિધિ હતા. શ્રીજીમહારાજની અનેક લીલાઓને જેમને પ્રત્યક્ષ નિહાળી છે. શ્રીજીમહારાજે પણ જેમને અનેકવાર મોજું આપીને પોતાની સાથે રાખ્યાં છે એવા **પ્રભુપ્રેમી સંત** એટલે આપણા સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી.

(૩) સદ્‌ગુરુ શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની ગૌરવવંતી ગુરુપરંપરાના **ત્રીજા આધ્યાત્મિક અનુગામી.** પૂજ્ય સ્વામીજીનું પૂર્વાશ્રમનું વતન **ડભાણ** હતું. સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીની ઉચ્ચતમ સાધુતા, પ્રભુપ્રેમ, આદિક સદ્‌ગુણો જોઈ પૂજ્ય સ્વામીએ તેમને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. ત્યાર બાદ મન-કર્મ-વચને પોતાના

ગુરુની સેવા, ભક્તિ, સમાગમે કરીને આધારાનંદ સ્વામીની આંખોના તારા બન્યા. પૂજ્ય સ્વામીજીનું સદા સ્નેહાળુ જીવન, ભગવાનના પ્રેમમાં નેહ નીતરતું હૃદય, સદા ભગવાન અને પોતાના સદ્‌ગુરુને રાજી કરવાનું તાન હતું. સાધુતાના શણગાર સમા પૂજ્ય સ્વામી એક પણ પળ ભજન કર્યા વિના જવા દેતા નહિ.

(૪) સદ્‌ગુરુ શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી




સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની ગૌરવવંતી ઉજ્જવલ ગુરુપરંપરાના **ચોથા આધ્યાત્મિક અનુગામી** એટલે સદ્‌ગુરુ શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી. પૂજ્ય સ્વામીજીનું પ્રાગટ્ય પંચમહાલ જીલ્લાના **અલીન્દ્રા ગામે** થયું હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ **દેવજી ભગત** હતુ. એમણે આધારાનંદ સ્વામીને પણ સેવ્યા હતા.

અખંડભજન પરાયણ પૂજ્ય સ્વામી સંતો-ભક્તોની સેવાના વ્યસની હતા. તપશ્ચર્યા જેમના જીવનનો પર્યાય હતો એવા પૂજ્ય સ્વામી શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનામાં પણ શુરવીર હતાં. અનેક ગામડાઓમાં પગપાળા વિચરણ કરી તેમને સત્સંગ કરાવ્યો ને આત્યંતિક કલ્યાણના રાજમાર્ગ સમાન અનેક મંદિરોના નિર્માણ કર્યા હતાં.

(૫) સદ્‌ગુરુ શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની ઉજ્જવલ ગુરુપરંપરાના **પાંચમાં આધ્યાત્મિક અનુગામી** પૂજ્ય સ્વામીનું પ્રાગટ્ય ચરોતર ભુમિના **મહેળાવ ગામે** થયું હતું.



સાધુગુણે સંપન્ન પૂજ્ય સ્વામી ધ્યાનના ખુબ જ આગ્રહી હતાં. નવરાશને સમયે મહારાજની મૂર્તિ સામે કલાકો સુધી ધ્યાન ધરતાં. તેઓ ધર્મનિયમના કડક-ચુસ્ત આગ્રહી અને વચનસિદ્ધ મહાપુરુષ હતા. પૂજ્ય સ્વામી વડતાલ દેશના પ્રમુખ વક્તા અને પ્રખર શાસ્ત્રાભ્યાસી પણ હતા. વડતાલ મંદિરના કોઠારી પાર્ષદવર્ય શ્રી ઝવેર ભગત અને પૂજ્ય સ્વામીનો ઘનિષ્ઠ આત્મિયતાનો સંબંધ હતો. સત્સંગના પોષણ માટે ગામડે-ગામડે પૂજ્ય સ્વામી વિચરણ કરતાં ને કથા-વાર્તા કરતા. હરિભક્તોની રાખ-રખાવટમાં પણ પૂજ્ય સ્વામી ખૂબ કાળજી રાખતા.

(૬) સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી (દાદાગુરુજી)



મુક્તમુનિની ગૌરવવંતી ઉજ્જવલ ગુરુપરંપરાના **છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી** એટલે સદ્‌ગુરુ કોઠારી શ્રી નંદકિશોરદાસજી સ્વામી.

જેમણે મમતા, કારુણ્ય, વાત્સલ્ય, સેવાભાવના જેવા સદ્‌ગુણો દ્વારા પોતાના જીવનમાં આદિગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની ઝાંખી કરાવી છે. જેમની આંખોમાં સતત દયા વરસી છે. જેમના હાથના પાવન સ્પર્શે હજારોને પ્રેમનો અનુભવ કરાવ્યો છે. જેમના પાવન પગલાંથી હરિભક્તોના ઘર મંદિર બન્યા છે. જેમના મુખ કમળના અમૃતવચનોથી પ્રત્યેકને શાંતિનો અનુભવ થયો છે. જેમનાં રોમ રોમમાં મહારાજનો વાસ હતો એ હતાં આપણા પરમ પૂજ્ય દાદાગુરુજી.

જેઓ સુરત, ધોલેરા, ચાણોદ, મુંબઈ, પીજ, ડભાણ વગેરેના મહંતપદે વર્ષો સુધી રહ્યાં છતાં પોતાની સાધુતાને કાળો ડાગ પણ ન લાગવા દીધો. જેઓ આજીવન પંચસેવાના વ્રતધારી રહ્યાં. બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી થવું એ જેમનો જીવનમંત્ર હતો. અને જેમણે આપણને પૂજ્ય ગુરુજીની ભેટ આપી તે છે આપણા પરમ પૂજ્ય દાદાગુરુજી.

- વચનસિદ્ધ મહાપુરુષ એટલે દાદાગુરુજી.
- અજાતશત્રુ મહાપુરુષ એટલે દાદાગુરુજી.
- દરિયા જેવા દિલના ઉદાર એટલે દાદાગુરુજી.
- હરિસમ હિતકારી એટલે દાદાગુરુજી.
- મહાદયાળુ, ગરીબોના બેલી, નિરાધારના આધાર એટલે દાદાગુરુજી.
- આજાનબાહુ એટલે દાદાગુરુજી.

(૭) પરમ પૂજ્ય ગુરુજી

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં તો ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય છે. (વ.વ.૧૯) શ્રીજીમહારાજના આ વચનાનુસાર ભગવાન અને અનેક સત્પુરુષો આ પૃથ્વીને પાવન કરી ગયા છે, કરી રહ્યાં છે, અને કરતા રહેશે.



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના **અખંડધારક મુક્તાનંદીય ગુરુપરંપરાના સાતમા સંવાહક એવા સત્પુરુષ આજે પરમ પૂજ્ય ગુરુજી છે.** આ મોટાપુરુષની પ્રાપ્તિ થઈ અને તેમને આપણને સ્વીકાર્યા તે આપણું સૌથી મોટું સૌભાગ્ય છે. હવે, તેમનો રાજીપો કમાવવા રાત-દિવસ મહેનત કરવી. તેમની ઈચ્છા એજ આપણું જીવન બનાવવું અને આ દિવ્ય મુક્તાનંદીય ગુરુપરંપરાનું ગૌરવ રાખવું.

- **વિચાર કરો**

જો આ મહારાજ, આ ગુરુજી અને આ સંતો આપણને ન મળ્યાં હોત તો આપણે કેવા હોત?

- **મારો દ્રઢ ઠરાવ**

  હે મહારાજ ! હે મુક્તાનંદ સ્વામી ! હે દાદાગુરુજી ! મારે આ જન્મે આપને મળવું જ છે, એટલે હું જીવું ત્યાં સુધી મારા ગુરુજીની નિષ્ઠા રાખીશ અને તેમની અનુવૃત્તિમાં રહીશ. આપ મને તેમનામાં રહી આપનો કૃપાપાત્ર મુક્ત બનાવજો.

- **આટલું યાદ રાખો**

  ગુરુ બિન જ્ઞાન કોઉ નહિ પાયો
  શુક નારદ શીખે સદ્‌ગુરુસે ,જબ વર્ણાશ્રમ માન મિટાયો (સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી)

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉતર આપો.

(૧) આપણા દાદાગુરુજીનો સ્વભાવ કેવો હતો ?

(૨) આપણા ગુરુજીનો દાદાગુરુજી સાથેનો પ્રથમ પ્રસંગ કયો હતો ? ટૂંકમાં જણાવો.

(૩) **यस्य देवे परा भक्तिः** શ્લોકનો અર્થ જણાવો ?

(૪) આપણી ગુરુપરંપરા જણાવો ?

(૫) સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામીના સદ્‌ગુણો અને કળાઓ જણાવો ?

(૬) દાદાગુરુજી વિષે પાંચ વાક્યો લખો.

(પ્રશ્ન-૨) કડી પૂર્ણ કરો.

(૧) દયા નેહ ભર .....

(૨) સરમે સાગર .....



સભા-૨૪ : પરોપકારી રાજા રંતિદેવ

મહાભારતમાં ભારતવર્ષના શ્રેષ્ઠ સોળ મહારાજાઓના નામ છે. તેમાં એક છે **''રાજા રંતિદેવ.''**

ચંબલ નદીને કિનારે દશપુર નામે નગર. તેમાં તે રાજ્ય કરે. તેઓ ખૂબ ન્યાયશીલ, ધર્માત્મા, દયાળુ ને પરોપકારી. બીજાનું દુઃખ-દરિદ્રતા તેઓ સહન કરી શકતા નહિ. **રાજ્યમાં આવતા અતિથિઓ માટે તેમને બે લાખ પાકશાસ્ત્રીઓ રાખ્યા હતાં.** અને ઠેર ઠેર સદાવ્રતો ખોલાવ્યાં હતાં. તેમને એક નિયમ હતો, **તેઓ જમે તે પહેલા કોઈ ગરીબ-બ્રાહ્મણ કે ભિક્ષુકને જમાડે; પછીજ પોતે જમે.**

એક વખત તેમના રાજ્યમાં **૧૨ વર્ષ સુધી સતત ભયંકર દુકાળ** પડ્યો. કેટલાય દુઃખી અને ભૂખ્યા મનુષ્યો રાજમહેલ તરફ આવવા લાગ્યા. રાજાએ પોતાના અનાજના કોઠારો અને ખજાનો તેમની માટે ખોલી નાખ્યાં. ધીમે ધીમે ખજાનો ખલાસ થઈ ગયો ને અન્ન પણ ખુટી ગયું. એવો સમય આવ્યો કે રાજાને પોતાનું અને કુટુમ્બનું ગુજરાન ચલાવવામાં પણ સાંસાં પડવા લાગ્યા. રાજા રંતિદેવ પોતાના ખાલી મહેલને જોઈ દુઃખી થઈ ગયા ને વિચારવા લાગ્યા કે હવે કોઈ અતિથિ કે ભૂખ્યો આવી પડશે તો હું તેને શું આપીશ ?!

આ વિચાર આવતાં તેઓ **પોતાની રાણી** અને **નાના પુત્ર**ને લઈ **જંગલમાં** નીકળી ગયા.



ભૂખ્યા-તરસ્યા વન-જંગલમાં ભટકતા રહ્યાં. પીવા પાણી કે ખાવા અન્નનો દાણો પણ મળે નહિ. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ આમ ને આમ **૪૮ દિવસ** પસાર થઈ ગયા.

શરીરની શક્તિ સમાપ્ત થઈ ગઈ. રાજા, રાણી અને રાજકુમાર સૂકાઈને હાડપિંજર બની ગયા. આવી **મરણતોલ દશા**માં તેઓ ચાલી શકે તેમ હતાં નહિ. એટલે એક સુકાયેલા ઝાડ નીચે જઈને બેઠા ને રાત ત્યાં જ વીતાવી.

ઓગણપચાસમાં દિવસે અચાનક ભિક્ષામાં તેમને **ઘી-ખીર-હલવો અને પાણી** મળી ગયુ. એ જોઈને પ્રણેયના જીવમાં જીવ આવ્યો.

પરિવાર સાથે રાજા ભોજન કરવા બેઠા. રાજા રંતિદેવનો ધ્રુજતો હાથ ભોજન તરફ આગળ વધ્યો તો તેમનું હૃદય ધ્રુજી ઉઠ્યું. હૃદયમાં એક પીડા થઈ. **હે પ્રભો ! શું આજે અમે કોઈ અતિથિને ભોજન કરાવ્યા વગર જ ભોજન કરીશું ?** તે સમયે સામેથી એક **બ્રાહ્મણ** પધાર્યા ને કહ્યું: હું ઘણા દિવસથી ભૂખ્યો છું. મને ભોજન કરાવો.

લાખો અને કરોડોનું દાન આપી દેવું એ કાંઇ બહું મોટી વાત નથી. પણ દોઢ માસના ઉપવાસ પછી મળેલું અન્ન કોઈને દાનમાં આપી દેવું એ ઘણું કઠણ છે. આ રીતે જ સાધુ પુરુષોની પરીક્ષા થતી હોય છે.

રાજાએ પ્રસન્ન મને ભૂદેવને ભોજન કરાવ્યું ને વધેલું અન્ન ઘરના સભ્યો ખાવાની તૈયારી કરે છે. ત્યાંજ એક **ક્ષુદ્ર અતિથિ** આવ્યો તેને પણ જમાડ્યો એ પછી એક **અન્ય અતિથિ** આવી પહોચ્યો. તેની સાથે **બે-ત્રણ કુતરા** પણ



હતા. તેને પોતાની અને કુતરાની કંગાળ દશા વર્ણવી. તેને પણ રંતિદેવે અતિ આદરથી બધું જ ભોજન આપી દીધું.

હવે માત્ર **થોડું પાણી** બચ્યું હતુ. તે પણ માત્ર એક વ્યક્તિને થાય તેટલું જ ! તેમાંથી પણ ત્રણ ભાગ પાડ્યા. ને જ્યાં ત્રણેય પીવાની તૈયારી કરે ત્યાં જ એક **ચાંડાલ** રડતો-કકરગરતો આવી પહોંચ્યો અને કહ્યું: હે ભિક્ષુક ! હું ઘણાં દિવસોથી તરસ્યો છું. મને પાણી આપીશ ?

રંતિદેવના મુખ પરની એક પણ રેખા બદલાઈ નહિ. તેને પણ રાજાએ **પ્રસન્ન મને** પાણી આપી દીધુ.

રંતિદેવની પરોપકારની ભાવના અને દયાળુ સ્વભાવ જોઈ **બ્રહ્મા-વિષ્ણુ-મહેશ** ત્યાં પ્રગટ થયા ને કહેવા લાગ્યાં: **ધન્ય છે... રંતિદેવ ધન્ય છે !! અમે જ બ્રાહ્મણ-ક્ષુદ્રને ચાંડાલના રૂપમાં આવી તમારી પરીક્ષા કરી.** તમારી આવી પરોપકારની ભક્તિભાવના જોઈ અમે રાજી થયા છીએ. તમે કંઈક વરદાન માંગો.

રંતિદેવે ધ્રુજતા હોઠોથી કહ્યું: **મારે સ્વર્ગ જોઈતું નથી; રાજ્ય અને ભોગ પણ જોઈતાં નથી. પરંતુ દરેક જીવ-પ્રાણી માત્રના દુઃખો મને આવે અને તેઓ સુખી રહે એવું માંગુ છું.**

ત્રણેય દેવો રંતિદેવની આવી નિર્મળ ભાવના જોઈને અતિ પ્રસન્ન થયા અને પરિવાર સાથે રંતિદેવને યોગીઓને પણ દુર્લભ એવી પરમગતિ પ્રાપ્ત કરાવી.

બીજાના દુઃખમાં પોતાનું દુઃખ અને બીજાના સુખમાં પોતાનું સુખ માનતા હોય તેવા ભક્તોથી ભગવાન ખૂબજ રાજી થાય છે. બીજાનું દુઃખ જોઈને જેનું હૃદય દ્રવી જાય અને તેને મદદ કરવા પહોંચે તે જ ખરા અર્થમાં ભક્ત છે. દાદાગુરુજી કહેતા કે: ભૂખ્યાને અન્ન, નિર્ધનને ધન અને નિર્વસ્ત્રને વસ્ત્ર આપવામાં ક્યારેય જાત-કુજાત (પાત્ર-કુપાત્ર) જોવું નહિ. જુઓને ! આપણા ગુરુજી કેટલા દયાળું છે !!

કડીગાન વિભાગ

અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર ।
જોતાં નાવે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર ॥
સમર્થ મૂર્તિ સુખ ભરી, ધરી ન ધરશે કોઈ ।
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય ॥

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય)



શ્લોકગાન વિભાગ

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः परोपकरार्थमीदं शरीरम् ॥

અર્થ :- પરોપકાર માટે વૃક્ષ ફળ આપે છે. નદીઓ પરોપકાર માટે સદા વહેતી રહે છે. ગાય પરોપકાર માટે દુધ આપે છે. ભગવાને આ શરીર પણ પરોપકાર માટેજ આપણને આપ્યું છે.

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાનનો ભક્ત પરોપકારી હોય, પ્રેમી હોય, નિયમમાં પૂરો હોય.માખણ પણ કોમળ ને ભક્તનું હૃદય પણ કોમળ પણ માખણ અને ભક્તમાં એટલો ફેર છે કે, માખણને જ્યારે પોતાનું દુઃખ આવે ત્યારે પીગળશે ને ભક્ત બીજાનાં દુઃખ જોશે ત્યારે પીગળશે. (કલ્યાણ કણિકા - ૪/૧૬૪)
- ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, તેમ ભગવાન અને સાધુ મનુષ્ય જેવાં જ હોય, પણ એ દિવ્ય છે ને કલ્યાણકારી છે, ને મનુષ્યનું દેહ ચિંતામણિ છે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૮૮)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજનો સ્વભાવ કેવો હતો ? **અતિદયાળું, પરદુઃખહારી.**

(૨) "સત્સંગની માં" નું બિરુદ કયા સંત ને મળ્યું હતું ? **મુક્તાનંદ સ્વામી.**

(૩) મહારાજ પોતાના ગુરુ તરીકે કયા સંતને સ્વીકારતા ? **મુક્તાનંદ સ્વામી.**

(૪) શ્રીજીમહારાજના લેખક (લહીયા) કોણ હતું ? **શુકાનંદ સ્વામી.**

(૫) શ્રીજીમહારાજે સ્વધામ ગમન વખતે કયા સંતને યાદ કર્યા હતા ? **બ્રહ્માનંદ સ્વામી.**

જાણવા જેવું

હોદ્દાની સમજુતિ

(૧)	રાષ્ટ્રપતિ	=	ભારત સરકારના બંધારણીય વડા.
(૨)	વડાપ્રધાન	=	ભારત સરકારના વહીવટીય વડા.
(૩)	સ્પીકર	=	લોકસભાના અધ્યક્ષ.
(૪)	રાજ્યપાલ	=	રાજ્ય સરકારના બંધારણીય વડા.
(૫)	મુખ્યમંત્રી	=	રાજ્ય સરકારના વહીવટીય વડા.
(૬)	સચિવ	=	રાજ્યના ખાતાઓના વહીવટીય વડા.
(૭)	કલેક્ટર	=	જીલ્લાના વહીવટીય વડા.
(૮)	મામલતદાર	=	તાલુકાના વહીવટીય વડા.
(૯)	રાજદૂત	=	પરદેશમાં સરકારનો પ્રતિનિધિ.
(૧૦)	મેયર	=	મ્યુનિસિપલ કોર્પોરેશનના વડા.
(૧૧)	પ્રમુખ	=	કોઈપણ પક્ષ કે સંસ્થાના વડા.
(૧૨)	કમીશ્નર	=	તંત્રના કે ફેડરેશનના વહીવટીય વડા.
(૧૩)	ડી.એસ.પી.	=	જીલ્લાના પોલીસ વડા.
(૧૪)	પી.એસ.આઈ.	=	કોઈ પણ સ્થાનના પોલીસ સ્ટેશનના વડા.

આટલું યાદ રાખો

- તુલસી યહ સંસારમે પંચ રત્ન હૈ સાર ।
  સંતસમાગમ હરિભજન , દયા , દાન , ઉપકાર ॥
- પરહિત સરીસ ધરમ નહિ ભાઈ , પરપીડા સમ નહિ અધમાઈ (તુલસીદાસ)
- **વિચારો અને અમલમાં મુકો**

  તમે કોઈ દુ:ખી કે ગરીબ ને કંઈ કંઈ રીતે મદદ કરી શકો છો ? વિચારો .
- **વિચારવા જેવું**

  આપણે જીવનમાં કેટલા ગ્લાસ પાણી પીધું હશે તે ભૂલી જવાશે પણ કોઈ તરસ્યાને પ્રેમથી એક ગ્લાસ પાણી પાયું હશે તે જીવનભર યાદ રહેશે . આપણે જીવનામાં કેટલાંય કપડાં પહેરી નાખ્યાં હશે તે ભૂલી જવાશે પણ કોઈ ગરીબને શરીર ઢાંકવા એકાદ કપડું આપ્યું હશે તે જીવનભર યાદ રહેશે .

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) રાજા રંતિદેવને કયો નિયમ હતો ?

(૨) રાજા રંતિદેવને કેટલા દિવસના ઉપવાસો થયા હતા ?

(૩) રાજા રંતિદેવની પરીક્ષા લેવા કોના વેશમાં કોણ આવ્યું હતું ?

(૪) ઓગણપચાસમાં દિવસે રાજાને ભિક્ષામાં શું મળ્યું હતું ?

(૫) રાજા રંતિદેવે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પાસે શું માંગ્યું ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) દશપુર નામે નગર ..... નદીના કિનારે હતું .

(૨) પરોપકાર માટે વૃક્ષ ..... અને ગાય ..... આપે છે .

(૩) મુક્તાનંદ સ્વામીને ..... નું બિરુદ મળ્યું હતું .

(૪) જીલ્લાના વહીવટીય વડાને ..... કહે છે .

(૫) રાજ્ય સરકારના બંધારણીય વડાને ..... કહે છે .

(પ્રશ્ન-૩) ટૂંકનોંધ લખો.

દાદાગુરુજી એટલે **"પંચસેવાના વ્રતધારી સંત"**

(પ્રશ્ન-૪) પંક્તિ તથા શ્લોક પૂર્ણ કરો.

(૧) અલૌકિક મૂર્તિ .....

(૨) परोपकाराय फलन्ति .....

સભા-૨૫ : શીર સાટે સત્સંગ


મેડી નામનું એક નાનકડું ગામ. પરમહંસો સત્સંગ કરાવતાં કરાવતાં તે ગામે પહોચ્યાં. રોજ ગામના ચોરે સંતો કથા કરે અને મુમુક્ષુઓ કથા સાંભળવા આવે.

ગામમાં એક ભારે **કુસંગી પટેલ.** પણ તેનો **દીકરો હીરો જબરો મુમુક્ષુ.** રોજ કથા સાંભળવા ચોરે પહોચી જાય. ધીરે ધીરે કથાવાર્તાના શબ્દો હીરાના હૃદયની આરપાર ઉતરવા લાગ્યાં. હીરો મુમુક્ષુ તો હતો જ હવે તેને ભગવાનનો નિશ્ચય પણ થયો. સંતો પાસે આવી **વર્તમાન ધારણ કરી કંઠી પહેરી.** સંતોએ તેને **પૂજા આપી** અને **પૂજા કરવાની રીત શીખવી;** ને સંતો બીજા ગામ ગયા.

હીરો પૂજા પેટી લઈ ઘરે આવ્યો. સવારે સ્નાન કરી પવિત્ર થઈ પૂજા કરવા બેઠો. આ બાજુ તેના બાપા સવારે જાગ્યા. હીરાને પૂજા કરતા જોયો. બાપા ત્રાડુક્યા: એલાએય હીરયા! આ બધુ શું છે? આ ઘતીંગ તને કોણે શીખવ્યું ? આ બધુ નાટક બંધ કર. હજુ વેંત જેવડો છે ત્યાં મોટી ભગતની પુછડી થઈ ગયો. હીરાએ આ બધુ સાંભળી લીધું પણ પૂજા ન છોડી.

પછી તો રોજ તેના બાપા તેને **હેરાન કરે** અને ક્યારેક તો **મારે;** પણ હીરો પાક્કો સત્સંગી, તે રોજ પૂજા કરે, તિલક-ચાંદલો કરે, મંદિરે જાય અને ભજન ભક્તિ કરે.

એક દિવસ હીરો પૂજા કરતો હતો. તેના બાપા આવ્યા. પૂજાની મૂર્તિ લઈને ફાડી નાખી, સળગાવી દીધી. હીરાએ સ્વામિનારાયણની ધૂન બોલવાનું શરૂ કર્યું. બાપ આવીને મારવા લાગ્યો. જેમ-જેમ બાપ વધારે મારે તેમ તેમ હીરો



જોર-જોરથી ધૂન બોલે.

તેના બાપાને વધારે ક્રોધ ચઢ્યો. તેણે હીરાને કહ્યું: **જો તું હવે સ્વામિનારાયણ નામ લઈશ તો તને મારી નાખીશ.**

હીરો બોલ્યો: **પિતાજી ! પ્રભુનું નામ તો મારી જીભ અને જીવ બન્નેમાં રહેશે. તમે ગમે તે કરો, આ સત્સંગ મારે શીર સાટે છે. હું સત્સંગ નહિ છોડું. અને તમે મને મારી નાંખશો તો પણ હું ભગવાનના ધામમાં જ જવાનો છું.**

બાપાનો ક્રોધ હવે ઔર વધી ગયો. તેને હીરાને હાથે-પગે બાંધી **ગાડા**માં નાખ્યો ને ખેતરે લઈ ગયો. **ગાડામાં ભરભરી** (વજન મુકી) હીરાને જોતરે બાંધ્યો ને બોલ્યો : જો હું તને છેલ્લી વાર કહું છું. તું સ્વામિનારાયણનું નામ મુકી દે. નહિતર હું તને ગાડું ઉલાળીને મારી નાંખીશ.

હીરો જરાય ડગ્યો નહિ. તેણે કહ્યું: પિતાજી ! **પ્રભુનું નામ તો જીવોને અમર બનાવે છે. ભવસાગર તરવા પ્રભુનું નામ જ નૌકા છે. તમે પણ બોલો, હું પણ બોલું. મારા જીવમાં જ્યાં સુધી જીવ રહેશે ત્યાં સુધી સ્વામિનારાયણ નામ લેવાનું બંધ નહિ કરું. તમારે જે કરવું હોય તે કરો.**

અને તેના બાપાએ સાચે જ ગાડું ઉલાળ્યું. હીરાના ગળે ફાંસો આવ્યો ને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલતા તે ધામમાં ગયો. અનંતમુક્તોને લઈ શ્રીજીમહારાજ પધાર્યા ને હીરાના જીવને અક્ષરધામમાં લઈ ગયા. હીરાએ મૃત્યુ પસંદ કર્યુ પણ સત્સંગ ન છોડ્યો.

બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે : ''સૌ માથા જાતાં સોંઘા છોગાળા.'' ગમે તેવા દુઃખ આવી પડે પણ નિયમ-ધર્મ મુકવાં નહિ. કંઠી, તિલક, ચાંદલો છોડવા નહિ. ભગવાનની ભક્તિ કરતા



જે કાંઈ આડું આવે તેનો ત્યાગ કરવો. પ્રહ્લાદે સગા પિતાનો ત્યાગ કર્યો. ભરતજીએ સગી માં નો ત્યાગ કર્યો. વિભીષણે સગા ભાઈનો ત્યાગ કર્યો. ઋષિપત્નીઓએ પતિનો ત્યાગ કર્યો. વિદુરજીએ હસ્તિનાપુરનો ત્યાગ કર્યો. આ બધાએ ભગવાનને રાખ્યા તો તેની કીર્તિ શાસ્ત્રમાં ગવાય છે. કહેવાય છે ને ''હરિનો મારગ છે શુરાનો, નહિ કાયરનું કામ.''

કડીગાન વિભાગ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહું સહું તણું ॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યાં છે તમને, તે પાર છે અક્ષરથી ॥ (ભક્તચિંતામણિ-૭૬)

નિત્યપૂજા વિધિ

(૧) પૂજા શું છે ?



– પૂજા એટલે શ્રદ્ધા, સન્માન અને વિનયનો ભાવ પ્રગટ કરનારી વિધિ. સમર્પણનો ભાવ પ્રગટ કરતું કાર્ય. આભાર વ્યક્ત કરતી વર્તણૂંક.

– ઉપકારી એવા કોઈપણ જીવ કે નિર્જીવ; વ્યક્તિ કે વસ્તુની પ્રત્યે આદર-શ્રદ્ધા-સન્માન પ્રગટ કરવો એટલે પૂજા.

(૨) ભગવાનની પૂજા શાં માટે કરવી જોઈએ ?

આપણા પર ભગવાનના અનંત ઉપકારો છે. તેઓએ હવા, પાણી, ખોરાક, સુંદર સૃષ્ટિ જેવાં અમૂલ્ય તત્વો તેમજ માનવ શરીર વિનામૂલ્યે આપણને ભેટ આપેલ છે. ભગવાનના આ અનંત ઉપકારોને ભૂલી આપણે ઘમંડી બની અધોગતિના પંથે લપસી પડીએ છીએ. આ ન થાય એ માટે ભગવાનના અનંત ઉપકારોનું સતત અનુસંધાન રાખવા, તેમનો આભાર વ્યક્ત કરવા, જીવનને નમ્ર બનાવવા અને ભગવાનના દિવ્યગુણોને જીવનમાં પ્રગટાવવા ભગવાનની પૂજા આવશ્યક છે.

(૩) ઈષ્ટદેવની મૂર્તિપૂજાની વિશેષતા શી છે ?

અનંતકોટિ બ્રહ્માંડોના સર્જનહાર - સ્વામી એક માત્ર પરમેશ્વર છે. જે સર્વોપરી છે. સર્વ કર્તા-હર્તા છે. સદા દિવ્ય સાકાર છે. જીવો અનંત છે અને અનાદિ માયાના અજ્ઞાનથી બદ્ધ છે. આ અનાદિ માયાના બંધનમાંથી છુટવા માટે ને મુક્તિ મેળવવા માટે એકમાત્ર સર્વજન સુલભ-સરળ-શ્રેષ્ઠ ઉપાય છે **ભગવાનની શરણાગતિ.** સેવકભાવે-દાસભાવે ભગવાનની ઉપાસના-ભક્તિ કરવી એ ભગવાનને પામવાનો ; રીઝવવાનો સરળ ઉપાય છે. આમ, **મુક્તિ પહેલાં પણ ભક્તિ છે અને મુક્તિ પછી પણ ભક્તિ તો રહેજ છે.**

જ્યારે ભગવાન પોતાની દિવ્ય મનુષ્ય લીલાઓને સંકેલી અંતર્ધાન થાય છે ત્યારે પરમકૃપાળુ પરમાત્મા જીવો પર અતિ દયા-કરુણા કરીને અર્ચા (મૂર્તિ) સ્વરૂપે આ ધરા પર પ્રગટ અને પ્રત્યક્ષ રહે છે. આ મૂર્તિ એ કાંઈ પ્રતીક નથી કે ચિત્તને સ્થિર કરવા પૂરતું આલંબન માત્ર નથી પરંતુ **''સાક્ષાત્ પરમાત્મા જ છે.'' અર્ચાવતાર છે.** વેદાન્ત કથિત મન વાણી થકી અગોચર ભગવાન ભક્ત માટે **મૂર્તિરૂપે સુલભ** બને છે. મૂર્તિ સ્વરૂપ ભગવાન ભક્તના તમામ ભાવોને સ્વીકારે છે. સ્વતંત્ર ભગવાન **અર્ચકપરાધીન** બને છે. ભક્ત પણ પોતાની ઈચ્છા મુજબના ભાવો દ્વારા ભગવાનની સેવા-પૂજા કર્યાનો આનંદ માણે છે. આ મૂર્તિ સ્વરૂપ ભગવાનની સેવા-પૂજાથી જગતની વાસના નષ્ટ થાય છે ને જીવ મુક્તિને પ્રાપ્ત કરે છે.

(૪) નિત્યપૂજા શું છે ?

- ભગવાનનો નિત્ય મેળાપ એટલે નિત્યપૂજા.
- ભગવાનનો આભાર માનવો એટલે નિત્યપૂજા.
- આપણા ઈષ્ટદેવની નિયમિતપણે થતી પૂજા એટલે નિત્યપૂજા.
- ભગવાનના સ્વામિત્વનો સ્વીકાર અને પોતાના દાસત્વપણાની નિયમિતપણે યાદ એટલે નિત્યપૂજા.
- પૂજાથી મન સ્થિર થાય છે. જીવનમાં સદ્‌ગુણો વૃદ્ધિ પામે છે. પ્રભુના પ્યારા બનાય છે ને રાજીપો મળે છે.

(૫) નિત્યપૂજા વ્યક્તિગત શાં માટે ?

ઘર મંદિરમાં સવાર-સાંજ દીવો-પૂજા થતા હોવા છતાં પણ આપણે આપણી વ્યક્તિગત પૂજા કરવી જોઈએ... કેમ કે જેમ

ભૂખ આપણને લાગે અને આપણા બદલે બીજો જમી લે તો ચાલે ?
ઉંઘ આપણને આવે અને આપણા વતી બીજો ઉંઘી લે તો ચાલે ?
વિદ્યા આપણને ભણવી છે ને આપણા બદલે બીજો ભણી લે તો ચાલે ?
તેમ, વ્યક્તિગત સુખ-શાંતિ ને સંતોષ માટે વ્યક્તિગત પૂજા.

વ્યક્તિગત ઘડતર માટે વ્યક્તિગત પૂજા.
વ્યક્તિગત પૂજા એટલે ભગવાનની અંગત મુલાકાત.

(૬) નિત્યપૂજામાં કોની કોની મૂર્તિઓ રાખવી ?

અનંતકોટિ બ્રહ્માંડોના સર્જક, પોષક, ધારક અને રક્ષક પરંબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ એક જ છે. તે જ સર્વ અવતારોના અવતારી છે. જેમ હાથીના પગલામાં બધાં જ પ્રાણીઓના પગલાં આવી જાય છે તેમ પોતના ઈષ્ટદેવના સ્વરૂપમાંજ અન્ય સર્વ અવતારો અને દેવતાઓનાં સ્વરૂપો આવી જાય છે. માટે શ્રીજીમહારાજ અને મુક્તોની મૂર્તિઓ જ આપણી પૂજામાં રખાય. અને પૂજાની મૂર્તિઓ પણ આખી અને સ્પષ્ટ હોવી જોઈએ. દિવાળી કાર્ડ કે અર્ધપ્રતિમા પૂજામાં ન રખાય. ખંડિત થયેલી, ફાટી ગયેલી મૂર્તિઓ બદલી લેવી જોઈએ.

(૭) પૂજા કરવાની પદ્ધતિ :-

(૧) પૂજાનો આદર્શ સમય :

સૂર્યોદય પહેલાં જાગવું. પથારીમાં બેઠા બેઠા બે મિનિટ ભગવાનનું ધ્યાન ધરવું. ત્યારબાદ શૌચ-દાતણ-સ્નાનાદિક ક્રિયા કરવી. (સ્નાન કરતાં-કરતાં ભગવાનનું નામ લેવું. નહિ તો રુધિરથી નાહ્યા બરોબર કહેવાય.) સ્નાનાદિક ક્રિયામાંથી પરવારી સૌ પ્રથમ પૂજાવિધિનું કાર્ય કરવું. **પહેલું કામ પૂજા પછી બીજુ બધું.**

(૨) વસ્ત્રો :-

પૂજાના વસ્ત્રો ધોયેલા, સ્વચ્છ અને અલગ જ રાખવાં. આ વસ્ત્રોમાં એક ધોતીયું ને એક ઉપવસ્ત્ર રાખવું, તે ઉત્તમ છે. જો ધોતીયું અનુકૂળ ન આવે તો સફેદ ઝભ્ભો-લેંઘો ફક્ત પૂજા માટે અલગ રાખવો. રોજિંદા જીવનમાં આ વસ્ત્રોનો ઉપયોગ ન કરવો.

- પેન્ટ-શર્ટ પહેરીને પૂજા કરવી તે યોગ્ય નથી.
- પૂજા દરમ્યાન ટુવાલ, લુંગી કે ચડ્ડો-ચડ્ડી તો પહેરાય જ નહિ.

(૩) સ્થળ; દિશા અને આસન :-

પવિત્ર, શાંત અને એકાંત સ્થળ પૂજા માટે પસંદ કરવું. એક આસન પાથરી તેના પર ઉત્તર કે પૂર્વ મુખે બેસવું. સામે બીજા આસન પર ઠાકોરજીની મૂર્તિ ખોલ્યા વિના રાખવી. તિલક-ચાંદલો વગેરે અન્ય સામગ્રી એક બાજુ મુકવી.

(૪) તિલક-ચાંદલો :-

કપાળ પર ચંદનનું તિલક અને કંકુનો ચાંદલો કરવો. ત્યાર બાદ છાતી પર અને બંને ભુજા પર ચંદનનું તિલક અને ચાંદલા કરવા. (સ્ત્રીઓએ કપાળે કેવળ ચાંદલો કરવો.)

(૫) ધ્યાન અને માનસી :-

પદ્માસન અથવા સુખાસન (પલાઠી)માં બેસી ધ્યાન કરવું. ધ્યાનમાં આત્મચિંતન, પરમાત્મચિંતન અને ધ્યેયનું ચિંતન કરવું. **હું આ દેહ નથી - આત્મા છું. મારા આત્મામાં પરમાત્મા સદાય અખંડ વિરાજમાન છે. મારે કોઈ પણ ભોગે, કોઈ પણ સંજોગોમાં શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા જ છે.**

ત્યારબાદ માનસી પૂજા કરવી. આંખો બંધ કરી કલ્પના કરવી ને મનની આંખથી દર્શન કરવા. સરસ મજાની સવાર છે, શીતળ સુગંધી વાતાવરણ છે. શ્રીજીમહારાજ ઢોલીયા પર પોઢ્યા છે. હું ચરણ ચાંપુ છું. પ્રેમથી તેમને જગાડું છું. ઋતુ પ્રમાણે નિર્મળ જળથી સ્નાન કરાવું છું. સુંદર શણગાર ધરાવું છું. થાળ ધરાવું છું. આરતી ઉતારું છું ને ખૂબ લાડ લડાવું છું.

નોંધ :- (માનસી પૂજા વિષે વિશેષ માહિતી માનસી પૂજાના પાઠમાં આપવામાં આવેલ છે.)

આમ, સવારની માનસી પૂજા કરી પૂજાની મૂર્તિઓ ગોઠવવી. મૂર્તિ સ્થાપન બાદ, આહ્વાન મંત્ર બોલી હાથ જોડી ભગવાનને પૂજામાં પધારવા પ્રાર્થના કરવી.



પ્રાર્થના



શિક્ષાપત્રી વાંચન





પ્રદક્ષિણા



દંડવત્



તપની માળા



માનસી પૂજા



માળા જાપ



તિલક ચાંદલો

(૬) આહ્વાન મંત્ર અને માળા જાપ :-

ઉતિષ્ઠોતિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ! ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરંકુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

અર્થ : હે ધર્મના પુત્ર ! હે દયાસિન્ધુ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભુ ! જાગો અને પોતાના ભક્તોનું પરમ કલ્યાણ કરો. હે પરમેશ્વર ! હે દેવ ! હે ભગવન્ ! આપ આપના સ્થાનમાંથી, અક્ષરધામમાંથી મારી પૂજામાં પધારો. હું તમારી પૂજા કરવા ઈચ્છું છું. આપ સદા માટે મારી સન્મુખ વિરાજમાન થાવ.

આમ, પ્રાર્થના કરી પછી સ્વામિનારાયણ મંત્રની પાંચ કે સાત કે તેથી વધુ માળા ફેરવવી.

(૭) તપની માળા :-

પુલહાશ્રમમાં નીલકંઠપ્રભુએ કરેલ તપની સ્મૃતિ કરતા કરતા એક પગે ઉભા રહી બંને હાથ ઉંચા રાખી તપની એક માળા ફેરવવી.

(૮) પ્રદક્ષિણા :-

ભગવાન જ આપણા જીવનનું કેન્દ્રબિંદુ રહે તેવી ભાવના કરતાં કરતાં માળા ફેરવતાં ફેરવતાં શ્રદ્ધા પ્રમાણે પ્રદક્ષિણા કરવી.

(૯) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ :-

ત્યાર બાદ શ્લોક બોલતાં-બોલતાં પાંચ દંડવત્ કરવા.
જાણે અજાણે થયેલ ભક્તોના અપરાધની ક્ષમા માટે છઠ્ઠો દંડવત્ કરવો. (બહેનોએ પંચાંગ પ્રણામ કરવા.)

(૧૦) પ્રાર્થના :-

દંડવત્ બાદ આસન પર ફરી બેસીને હાથ જોડીને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરવી.

હે મહારાજ ! હે સ્વામી ! અહં-મમત્વરૂપ માયા થકી મારી રક્ષા કરજો. ઈન્દ્રિયો, અંતઃકરણરૂપ શત્રુ થકી મારી રક્ષા કરજો. દરેક પ્રકારના કુસંગી થકી મારી રક્ષા કરજો. હું હંમેશા આપના દાસનો દાસ થઈને રહું, તમામ આજ્ઞા પાળુ, ખરાબ કાર્યને ન કરું, ને આપને ને આપના સંતો-ભક્તોને રાજી કરી શકું ને આપનો આદર્શ ભક્ત બનું તેવા બળ-બુદ્ધિ-શક્તિ આપજો. હે પ્રભો ! આપનામાં ને આપના સંતો-ભક્તોમાં મને સદાય દિવ્યબુદ્ધિ ને નિર્દોષબુદ્ધિ રહેજો.

પછી નીચેનો ક્ષમાયાચના મંત્ર બોલવો.

અપરાધ સહસ્રાણિ ક્રિયંતેઽહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

અર્થ : હે પુરુષોત્તમ ! હે ભગવાન્ ! મારાથી જાણ્યે-અજાણ્યે દિવસ-રાત હજારો પાપ થઈ જાય છે. માટે મને આપનો દાસ જાણી, અલ્પમતિનો બાળક જાણી ક્ષમા કરો.

પ્રાર્થના કરી પ્રત્યેક મૂર્તિનો ચરણસ્પર્શ કરી આંખે સ્પર્શ કરવો.

(૧૧) વિસર્જન મંત્ર :-

અંતમાં, પૂજા પુરી થતાં નીચેનો વિસર્જન મંત્ર બોલીને મૂર્તિઓને ક્રમમાં પાછી ભેગી કરવી.

स्वस्थानं गच्छ देवेश, पुजमादाय मामकीम् ।

ईप्टकाम प्रसिध्यर्थं, पुनरागमनाय च ॥

અર્થ :- હે દેવેશ ! મારા અભિલષિત કાર્યની સિદ્ધિને અર્થે આપે મારી પૂજા અંગીકાર કરી, હવે આપ આપના સ્થાનમાં, કહેતાં મારા હૃદયમંદિરમાં બિરાજો અને આવતીકાલે મારી પૂજા અંગીકાર કરવા પુનઃ પધારજો.

(૧૨) શિક્ષાપત્રી વાંચન :-

શિક્ષાપત્રીના ઓછામાં ઓછા પાંચ આજ્ઞાવચનો વાંચવા.

(૧૩) પૂજા પછી તરત કરવાનું નિત્યકર્મ :-

પૂજા કર્યા બાદ ઘર મંદિરમાં દર્શન-દંડવત્-પ્રાર્થના કરી, આપણા સદ્‌ગુરુઓને દંડવત્ કરી પછી માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા. અને ઘરના અન્ય સભ્યોને પ્રણામ સહ જય સ્વામિનારાયણ કહેવાં.

(૧૪) પરમ પૂજ્ય ગુરુજી કહે છે :

નિત્યપૂજા આપણા આત્માનો ખોરાક છે. સવારના પહોરમાં આપણે ભગવાન અને સંતની પ્રાર્થના-પૂજા કરીએ ને તેમને સંભારીએ તો બાકીનો આખો દિવસ ભગવાન આપણને સંભાળે; આપણા જીવનનું ગાડુ ભગવાન હંકારે. જો શ્વાસ લીધા વગર ચાલે તો નિત્યપૂજા વગર ચાલે.



આવશ્યક સૂચનો :-

- પૂજાને પગ અડે કે અપવિત્ર થાય તેવી જગ્યાએ જ્યાં-ત્યાં ન મુકવી. મંદિર પાસે કે અન્ય કોઈ યોગ્ય જગ્યાએ મુકવી.
- પૂજા કર્યા વિના પાણી પણ પીવાય નહિ ; તો પછી ખવાય શાથી ?
- પૂજા કરતાં-કરતાં કંઈ પણ બોલાય નહિ. આડું-અવળું જોવાય નહિ. મન દઈને પૂજા કરવી.
- તિલક-ચાંદલો કર્યા વિના પૂજા ન કરાય.
- પૂજા ક્યારેય અપૂજ્ય ન રખાય. બહારગામ જઈએ તો પૂજા સાથે લઈ જવી.
- પથારીવશ અવસ્થા હોય, માંદગી હોય કે વૃદ્ધપણાની અશક્તિ હોય ત્યારે પૂજા કરતી વ્યક્તિને પોતાની પૂજા આપીને પોતે માનસીપૂજા તથા યથાશક્તિ નામજપ, પાઠાદિ કરવા. (સામાન્ય આપત્તિને વિશેષ આપત્તિ ન માની લેવી.)

★ વાહલા બાળભક્તો ! આ રીતે પૂજા કરવામાં ફક્ત ૨૦ થી ૨૫ મિનિટ લાગે. બસ આટલું કરીએ તો ભગવાનની આજ્ઞા પળાઈ જાય ને ભગવાન રાજી થઈ જાય. શ્રીજીમહારાજની આ પાયાની આજ્ઞા છે. ભગવાનને ગમતાં થવાની ને ૧૦૦% સત્સંગી બનવાની આ તક ચુકવી નહિ. પળભરની નવરાશ ન ઘરાવતાં પૂજ્ય ગુરુજી રોજ એક કલાક પૂજા માટે ગાળે છે એજ બતાવે છે કે એમને મન પૂજાનું મહત્વ કેટલું બધું છે !!

''સમય નથી મળતો ?'' એવું બહાનું ક્યારેય કાઢવું નહિ. ખાવા-પીવાનો ને બીજા કામ કરવાનો જો સમય મળે તો પછી આપણને જેને ૨૪ કલાક વાપરવા આપ્યા તેમની માટે ફક્ત અડધો કલાક પણ ન ગાળીએ તો આપણા જેવો ''કૃતઘ્ની'' બીજો કોણ ?

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) હીરાને કંઈ રીતે સત્સંગ થયો ?
(૨) હીરાને પૂજા કરવામાં કંઈ-કંઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો ?
(૩) પૂજા શું છે ? પૂજા શાં માટે કરવી જોઈએ ?
(૪) નિત્યપૂજા શું છે ?
(૫) નિત્યપૂજા વ્યક્તિગત શાં માટે હોવી જોઈએ ?
(૬) પૂજામાં બોલાતો અહ્વાન મંત્ર જણાવો ?
(૭) પૂજાનો વિસર્જન મંત્ર જણાવો ?
(૮) પૂજ્ય ગુરુજી નિત્યપૂજા વિશે શું કહે છે ?

સભા-૨૬ : સર્વસ્વ સમર્પણ

ચાનગઢનાં એક વૃદ્ધ બ્રાહ્મણ હતા. રણછોડજી મહારાજ. શ્રીજીમહારાજનાં અનન્ય ભક્ત. તેમનું શરીર દુર્બળ અને વ્યવહાર પણ દુર્બળ એટલે સૌ એમને **''દુબળી ભટ્ટ''** કહેતા.

તેમણે ગામમાં ઘર નથી ને સીમમાં ખેતર નથી. ગામના લોકો છ-બાર મહિને જમાડે અને દક્ષિણામાં એક દોકડો આપે. આ રીતે તેમણે **૧૩ દોકડા** ભેગા કર્યા હતા. જર્જરિત થઈ ગયેલ તુટેલી-ફાટેલી-મેલીં પાઘમાં તેમણે કેટલાય વર્ષોથી આ **૧૩ દોકડા**ને બાંધી રાખ્યાં હતા.

શ્રીજીમહારાજ ગઢડામાં ગોપીનાથજીનું મંદિર બંધાવતા હતા. મહારાજ ગાદી તકિયે બિરાજ્યા હતા. એક બાજુ પરમહંસો ને બીજી બાજુ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

સૌ હરિભક્તો પોતાની ઈચ્છા પ્રમાણે રકમ લખાવે છે. કોઈ **હજાર** તો કોઈ **બે હજાર** તો કોઈ **પાંચ હજાર.** કોઈ કોઈને આગ્રહ કરતું નથી ને કોઈએ કોઈને આગ્રહ કરવો પણ પડતો નથી. રકમ લખાય જાય છે. મહારાજ મંદ મંદ હસે છે.

એવામાં એક દીન-હીન બ્રાહ્મણ સભામાં દાખલ થયો. મેંલોઘેલો એનો વેશ. ટુંકી પોતડી ને ફાટેલી-તુટેલી થીંગડાવાળી ડગલી. માથે પાઘડી તેય ફાટીને ડુચા થઈ ગયેલી. પગમાં નથી પગરખાં.

બધા એમને ઓળખે. **ઓહ ! આ તો**



દુબળી ભટ્ટ ! આ અહીં શું કામ આવ્યો હશે ? અહીં એનું શું કામ હતું ? દરબારો દુબળી ભટ્ટને જોઈને હસ્યા, મશ્કરી કરી. **ભલો આવ્યો ભાઈ ! તારા વિના સભા શોભતી નહોતી ! મંદિરે કેટલા હજાર દેવા આવ્યો છે ! કહે !**

દુબળી ભટ્ટ તો સભાની પાછળ આવીને ઉભાં રહ્યાં. તેમના મનમા સંકોચ હતો ને સભામાં આગળ જતાં પગ ધ્રુજતા હતાં. કાઠી દરબારો મુંછોના થોભીયા રમાડ્યા કરે અને એની સામે જોઈ હસ્યા કરે !

મહારાજે તેમને દૂરથી જોયાં એટલે સભાજનોને તેમને માર્ગ આપવા આજ્ઞા કરી. ભટ્ટજી ધીરે ધીરે આગળ આવ્યાં ને મહારાજના ચરણમાં ઢળી પડ્યાં. મહારાજે તેમના હાથ પકડી ઉભા કર્યા. ભટ્ટજી હર્ષઘેલા થઈ ગયા. તેમની આંખોમાં આંસુ આવી ગયા. રડતાં રડતાં માથેથી પાઘ ઉતારી. પાઘના ફાટેલા છેડે બાંધેલ **એક ગાંઠ** છોડી તેમાંથી **એક પૈસો** નીકળ્યો. મહારાજે સામેથી હાથ લંબાવી **એ પૈસો** લીધો. ભટ્ટજીએ **બીજી ગાંઠ** છોડી ને મહારાજે **બીજો પૈસો** લીધો. આમ, એક પછી એક પૈસો કાઢતાં જાય ને મહારાજ હાથ લંબાવતા જાય. આમ, ફાટેલી પાઘમાંથી **૧૩ ગાંઠો છોડીને ૧૩ પૈસા કાઢી મહારાજના હાથમાં મુક્યા.** પછી દંડવત્ પ્રણામ કરી બોલ્યા: **મહારાજ ! આટલું જ છે ! ગોપીનાથજીની સેવામાં... ! એમ કહી પાછા રડી પડ્યા.**

મહારાજે ભટ્ટજીની દરિદ્ર હાલત જોઈને કહ્યુ: ભટ્ટજી ! પૈસા રાખો. નવું ધોતીયું ને નવું પાઘડું લાવજો !

ભટ્ટજી હાથ જોડીને બોલ્યા: **ના મહારાજ ! હવે હું કેટલું જીવવાનો છું ? વધારે તો કાંઇ છે નહિ પણ જે છે તે આ ૧૩ પૈસા છે ! આટલું તમારા માટે વપરાય એટલે મારો જનમારો સફળ થાય.** એટલું કહી ભટ્ટજી વિદાય થયા.



મહારાજ અતિ પ્રસન્ન થયાં ને સભામાં જય બોલાવી. **''ગોપીનાથજી મહારાજની જય''** ! અમારા ગઢડાનું મંદિર પુરું થયું.

દરબારોએ પૂછ્યું: ભણે મહારાજ ! જય શાની ? હજી મંદિર ક્યાં પુરું થયું છે ?! અને ભટ્ટજીએ એવું તે શું આપ્યું છે ?

આ ૧૩ પૈસા ! મહારાજે ઊંચા હાથ કરી સૌને બતાવ્યા.

પણ એમાં તે મંદિર થતાં હશે ? દરબારોએ કહ્યું.

અંતર્યામી શ્રીહરિ આ સાંભળી બોલ્યાં: તમારા બધામાંથી કોઈએ એક હજાર, કોઈએ બે હજાર તો કોઈએ પાંચ હજાર રકમ લખાવી.



પરંતુ તેટલી જ રકમ અથવા તેથી વધુ રકમ તમારા ઘરના કામ માટે પણ રાખી છે; ને પછી લખાવી છે. **પણ આ દુબડી ભટ્ટે તો પોતાનું સર્વસ્વ અમને સમર્પણ કરી દીધું. તેમણે આગળ પાછળનો વિચાર કર્યા વિના પોતાની મરણમૂડી જેવા ૧૩ પૈસા અમને આપી દીધાં. ભગવાન પર એનો ભરોસો વધારે કે તમારો ?** હું તો આવા ભક્તના ભક્તિ-ભાવમાં જ ગઢડાનું મંદિર પુરું થયેલું જોઉ છું.

ભગવાન અને સંતને જે આપે છે તે મેળવે છે. ભગવાન અને સંત માટે જે છોડે છે તે પામે છે. આપણે પણ દાન કરવાનો સ્વભાવ કેળવવો. શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે દશમો-વિશમો ભાગ ભગવાન માટે કાઢવો. તેમાં લોભ કે લાલચ ન રાખવી. જે આપે છે તે પામે છે. સુદામાના મુઠી પૌઆમાં ભગવાને તેના કંચન મહેલ કરેલાં. આપણે આપણી માટે રાખીને પછી વધેલું દાન કરીએ પછી કંચન મહેલની આશા રાખીએ તે ક્યાંથી બને ?



કડીગાન વિભાગ

કિયાં અમે કિયાં આપ, જીવન જાણું છું.
કીડી કુંજરનો મેળાપ, જીવન જાણું છું.
ક્યાં તમે ને ક્યાં અમે, જીવન જાણું છું.
તે તો કૃપા કરી છે તમે, જીવન જાણું છું.
મળવું તમારું છે મોંઘું, જીવન જાણું છું.
તે તો સહુંને થયું છે સોંઘું, જીવન જાણું છું. (હરિસ્મૃતિ)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સંત અને હરિને માટે ઉપયોગમાં આવે તેટલું જ ધન સાચું અને લાભદાયી છે; એમ સમજે તેનુ નામ સત્સંગ કહેવાય. મોક્ષના કામમાં ન આવ્યું તેનુ ધન હજારો ને લાખોની સંખ્યામાં હોય તો પણ કોડી સમાન છે. (હ.ચ.સા.૮/૬૯)
- અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. (વ.ગ.મ.૨૮)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજે બન્ને આચાર્યોના કાંડા કોને સોપ્યાં ? **ગોપાળાનંદ સ્વામી.**

(૨) શ્રીજીમહારાજે કોની સેવા સામે ચાલીને સ્વીકારી ? **દિવબંદરના પ્રેમબાઈ.**

(૩) શ્રીજીમહારાજે સખી કોને બનાવ્યા ? **પ્રેમાનંદ સ્વામી.**

(૪) શ્રીજીમહારાજે સૌથી વધારેવાર દંડવત્ કયા સંતને કર્યા ? **મુક્તાનંદ સ્વામી.**

(૫) શ્રીજીમહારાજે કયા સંતને ભાઈ બનાવ્યા ? **શ્રી રામદાસ સ્વામી, શ્રી આત્માનંદ સ્વામી.**

જાણવા જેવું

શાસ્ત્રોનાં નામ અને તેના રચયિતા

(૧)	બ્રહ્મસૂત્રભાષ્ય	-	મુક્તાનંદ સ્વામી
(૨)	ગીતાભાષ્ય	-	ગોપાળાનંદ સ્વામી
(૩)	શ્રી હરિદિગ્વિજય	-	નિત્યાનંદ સ્વામી
(૪)	શ્રી હરિચરિત્રામૃતસાગર	-	આધારાનંદ સ્વામી
(૫)	સત્સંગીજીવન	-	શતાનંદ સ્વામી
(૬)	ભક્તચિંતામણી	-	નિષ્કુળાનંદ સ્વામી
(૭)	રામાયણ	-	વાલ્મીકિઋષી, તુલસીદાસ
(૮)	મહાભારત	-	વ્યાસ ઋષી

- **આટલું યાદ રાખો**

ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરે છે ;

निजवृत्त्युद्यमप्राप्त धनधान्यादितश्च तैः ।

अर्प्यो दशांशः कृष्णाय, विशोंऽश स्त्विहदुर्बलैः ॥ (૧૪૭)

અર્થ :- પોતાની મહેનતથી મેળવેલ ધન-ધાન્યમાંથી દશમો ભાગ ભગવાનને અર્પણ કરવો. જેની પરિસ્થિતિ સારી ન હોય તેમણે આવકનો વિશમો ભાગ ભગવાનને અર્પણ કરવો.

- **સાખી સમજો**
- ભીખારી નહિ ભીખ માંગે, શીખ આપે ઘરે ઘરે ।
  નહિ દીધાનાં ફળ આવા, માટે આપો અરે અરે ॥
- કેનો ભાર ન રાખે મુરારી, વ્યાજ સહિત આપે ગિરધારી.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) દુબળી ભટ્ટનું મૂળ નામ અને ગામ કયું હતું ?

(૨) દુબળી ભટ્ટે કેટલા રૂપિયા કેવી રીતે ભેગા કર્યા હતાં ?

(૩) શ્રીજીમહારાજે દુબળી ભટ્ટના ૧૩ દોકડા લઇ દરબારોને શું કહ્યું ?

(૪) શિક્ષાપત્રીમાં દાન કરવા વિષે શું આજ્ઞા છે ?

(૫) વચનામૃત ગઢડા મધ્ય-૨૮ માં શ્રીજીમહારાજે પોતાનો કેવો નિશ્ચય બતાવ્યો છે?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) શિક્ષાપત્રી	(૧) વ્યાસ ઋષી
(૨) રામાયણ	(૨) મુક્તાનંદ સ્વામી
(૩) મહાભારત	(૩) વાલ્મીકિ ઋષી
(૪) બ્રહ્મસૂત્ર ભાષ્ય	(૪) શતાનંદ સ્વામી
(૫) સત્સંગીજીવન	(૫) દશમો વિશમો ભાગ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

ક્યિાં અમે ક્યિાં આપ .....

(પ્રશ્ન-૪) ભગવાન અને સંત માટે ધન વાપરી જીવનમાં સુખી થયા હોય તેવા બે પ્રસંગ જણાવો .



સભા-૨૭ : ધૂળ પર ધૂળ

શ્રીજીમહારાજના સમયે ઓગણોતેરા કાળમાં ભણનારા ૬૦ જેટલા સંતો લોયામાં રહેતા. આખો દિવસ ભણે અને રાત્રે કથાવાર્તા કરે. ગામના લોકો સત્સંગનો લાભ લેવા આવે. મુક્તાનંદ સ્વામી પણ લોયામાં આવીને રહે ને સંતોની દેખરેખ રાખે ને કથા-વાર્તા કરે. **મુક્તાનંદ સ્વામીના સત્સંગથી ઘેલા કોળી અને ગંગાબા નામના દંપતિ પાક્કા સત્સંગી થયેલા.** મુક્તાનંદસ્વામીએ તેમને પંચવર્તમાન ધરાવી કંઠી બાંધી હતી. ઘેલા ભગત પણ મુક્તાનંદ સ્વામીને પોતાના ગુરુ માનતા. જ્ઞાતિએ કરીને તેઓ કોળી પણ નિયમ-ધર્મના સંસ્કારથી તેમનું જીવન ઉચ્ચ હતું.

એક વર્ષે અતિ **દુષ્કાળ** પડ્યો. આમતો, તેઓ છુટક મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતાં, પણ દુષ્કાળના સમયમાં મજુરી કરવા પણ કોણ રાખે ?!

ઘેલા ભગત અને **તેમના પત્નીએ** આ કપરું વર્ષ પસાર કરવા **સુરતની** વાટ લીધી. હાથમાં માળા ફરે છે, મુખમાં પ્રભુનું નામ જપાય છે ને સુરતનો રસ્તો કપાતો જાય છે. ઘેલા ભગત થોડા આગળ છે ને તેમના પત્ની પાછળ થોડે દૂર કીર્તન ગાતાં ગાતાં ચાલ્યા આવે છે.

રસ્તામાં એક **સોનાનો તોડો** ઘેલા ભગતની નજરે પડ્યો. દુષ્કાળના કપરાં દિવસો, મજુરીની શોધાશોધ, એકાંત જગ્યા અને સોનાનો તોડો દેખાયો; પણ મન ન બગડ્યું. ઘેલા ભગતને તુરંત જ યાદ આવ્યું; **''પડી વસ્તુ કોઈની હાથે ન ઝાલે રાજ.''**



પરધન ને પથ્થર માનનાર ઘેલા ભગતે નીચા વળીને તોડા ઉપર ધૂળ વાળી દીધી; અને આગળ ચાલતાં થયાં.

પાછળ થોડે દૂર ચાલતાં તેમના પત્ની ગંગાબાએ આ જોયું. તેઓ નજીક આવ્યાં ને ઘેલા ભગતને પૂછ્યું: તમે રસ્તામાં ધૂળની ઢગલી કેમ કરી ?

ઘેલા ભગતે જવાબ આપ્યો : બસ એતો એમજ. ગંગાબાએ કહ્યુ: ના-કોઈ કારણ વગર ઢગલી થોડી કરે; કંઈક તો કારણ છે, મને જણાવો. ઘેલા ભગતે કહ્યુ: કારણ શું હોય ? રસ્તામાં સોનાનો તોડો પડ્યો હતો, મને થયું વિકટ પરિસ્થિતિ છે ને પાછું તારું સ્ત્રીનું મન. જો પડી વસ્તુમાં લલચાવાય તો મહારાજની આજ્ઞા લોપાય; એટલે મેં તેના પર ધૂળ વાળી દીધી; જેથી તે તોડો તારી નજરે ન ચડે.

ગંગાબા તરતજ બોલી ઉઠ્યાં: **જ્યારથી આ ગળામાં સ્વામિનારાયણની કંઠી ધારી છે ત્યારથી પરધન મારા માટે ધૂળ સમાન છે. આટલા વર્ષોથી હું તમારી સાથે છું છતાં તમે મને ઓળખી નહિ ? તમે તો ધૂળ ઉપર ધૂળ શું વાળી?!** ઘેલા ભગત તો પોતાના પત્નીની સમજણની દૃઢતા જોઈને આશ્ચર્યજ પામી ગયા ને બોલ્યાં : તમે તો મારા કરતાં પણ સવાયા નીકળ્યાં.

બન્ને દંપતિ વાતો કરતાં કરતાં સુરત પહોંચ્યાં. મુક્તાનંદસ્વામીનો ભેટો થયો. ગુરુ મળ્યા. ભગતને આનંદ થયો. દંડવત્ પ્રણામ કરી દુષ્કાળની પરિસ્થિતિની વાત કરી. રસ્તામાં લલચામણા પ્રલોભનમાં ન લોભાયા તેની પણ વાત કરી. મુક્તાનંદ સ્વામી આ વાત સાંભળી બહું જ પ્રસન્ન થયા.



મુક્તાનંદ સ્વામીએ **સુરતના ભાઈચંદ શેઠને** બોલાવ્યાં. ઘેલા ભગતને નોકરી અપાવીને કહ્યું: **''જેટલો તમને અમારો વિશ્વાસ છે એટલો આ ભક્તનો પણ રાખજો.**

મુક્તાનંદ સ્વામીની દયાથી ઘેલા ભગતનું દુષ્કાળનું વર્ષ આનંદથી પસાર થઈ ગયું.

શ્રીજીમહારાજે હરિભક્તો માટે પંચવર્તમાન આપ્યાં છે. વર્તમાન એટલે નિયમો. સત્સંગીના આ પાંચ પાયાના વર્તમાન છે.

(૧) દારૂ - દારૂ ન પીવો.

(૨) માટી - માંસાહાર ન કરવો.

(૩) ચોરી - ચોરી ન કરવી.

(૪) અવેરી - વ્યભિચાર ન કરવો.

(૫) વટલવું નહિ ને વટલાવું નહિ - અયોગ્ય આહાર-વિહાર ન કરવો.

એમાં ચોરી એટલે કોઈની વસ્તું પૂછ્યા વિના ન લેવી. પડેલી વસ્તુ ન લેવી.

નિયમની પરીક્ષા કપરા કાળમાં જ થાય છે. તે સમયે શુરવીર થઈને જે નિયમ પાળે તે ભક્ત સાચાં, બીજા બધા કાચાં ! બ્રહ્માંડ ભાંગી પડે, મેરું ડગી જાય પણ જેનું મન નિયમમાંથી ન ડગે તે ભક્ત પાક્કા સત્સંગી.



કડીગાન વિભાગ

- **સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ ।**
  રાજી કરવાનું રહ્યું પરું, ન કરાવિયે હરિને કોપ ॥
- **ઠેલી નિયમને કામ ન કરવું, મર હોય લાભ જો લાખનો ।**
  તોય લલચાવિયે નહિ લેશ મનને, જાણીયે મવાળો કાખનો ॥

(નિષ્કુળાનંદ કાવ્ય)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જ્યાં સુધી ભગવાનની આજ્ઞામાં રહીએ ત્યાં સુધી સુખ છે. આજ્ઞા લોપીએ તો દુઃખ છે, માટે આજ્ઞામાં રે'વું. (કલ્યાણ કણિકા ૨।૧૮૯)
- આ જીવ કોઇકનો તો ગુલામ રહેવાનો જ, માટે મહારાજના જ ગુલામ બનવું, પણ મનના તો નહિ જ. (કલ્યાણ કણિકા ૩।૧૪૦)
- અને વિષયને માર્ગે આંધળા થાવું, બહેરા થાવું, લૂલાં થાવું, પણ આસક્ત ન થાવું. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૧૧૬)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) વૈરાગ્યમૂર્તિ તરીકે કયા સંત ઓળખાય છે ? **નિષ્કુળાનંદ સ્વામી.**

(૨) શ્રીજીમહારાજ સૌથી વધારે કયા ગામમાં રહ્યાં ? **ગઢપુર.**

(૩) શ્રીજીમહારાજે કયાં અવતારની સૌથી વધારે પ્રશંસા કરી ? **શ્રી કૃષ્ણ અવતાર.**

(૪) શ્રીજીમહારાજે ક્યાં-ક્યાં મોટો યજ્ઞ કર્યો હતો ? **ડભાણ , જેતલપુર.**

(૫) શ્રીજીમહારાજે સૌથી મોટો રંગોત્સવ ક્યાં કર્યો ? **વડતાલ-જ્ઞાનબાગમાં.**

જાણવા જેવું

ભક્તિના નવ પ્રકાર

(૧) શ્રવણભક્તિ (૨) કીર્તનભક્તિ (૩) સ્મરણભક્તિ (૪) પાદસેવનભક્તિ
(૫) અર્ચનભક્તિ (૬) વંદનભક્તિ (૭) દાસ્યભક્તિ(૮) સખ્યભક્તિ
(૯) આત્મનિવેદનભક્તિ

- **આટલું યાદ રાખો**

પરધન પથ્થર જાનીએ, પરસ્ત્રી માત સમાન ।
ઇતને મે હરિ ના મિલે, તો તુલસી દાસ જમાન ॥

- **આટલું દ્રઢ કરો**

મહારાજ અને ગુરુજી મારી બધીજ ક્રિયાના સાક્ષી છે.

- **પ્રતિજ્ઞા કરો**

એક સાથે સૌ બોલીએ

હું ભગવાનનો ભક્ત છું.
ચોરી મારાથી થાય નહિ, અણહકનું મારાથી લેવાય નહિ.
રસ્તે પડેલી વસ્તુની માલિકી મારી નથી. તેને મારાથી અડાય નહિ.
કોઈની વસ્તું હું ઝૂંટવીશ નહિ. ખોટું કદી બોલીશ નહિ.
હું મારા છેલ્લા શ્વાસ સુધી પ્રામાણિક રહીશ.
એમ કરવાથી ભલે મારે ગરીબ જ રહેવું પડે, હું રહીશ.
એમ કરવાથી ભલે મને સમાજમાં ઊંચું સ્થાન ન મળે, પણ હું પ્રામાણિક જ રહીશ.



સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રીજીમહારાજના સમયે કયા સંતો લોયામાં રહેતાં ?

(૨) ઘેલા ભગતના ધર્મ પત્નીનું નામ શું હતું ?

(૩) ઘેલા ભગતે સોનાના તોડા પર ધૂળ વાળી ત્યારે તેમના ધર્મ પત્નીએ શું કહ્યું?

(૪) શ્રીજીમહારાજે શાકોત્સવ કયા ધામમાં કર્યો હતો ?

(૫) નિષ્કુળાનંદ સ્વામીને સંપ્રદાયમાં કઈ ઉપમા આપવામાં આવે છે ?

(૬) હરિભક્તોના પંચવર્તમાન જણાવો ?

(પ્રશ્ન-૨) જોડકા જોડો.

(અ)	(બ)
(૧) શિક્ષાપત્રી	(૧) સોનાનો તોડો
(૨) લોયાના ઘેલા ભગત	(૨) પર ધન પથ્થર જાનીએ
(૩) તુલસીદાસ	(૩) स्तेन कर्म न कर्तव्यम्

(પ્રશ્ન-૩) ચર્ચા કરો.

ધર્મ-નિયમ કોઈને દેખાડવા નહિ પણ ભગવાનને રાજી કરવા સ્વેચ્છાથી પાળવા જોઈએ.

(પ્રશ્ન-૪) તમે શું સમજાવશો.

તમે તમારા મિત્રો સાથે એક સુંદર બગીચામાં ફરવા ગયાં છો. ત્યાં જાત જાતના ફૂલો ખીલેલાં છે. તમારા મિત્રો ફૂલોની સુગંધ અને દેખાવ અનુભવી/જોઈ માળીને પૂછ્યા વગર જ ફૂલો તોડવા લાગ્યાં છે. ત્યારે તમે તેમને શું સમજાવશો ? શાં માટે ?

(પ્રશ્ન-૫) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સો વાતની એક .....

(૨) ઠેલી નિયમને કામ .....

સભા-૨૮ : મહારાજનાં સ્ત્રી ભક્તો

શ્રીજીમહારાજની પ્રકૃતિ અત્યંત સ્વતંત્ર હતી. દુનિયાની કોઈ ચીજમાં એમને બાંધવાની શક્તિ ન હતી. ફક્ત એકજ શક્તિથી એ બંધાતા. જે હતી **''ભક્તિની શક્તિ''.** શ્રીહરિની અનન્ય ભક્તિ અને અનન્ય શરણાગતિના પ્રતાપે સંપ્રદાયના ઈતિહાસમાં હજારો સ્ત્રી ભક્તો અમર થઈ ગયા.

જીવુબા-લાડુબા :- ગઢડાના એભલખાચરના તેઓ દીકરી હતા. તેમની પાસે બાળ લાલજી હતા, જે તેમની સેવા પ્રત્યક્ષ સ્વીકારતાં. જેમ સંતોમાં મુક્તાનંદ સ્વામી મોટેરા હતા તેમ સ્ત્રીભક્તોમાં જીવુબા-લાડુબા મોટેરા હતા. બન્ને બહેનો સાંખ્યયોગ ધારણ કરીને સાધ્વી જેવો વેશ રાખતાં. **તેમના વૈરાગ્યવેધક શબ્દોથી લાડુદાનજીમાંથી બ્રહ્માનંદ સ્વામીની ભેટ સંપ્રદાયને મળી.**



રાજબાઈ :- વાંકીયાના રાજબાઈને એમની માં એ કહ્યું: રાજુ ! તારી ચુંદડી આવી. સંસારમાં ન પડવાનો નિશ્ચય કરી ચૂકેલ રાજબાઈ બોલ્યા: **બળી તારી ચુંદડી,** ને પટારા પર મુકેલ ચુંદડી સળગવા લાગી. એમને પરાણે પરણાવ્યાં તો એમના પતિને એમના સ્વરૂપમાં **સિંહણ**ના દર્શન થવા માંડ્યા. રાજબાઈએ જ્યારે દેહત્યાગ કર્યો, ત્યારે એમના સતીત્વના બળે પ્રભાવિત થયેલ 'અગ્નિ' પણ એમને સ્પર્શી ન શક્યો. **સતીત્વની આવી પણ એક ઊંચી કક્ષા છે એવું ઈતિહાસે કદાચ પહેલીવાર જાણ્યું હશે.**



ઝમકુબાઈ :- ઉદેપુર (રાજસ્થાન)ના રાણી ઝમકુબાઈને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરવાની રઢ લાગી અને રાજમહેલના વૈભવોને ઠોકર મારી ભાગી નીકળ્યા. રસ્તામાં ત્રણ દિવસ મરેલા ઉટની પડખે ભરાય રહ્યા. ને ગઢડામાં **''માતાજી''**નું નામ ધારણ કરી વાસીદું કરવું, છાણાં થાપવાં વગેરે સેવા કરતા.



ખપ-ગરજ અને દાસત્વની ચરમસીમા સમા તેમના ત્યાગ વૈરાગ્યને શતશત વંદન.

છાપરીના જાનબાઈ :- બાળપણથી જ સાંખ્યયોગી રહી હરિ ભજન કરવાનો દૃઢ ઠરાવ કરેલો. એક ઓરડામાં ભજન કરવા બેસે. આસન જીતવા ઘંટલાના પળ બન્ને ગોઠણ પર મુકે. ઉંઘ જીતવા ચોટલો ઉંચે ખીંટીએ બાંધે અને રાત-દિવસ ધ્યાન ભજન કરે. **ભગવાન પણ આવા ભક્તની ગરજ રાખે તેમાં શું કહેવું ?**



ભુજના લાધીબાઈ :- ભુજના લાધીબાઈ મહારાજના પરમભક્ત. કોઈ કાળે પણ મહારાજની આજ્ઞા ઉથાપે નહિ. એકવાર મહારાજે કહ્યું: લાધીબાઈ ! અમે કહેશું તેમ કરશો ?

લાધીબાઈ કહે : **માથા સાટે પણ કરીશ !**

મહારાજ કહે : એથીયે અઘરું છે !

લાધીબાઈ કહે : **ગમે તેટલું અઘરું હશે તોય કરીશ !** ત્યારે મહારાજ કહે : સારું ત્યારે, **હાથમાં ચુડીઓ પહેરો, માથે ચાંલ્લો કરો, સોળે શણગાર સજીને ઊભી બજારે થઈને પાણીનું બેડું ભરી આવો !**

લાધીબાઈ વિધવા હતા. વિધવાથી કપાળે ચાંદલો કરાય નહિ, ચુડીઓ પહેરાય નહિ કે શણગાર ધારણ કરાય નહિ, ને લોકો જુએ તેમ ઊભી બજારે નીકળાય નહિ.


પણ લાધીબાઈને મન શ્રીજીમહારાજ પહેલાં, પછી બીજા બધાં. **મહારાજને રાજી કરવાં જે કરવું પડે તે કરે.** લોકોના તિરસ્કાર કે અપમાનની તેમને જરાય બીક નહિ.

મહારાજની આજ્ઞા થતાં લાધીબાઈ ફડાક કરતાં ઉભા થયાં ને **સોળે શણગાર સજીને માથે તાંબાનું બેડું લઈ ઘોળે દિવસે, ઊભી બજારે, સૌને દેખતા કીર્તન ગાતાં-ગાતાં ચાલી ગયાં અને એજ રીતે કુવેથી પાણી ભરીને કીર્તન ગાતાં-ગાતાં પાછા ફર્યા.**

રસ્તામાં લોકોના ટોળા ભેગાં થઈ ગયાં ને હસી હસીને મશ્કરી કરીને પૂછવાં લાગ્યાં. લાધી ! કોનું ઘર માંડ્યું ?

લાધીબાઈએ જરાય સંકોચ કે દબાયા વિના નિઃશંક જવાબ આપ્યો. **''સ્વામિનારાયણનું''** આવાં હતાં મહારાજના સ્ત્રી ભક્તો !!

આજે પણ જો કોઈ વિધવા આવો વેશ પહેરે તો કેટલાય તેમનો તિરસ્કાર કરનાર નીકળે. તો આતો ૨૦૦ વર્ષ પહેલાનાં રૂઢિચુસ્ત જમાનાની વાત છે. લાધીબાઈની કેવડી શ્રદ્ધા



હશે ને મહારાજને રાજી કરવાનું કેટલું તાન હશે કે જેમણે લોકલાજને પણ ઠેબે ચઢાવી. આજે તો આપણને કોઈ ભગતડો કહે તોપણ આપણે તિલક-ચાંદલો ભૂંસી કાઢીએ છીએ. લાધીબાઈ અને આપણી ભક્તિમાં કેટલો મોટો તફાવત !!

સ્વામિનારાયણ સંપ્રદાયમાં આવાં તો અનેક સ્ત્રી ભક્તો હતાં. જેમની પરિશુદ્ધ ભક્તિના પ્રતાપે આ લોકમાં જ તેમને અક્ષરધામના સુખનો અનુભવ થતો. શ્રીજીમહારાજ અને મુક્તસ્થિતિને પામેલાં સ્ત્રીભક્તો વચ્ચેના પ્રેમસંબંધ, ભક્તિસંબંધ, પ્રતીતિ સંબંધને શતશઃ વંદન કરી એવી નિર્મળ ભક્તિની યાચના કરીએ.

કડીગાન વિભાગ

સત્સંગ મે અબ આયે હે જેતે, સંત હરિજન બાઈયું તેતે ।
સબ હે મુક્ત અનાદિ તેહી, સો ભાવ અબ ભુલ ગયે એહી ॥
(હ.ચ.સા)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાનનાં ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ. (વ.ગ.મ.૬૩)
- અર્ધોઅર્ધ કથા-વાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૫૧)
- નવરાશ હોય ત્યારે ભગવાનની મૂર્તિને લઈને બેસવું. તે મૂર્તિ તે શું ? જે ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે.
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૭૪)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજ કોના સારથી થયા હતાં ? **ગઢપુરના દાદાખાચર.**
(૨) શ્રીજીમહારાજે વધારે જળક્રીડા કઈ નદીમાં કરી ? **ગઢપુરમાં ઘેલા નદી (ઉન્મત ગંગા)**
(૩) સંપ્રદાયના આદ્ય કવિ કયા સંત હતા ? **મુક્તાનંદ સ્વામી.**
(૪) વડોદરામાં શાસ્ત્રાર્થ કયા સંત જીત્યા ? **મુક્તાનંદ સ્વામી.**
(૫) શ્રીજીમહારાજ કોની પાસે વધારે કથા કરાવતા ? **નિત્યાનંદ સ્વામી , પ્રાગજી પુરાણી.**

જાણવા જેવું

મુક્તિનાં ચાર પ્રકાર છે.

(૧) સાલોક્ય- ભગવાનનાં લોકમાં રહેવું.(૨) સારુપ્ય- ભગવાન જેવું રૂપ પામવું.

(૩) સામીપ્ય- ભગવાનનાં સમીપે રહેવું.(૪) સાર્ષ્ટિ- ભગવાન જેવું ઐશ્વર્ય પામવું.

- **આટલું દ્રઢ કરો**

મને મળેલા મહારાજ અને મોટાપુરુષ એ આ લોકના નથી જ.

તેઓ અક્ષરધામના મુક્ત છે, દિવ્ય છે ને અંતર્યામી છે. મારા મોક્ષ માટે જ મહારાજે તેમને મોકલેલા છે.

તેઓ ભગવાનનું હાલતું-ચાલતું સ્વરૂપ છે. તેઓની સાથે અખંડ મહારાજ છે.

મને સુખિયો કરવા માટે જ મને મારા જેવાં દેખાય છે.

એમના દર્શન, એમનો સ્પર્શ, એમની વાણી અને એમનો સંબંધ મને હોયજ ક્યાંથી !!

મારી લાયકાત કરતાં મારી પ્રાપ્તિ બહું મહાન છે.

હવે ગુરુજીની આજ્ઞા એ જ મારું જીવન બની રહો !!

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ગઢડાના એભલખાચરનાં દીકરીનું નામ શું હતું ?

(૨) મરેલા ઊંટના હાડપીંજરમાં ત્રણ દિવસ કોણ સંતાઈ રહ્યાં હતા ?

(૩) વાંકીયા ગામના સ્ત્રી ભક્તનું નામ શું છે ?

(૪) ઘંટીના પડ બન્ને ગોઠણ પર મૂકી ચોટલો ખીંટીએ બાંધી ધ્યાન ભજન કરનાર સ્ત્રી ભક્ત કોણ હતા?

(૫) મેં તો સ્વામિનારાયણનું ઘર માંડ્યું આ વાક્ય કોણ બોલે છે ?

(પ્રશ્ન-૨) ખાલી જગ્યા પુરો.

(૧) શ્રીજીમહારાજ .....ની શક્તિથી બંધાતા.

(૨) .....દેહ ત્યાગ કર્યો ત્યારે અગ્નિ પણ સ્પર્શી નહોતો શકતો.

(૩) નવરાશ હોય ત્યારે ..... લઈને બેસવું.

(૪) વડોદરાનો શાસ્ત્રાર્થ ..... સંત જીત્યા હતા.

(૫) ભગવાનના લોકમાં રહેવા મળે તેને ..... મુક્તિ કહેવાય છે.

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સત્સંગમેં અબ આયે.....

સભા-૨૯ : શાકોત્સવ લીલા

એકવાર સુરાખાચર અને શાન્તીબા ઓરડાની બહાર લીંબડાના ઝાડ નીચે સૂતા હતાં. **રાત્રે દશ ચોર આવ્યા.** ઘરની પાછળ મોટું બાકોરું પાડ્યું ને અંદર ઘૂંસ્યા. **ખજાનાથી ભરેલો મોટો પટોરો** સામે હતો પણ તેને **મોટું જબ્બર તાળું.** ચોરોએ તાળું ખોલવાની ઘણી



મહેનત કરી પણ ન ખુલ્યું. ચોરોએ વિચાર્યું આખો પટારો ઉપાડીને લઈ જઈએ પછી નિરાંતે તાળુ તોડીશું. ચોરોએ પટારો ઉપાડ્યો પણ **પટારાનું વજન બહુજ.** તેઓ ધીરે ધીરે ઉપાડીને ગામની ભાગોળ સુધી લઈ આવ્યાં. સવાર થઈ ગયું. ગામના લોકોની અવર-જવર ચાલું થઈ. ચોરો ડરના માર્યા પટારો ત્યાં જ મુકીને ભાગ્યા.

આ બાજુ **સવારે** સુરાખાચર અને શાન્તીબાએ ઘરમાં જોયું તો પટારો ગાયબ. ત્યાંજ કેટલાંક લોકો દોડતાં દોડતાં આવ્યાં ને કહે: બાપુ ! બાપુ ! તમારો પટારો ગામના પાદરે



પડ્યો છે. સુરાખાચરે પટારો મંગાવ્યો. પટારો પાછો આવી ગયો. સુરાખાચરે જોયું તો તાળું મારેલું હતું.

સુરાખાચરે શાન્તીબાને કહ્યું: જો પટારામાંથી કંઈજ ચોરાયું નહિ હોય તો અડધુ ધન મહારાજ માટે વાપરીશ. પટારો ખોલ્યો: **કંઈ પણ ચોરાયું નહોતું.** સુરાખાચર ખુશ થઈ ગયાં ને બોલ્યા: મહારાજે રક્ષા કરી. હવે અડધું ધન મહારાજ માટે વાપરીશું. શાન્તીબા તરત જ બોલ્યા : **અડધું જ કેમ ? બધુજ ધન મહારાજને અર્પણ કરો !! જો પટારો ચોરાયો હોત તો કાંઈ પણ બચત ? બધાજ ધનની મહારાજે રક્ષા કરી છે. માટે બધુજ ધન મહારાજ માટે વાપરો. મહારાજ અને સંતોને તેડાવો ને મોટો ઉત્સવ કરો. હમણાં જ તમે જાવ ને મહારાજ ને સંતોને**



તેડી લાવો. અને સાંભળો ! જો મહારાજ ન આવે તો ઘરે પાછાં ન આવતાં. ત્યાં જ સાધુ થઈ જજો!!!

સુરાખાચરે વાત માન્ય રાખી ને ઘોડે ચઢીને મહારાજને તેડવાં રવાના થયાં.

આ બાજુ મહારાજ કારિયાણીમાં વસ્તાખાચરના દરબારમાં વિરાજમાન હતાં. **સુરાખાચર કારિયાણી પહોંચ્યા.** મહારાજના દર્શન કરી પાસે બેઠા.

તે સમયે **મોટીબાએ** મહારાજને પ્રાર્થના કરી. મહારાજ **લક્ષ્મીવાડીમાં રીંગણા**

બહુ થયાં છે. અહીંથી હવે આપ **ગઢડે** પધારો. મોટીબાના વિનય વચનો સાંભળી મહારાજે ગઢડે જવાની હા પાડી. ત્યાંજ સુરાખાચર તરત બોલ્યાં: હે મહારાજ ! આપ **લોયા** પધારો.

મહારાજે કહ્યુ: અમે ગઢડા જવાની હા પાડી દીધી છે.

સુરાખાચરે કહ્યુ: તો મને સાધુ કરો !

મહારાજે કહ્યુ: એમ કેમ કહો છો ?

સુરાખાચરે કહ્યુ: મહારાજ ! **ઘરમાંથી મને એમ કહ્યું છે કે જો મહારાજ આપણે ત્યાં ન પધારે તો સાધુ થાજો.**

મહારાજ કહે: તમે ઘરનાને વશ છો ? કે ઘરના તમારે વશ છે ?

સુરાખાચરે કહ્યું: મહારાજ ! અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ એવા તમે મોટીબાને વશ થઈને ગઢડે જવાની હા પાડી ; ત્યારે અમે તો જીવ તે એને વશ હોઈએ એમાં વળી શું ? એમ કહી સુરાખાચર ઠાવકું મોઢુ રાખી ઉપર-નીચે આડું-અવળું જોવા લાગ્યાં.

મહારાજ કહે: શું જોવો છો ?

સુરાખાચર કહે : મહારાજ ! તમારા સિવાય બીજો કોઈ ભગવાન અનંતકોટિ બ્રહ્માંડમાં મળે તો તેમને લઈ જાઉ. પણ તમારા વિના બીજો કોઈ ભગવાન નથી જેને લઈ જાઉ!!

સુરાખાચરનો ભાવ અને નિષ્ઠા જોઈ મહારાજ પાંચસો પરમહંસો સાથે **લોયા** પધાર્યા ને વચનામૃતોની અમૃતવર્ષા થવાં લાગી.

★ ★ ★

એક દિવસ મહારાજે કહ્યુ: અમારે **રીંગણાનું શાક** બનાવીને સૌ સંતો-ભક્તો ને જમાડવા છે. મહારાજનો આદેશ થયો એટલે **૬૦ મણ (૧,૨૦૦ કિલો) કુંણા રીંગણા** અને **૧૨ મણ (૨૪૦ કિલો) ઘી** ભક્તોએ લાવી દીધું.

મહારાજે લીંબડાના વૃક્ષ નીચે **પાંચ ચુલો** ખોદાવી, ને તેના પર **પાંચ ચરુ** મુકાવ્યા. **પછી તો ખુદ રસોઈયા બની શાક બનાવવા**



લાગ્યાં. શાકના વઘારની સુગંધ ઠેક સત્યલોકમાં પહોંચી.

ચુલામાં સળગતા અગ્નિના કારણે મહારાજના શરીરે પરસેવો નીતરવા લાગ્યો. મહારાજ પરસેવો લુછતાં જાય ને શાક હલાવતાં જાય. હળદર મરચાંવાળા હાથ ધોતીએ લુછે તેથી ધોતી પણ લાલ પીળી થઈ ગઈ. મહારાજની આ અલૌકિક લીલાનાં દર્શન આકાશમાં મુક્તો અને દેવો કરે છે. જોત જોતાંમાં શાક તૈયાર થઈ ગયું.

સંતો-ભક્તોની પંક્તિ થઈ. મહારાજ ખુદ શાક પીરસવા લાગ્યા. સૌએ ફક્ત શાક જ લીધું. સૌ બેના ચાર પેટ કરી શાક જ જમે છે, બીજી વાનગી લેતા જ નથી.

શ્રીજીમહારાજે સંતોને પૂછ્યું: શાક કેવું થયુ છે ? **મુક્તાનંદ સ્વામી કહે : બ્રહ્માંડમાં જેટલા સ્વાદ છે તે બધા આ શાક આગળ લજાઈ ગયા છે. બ્રહ્માનંદ સ્વામી કહે : આવું શાક તો રાધા-લક્ષ્મી કે કોઈ દેવ કે મુક્તને પણ ન આવડે; આ શાક જમતાં ધરાતાં જ નથી. નિત્યાનંદ સ્વામી કહે : મહારાજ ! આ શાક આગળ હવે તો અમૃતનો મહિમા પણ ઘટી ગયો!**

મહારાજે સંતોને પીરસીને ખૂબ જમાડી તૃપ્ત કર્યા.

સતત અઢી મહિના સુધી આવા શાકોત્સવની લીલા ચાલી.

આમ, નાના-મોટા શાકોત્સવ રોજ થતા ને સંતો-ભક્તો રોજ શાક જ જમતાં.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં લાખો ભક્તોમાંથી શ્રીહરિએ માત્ર સુરાખાચરને પોતાની સખા ભક્તિનો સામેથી અધિકાર આપ્યો; તે સુરાખાચરનો ભક્તિ-ભાવ કેટલો ઉત્તમ હશે !! વળી, સુરાખાચરનો પ્રેમ ભક્તિ ભાવ જોઈ સ્વયં શ્રીજીમહારાજ રસોઈયા પણ બન્યા અને સખા પણ બન્યા. અને સુરાખાચરે પોતાનું બધું જ ધન મહારાજ માટે વાપરી કાઢ્યું એ કેવી મોટી સમજણ !!

અને એક સામાન્ય રીંગણ મહારાજના જોગમાં આવ્યું તો તેનો જગતમાં કેટલો મોટો મહિમા થઈ ગયો.

કડીગાન વિભાગ

શ્રીહરિ બોલત ભયે, સુનિયે સંત સુજન ।
સંત સમુહમે રહિવો, એહિ હે પરમ કલ્યાણ ॥
થોરે પુણ્ય ન મિલત હે, સંતસમાગમ એહિ ।
અનેક જન્મ કે પુણ્ય સે પ્રાપ્ત હોત હે તેહિ ॥ (હ.ચ.સા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- શ્રીહરિના ચરિત્રો અને મૂર્તિમાં રાગ કરવો અને સંસારના રાગ ને તજવો એ જ ભક્તનું કર્તવ્ય છે.(હ.ચ.સા.૯/૪)



- ભગવાનમાં જોડાણાં હોય, ભગવાનની મરજીને પણ જાણતાં હોય ને ભગવાનની આજ્ઞામાં રહેતાં હોય એવાં સાધુ સાથે પોતાના જીવને બાંધવો. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૭)
- સદ્‌ગુરૂ તો ગરૂડ છે. તેમની પાંખોમાં બેસી જવું પણ અંદર બેસીને ઊંદરડા જેવું ન કરવું. (કલ્યાણ કણિકા - ૨/૧૨૦)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) લોયાધામના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શું છે ? **બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજ.**

(૨) લોયાધામ કંડારીના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શું છે ? **વાલીડા શ્રી ઘનશ્યામ મહારાજ.**

(૩) લોયાધામ ન્યુજર્સીના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શું છે ? **પીયુડા શ્રી ઘનશ્યામ મહારાજ.**

જાણવા જેવું

ભારત દેશ વિષે

(૧)	પ્રાચીન નામ	:-	સપ્તસિંધુ, સિંધુદેશ, બ્રહ્માવર્ત, આર્યાવર્ત, ભરતખંડ,
(૨)	વર્તમાન નામ	:-	ભારત, હિન્દુસ્તાન, ઇન્ડિયા
(૩)	રાષ્ટ્રીય ધ્વજ	:-	તિરંગો ઝંડો
(૪)	રાષ્ટ્રીય પ્રતિક	:-	ચાર સિંહની મુદ્રા
(૫)	રાષ્ટ્રીય પ્રતિજ્ઞા	:-	ભારત મારો દેશ છે
(૬)	રાષ્ટ્ર ગીત	:-	જન-ગણ-મન
(૭)	રાષ્ટ્ર ગાન	:-	વંદે માતરમ્
(૮)	રાષ્ટ્રીય પક્ષી	:-	મોર
(૯)	રાષ્ટ્રીય પ્રાણી	:-	વાઘ
(૧૦)	રાષ્ટ્રીય ફુલ	:-	કમળ
(૧૧)	રાષ્ટ્રીય રમત	:-	હોકી
(૧૨)	રાષ્ટ્રીય ભાષા	:-	હિન્દી(દેવનાગરી)
(૧૩)	રાષ્ટ્રીય મુદ્રાલેખ	:-	सत्यमेव जयते
(૧૪)	રાષ્ટ્રીય ધર્મ	:-	ધર્મ નીરપેક્ષીતા
(૧૫)	સ્વાતંત્રદિન	:-	૧૫મી ઓગસ્ટ
(૧૬)	પ્રજાસત્તાકદિન	:-	૨૬મી જાન્યુઆરી



- **અંતદ્રષ્ટિ**

  લોયાધામ અને સુરાખાચરની કેટલી લીલાઓ તમને યાદ છે ? લોયાધામ વિષે તમે શું શું જાણો છો ? જણાવો.

શું તમે આ જાણો છો ?

શ્રીજીમહારાજ જ્યારે જ્યારે ઉદાસ થઈ જતાં ત્યારે ત્યારે સુરાખાચર તેમને હસાવતાં હતા.

સુરાખાચર એક વાર સાધુ પણ થઇ ગયા હતાં પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞાથી પાછા ગૃહસ્થાશ્રમમાં આવ્યા હતા.

સુરાખાચરની મૂળ પ્રકૃતિ ગંભીર હતી પણ તેઓ શ્રીજીમહારાજ અને સંતોને હસાવવા અને રાજી કરવાજ આનંદ કરાવતાં.

હાલમાં પૂજ્ય ગુરુજી લોયાધામમાં રહે છે. લોયાધામમાં અત્યારે સફેદ આરસ પહાણનું મોટું મંદિર બની રહ્યું છે. આ લોયાધામની સેવા એટલે અક્ષરધામની સેવા. લોયાધામાની સેવાથી મોક્ષ પાક્કો.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) પટારો મળી ગયો ત્યારે શાન્તાબાએ સુરાખાચરને શું કહ્યું ?

(૨) મહારાજે લોયાધામમાં કેટલાં રીંગણા અને ઘીનો શાકોત્સવ કર્યો હતો ?

(૩) શાકની પ્રશંસા કરતા કયા સંતે શું કહ્યું ?

(૪) શાકોત્સવની લીલા કેટલો સમય ચાલી હતી ?

(૫) લોયાધામ પરિવારના આરાધ્ય ઇષ્ટદેવ કોણ છે ?

(૬) લોયાધામના કુલ કેટલા વચનામૃતો છે ?

(૭) ભક્તનું કર્તવ્ય શું છે ?

(પ્રશ્ન-૨) પંક્તિ પૂર્ણ કરો.

(૧) શ્રીહરિ બોલત ભયે .....




સભા-૩૦ : અગત્રાઈના પર્વતભાઈ

સોરઠ પ્રદેશમાં **અગત્રાઈ** નામનું રળિયામણું નાનકડું ગામ. ત્યાનાં એક મહાન ભક્ત **પર્વતભાઈ પટેલ.** સંસારમાં રેહવાં છતાં **જનકરાજા**ની જેમ નિર્લેપ અને **જળકમળવત્** સ્થિતિ. તેઓ ભગવાન સ્વામિનારાયણના **પાક્કા સત્સંગી ને સમાધિનિષ્ઠ.** શ્રીજીમહારાજ પણ તેમનાં ખૂબ વખાણ કરે. તેઓ **ખેતી કરે** અને અખંડ ભગવાનનું ભજન કરે. ભગવાનની મૂર્તિને ક્યારેય ભૂલે નહિ; **તેલધારાવત્ અખંડવૃત્તિ** તેમને સિદ્ધ હતી.

એક સમયે પર્વતભાઈ ખેતરમાં **હળ ચલાવી** જમીન ખેડતા હતા. **બપોરનો સમય થયો.** તેમને હળ ચલાવવાનું બંધ રાખ્યું ને ત્યાંજ **ઉભા ઉભા** આંખો બંધ કરી **માનસીપૂજા**માં ભગવાનને જમાડવાં લાગ્યાં. તેઓ ભગવાને **દહીં ને રોટલો** જમાડે છે. ભગવાન જમે છે. પર્વતભાઈ ભગવાનને આગ્રહ કરે છે.

આ સમયે બાજુનાં ખેતરમાં **બીજા ખેડૂત** પણ હળ ચલાવતાં હતા. તેમણે પર્વતભાઈને જોયા. તેમને થયું કે ભગત હળ ચલાવતા ચલાવતા **ઊંઘે** છે; માટે લાવને જગાડું ; નહીંતર હળ ભગતનાં પગમાં વાગશે. આવો વિચાર કરી તેઓ ઝટ પર્વતભાઈની પાસે આવ્યાં ને પાછળથી એમનો હાથ પકડી હલાવ્યાં. **ત્યાં તો આશ્ચર્ય થયું.પર્વતભાઇના હાથમાંથી દહીં ને રોટલો જમીન પર પડી ગયાં.** પેલા ખેડૂતને પણ નવાઈ લાગી. તેમણે આશ્ચર્યતાથી તેનું કારણ પૂછ્યું; ત્યારે પર્વતભાઈ કહે : **અરે ભલા માણસ ! હું કાંઈ ઊંઘતો નહતો; બપોરની માનસી પૂજા કરતો હતો. હું તો શ્રીજીમહારાજને દહીં ને રોટલો જમાડતો હતો. ત્યાંજ તમે મને હાથ પકડીને હલાવ્યો તે મારા હાથમાંથી દહીં ને રોટલો નીચે પડી ગયાં અને શ્રીજીમહારાજના**



કપડા પણ બગડ્યાં. પર્વતભાઈ એ આગળ કહ્યું: હું જ્યારે જ્યારે ભગવાનને જમાડું છું ત્યારે ત્યારે ભગવાન પ્રત્યક્ષ જમવા પધારે છે.

વાહલા બાળમિત્રો ! જોયું ને; પર્વતભાઈનો રોટલોને દહીં ભગવાન પ્રત્યક્ષ જમવા પધાર્યા. આપણે પણ જ્યારે જ્યારે ભાવ અને પ્રેમથી ગદ્‌ગદ્ થઇ તન્મયતાથી ભગવાનને જે જે વસ્તુ અર્પણ કરીએ છીએ તે ભગવાન પ્રત્યક્ષ સ્વીકારે છે.

તો ચાલો; આ પાઠમાં આપણે માનસીપૂજા અને તેની વિધિ વિષે સમજવાં પ્રયત્ન કરીએ.

(૧) માનસીપૂજા એટલે શું ?

– ભગવાન મનુષ્યરૂપે પ્રગટ-પ્રત્યક્ષ ન હોય ત્યારે અથવા આપણી પાસે અર્ચાસ્વરૂપ પણ ન હોય અથવા આપણી પાસે ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) પણ ન હોય ત્યારે ભગવાનની મનોમય મૂર્તિની મનોમય પદાર્થો વડે સેવા-પૂજા કરવી એ જ માનસી પૂજા.



– મન દ્વારા થતી ભગવાન અને ભક્તની પૂજા એટલે માનસીપૂજા. આ માનસીપૂજા એ કાંઈ સ્મૃતિમાત્ર નથી પણ ભગવાનની સાક્ષાત્ સેવા જ છે.

– શ્રીજીમહારાજે શિક્ષાપત્રી શ્લોક-૫૩ અને ગઢડા અંત્ય વચનામૃત-૨૩ માં નિત્ય માનસી પૂજા કરવાની આજ્ઞા કરી છે.

– શ્રીજીમહારાજ કહે છે: **જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ્ કંઠે થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા માનસીપૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. (વ.સા.૩)**

– માનસીપૂજા એ સ્વામિનારાયણ સંપ્રદાયની એક વિલક્ષણ પૂજા પદ્ધતિ છે; એક અનમોલ ભેટ છે.

(૨) માનસીપૂજા કોની કરવી ?

આપણી ઉપાસના બે ચરણની છે. તે બે ચરણ એટલે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણ. ભગવાન એક જ છે. માટે આપણે તેમની જ માનસીપૂજા કરવી.

(૩) ૧૦૦ જન્મની કસર ટાળવા માટે ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી ભગવાનના સંતની પણ માનસીપૂજા કરાય છે.

જેમ કળશમાં ગંગાજળ ભરેલું હોય ત્યારે ગંગાજળનું પૂજન કરવા માટે આપણે કળશનું પૂજન કરીએ છીએ. **તેમ એકાંતિક સત્પુરુષમાં ભગવાન સાક્ષાત્ અખંડ રહેલાં હોય છે. એટલે એમની સેવા-પૂજાથી ભગવાન પૂજાય છે. એમને જમાડવાથી ભગવાન તૃપ્ત થાય છે. એમના દર્શન ભગવાનના દર્શન તુલ્ય છે.**

વળી, આપણા સંપ્રદાયમાં **''સપાર્ષદ ધ્યાન''** અને **''ભગવાનની જેમ સેવા કરવા યોગ્ય સંતની''** વાત પણ વચનામૃત ગ.અં.૨૬ માં થયેલ છે. અને શ્રીજીમહારાજે સ્વયં આજ્ઞા કરી છે કે ભગવાન સાથે આવા ઉત્તમ સંતની

માનસીપૂજા ભેગી કરે તો ૧૦૦ જન્મની કસર એક જન્મે ટળી જાય છે ને આ ને આ જન્મે જ ઉત્તમ ભક્ત થાય છે. (વ.વ.૫)

(૪) માનસિક સામીપ્ય અને તેનું ફળ :-

- આધ્યાત્મિક માર્ગમાં આંતરિક સમાસ અને પ્રગતિ માટે **સ્થુળ કરતાં આંતરિક જોડાણ** વિશેષ ભાગ ભજવે છે. ભગવાન કે ગુરુનું શારીરિક સાનિધ્ય અને તેમની સ્થુળદેહે સેવા એ **દૈહિક સેવા** છે. વચનથી તેમના દિવ્ય ગુણોનું ગાન કરવું એ **વાચિક સેવા** છે. આ બન્ને પ્રકારની સેવા ત્યારે જ શ્રેષ્ઠતાને પામે છે જ્યારે તેમાં મન ભળે છે. **મન વગર થયેલી સેવા-પૂજા એ ફક્ત વેઠ છે.**
- પ્રત્યક્ષ પૂજામાં ઘણી બધી મર્યાદાઓ નડે છે. જેમકે સ્થળની, સમયની, સાધન-સામગ્રીની, વર્ણાશ્રમની, સ્ત્રી-પુરુષની, સમુદાયની, આર્થિક પરિસ્થિતિની. જ્યારે **માનસિક પૂજામાં કોઈ પણ પ્રકારનુ બંધન નથી.**

(૫) માનસી પૂજાનો લાભ :-

- દિન-પ્રતિદિન ભગવાનમાં પ્રેમ વધે છે, હેત થાય છે.
- આપણી આસક્તિ સેવામાં રૂપાંતરિત થાય છે ને મન ભગવાન તરફ વળે છે.
- મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્ત શાંત થાય છે.
- ભગવાનનો સાક્ષાત્કાર કરવા મનન-નિદિધ્યાસનની જરૂર પડે છે અને તે માનસીપૂજાના અભ્યાસથી જ થાય છે.
- આપણો બધો જ ભક્તિભાવ વિના ખર્ચે પૂરો થાય છે.

(૬) માનસીપૂજા ક્યારે અને કેટલીવાર કરવી ?

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ વખતની માનસીપૂજા પ્રચલિત છે.

(૧) પ્રાત:કાળે પૂજામાં :-
(૨) બપોરે ભોજન સમયે :-
(૩) ચાર વાગ્યે ઉત્થાન સમયે :-
(૪) સંધ્યાકાળે - ભોજન સમયે :-
(૫) રાત્રે - શયન સમયે :-

(૭) માનસીપૂજા કંઈ રીતે કરવી ?

સર્વ પ્રથમ એકાંત સ્થાનમાં પલાંઠીવાળીને બેસી, બેહાથ ખોળામાં મુકી, આંખો બંધ કરી, શાંત મને એકાગ્રચિત્તે ભગવાન અને મોટાપુરુષે આપણાં પર કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ કરવી.

જો મને આ સત્સંગ, આ ગુરુપરંપરા, આ સંતો, આ શુદ્ધ સર્વોપરી ઉપાસનાનો યોગ ન થયો હોત તો હું ક્યાં હોત ? કેવો હોત ? મહારાજ અને ગુરુજીની કૃપાથી હું ઉગરી ગયો. એમ વિચાર કરી આત્મવિચાર કરવો.

હું દેહ નહિ આત્મા છું ને મારા આત્મામાં ભગવાન સદા બિરાજમાન છે.

ત્યાર બાદ રોમાંચિત ગાત્રે; ગદ્‌ગદ્ કંઠે ને પ્રેમમગ્ન થઈ સાક્ષાત્ મહારાજ અને મોટાપુરુષની સેવા-પૂજા કરતા હોઈએ તેમ મનમાં ચિંતવવું. અને ઋતુ પ્રમાણે અલગ-અલગ માનસી પૂજા કરવી.

(૮) પોતાને બ્રહ્મસ્વરૂપની ભાવના શાં માટે કરવી ?

માનસીપૂજા કે બાહ્યપૂજા કે ભજન-સ્મરણ-સેવા વગેરે કોઈ પણ ક્રિયા કરતી વખતે શ્રીજીમહારાજની એક આજ્ઞા અવશ્ય યાદ રાખવી. **''હું ત્રણ દેહથી જુદો છું, આત્મા છું, અક્ષર છું, બ્રહ્મરૂપ એવો ભગવાનનો દાસ છું, એવી ભાવના કરી પછીજ ભક્તિ કરવી.** (શિક્ષાપત્રી-૧૧૬)

આપણે ભજન-ભક્તિ-સેવા-સત્સંગ કરીએ છીએ પણ દેહરૂપ થઈને કરીએ છીએ તેથી પ્રભુનો આનંદ આવતો નથી. **દેહરૂપે રહીને કરેલી ભક્તિ ટકતી પણ નથી.** માટે **''પોતાને બ્રહ્મરૂપની ભાવના''** કરવી એ **પાયાની વાત** છે. જો પાયો મજબૂત હોય તોજ સત્સંગની ઈમારત ટકે છે.

આવી ભાવના કરવી એ અઘરું પણ નથી. આપણે કેવળ ભાવના કરવાની છે. માની લેવાનું છે કે **''હું બ્રહ્મરૂપ છું, અક્ષર છું, ને શ્રીજીનો દાસ છું.''** જેવી ભાવના તેવી સિદ્ધિ થાય છે. **પૂજ્ય ગુરુજી કહે છે : ભગવાનનો સંબંધ થયો એટલે આપણે પણ બ્રહ્મરૂપ થઈજ ગયા છીએ. સોનાની થાળીમાં લોટાની મેખ છે.'' જે કાંઈ સ્વભાવો-દોષો છે તે આ દેહના છે આત્માના નથી. આવી ભાવના કરવાથી ધીમે ધીમે સુક્ષ્મદેહ ઉપર અસર પહોંચે છે ને દેહાભિમાનરૂપી કિલ્લો તૂટે છે.**

માટે, આ વાતનું અનુસંધાન રાખીને જો ભજન-ભક્તિ-સેવા-પૂજા કરીએ તો **વિધિસરની સાધના** કરી કહેવાય. અવિધિસરની સાધનાનું ફળ મળતું નથી.

(૯) પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-



માનસીપૂજાનો સમય થાય એટલે બધા કામ છોડીને પહેલાં એક સ્થળે બેસીને માનસીપૂજા કરી લેવી. માનસીપૂજા ભૂલી જઈએ તો ન ચાલે. જે સમયની માનસીપૂજા કરવાની શરૂઆત કરીએ તેથી પહેલાની માનસીપૂજામાં ભગવાનને કેવા વસ્ત્ર-અલંકાર ધારણ કરાવ્યાં હતાં, ક્યાં વિરાજમાન કર્યા હતાં અથવા કેવી રીતે પોઢાડ્યાં હતાં. તે સર્વનું અનુસંધાન રાખીને તે જ મૂર્તિનું ચિંતવન કરીને યથા સમયની માનસીપૂજાની શરૂઆત કરવી. ભગવાનને થાળ ધરાવી, માનસીપૂજા કરી પછી જ ભોજન કરાય. માનસીપૂજા કરી લઈએ પણ ભગવાનને થાળ ન ધરાવીએ તો તે પણ ન ચાલે. ભગવાનને થાળ ધરાવ્યા વિના ક્યારેય જમાય નહિ.

વ્હાલા બાળ ભક્તો ! આ રીતે માનસીપૂજા કરતાં ફક્ત ૩ થી ૪ મિનિટ લાગે ! બસ, આટલું કરીએ તો ભગવાન રાજી થઈ જાય. ને ભગવાનની પાયાની આજ્ઞા પળાઈ જાય. વિનાખર્ચે પ્રત્યક્ષપૂજાનું ફળ મળે તેવો આ અવસર ક્યારેય ચુકાય નહિ. જો આપણે પાક્કા સત્સંગી થવું હોય તો પાંચ માનસીપૂજા અવશ્ય કરવી જ પડે ! તેમાં બાંધછોડ ન ચાલે !!

★ **દિવસ દરમ્યાન પાંચ વખતની માનસી પૂજાની રીત :-**

(૧) પ્રાતઃકાળે પૂજામાં માનસીપૂજા :-

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળે



સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન ધરવું. શ્રીહરિ પલંગમાં પોઢ્યા છે, હું ધીમે મીઠા સ્વરે પ્રભાતિયા બોલું છું ને ભગવાનને જાગવા માટે પ્રાર્થના કરું છું. શ્રીજીમહારાજ જાગે છે, આળસ મરડીને ઉભા થાય છે. પલંગ પરથી નીચે ઉતરે છે ત્યારે હું તેમને ચાખડીઓ પહેરાવું છું. શ્રીહરિ ચાખડીઓ પહેરી બાથરૂમમાં સ્નાન કરવા પધારે છે. મહારાજ બાજોઠ ઉપર બિરાજે પછી એલચી, લવિંગ, તજ તેણે યુક્ત પાણીમાં રાખેલું લીલુ અને કોમળ દાતણ હું શ્રીહરિને આપું છું. મહારાજ દાતણ કરે છે ને હું નીરખું છું. મહારાજે દાતણ કરી લીધા પછી તે પ્રસાદીનું દાતણ હું રાખી મુકું છું. પછી મહારાજને કોગળા કરાવી મુખારવિંદ ધોવરાવું છું. ત્યારબાદ ઋતુ અનુસાર ઘણાં જળથી અંગોઅંગ ચોળીને સ્નાન કરાવું છું. સ્નાન કરી લીધા પછી સુંદર રૂમાલથી મહારાજનું મુખારવિંદ અને અંગોઅંગ લુછું છું. ત્યારબાદ ઋતુ અનુસાર શણગાર ધરાવું છું. સૌ પ્રથમ સોનેરી સુરવાળ પહેરાવ્યો. જરકસી જામો, ખેસ, સોનાનાહાર, પુષ્પના હાર પહેરાવ્યાં. બન્ને હાથમાં બાજુ બંધ બાંધ્યા. દસેય આંગળી ઉપર વીંટીઓ પહેરાવી. મસ્તક ઉપર ત્રણ છોગાવાળી પાઘ ને પુષ્પના તોરા ધરાવ્યા. કાનમાં મયુરાકાર કુંડળ ધરાવ્યા. ચરણોમાં ઝાંઝર તોડા ધરાવ્યા. જમણા હાથમાં પુષ્પનો ગજરો અને ડાબા હાથમાં રેશમી રૂમાલ આપ્યો, ચરણોમાં મખમલની મોજડી પહેરાવી. આમ, મહારાજને ખૂબ શણગાર કરું છું. ત્યારબાદ ઋતુ અનુસાર કેસર-ચંદનાદિક ઉપચારોથી શ્રીહરિની પૂજા કરું છું. ત્યારબાદ શ્રીજીમહારાજને સવારનો નાસ્તો ધરાવું છું. કાજુ-બદામ નાખેલું સાકરવાળું દુધ તથા મગસ-મોહનથાળ-લાડુ-બરફી-પેંડા-ચેવડો-સેવ વગેરે પકવાનો ધરાવું છું. રોટલા-ઘી-સાકર- માખણ-અથાણાં વગેરે શ્રીહરિને જમાડી જળપાન કરાવું છું. પછી મહારાજને સુંદર સિંહાસન પર બિરાજમાન કરું છું. શ્રીહરિની આરતી ઉતારું છું. પ્રદક્ષિણા-દંડવત્ કરું છું. સ્તુતિ-પ્રાર્થના કરું છું. શ્રીહરિ મને ભેટે છે. પ્રસાદીના ભોજનથી હું મુક્તોને પણ જમાડું છું. શ્રીહરિ સિંહાસન પર વિરાજમાન છે. નંદસંતો, ગુરુજી અને પ્રગટ સંતો તથા ભક્તો વિવિધ વાજિંત્રો વગાડી કીર્તન-ભક્તિ કરે છે. હું મહારાજની પાસે હાથ જોડીને તેમની સેવામાં અખંડ ઊભો છું. આવી રીતની ભાવના કરી સવારની માનસીપૂજા પૂર્ણ કરવી.



(૨) બપોરે ભોજન સમયની માનસીપૂજા :-

સૌ પ્રથમ પોતાને બ્રહ્મરૂપની ભાવના કરી આત્માને વિષે બિરાજી રહેલા શ્રીહરિના અંગો અંગના દર્શન કરવા. પછી મહારાજને પ્રાર્થના કરવી કે હે પ્રભો ! બપોરના ભોજનનો સમય થયો છે. તમોને બહું જ ભૂખ લાગી હશે માટે જમવા પધારો. મહારાજ સભામાંથી ઉભા થઈ એક ઓરડીમાં જમવા પધારે છે. મહારાજને સવારમાં ધરાવેલ તમામ વસ્ત્ર-આભૂષણને હું ઉતારું છું અને ભોજનને અનુરૂપ પીતામ્બર અને ખેસ ધારણ કરાવું છું. ત્યારબાદ શ્રીહરિને એક સુંદર મજાના સોનાના બાજોઠ ઉપર બેસાડું છું અને બન્ને હાથ ધોવડાવી રૂમાલથી હાથ લૂછું છું. ત્યારબાદ સામે બીજો સુવર્ણનો બાજોઠ મુકી તેના પર સુવર્ણના થાળમાં શ્રીહરિને હું બાસુંદી, દૂધપાક, શીખંડ, પુરી, મૈસુબ, મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, માલપુવા આદિક વિવિધ પ્રકારના પકવાનો





પીરસું છું. દાળ, ભાત, શાક, અથાણાં, પાપડ, દહીં, ભજીયા વગેરે પણ પીરસું છું. ત્યારબાદ બે હાથ જોડી મહારાજને હું જમવા માટે પ્રાર્થના કરું છું. હે ભક્તવત્સલ ! હે ભગવાન્ ! હે મહારાજ ! આપ આ સુંદર મજાનો મેં જાતે બનાવેલ થાળ આરોગો. મહારાજ વારાફરતી એક પછી એક વાનગી જમતા જાય છે ને મારી સામે જોઈને મંદ મંદ હસતા જાય છે. હું મહારાજને એકવાર, બેવાર, ત્રણવાર પીરસું છું. દંડવત્ કરું છું. મહારાજ પેટ ઉપર હાથ ફેરવતાં જાય છે ને જમતા જાય છે. અંતે મસાલાયુક્ત મીઠી છાશ શ્રીહરિને આપું છું. ત્યારબાદ જમીને તૃપ્ત થયેલા મહારાજને હું જળપાન કરાવું છું. મુખ ધોવડાવી હાથ લુછું છું. ત્યારબાદ લવિંગ-એલાયચી-સોપારી આદિકથી યુક્ત પાનબીડું શ્રીહરિના મુખમાં આપુ છું. શ્રીહરિ પાનબીડુ જમતા જમતા ઉભા થાય છે. સુંદર સિંહાસનમાં વિરાજમાન થાય છે. ત્યારબાદ શ્રીહરિની આરતી ઉતારી, સ્તુતિ-દંડવત્ પ્રણામ કરું છું. શ્રીહરિ મને ભેટે છે. ત્યારબાદ પ્રસાદીના ભોજનોથી હું મુક્તોને, ગુરુજીને, સંતોને પણ જમાડું છું.

અંતે, શ્રીહરિએ મને પણ પ્રસાદી આપી છે એવી ભાવના કરી અને મુક્તમંડળ સહિત શ્રીહરિને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડી એક સ્વરૂપે હું શ્રીજીમહારાજની સેવામાં અખંડ રહ્યો છું એવી ભાવના કરી બપોરની માનસીપૂજા સમાપ્ત કરવી.

(૩) ઉત્થાન સમયની માનસીપૂજા :-

(ત્રણથી ચારના સમય વચ્ચે કરવી) સૌ પ્રથમ પોતાના આત્મસ્વરૂપમાં સુંદર પલંગ પર પોઢેલા શ્રીહરિનું ધ્યાન ધરવું. ત્યારબાદ પ્રાર્થના કરવી હે મહારાજ ! બધાજ ભક્તો આપના દર્શનની રાહ જુએ છે. આપ જાગૃત થાઓ અને બધા ભક્તોને દર્શનનું સુખ આપો. પ્રાર્થનાથી જાગૃત થયેલા ભગવાનને સ્નાન કરાવવું અથવા સુગંધીમાન જળ મુખારવિંદ ધોવા માટે આપવું. સ્નાન કરી લીધા બાદ સુંદર મજાના વસ્ત્રો ધારણ કરાવવા. પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વિગેરે ધરાવવું. ત્યારબાદ કેસર-ચંદનથી મહારાજનું પૂજન કરવું. ત્યારબાદ મહારાજને સુંદર મજાના સિંહાસન ઉપર બિરાજમાન કરી સફરજન, ચીકુ, દાડમ, કેળાં, જ્યુસ, આઈસક્રીમ વગેરે અનેક પ્રકારના દેશી-પરદેશી ઋતુ અનુસારના મેવા જમાડી જળપાન કરાવવું. ત્યારબાદ પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરવું અને પ્રસાદીના ફળો તેમને પણ જમાડવાં.

સુંદર શણગાર ધારણ કરેલ શ્રીહરિ સભામાં પધારે છે. હું પણ તેમની સાથે છું. મહારાજના દર્શન થતા જ સર્વે સંતો-ભક્તો મહારાજના નામનો જયઘોષ કરી ઉભા થાય છે. મહારાજ સિંહાસન ઉપર વિરાજમાન થાય છે ને સૌને હાથની સાન કરી બેસવા કહે

છે. ત્યારબાદ સૌ સંતો કીર્તન-ભક્તિ કરે છે. હું મહારાજને દંડવત્ કરું છું. પાસે બેસી ચરણ ચાપું છું. શ્રીહરિ મુક્તમંડળે સહિત અક્ષરધામરૂપ મારા આત્મામાં અખંડ વિરાજમાન રહેલાં છે ને એક સ્વરૂપે હું તેમની સેવામાં છું એવી ભાવના કરી માનસીપૂજાને પૂર્ણ કરવી.

(૪) સાયંકાળની માનસીપૂજા :-

સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનંતકોટિ મુક્તોએ સેવેલ દિવ્ય-અદ્‌ભુત, લાવણ્યમૂર્તિ શ્રીહરિનું ચિંતવન કરી આરતી ઉતારી, ધૂન-સ્તુતિ-દંડવત્-પ્રદક્ષિણા વગેરે કરીને શ્રીહરિને ભેટવું. ત્યારપછી પ્રાર્થના કરવી હે મહારાજ ! હવે તમો ભોજન કરવા પધારો. મહારાજ જમવા માટે એક સુંદર મજાના મહેલમાં પધારે છે. ત્યાં એક સરસ મજાના સિંહાસન ઉપર શ્રીહરિને હું બિરાજમાન કરું છું. બપોરે ધરાવેલા વસ્ત્રો-અલંકારો ઉતારી ભોજનને અનુરૂપ સૂક્ષ્મ-કોમળ-ઘાટુ સફેદ ધોતીયું પહેરાવું છું ને બીજો એક સફેદ ખેસ ઉપર ઓઢાડું છું. ત્યારપછી શ્રીહરિના હાથ-પગ-મુખ ધોવરાવી સુંદર રૂમાલ વડે તેને લુછું છું. ત્યારબાદ શ્રીહરિને જમવા માટે એક સુંદર





મજાનો સુવર્ણનો બાજોઠ ઢાળી આપું છું. શ્રીહરિ તેના પર વિરાજમાન થાય છે. સામે બીજા સુવર્ણના બાજોઠ પર સુવર્ણની થાળીમાં શીરો, પુરી, ભજીયાં, ખીચડી, કઢી, દૂધ, ભાત, સાકર, પાપડ, અથાણાં, શાક, વડા આદિક ભોજન પીરસું છું. મહારાજ જમતાં જાય છે ને મારી સામે જોઈ મંદ મંદ હસતાં જાય છે. મહારાજને હું વચ્ચે વચ્ચે પીરસું છું. મહારાજે જમી દીધા પછી જળપાન કરાવું છું. સુંદર મજાનું પાનબીડું, મુખવાસ આપું છું. મહારાજ પાનબીડું જમી સુંદર સિંહાસન પર બિરાજમાન થાય છે. ત્યારબાદ મહારાજની આરતી, ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્ કરી હું મહારાજને ભેટું છું. મહારાજ પણ મને ભેટે છે. મહારાજ મારી ઉપર હાથ મુકે છે. હું મહારાજના ચરણકમળ છાતીમાં લઉં છું. ત્યારબાદ પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી તેમને પણ પ્રસાદી જમાડી જળપાન કરાવું છું, મુખવાસ આપુ છું. શ્રીહરિ મુક્ત મુક્તમંડળે સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે અને વચનામૃતનું પાન કરાવે છે. સર્વે મુક્તો શ્રીહરિના મુખકમળ તરફ જોઈ રહ્યાં છે ને. હું તેમની સેવામાં અખંડ હાજર છું એવી ભાવના કરી માનસીપૂજા પૂર્ણ કરવી.

(૫) રાતની માનસીપૂજા :-

શયનની આરતી સમયે શ્રીહરિનુ ચંદનાદિક ઉપચારોથી પૂજન કરવું. ત્યારબાદ શયનને અનુરૂપ સૂક્ષ્મ-કોમળ-હળવા વસ્ત્રો ધરાવી; બદામ, પીસ્તા, કેસર, એલચી વિગેરે નાંખેલું દૂધપાન કરાવવું તેમજ જ્યુસ ઈત્યાદિકનું પાન કરાવવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી દૂધપાન કરાવવું



અને મને પણ શ્રીહરિએ પ્રસાદી આપી તે હું જમ્યો એવી ભાવના કરવી. પછી શ્રીજીમહારાજને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં, પ્રેમરૂપી પલંગ ઉપર અથવા સુંદર કોમળ મખમલનું ગાદલું, ગાલમસુરીયું, ઓશિકું, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રી યુક્ત સુંદર છપ્પર પલંગ ઉપર શયન કરાવવું. મહારાજ પલંગ ઉપર આડા પડખે થયાં છે. મહારાજને એક આછી ચાદર ઓઢાડી હું મહારાજ સાથે વાતો કરું છું, ચરણ દાબું છું. જોતજોતામાં મહારાજની આંખોમાં નિંદ્રા ભરાવા લાગી ને આંખો મીંચાઈ ગઈ ને મહારાજ પોઢી ગયા. હું મહારાજના મુખનું દર્શન કરું છું ને શ્રીહરિ અખંડ મારા આત્મામાં વિરાજમાન છે એવી ભાવના કરી માનસીપૂજા પૂર્ણ કરવી.



સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) માનસીપુજા એટલે શું ?

(૨) માનસીપૂજા કોની કરવી ?

(૩) માનસીપૂજા કેટલી છે ? કંઈ-કંઈ ?

(૪) કોઈ એક માનસીપૂજાનું વર્ણન કરો.

(૫) માનસીપૂજાથી થતા લાભ જણાવો.

(૬) સો જન્મની કસર ટાળવા કેવી રીતે માનસીપૂજા કરવી ?

(૭) માનસીપૂજામાં ભગવાન આપણી સેવા પ્રત્યક્ષ સ્વીકારે છે તેના બે દ્રષ્ટાંતો જણાવો.

સભા-૩૧ : ઘરઘણી

સવારનો પહોર હતો. શ્રીજીમહારાજ ગઢડામાં અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. સૌ ભક્તો આવી ચુક્યા હતાં. પણ શ્રીજીમહારાજ **કથા-વાર્તા કરવાનું ચાલું નહોતા** કરતા અને જાણે **કોઈની રાહ જોતા હોય** તેમ સભાની પાછળ વારે વારે જોયાં કરતા હતાં.

બન્યું એવું હતું કે જે **લીંબડાના ઝાડ નીચે ઓટલા પર** શ્રીજીમહારાજ સભા કરતાં તેના પર **કૂતરું મળ કરી ગયું હતું.** સૌ ભક્તો તે જોઈને અક્ષરઓરડી તરફ ચાલ્યા જતાં હતા. અરર ! કૂતરાએ આ શું કર્યું ? હવે સભા ક્યાં થશે ? એમ અંદર-અંદર ચર્ચા કરી; નાક દબાવી સૌ ત્યાંથી ચાલ્યા જતાં હતાં. બધાને થતું; આ મળ સાફ કરવાં રહીશું તો ફરી સ્નાન કરવું પડશે ને શ્રીજીમહારાજના દર્શન જશે.

થોડીવારમાં **ઉકાખાચર** સ્નાન કરીને લીંબડાના ઝાડ નીચેના એ ઓટલા પાસે આવ્યા. તેમણે પણ આ દૃશ્ય જોયું. કાંઈ પણ બોલ્યા વિના **સાવરણો** અને **પાણી** લઈ તેમણે ઓટલો સાફ કરી નાંખ્યો. પછી ત્યાં નવું લીંપણ કરી, **ઘેલા નદીએ** ફરી સ્નાન કરી, શ્રીજીમહારાજના દર્શને અક્ષરઓરડીએ પહોચ્યાં. **આજે તેઓ મોડા પડ્યાં હતાં.** પણ શ્રીજીમહારાજ પણ તેમનીજ રાહ જોઈ રહ્યાં હતા.

ઉકાખાચર જેવા સભામાં આવ્યા એટલે શ્રીજીમહારાજ બોલ્યા: **હવે ઘરઘણી આવ્યા !**





મહારાજ ઉભા થઈ તેમણે **ભેટી પડ્યા** ને **છાતીમાં ચરણારવિંદ** આપ્યા. પછી સભાને સંબોધીને બોલ્યા : કૂતરાનું મળ જોઈ તમે સૌએ ફક્ત વાતો કરી, પણ સેવા ન કરી. પરંતુ **જેને અમારો ખરો મહિમા સમજાયો હોય, તે જ આવી નીચી સેવા કરી શકે. ઉકાખાચર ઘરઘણી છે અને અમારા ખરેખરા સેવક છે. અમે તેમના પર બહુ રાજી છીએ.**

ઉકાખાચરની સેવા માટેની શ્રદ્ધા અને સંતો-ભક્તોનો મહિમા ખરેખર અદ્‌ભુત હતો. **તેઓ** અને તેમના **પત્ની** સવારમાં વહેલા ઉઠતા. સ્નાન-પૂજાથી પરવારી; સંતો ઉઠે તે પહેલાં, **દરરોજ દાદાખાચરના દરબારથી ઘેલાનદી સુધીનો રસ્તો વાળી નાખતાં.** રસ્તા પરથી **કાંટા-કાંકરા પણ વીણી લેતાં;** કે જેથી શ્રીજીમહારાજ અને સંતો સ્નાન કરવા પધારે ત્યારે કોઈને કાંઈ વાગે નહિ. ઉકાખાચર માંદા સંતોના ધોતીયા ધોઈ નાખતાં ને ખાડાનાં માટલાં પણ સાફ કરી દેતાં. ઉનાળામાં રસ્તો વાળી પાણી છાંટી દેતા. ઉકાખાચરની આવી સેવા જોઈ શ્રીજીમહારાજ ગઢડા મધ્યના ૨૫ માં વચનામૃતમાં કહે છે **''જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું વ્યસન જેને પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.''**

''વ્યસન એટલે કર્યા વિના રહેવાય જ નહિ તેવી લગની.''

●●●●●

એકવાર શ્રીજીમહારાજે ઉકાખાચરને પૂછ્યું: પૂજા કરો છો ? ત્યારે ઉકાખાચર કહે : હા, મહારાજ !

મહારાજ કહે : પૂજામાં કેટલી મૂર્તિ છે ?

ઉકાખાચર કહે : ૫૦૦ મૂર્તિ છે મહારાજ !

મહારાજ કહે : પૂજા કરતા બહું વાર લાગતી હશે ને ?

ઉકાખાચર કહે : ના મહારાજ ! વાર લાગે જ નહિ.

મહારાજ કહે : ૫૦૦ મૂર્તિનાં નામ આવડે છે ?

ઉકાખાચર કહે : હા, મહારાજ ! મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આ બધી મારી મૂર્તિઓ છે. તેમની હું રોજ સવારે ૪ વાગ્યેથી સેવા-પૂજા કરું છું.

આવું સાંભળી શ્રીજીમહારાજ ઘણાં જ પ્રસન્ન થયા.

ભગવાન ને ભગવાનનાં સંતની સેવા તો બહું મોટા પુણ્યવાળાને મળે છે. (વ.ગ.મ.૫૯)

ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિ માર્ગમાં (સેવામાર્ગમાં) જોડાવું એનું જ નામ ભક્તિ છે. (વ.વ.૧૭)

જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એજ છે, માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજનમ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ તમારે પણ નિશ્ચય કરવો. (વ.ગ.મ.૨૮)

આપણા સત્સંગમાં સેવાના કાર્યો તો હોય જ છે; ચર્ચા કરનારા ઘણાં હોય પણ ઉકાખાચરની જેમ **''ઘરઘણી''** થનારા બહું ઓછાં હોય છે. આપણે પણ સેવાની તક ઝડપી લેવી જોઈએ; તો આપણે ખરા મહિમાવાળા !!



કડીગાન વિભાગ

- **સંત કી સેવા કરના જોઉ, મોક્ષપદ સે અધિક હે સોઉ ।**
  યું સમજી સેવા કરે જેહિ, અનાદિ મુક્ત સમજના તેહિ ॥ (હ.ચ.સા.)
- **હરિ કે દાસ હી દાસ, તિનકે દાસ હિ હોઈ કર ।**
  છલ કપટ કરના નાશ, વરતના શુદ્ધ હોઈ કર ॥
  (હ.ચ.સા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાનના સંતની સેવા તો બહું મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. (વ.ગ.મ.૫૯)
- ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. (વ.ગ.મ.૫૯)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજને કયા રંગના વસ્ત્રો વધારે ગમતા ? **સફેદ (શ્વેત)**

(૨) શ્રીજીમહારાજને સૌથી વધુ પ્રિય ફુલ કયા હતા ? **ગુલાબ, મોગરો.**

(૩) શ્રીજીમહારાજે સૌ પ્રથમ શિક્ષાપત્રી કોને આપી ? **રાજકોટમાં સર માલ્કમને**

(૪) કાંટા વગરની બોરડી ક્યાં આવેલી છે ? **રાજકોટમાં.**

(૫) શ્રીજીમહારાજના કોઠારી કોણ હતા ? **હરજી ઠક્કર.**

જાણવા જેવું

- **મહાભારતનાં યુધ્ધમાં કુલ ૧૮ અક્ષોહિણી સેના હતી.**

  કૌરવ પક્ષે ૧૧ અક્ષોહિણી સેના અને પાંડવો પક્ષે ૭ અક્ષોહિણી સેના

- **૧ અક્ષોહિણી સેના એટલે ?**

  ૨૧,૮૭૦ હાથી.

  ૨૧,૮૭૦ રથ.

  ૬૫,૬૧૦ રથમા જોડેલાં ઘોડા.

  ૧,૦૯,૩૫૦ પદાતી, પાયદળ.

- **તમે શું કહો છો ?**

  ટોયલેટ-બાથરૂમ સાફ કરવાની સેવા નાની સેવા કહેવાય અને સ્ટેજની સેવા મળે એ મોટી સેવા કહેવાય. શું આ વાત સાચી છે ?

- **આટલું યાદ રાખો**

  દાસી થઇ તું રહેજે દીન દયાળની, નીચી ટેલ મળે તો માને મોટાભાગ્ય જો,
  ભવ-બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. (મુક્તાનંદ સ્વામી)

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ઉકાખાચારની કઈ સેવાથી શ્રીજીમહારાજ ખુબ રાજી થયા ?

(૨) ઉકાખાચાર સભામાં આવ્યાં ત્યારે શ્રીજીમહારાજ શું બોલ્યા ?

(૩) ગઢડા મધ્ય-૨૫માં વચનામૃતમાં ઉકાખાચારની શું વાત કરી છે ?

(૪) હરજી ઠક્કર કંઈ સેવા કરતા હતાં ?

(૫) ઉકાખાચારની પૂજામાં કેટલી મૂર્તિઓ હતી ? કઈ કઈ ?

(પ્રશ્ન-૨) વિચારો અને અમલમાં મુકો.

નીચેના વાક્યોમાંથી તમારા કામમાં લાગે એવા વાક્યો સામે નિશાની કરો.

(૧) મારે સેવા કરવી છે, પણ મારા મનમાં આવે એ રીતે-કોઈની આજ્ઞામાં નહિ.

(૨) સેવાથી મહારાજ અને સંતોનો રાજીપો મળે છે ને જીવનમાં પ્રગતિ થાય છે.

(૩) સેવા-બેવા કરવા પાછળ કિંમતી સમય બગાડાય નહિ.

(૪) પ્રેમથી કરેલી સેવા એજ ભક્તિ છે.

(૫) મારે દાસના દાસ થઇ સંતો- ભક્તોની આજ્ઞા પ્રમાણે સેવા કરવી છે.

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સંત કી સેવા .....

(૨) હરિ કે દાસહી .....

સભા-૩૨ : આપણા ગુરુજીનું જીવન-કાર્ય

''હું તો સ્વામિનારાયણનો સાધુ છું''

''સાધુ તો ચલતા ભલા'' જનહિત માટે સતત પરિભ્રમણ કરવું એ સાધુનો પરમધર્મ. નંદસંતોએ પણ ગામડે ગામડે વિચરણ કરી



સત્સંગના પાયા પાતાળ સુધી નાંખ્યા છે. ગુરુજી પણ પોતાના દેહની પરવા કર્યા વિના રાત-દિવસ જોયાં વિના દેશ-વિદેશમાં સતત વિચરણ કર્યા કરે છે ને મુમુક્ષુઓને મહારાજની ઓળખાણ કરાવે છે.

એક દિવસ ગુરુજી **લંડનના એક મંદિર**માં વચનામૃતોના રહસ્યોની કથા કરી રહ્યાં હતાં. ગુરુજીની કથા સાંભળી ઘણાં **હરિભક્તોને** મનમાં ખૂબ ભાવ થયો. **જાણવાની જિજ્ઞાસા** જાગી કે **આ નવા સંતનું શું નામ હશે ? કોણ એમના ગુરુ હશે ? કોના દીક્ષિત હશે ? ને ક્યાંના હશે ?** આવા કેટલાંય પ્રશ્નો હરિભક્તોના મનમાં ઉભા થયાં એટલે આખરે નિખાલસ હૃદયે પ્રશ્ન પૂછી પણ કાઢ્યો : **''તમે ક્યાંના સાધુ છો ?'' ''નરનારાયણના કે પછી લક્ષ્મીનારાયણના'' ?**

ગુરુજીએ થોડો પણ વિલંબ કર્યા વિના નિષ્ઠાના નક્કર નાદે મક્કમ સ્વરે કહ્યું: ભક્તો ! **''હું તો સ્વામિનારાયણનો સાધુ છું.''** સૌ આ જવાબ સાંભળી **ગુરુજીની ઈશનિષ્ઠા**થી ઔર પ્રભાવિત થયાં. **આ પ્રસંગ આપણને શીખવાડે છે કે આપણે પણ માત્ર સ્વામિનારાયણના જ થઈને રહીએ.**

भगवान् तो साकार हि है !!

ગુરુજીને સંતોને ભણાવવાની ખૂબજ રૂચિ. તેમને જાતે ભીક્ષા માંગી માંગીને સંતોને ભણાવી ગણાવીને મોટા પંડિતો બનાવ્યા છે.

એકવાર કાશીમાં ભણતાં આપણાં પવિત્ર સંતોના વાણી-વર્તન જોઈ **પતંજલી વિશ્વવિદ્યાપીઠ - હરિદ્વારના કુલપતિ વાચસ્પતિ ડો. કુલવંતજી**ને ખૂબ ગુણ આવ્યો. તેમને થયું આવા પવિત્ર **સંતોના ગુરુ કોણ હશે ? કેવા હશે? લાવને તેમના દર્શન કરી આવું !!** આવી જિજ્ઞાસાથી તેઓ ઈ.સ. ૨૦૧૯માં હરિદ્વારથી સ્પેશીયલ ગુજરાત - લોયાધામમાં પૂજ્ય ગુરુજીના દર્શન કરવા આવ્યાં. **તેઓ મૂળ અદ્વૈતદર્શનને માનતાં ને ભગવાનને નિરાકાર સમજતાં.**

ગુરુજીના દર્શન કરી વાતો કરવાં લાગ્યાં. ચર્ચા ચાલુ થઈ. ગુરુજીએ ભગવાનના **દિવ્ય સ્વરુપ-ગુણ-સ્વભાવ-ઐશ્વર્ય-ધામ** વિષે વાતો કરવાની ચાલુ કરી. વાતો કરતાં કરતાં ગુરુજીએ પોતાના **બન્ને હાથ ઉંચા કરી મક્કમ**



स्वरे भारपूर्वक कह्युं: भगवान् तो साकार हि है !!

બસ, **ગુરુજીના હાથનું આ લટકું અને આ નક્કર નાદ ડો. કુલવંતજીના હૃદયની આરપાર નીકળી ગયો. તેમનું હૃદય-મન પરિવર્તન થઈ ગયું ને ભગવાનની સાકારપણાની દૃઢ નિષ્ઠા થઈ ગઈ.** તેઓએ ગુરુજીને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. તેમણે આ વાત પછી સંતોની સભામાં પણ કરી હતી.

क्या अद्भुत भक्ति है !!

સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટી - વારાણસીના વરિષ્ઠ વિદ્વાન્, રાષ્ટ્રપતિ સમ્માનિત ''વસિષ્ઠ ત્રિપાઠી'' (ન્યાયાચાર્ય) સુરતમાં ઉજવાયેલ **શ્રીહરિકૃષ્ણમહારાજ મહોત્સવ-૨ (ઈ.સ. ૨૦૧૧)**માં આવ્યા હતાં.

ચાલી રહેલ ઉત્સવની કીર્તન ભક્તિમાં **ગુરુજી કરતાલ લઈને બાળકની જેમ નૃત્ય કરવાં લાગ્યાં.** ગુરુજીનું આ દિવ્ય નૃત્ય નજરે નિહાળી તેમનાં મનમાં ખૂબજ ભાવ થયો ને બોલી ઉઠ્યા: क्या अद्भुत भक्ति है। सच्चे संत एसे हि होते है जो चेरमेन होकर भी इतनी सहजतासे सेंकडो मनुष्यो के बीच नृत्य कर सकते है । मेरा धन्यभाग्य है की आज मुझे एक सच्चे सत्पुरुष के दर्शन हुए।

ખરેખર ! પૂજ્ય ગુરુજી ભગવાનનાં અખંડધારક સાચા સત્પુરુષ છે. આપણું



કલ્યાણ કરવા તેઓ અક્ષરધામથી આ પૃથ્વી પર પધાર્યા છે.

●●●●●

તો ચાલો બાળકો ! આ પાઠમાં આપણે પૂજ્ય ગુરુજીનાં **જીવન અને કાર્ય** વિષે વિશેષ માહિતી મેળવીએ.

સ્વરુપ :- ભગવત્સ્વરુપ સદ્‌ગુરુ, મુક્તાનંદીય ગુરુપરંપરાના સાતમાં અનુગામી, ભગવાનના અખંડ ધારક શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સત્પુરુષ, મોક્ષનું દ્વાર.

બાળપણનું નામ : વિનુ

પ્રાગટ્ય : ૨૬-૭-૧૯૫૮, સંવત ૨૦૧૪, અધિક શ્રાવણ સુદ-૧૧ (સાંજે ૭-૧૫ કલાકે)

પ્રાગટ્ય સ્થળ : વેળાવદર (ભાવનગર-ગુજરાત-ભારત)

માતાનું નામ : રતનબા

પિતાનું નામ : ઠાકરશીદાદા

બહેન : લાભુબેન

ભાઈ : માવજીભાઈ, ધનજીભાઈ, દેવશીભાઈ, હિંમતભાઈ



• જીવનક્રમ

ઈ.સ. ૧૯૫૮	પ્રાગટ્ય
ઈ.સ. ૧૯૭૧	દાદાગુરુજીની ભેટ **(૧૩ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૧૯૭૪	સુરતમાં શ્રી ઘનશ્યામ મહારાજે દર્શન આપીને સાધુ થવાની રજા આપી. તથા વડીયા ગામે પાર્ષદ દીક્ષા **(૧૬ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૧૯૭૫	જુનાગઢમાં વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજનાં હસ્તે ભાગવતી દીક્ષા **(૧૭ વર્ષની ઉંમરે)** (સંવત ૨૦૩૧, કારતક સુદ-૧૧,)
ઈ.સ. ૧૯૮૩	દાદાગુરુજીનું અક્ષરધામગમન **(ગુરુજીની ૨૫ વર્ષની ઉંમર)**
ઈ.સ. ૧૯૮૯	કંડારી ગુરુકુળ શિલાન્યાસ વિધિ - તા. ૧૦-૫-૧૯૮૯ **(૩૧ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૧૯૯૪	કંડારી ગુરુકુળ ઉદ્ઘાટન - તા. ૧૯-૫-૧૯૯૪ **(૩૬ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૧૯૯૮	(૧) લોયાધામ વડોદરા મંદિરની સ્થાપના - તા. ૧-૨-૧૯૯૮ **(૪૦ વર્ષની ઉંમરે)** (૨) લોયાધામ ગુજરાતની સેવા મળી (સં. ૨૦૫૪ - અખાત્રીજ) **(૪૦ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૨૦૦૪	લોયાધામ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા **(૪૬ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૨૦૦૫	લોયાધામ નાવલી મંદિરની સેવા મળી **(૪૭ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૨૦૦૮	લોયાધામ નૂતન મંદિર સુવર્ણ શિલાન્યાસ મહોત્સવ તા. ૧૦-૯-૨૦૦૮ (સં. ૨૦૬૪ - ભાદરવા સુદ-૧૦) **(૫૦ વર્ષની ઉંમરે)**
ઈ.સ. ૨૦૦૮	લોયાધામ નાવલી (ઈન્ટરનેશનલ સ્કુલ પ્રારંભ)
ઈ.સ. ૨૦૦૯	શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-મેકન (યુ.એસ.એ.) સ્થાપના
ઈ.સ. ૨૦૧૦	શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ન્યુજર્સી (યુ.એસ.એ.) સ્થાપના
ઈ.સ. ૨૦૧૦	વડતાલધામ ચેરમેનપદે **૫ વર્ષ**ની સેવાનો પ્રારંભ
ઈ.સ. ૨૦૧૧	શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-લંડન (યુ.કે.) સ્થાપના
ઈ.સ. ૨૦૧૫	લોયાધામ-ન્યૂજર્સી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા
ઈ.સ. ૨૦૧૬	વડતાલધામ કોઠારી પદે **૫ વર્ષ**ની સેવાનો પ્રારંભ
ઈ.સ. ૨૦૧૭	શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-કેનેડાની સ્થાપના તા.૧૩-૮-૨૦૧૭
ઈ.સ. ૨૦૧૯	શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ફ્લોરીડા (યુ.એસ.એ.) સ્થાપના
ઈ.સ. ૨૦૨૧	શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-સુરતની સેવા મળી.

• અનુપમ કાર્યો

- ૫૦ જેટલા સ્ત્રી-ધનના સાચા ત્યાગી સાધુતાવાન્ સુશિક્ષિત સંતોની ભેટ.
- દેશ-વિદેશમાં વસતા હજારો એકાંતિક ભક્તોનો સમાજ. ઈશનિષ્ઠા અને ગુરુનિષ્ઠાના બળે શૂન્યમાંથી સર્જન. ૨૫ વર્ષોમાં ૧૦ સંસ્થાઓની સ્થાપના.
- લોયાધામનો જીર્ણોદ્ધાર અને ''લોયાધામ પરિવાર''ની સ્થાપના.
- ગુરુકુળ સંસ્થાઓ દ્વારા હજારો બાળકોને સંસ્કાર સાથે શિક્ષણ.

- સંપ્રદાયના નાભિકેન્દ્ર વડતાલધામમાં ૧૦ વર્ષ વહીવટી ક્ષેત્રમાં રહી તનતોડ મહેનત કરી વડતાલધામની કાયાપલટ કરી.
- અનેક સામાજિક કાર્યો અને રાહત કાર્યો.
- દેશ-વિદેશમાં બાળમંડળ; કિશોરમંડળ અને યુવામંડળોની સ્થાપના.
- અનેક ભવ્ય મહોત્સવો, બ્રહ્મસત્રો, તથા ઉત્સવો.
- અનેક પારાયણો, પધરામણીઓ, પત્રો, યાત્રાઓ, યજ્ઞો કરનાર-કરાવનાર.
- ૩૦ થી વધારે વિદેશયાત્રાઓ કરી, સમુદ્રપાર સત્સંગને પોષણ આપનાર.



















- **આજ્ઞાપાલન-સાધુતા :-**

– મહારાજની આજ્ઞાનું હરહંમેશ દૃઢતા પૂર્વકનું પાલન.

– પંચવર્તમાનમાં દૃઢતા, સંતજીવનના તમામ સદ્‌ગુણેયુક્ત સહજ સાધુતામય દિવ્ય જીવન

- **ઉપદેશ :-**

– સર્વોપરી તો એક મારો મહારાજ જ છે.

– મને મળ્યા જે મહારાજ તે મારે સામા જીવને આપવા છે.

– બાળકોને વારસામાં સંપત્તિ જ નહિ સંસ્કાર પણ આપો.

– પ્રભુમાં પાગલ બનો. મહારાજમાં મસ્ત બનો. હરિમાં હેત કરો.
– સફળતા કે નિષ્ફળતામાં ભગવાનનું જ કર્તાપણું રાખવું.

- **સ્વભાવ :-** સહજ સાધુતા, સહજ દાસત્વ, ધીરજતા, ગંભીરતા, અતિશય દયાળુતા, સૌ સાથે હાથ જોડીને વિનમ્ર વ્યવહાર, નાના-મોટા દરેકને ''તમે''ના માનવાચક શબ્દોથી બોલાવવા, પ્રેમ અને કરુણાભીનું હૃદય, બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી, સામેના વ્યક્તિને અનુરૂપ થવાની ઉદાર ભાવના, સંતો-ભક્તોનો અતિશય મહિમા, ગૌ-બ્રાહ્મણ-ગરીબ-દુઃખીની સેવા, તપનું સહજ અંગ, ધર્મ-નિયમ અને ચોખ્ખાઈ બાબતે અંગત ચીવટ રાખવી-રખાવવી, તીર્થ-મંદિરોનો અતિ મહિમા, કુપાત્રને પણ સત્સંગમાં ચઢાવી દેવાની ઉદાર ભાવના, બાળક જેવી સહજ નિર્દોષતા, નિખાલસતા.
- **સૂત્ર :** ''આપણે સૌ લોયાધામના બળદિયા છીએ.''
- **સૌથી પ્રિય ગ્રંથ :** વચનામૃત
- **વિશેષ :** તેમની ઉપસ્થિતિમાં સૌને પરમશાંતિનો અનુભવ થાય છે ને દરેકને તેમાં ભગવાન મળ્યાનો અનુભવ થાય છે. દરેકને તેઓ પોતાનાં લાગે છે. તેમના પ્રસંગથી સૌના જીવન દિવ્ય બને છે ને આધ્યાત્મિક પ્રગતિ કરે છે; મૂર્તિનું સુખ ભોગવે છે.

કડીગાન વિભાગ

ગુરુ કી મૂર્તિ કહે ધ્યાન કો મુલા, પૂજા ગુરુપદ કહે અમૂલા ।
મંત્ર કો મૂલ કહે ગુરુકી બાની, મોક્ષકો મૂલ ગુરુકૃપા કહે ગ્યાની ॥ (હ.ચ.સા.)

શ્લોકગાન વિભાગ

ધ્યાનમૂલં ગુરોર્મુર્તિ: પૂજામૂલં ગુરોર્પદમ્ ।

મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોર્કૃપા ॥ (ગુરુગીતા)

અર્થ :- ગુરુમૂર્તિનું ધ્યાનજ બધા ધ્યાનોનું મૂળ છે. ગુરુના ચરણકમળની પૂજા જ બધી પૂજાઓનું મૂળ છે. ગુરુ વાક્ય જ બધા મંત્રોનું મૂળ છે. અને ગુરુની કૃપાજ મુક્તિ પ્રાપ્ત કરવાનું પ્રધાન સાધન છે.

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૩૯)
- કોણ મારા ધણી છે ? કોણ મારા ગુરૂ છે ? કોની પાસે આવ્યા છીએ ? કેવા સંત-ભક્તનાં સમુદાયમાં રહું છું ? તે વિચારી રાખવું પણ સ્વભાવ જોડે ભળી જવું નહિ. (કલ્યાણ કણિકા - ૫/૩૨)
- આપણે તો મહારાજ અને આવા સાધુની ગરજ છે. પણ બીજા કોઈ વૈભવની જરૂર નથી. આપણે તો જીવતા મહારાજ અને સત્પુરુષ જ જોઈએ છે. અને મર્યા પછી પણ મહારાજ ને સત્પુરુષ જોઈએ છે એવો અચળ નિશ્ચય રાખવો. (કલ્યાણ કણિકા ૫।૨૧૪)

- **અલૌકિક પ્રાપ્તિ**

ઓહો ! શું મારા ભાગ્ય કે જેને મહારાજ મળ્યાં તે ગુરુજી મને મળ્યાં ! ઓહો ! મારી લાયકાત કરતા મારી પ્રાપ્તિ કેટલી મહાન !

આ ગુરુજી મને મળ્યાં અને મારું જીવન અચરજકારી બની ગયું ! મહારાજને ગુરુજીને ગમે તેવુંજ મારાથી થાય ! મારી મૂડી છે મારા ગુરુદેવનો રાજીપો !

હે ગુરુજી ! મારે તમને રાજી કરવા છે ! આ ગુરુજી મળ્યાં એટલે રાંકને રતન મળ્યું !!

હે નાથ ! તારી દયા કે તે આ ગુરુદેવ મને દીધા !

હે ગુરુદેવ ! હું તમારો છું.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ગુરુજીએ લંડનના હરિભક્તોને શું જવાબ આપ્યો ?

(૨) ગુરુજીના માતા-પિતાનું નામ શું હતું ?

(૩) ગુરુજીની જન્મ તારીખ અને તિથી જણાવો ?

(૪) ગુરુજીએ ભાગવતી દીક્ષા કેટલા વર્ષની ઉંમરે લીધી હતી ?

(૫) ગુરુજી દાદાગુરુજી સાથે કુલ કેટલો સમય રહ્યા હતાં ?

(૬) ગુરુજીનો સ્વભાવ કેવો છે ?

(૭) લોયાધામાની સેવા ગુરુજીને કેટલા વર્ષની ઉંમરે મળી ?

(૮) ગુરુજીના અનુપમ કાર્યો જણાવો ?

(પ્રશ્ન-૨) પંક્તિ તથા શ્લોક પૂર્ણ કરો.

(૧) ગુરુ કી મૂર્તિ કહે .....

(૨) ધ્યાનમૂલં ગુરોર્મુતિઃ .....



સભા-૩૩ : ગુરુભક્ત સત્યકામ જાબાલી

છાંદોગ્ય ઉપનિષદ્‌ની આ કથા છે. એક બ્રાહ્મણની સ્ત્રી હતી; **જાબાલા.** તે અતિ નિર્ધન પણ સદ્‌ગુણ સંપન્ન. તેનો એક પુત્ર હતો **જાબાલી.**

જાબાલી જ્યારે **૮ વર્ષનો** થયો ત્યારે તેણે તેની માતાને કહ્યું: **માં ! મારે ગુરુકુળમાં બ્રહ્મવિદ્યા મેળવવાં જવું છે !** આચાર્ય મને મારા **નામ ગૌત્ર** વિષે પુછશે તો હું તેમને શું જવાબ આપીશ ? માતાએ કહ્યું: બેટા ! મને તારા ગૌત્ર વિશે કંઈજ ખબર નથી. કેમકે તારો જન્મ થયો ત્યારે હું આખો દિવસ અતિથિઓની સેવામાં જ વ્યસ્ત રહેતી. ને તારા પિતા પણ એટલા જ વ્યસ્ત રહેતાં. જેથી હું તેમને નામ ગૌત્ર પુછી ન શકી અને પછી તારા પિતાનું મૃત્યુ થયું !! એટલે તું આચાર્યને આ હકીકત જણાવી દેજે; અને કહેજે કે હું જાબાલનો પુત્ર છું.

માતાની આજ્ઞા લઈ જાબાલી **ગૌતમ ઋષિના આશ્રમમાં** ગયો; દંડવત કરી, પગે લાગી તેમની સામે બેઠો.

ગૌતમઋષિએ તેને ગૌત્ર પૂછ્યું. જાબાલી બોલ્યો : **ભગવન્ ! મારું ગૌત્ર કયું છે તે મને ખબર નથી ! પણ હું જાબાલાનો પુત્ર છું, એટલું જ જાણું છું.** ગૌતમઋષિ તેના સત્ય વચનોથી ખૂબ પ્રસન્ન થયાં. તે બોલ્યા: **વત્સ ! બ્રાહ્મણ જ આવું સત્ય બોલી શકે ! માટે તું બ્રાહ્મણ જ છો.** આજથી તારું નામ **''સત્યકામ જાબાલી''** છે. હું તારો **ઉપનયન સંસ્કાર** કરીશ અને તને **બ્રહ્મવિદ્યા** ભણાવીશ. ગૌતમઋષિ એ તેની **નમ્રતા** અને **બ્રહ્મજ્ઞાન મેળવવાની જિજ્ઞાસા** જોઈ તેને **શિષ્ય** બનાવ્યો. તેણે પણ ગૌતમઋષિને પોતાના **ગુરુ** તરીકે સ્વીકાર્યા ને આશ્રમની સેવા કરવા લાગ્યો.

થોડા દિવસ બાદ ગુરુજીએ તેને સુકાઈ ગયેલી દુર્બળ **૪૦૦ ગાયો** આપી, ને આજ્ઞા કરી: **વત્સ ! આને જંગલમાં લઈ જા. ૪૦૦ માંથી ૧૦૦૦ થાય ત્યારે પાછો આવજે !! આ ગાયોની સેવા એજ તારો અભ્યાસ છે, વેદજ્ઞાન છે એમ સમજજે !!**



સત્યકામે પ્રસન્ન મને ગુરુ આજ્ઞા શીરે ચડાવી. કાંઈ દલીલ કર્યા વિના તે **૪૦૦ ગાયો** લઈ જંગલમાં જતો રહ્યો. હું નાનો છું. મારાથી આ કામ કેવી રીતે થશે ? હું તો બ્રહ્મજ્ઞાન

લેવા આવ્યો છું ને ગુરુજીએ મને આવું કામ શું સોંપ્યું? આવો કોઈ પણ વિચાર સત્યકામને ન આવ્યો.

જંગલમાં તેણે **ચારો પાણી** મળે તેવી જગ્યાએ **ઝૂંપડી** બનાવી. ગાયોની સેવા કરવાનું શરૂ કર્યું. દરેક ગાયને ખાવા-પીવાનું મળે તેનું તે ધ્યાન રાખતો. કોઈ જંગલી પ્રાણી મારી ન નાખે તેની પણ સાવચેતી રાખતો. **ઠંડી હોય, ગરમી હોય કે વરસાદ હોય, રાત-દિવસ ભગવાનની જેમ ખૂબજ ભાવથી ગૌમાતાની સેવા કરતો ને દિવસો વિતાવતો.**

દિવસો વિત્યા, મહિનાઓ વિત્યા ને વર્ષો વિત્યા.


એક દિવસ આશ્ચર્ય થયું. ગાયોમાંથી એક **સાંઢ** સત્યકામ પાસે આવીને બોલ્યો: **વત્સ ! હવે અમારી સંખ્યા ૧૦૦૦ થઈ ગઈ છે. માટે અમને તું આચાર્ય પાસે પહોંચાડ.** સત્યકામના આનંદનો કોઈ પાર ન હતો. **૧૦૦૦ ગાયો** લઈ તે વનમાંથી આશ્રમ તરફ પાછો વળ્યો. ગુરુકૃપાથી રસ્તામાં જ તેને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું. **વૃષભ (સાંઢ), અગ્નિ, હંસ અને મૃદ્‌ગુ નામે જડકુકડીએ ક્રમશ તેને બ્રહ્મના ઐશ્વર્ય-ગુણો-સ્વરૂપ અને મહિમાનું જ્ઞાન આપ્યું.**

સત્યકામ જ્યારે ગુરુના આશ્રમમાં આવ્યો ત્યારે તેનું મુખ **બ્રહ્મતેજ**થી ઝળહળતું હતું. ગુરુએ પ્રસન્ન થઈ પૂછ્યું: અરે વત્સ ! **તું તો બ્રહ્મજ્ઞાની લાગે છે ! તને બ્રહ્મજ્ઞાન મળી ગયું છે કે શું ?**

સત્યકામે નમ્રભાવે કહ્યું: **ગુરુદેવ ! બ્રહ્મજ્ઞાન તો આપની કૃપાથી જ મળ્યું છે. પણ ગુરુ પાસેથી મેળવેલું જ્ઞાન શ્રેષ્ઠ છે. માટે આપજ મને વિશેષ જ્ઞાન આપી ધન્ય બનાવો !!!**

ગૌતમઋષિ અતિપ્રસન્ન થયા. સત્યકામને ભેટી પડ્યા ને આશીર્વાદ આપતાં કહ્યું: **તને જે જ્ઞાન મળ્યું છે તે જ બ્રહ્મજ્ઞાન છે. સર્વશ્રેષ્ઠ બ્રહ્મવિદ્યા છે. હવે તારા માટે બીજુ કાંઈ ભણવું બાકી રહેતું નથી.**

ગુરુની કૃપા, આશીર્વાદ મૃત્યુ લોકનું અમૃત છે. ગુરુની આજ્ઞા, અનુવૃત્તિ, રુચિમાં રહેવું એજ ગુરુભક્તિ છે. ગુરુઆજ્ઞામાં ક્યારેય શંકા-કુશંકા કે સંશય ન કરવો. તેમની આજ્ઞા શિષ્યના હિત માટેજ હોય છે. ગુરુનાં વચનોને અદ્ધર ઝીલવા. ગુરુમાં ખૂબ હેત-પ્રીત કરવી. તેમનાથી જરાય અંતર ન રાખવું. તેમનું રમકડું થઈને રહીએ તો ભગવાન મળે.



કડીગાન વિભાગ

સત્પુરુષકો બચન જોઉ, બ્રહ્માંડ ફિરે યહ ફિરે ન સોઉ ।
એસે દ્રઢ રખિ વિસવાસા, અનન્ય દ્રઢ હોના હરિદાસા ॥
(હ.ચ.સા)

સત્પુરુષ હે ચિંતામણી જેસે, જેસો ચિંતવે મિલે તેસે ।
ચિંતામણી સબકો ઇચ્છત સુખા, કોઉકો કબું ન કરત દુઃખા ॥
(હ.ચ.સા)



વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- રૂડાં ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટાપુરુષને વિશે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે. (વ.ગ.પ્ર.૭૩)
- જેમ સંત કહે તેમજ સંશયરહિત થકો કરે, એ જ જીવને મોક્ષનો હેતું છે. (વ.ગ.પ્ર.૭૮)
- મુમુક્ષુને તો નિરંતર હોંકારા કરનારા જોઈએ. તે હોય તો પ્રભુ ભજાય, નીકર તો જેમ વાડામાંથી વાઘ બકરું ઉપાડી જાય એમ થાય.

(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૩/૩૭)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદમાં કેટલાં ચિહ્નો છે ?
૧૬ ચિન્હો છે. (જમણા ચરણારવિંદમાં - ૯) (ડાબા ચરણારવિંદમાં - ૭)

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર કેટલા તિલ અને ચિહ્નો છે?
૬૩(ત્રેસઠ) તિલ અને ૫૨(બાવન) ચિહ્નો છે.

(૩) શ્રીજીમહારાજે સંપ્રદાયનું સૌ પ્રથમ શિખરબધ્ધ મંદિર ક્યાં બાધ્યું ? **અમદાવાદમાં.**

(૪) સંપ્રદાયનું સૌ પ્રથમ હરિમંદિર ક્યાં છે ?**લોયાધામ.**

(૫) શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ ક્યાં ધામમાં પધરાવ્યું ? **વડતાલમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ.**

જાણવા જેવું

વેદાન્તદર્શનનાં મુખ્ય પાંચ મત અને સ્થાપક

(૧) અદ્વૈત – શ્રી શંકરાચાર્ય
(૨) દ્વૈત – શ્રી મધ્વાચાર્ય
(૩) વિશિષ્ટાદ્વૈત – શ્રી રામાનુજાચાર્ય
(૪) શુદ્ધાદ્વૈત – શ્રી વલ્લભાચાર્ય
(૫) દ્વૈતાદ્વૈત -શ્રી નિમ્બાર્કાચાર્ય

આટલું યાદ રાખો

- गुरोराज्ञा ह्यविचारणीया। (रघुवंश)
  (ગુરુની આજ્ઞા વિચાર કર્યા વિના પાળવી.)
- गुरुके बचनमे प्रतीति न जेही, सपनेहुं सुख सिद्धि सुगम न तेही (रामायण)
- ગુરુ ગોવિન્દ દોનો ખડે, કાકો લાગું પાય ?
  બલિહારી ગુરુદેવકી, જીન્હે ગોવિન્દ દિયો બતાય.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) સત્યકામ જાબાલી કેટલા વર્ષની ઉંમરે કોના આશ્રમમાં ગયો ?
(૨) ગૌતમઋષીએ સત્યકામને શું આજ્ઞા કરી ?
(૩) સત્યકામ જાબાલી ગાયોની કંઈ રીતે સેવા કરતો ?
(૪) સત્યકામને જંગલમાં કોણે-કોણે જ્ઞાન આપ્યું ?
(૫) રૂડા ગુણ આવ્યાનું કારણ શું છે ?
(૬) કોઈ પણ પાંચ ગુરુ અને તેમના શિષ્યોના નામ જણાવો ?
(૭) આ પાઠમાંથી તમે શું શીખ્યા ?

(પ્રશ્ન-૨) પંક્તિ પૂર્ણ કરો.

(૧) સત્પુરુષ કો .....
(૨) સત્પુરુષ હે .....



સભા-૩૪ : લોયાધામના વલુબા

સાધુમાંથી શીખ

લોયા ગામનાં સુરાખાચર. તેમની પત્નીનું નામ **શાન્તીબા.** તેમની **૬ વર્ષ**ની નાનકડી દીકરી હતી **વલુબા.** વલુબા બહું રૂપાળી અને રમતિયાળ. તેથી સૌની વાલી અને સૌની લાડકી.

વલુ સૌને વાલી તો હતી જ પણ કાલી પણ હતી. **તેની એક વિશેષતા એ હતી કે તે કોઈ પણ બોલીનું અનુકરણ કરી શકતી. કોઈના પણ બોલેલા શબ્દો તે અદ્દલ તેવાજ અવાજથી બોલી શકતી. ક્યારેક તો સુરાબાપુ અને શાન્તીબા પણ તેની આ કળાથી ભુલાં પડી જતાં.**

તેવામાં એકવાર શ્રીજીમહારાજ લોયામાં પધાર્યા. સુરાખાચર અને શાંતિબા શ્રીજી મહારાજ પાસે બેસી વાતો સાંભળતા હતા. ત્યાંજ અચાનક દરવાજા પાસેથી અવાજ આવ્યો. **નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો !!**

શ્રીજીમહારાજે આ **અવાજ** સાંભળ્યો. સુરાખાચરને કહ્યું: સુરાખાચર ! દરવાજે જાવ તો, **અમારા કોઈ સાધુ ભિક્ષા માંગવા આવ્યાં હોય એમ લાગે છે.**

આ સાંભળતાવેંત સુરાખાચર અને શાંતિબા મરમાળુ હસતાં બોલ્યા: 'મહારાજ ! **આ તમારા સાધુ નથી; અમારા સાધુ છે.** શ્રીજીમહારાજે આશ્ચર્યતાથી પૂછ્યું: તમારા સાધુ વળી કોણ ? સુરાખાચર કહે: એતો અમારી દીકરી **વલુ**નો અવાજ છે.

શ્રીજીમહારાજે દરવાજો ખોલીને બહાર જોયું તો નાનકડી વલુ સંતોની માફક હાથમાં જમવાનું પાત્ર લઈ બોલ્યે જતી હતી. **નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો... નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...**



શ્રીજીમહારાજના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. **અરે ! આ આવડી નાની છે, તોય અદ્દલ અમારા સાધુ જેવુંજ બોલે છે !** મહારાજ ઝડપથી વલુબા પાસે પહોંચી ગયા ને પૂછ્યું: દિકરી ! તમે કેમ આમ **નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો... બોલો છો ?**

વલુબાએ નિખાલસતાથી કહ્યું: **અરે મહારાજ ! એ તો અમારી ભાષા છે.** શ્રીજીમહારાજ કહે: **ના, એ તો અમારા સાધુની ભાષા છે.**


સાધુની હોય તો શું થયું ? સાધુય ભૂખ લાગે ત્યારે આવુંજ બોલે છે ને ? તેથી હુય સાધુમાંથી શીખી ગઈ છું કે ભૂખ લાગે ત્યારે મારે પણ આવું જ બોલવું. જેથી તરત જમવાનું મળી જાય.

વલુબાની આવી કાલીઘેલી પરંતુ મરમાળી વાણી સાંભળી શ્રીજીમહારાજ સાથે સૌ આનંદિત થયા.

સુરાખાચર કહે : અરે મહારાજ ! આ વલુ સાધુમાંથી ફક્ત જમવાનું માંગતા જ નથી શીખી હો.. **અમારી વલુ સંતોનું પવિત્ર જીવન જોઈ; નિયમ-ધર્મવાળુ ભક્તિમય જીવન જીવતાં પણ શીખી છે.**

શ્રીજીમહારાજ આ સાંભળી ખૂબજ રાજી થયા ને કહે: **અમારા સંતો-પરમહંસોનું અનુકરણ કરવાનો સ્વભાવ છે; અને તેમને પગલે ચાલવાનું શીખી છે તેથી તેનું અક્ષરધામ પાક્કું.**

પછી શ્રીજીમહારાજ સ્વયં ઘરમાં જઈ રસોડામાંથી રોટલો ને દહીં લઈ આવ્યાં. ને ઓસરીમાં બેસી **વલુને પોતાના હાથે વાહલથી જમાડવા લાગ્યાં.** વલુ તો બાળસહજ સ્વભાવે એક પછી એક કોળિયો જમ્યે જતી હતી, અને મહારાજ સામે જોઈને મંદ-મંદ હસતી જતી હતી.



આ દૃશ્ય જોઈ સુરાખાચર અને શાન્તીબાના આનંદનો કોઈ પાર ન રહ્યો. કારણ કે સ્વયં પૂર્ણપુરુષોત્તમ નારાયણ તેમની દીકરીને પોતાના પ્રેમાળ હાથે જમાડી રહ્યા હતાં.

પોતાનો આગ્રહ છોડીએ

એકવાર શ્રીજીમહારાજ **નાગડકામાં** સુરાખાચરની **વાડીએ** પધાર્યા. ત્યાં ખૂબ તરસ લાગતાં સુરાબાપુના ઘરેથી પાણી મંગાવ્યું. **શાન્તીબા**એ પોતાની નાની **દીકરી વલુ**ને પાણીનો ઘડો લઈ વાડીએ મોકલી. તે પોતાની **ત્રણ-ચાર સખીઓ**ને લઈ વાડીએ આવ્યાં ને મહારાજને પાણી આપ્યું.

મહારાજ કહે: **બેટા વલુ ! તને દેદો કુટતા આવડે છે ?** (મોળાકત સમયે બાલિકાઓની એક પ્રકારની રમત)

વલુબા કહે : હા, મહારાજ !

મહારાજ કહે : તમે દેદો કુટો તોજ હું પાણી પીવું. વલુબા કહે : તમે પ્રથમ પાણી પીઓ, પછી અમે દેદો કુટીશું.

મહારાજ કહે : ના, પહેલા દેદો કુટો તોજ હું પાણી પીવ.

મહારાજની ઈચ્છા અને ગમતું જાણી પ્રભુને પ્રસન્ન કરવા બાલિકાઓએ પોતાનો આગ્રહ છોડ્યો. **તેઓ સાથે મળીને દેદો કુટી.** તેમની એ રમત જોઈ મહારાજ ખૂબ હસ્યા અને ખૂબજ પ્રસન્ન થયા.

શ્રીજીમહારાજે આશીર્વાદ આપ્યા. **જાવ ! આ લોકમાં કોઈ દુઃખ કે દોષ તમને નહિ પીડે.** એમ કહી પ્રભુએ જળપાન કર્યું.

વાહ ! કેટલી નાની વાત, અને કેટલી મોટી પ્રાપ્તિ !!

જે મહારાજ અને મોટા સંતની આગળ પોતાનો આગ્રહ-દુરાગ્રહ છોડી શકે છે તેજ તેમની કૃપા અને આશીર્વાદને પાત્ર બને છે. આપણે પણ નાના બાળકની જેમ નિર્દોષ-નિખાલસ-સરળ રહેવું. તેમની વસ્તુ બનીને રહેવું. તેમની જેમ ઈચ્છા હોય તેમ કરવું. પોતાની જીદ-મરજી છોડી દેવી તો રાજીપો મળે.



કડીગાન વિભાગ



ભગવાન મિલે તો કહા, શિખે ન સરલતા જોઉ ।
દિન દિન જો સરલતા, શિખના ફળ હે સોઉ ॥
સરલ સ્વભાવ જીતને, આત્મદર્શી હોત ।
સરલ સ્વભાવ ન તીતને, દેહદર્શી ઉદ્યોત ॥ (હ.ચ.સા.)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- ભગવાન ને ભગવાનના સાધુ એ બે સામું જોવું ને એજ જોયા જેવાં છે, બીજામાં કાંઈ માલ નથી.
  (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૧૦૨)
- ભગવાન ને મોટા સાધુ જ્યારે ઉદાસી થાય ત્યારે એમ જાણવું જે, હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં! (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૨/૭૩)
- સત્સંગમાં "દાસનાં દાસ"થઈને રહેવું તેમાં જ આનંદ છે. (કલ્યાણ કણિકા ૫।૨૨૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) શ્રીજીમહારાજે પોતાના અંગે-અંગનું માપ લઈને કઈ મૂર્તિ બનાવડાવી ? **ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ.**

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાને કયા ધામમાં પોતાના દેહનો ત્યાગ કર્યો ? **ગઢપુર.**

(૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યારે પોતાના દેહનો ત્યાગ કર્યો ?
સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ ને દિવસે બપોરે ૧૨ કલાકે.

(૪) શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર કેટલાં વર્ષ રહ્યા ? **૪૯ વર્ષ -૨ માસ — ૧ દિવસ.**

(૫) શ્રી સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં કેટલું રહ્યાં ? **૨૯ વર્ષ- ૨ માસ -૧ દિવસ.**


જાણવા જેવું


વેદના છ અંગો

(૧) શિક્ષા (૨) વ્યાકરણ (૩) છંદ (૪) જ્યોતિષ (૫) કલ્પ (૬) નિરુક્ત

- **વિશેષ વાંચન**

– વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક **આલ્બર્ટ આઇન્સ્ટાઇન**ની સાદગી સૌ માટે પ્રેરણાદાયી બની રહે તેવી છે. તેઓના ઘરની ભીંત પર એકેય ચિત્ર ન હતું. તળિયે શેતરંજી ન હતી. તેઓ પગમાં બુટ પહેરતા પણ મોજા નહિ; કારણ કે તેની તેમને મન કોઈ જરૂરિયાત જણાતી ન હતી. ખમીસની બાંય અડધેથી કાતરથી કાપી નાંખે, જેથી હાથ આગળ બટનની જરૂર ન પડે.





– અખંડ ભારતના શિલ્પી **સરદાર વલ્લભભાઇ પટેલ** તેઓના દીકરી મણિબહેનના કાંતેલા કપડાં પહેરતા. તે ફાટે ત્યારે તેને થીંગડા મારી મણિબહેન પહેરતાં. સરદાર પટેલના ચશ્માનું ખોખું ૨૦ વર્ષ જુનું હતું. ચશ્માને એક દાંડી ને બીજી બાજુ દોરો હતો. ગોબાયેલ લોટો તેઓ પાણી પીવા વાપરતા.ભારતનાં **"ગૃહ-પ્રધાન પદે"** રહેલા સરદારના જીવનમાં આવી સાદગી હતી.



– એકવાર **પૂજ્ય ગુરુજી**નું ધોતિયું ફાટી ગયું હતું. તેમને તે ધોતિયું સેવકસંતને આપ્યું ને કહ્યું: આને સાંધી દેજો. બીજે દિવસે સેવકસંત તો એક નવુંજ ધોતિયું લઈને આવ્યાં ને ગુરુજીને આપ્યું. ગુરુજીએ કહ્યું: પેલું ફાટેલું જુનું ધોતિયું ક્યાં છે? સેવકે કહ્યું: એ ફાટી ગયું છે- માટે આ નવું ધોતિયું પહેરજો.ત્યારે ગુરુજીએ કહ્યું: પેલું ફાટેલ ધોતિયું સાંધીને લાવો; હું તે જ પહેરીશ. આ હરિભક્તોના આપેલા પૈસાના ધોતિયાં છે તેને આમ કાઢી ન નખાય. દેશ-વિદેશમાં અનેક સંસ્થાઓના નિર્માતા પૂજ્ય ગુરુજી જીવનમાં આવી સાદગી ને સરળતા અપનાવે છે.

● **અંતદ્રષ્ટિ:**

પોતાના જીવનને સતત તપાસતા રહો. તમે જીવનમાં કઈ કઈ વસ્તુના ઉપયોગમાં સાદાઈ અપનાવી શકો તેમ છો ? કઈ કઈ વસ્તુઓ જે તદ્દન બિનજરૂરી છે; છતાં તમારા જીવનમાં ઘર કરી ગઈ છે ? આ જોઈ વિચારી તેમાંથી બને તેટલાં વહેલાં મુક્ત બનો. ચાલશે, ગમશે, ફાવશે નો નિયમ અપનાવો.તમારી રહેણી-કરણી અને વેશભૂષા વગેરેમાં સાદાઈ અપનાવો.

● **આટલું યાદ રાખો**

Simple living and high thinking. (સાદું જીવન અને ઉચ્ચત વિચારો.)

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) સુરાખાચરના પત્ની અને દીકરીનું નામ શું હતું ?
(૨) વલુબાઈમાં કંઈ વિશેષતા હતી ?
(૩) વલુબાઈએ સંતોમાંથી શું-શું ગુણ લીધો હતો ?
(૪) નાગડકાની વાડીમાં વલુબાને શ્રીજી મહારાજે શું આજ્ઞા કરી ?
(૫) મહારાજ અને મોટા સંતની કૃપાના પાત્ર કોન બને છે?
(૬) સુરાખાચર કેટલા ગામના રાજા હતા ?
(૭) સુરાખાચરના પરિવારમાં કોણ-કોણ હતું ?

(પ્રશ્ન-૨) પંક્તિ પૂર્ણ કરો.

(૧) ભગવાન મિલે .....
(૨) સરલ સ્વભાવ .....

સભા-૩૫ : જય સદ્‌ગુરુ સ્વામી

ભક્તિ સંપ્રદાયમાં ભક્તની આધ્યાત્મિક સાધનામાં **આરતીનું (સંધ્યાનું)** સ્થાન અતિ મહત્વનું છે. પ્રત્યેક મુમુક્ષુ **મંદિરમાં** કે પોતાના **ઘરમંદિરમાં** નિત્ય આરતી (સંધ્યા) કરે છે. જો આપણને તેની વિધિ અને મહિમાનું જ્ઞાન હોય તો ભગવાન અને ગુરુ સાથેના જોડાણમાં તે એક નિરાળું સહાયક ઉપકરણ બની શકે છે. માટે બાળમિત્રો, ચાલો - આ પાઠમાં આપણે આરતી સંબંધી વિવિધ પાસાઓને સમજીએ.

(૧) સંધ્યા :-

સંધ્યા એટલે **સવાર-બપોર** અને **સાંજે** કરવામાં આવતી આરતી-સ્તુતિ-પ્રાર્થના. શાસ્ત્રોમાં ત્રિકાળસંધ્યાનું વિધાન છે. પરંતુ સામાન્ય રીતે **પ્રાતઃસંધ્યા** અને **સાયં સંધ્યા** જ વધારે પ્રચલિત છે. **આત્મસુધારણા, આત્મોન્નતિ** અને **આત્મવિકાસ** માટે સંધ્યા ઉત્તમ સાધન છે.

મરિચિમુનિ કહે છે :-

सन्ध्या येन न विज्ञाता सन्ध्या येनानुपासिता।

जीवमानो भवेच्छूद्रो मृतः श्वा चाभि जायते॥

અર્થ :- જેને સંધ્યા જાણી નથી, કરી નથી એ જીવતો થકો શુદ્ર છે ને મૃત્યુ પછી કૂતરો થાય છે.

દક્ષસ્મૃતિ કહે છે :-

सन्ध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु।

અર્થ :- જેને સંધ્યા નથી કરી તે અપવિત્ર છે અને હંમેશા તમામ કર્મો માટે તે અયોગ્ય છે.

વ્યાસજી કહે છે કે સંધ્યોપાસન સિવાય તમામ ધાર્મિક કર્મો નિષ્ફળ જાય છે. માટે **સંધ્યાવંદન એ નિત્યકર્મ છે.** તેને રોજ કરવા જોઈએ.

પ્રાતઃ સંધ્યા સૂર્યોદય પૂર્વે નક્ષત્રોની સાક્ષીએ અને **સાયં સંધ્યા સૂર્યાસ્ત પહેલાં** થાય તે **ઉત્તમ** ગણાય છે.

(૨) આરતી એટલે શું ?

- આરતી એટલે આર્દ્રભાવે, ગદ્‌ગદ્ કંઠે થતી ભગવાનની સ્તુતિ-પ્રાર્થના. સંસ્કૃત શબ્દ પ્રમાણે આરતી એટલે ''आसमन्तात् रतिः'' એટલે કે હે ભગવાન્ ! મારો બધોજ પ્રેમ કેવળ આપના વિષે જ થાઓ; એ ભાવના.
- ''तमसो मा ज्योतिर्गमय'' - હે પ્રભો ! અમને અજ્ઞાનરૂપી અંધકારથી જ્ઞાનરૂપી



પ્રકાશ તરફ લઈ જાઓ'' આ ઉપનિષદ્‌ની પ્રાર્થનાનું નિત્ય સ્મરણ એટલે આરતી.

- આરતી એટલે આત્માને પરમાત્માના મિલનનો ઉત્સવ.
- આરતી એટલે બહિરંગ સાધનમાંથી અંતરંગ પરબ્રહ્મની ઉપાસનાનું ટાણું.
- આરતી એટલે ભગવાનના અંગે અંગના દર્શનથી હૃદયને પ્રભુપ્રેમથી અતિ ભરી દેવાનો અવસર.
- આરતી એટલે ભગવાનના અનેક ઉપકારોના ગાનનું તેમજ મહિનાના ગાનનું દૈનિક સંભારણું.
- આરતી એટલે ભક્ત અને ભગવાનના દિવ્ય સંબંધનું દૃઢતારૂપ પ્રતીક.
- આરતી એટલે પ્રભુ પ્રત્યે સમર્પણભાવ વ્યક્ત કરવાની ઘડી. હે પ્રભો ! મારો આશ્રય તમારામાં જ રહો. મારું ચિત્ત તમારામાં જ રહો ! તેવું દિવ્ય જીવન આપજો એવી દિવ્ય હૃદયમંથનની વેળા.

આમ, આરતી એટલે શબ્દો નહિ પરંતુ હૃદયનો ઉદ્‌ગાર, હૃદયનો શુદ્ધભાવ, ભગવાન સામે યાચનાનું શાસ્ત્ર.

- મૂળ સંસ્કૃત શબ્દ ''આર્ત'' માંથી આરતી શબ્દ બન્યો છે. આર્ત એટલે દુઃખ કે પીડા. આરતી દરમિયાન ભગવાનના મહિમાનું ગાન અને દર્શન કરતાં કરતાં ભક્ત પોતાના તમામ દુઃખ, પીડા અને આપત્તિઓમાંથી મુક્ત થયાનો અનુભવ કરે છે. આર્તભાવે થયેલી તમામ યાચનાઓને ભગવાન પણ સ્વીકારે છે ને આપણને દુઃખ મુક્ત કરે છે.
- આરતી એ **દિવ્ય ધ્વનિ, દિવ્ય પ્રકાશ** અને **દિવ્ય દર્શન**નો ત્રિવેણી સંગમ છે. આરતીમાં પ્રગટાવાતી દિવ્ય જ્યોત દ્વારા ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે કે હે ભગવાન્ ! જેમ આરતીની જ્યોત ઝળહળે છે તે જ રીતે હે નાથ ! તમે મારા જીવનને ઝળહળતું બનાવો !! મારા માયારૂપી અંધકારને ટાળી આપના અખંડ સંબંધવાળુ બનાવો. હે પ્રભો ! જેમ તમારા માટે આરતીમાં વાટ બળે છે તેમ મારો દેહ પણ તમારી અને તમારા ભક્તોની સેવામાં હોમાય જાય, બળી જાય.
- આરતી એટલે પરમેશ્વરનો સત્કાર કરવા પ્રકાશ પાથરવાની દિવ્યવિધિ. આરતીને **''નીરાજના''** કે **''નીરાજનમ્''** પણ કહેવાય છે.







(૩) આરતીનો ઉદ્‌ભવ કેવી રીતે થયો ?

જૂના જમાનામાં **વીજળી** ન હતી. વળી, **મંદિરોના ગર્ભગૃહ ગુફા જેવા ઊંડા અને દીવાનો આછો પ્રકાશ જ રહેતો.** તેથી ભગવાનના સંપૂર્ણ દર્શન કરાવવા પૂજારી બીજો દીવો પ્રગટાવતા ને ભગવાનના અંગોઅંગ પર ફેરવતા. સમય જતા આ વિધિના સમય નક્કી થયા. તેમાં સ્તુતિ-ધ્વનિ ને સંગીતના નાદ ઉમેરાયા ને આમ **''આરતી''** અસ્તિત્વમાં આવી.

હિન્દુ મંદિરોમાં ભગવાનની **રાજોપચાર** સાથેની પૂજાવિધિ પ્રાચીનકાળથી પ્રચલિત છે. પરબ્રહ્મ ભગવાન રાજાઓના પણ મહારાજા છે. તેમની પૂજા ભક્ત **સોળ ઉપચારો** વડે કરે છે. આ સોળ ઉપચારોમાંનો એક ઉપચાર એટલે જ આરતી.

આપણે ત્યાં પૂર્વે **રાજા મહારાજાઓની પણ આરતી** ઉતારવામાં આવતી. દક્ષિણ ભારતમાં આજે પણ **મહેમાનોની આરતી** ઉતારવામાં આવે છે. **જે કોઈ સંતો-મહાપુરુષોના આપણાં પર ઉપકારો છે તેઓની પણ આરતી ઉતારી શકાય છે.**


(૪) આરતી શાં માટે ઉતારવી જોઈએ ?

જીવ પ્રાણી માત્ર પર કૃપા કરીને ભગવાને **પંચભૂતની** ભેટ આપી છે. આ પંચભૂતથી જ માનવજીવન ચાલે છે. જીવવા માટે જીવન **જળ** આપ્યું. સ્થિર રહેવા માટે **પૃથ્વી** રચી. ધાન્ય ઉત્પન્ન કરવા માટે સૂર્યચન્દ્રરૂપી **તેજ** આપ્યું. તથા અન્ન પકાવવા **અગ્નિ** તથા પચાવવા **જઠરાગ્નિ** આપ્યો. શ્વાસ-પ્રાણને ધારવા **વાયુ**ને અને હલન-ચલન કરવા માટે **અવકાશ-આકાશ** આપ્યો.

આરતી દ્વારા ભક્તો પણ ભગવાનનો આભાર વ્યક્ત કરવા આ **પંચતત્વો** દ્વારા જ ભગવાનનું પૂજન કરે છે.

આપણી પ્રણાલિકા અનુસાર **દીવાની વાટ** અને **દંડવત્ પૃથ્વીનું** પ્રતીક છે. **જળપૂરિત શંખ** એ **જળનું** પ્રતીક છે. **જ્યોત તેજનું** પ્રતીક છે. **અગરબત્તી** કે **ધૂપ વાયુનું** પ્રતીક છે. **ઘંટડીનો રણકાર - ઘંટનાદ - શંખનાદ - નગારાવાદન અને આરતીગાન** વગેરે **આકાશના** પ્રતીક છે.

આ રીતે આરતી એટલે પંચભૂતોનું પરમાત્માને સમર્પણ.



(૫) આરતી વખતે ઘંટ-નગારું અને શંખનાદ શાં માટે ?

મનુષ્યને કોઈ ક્ષેત્રમાં સફળતા મળે કે કોઈ અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે તેના અંતરમાં આનંદ થાય છે ને વિજયનો આનંદ વ્યક્ત કરવા તે સહજભાવે નાચી ઉઠે છે, ગાઈ ઉઠે છે, તાલીઓ પાડે છે ને વિચિત્ર અવાજો



કરવા માંડે છે. પ્રાચીનકાળમાં પણ આનંદ વ્યક્ત કરવા આવી રીતો મનુષ્ય અપનાવતો. **સમય જતાં આવો આનંદ વ્યક્ત કરવાં ઘંટ-નગારું-ઝાલર-શંખ વગેરેનો નાદ કરવા લાગ્યા.**

ભક્તોને પણ ભગવાનની પ્રાપ્તિનો આનંદ છે. આ આનંદ ઘોષિત કરવા ભક્તો પણ આવા નાદ કરે છે.

વળી, રાજાઓના આગમનમાં અને **વિજયોત્સવમાં** પણ આવા નાદ થાય છે; તો ભગવાન તો રાજાધિરાજ છે !! સર્વે બ્રહ્માંડોના નાથ પરમેશ્વર ભક્તોને દર્શન દેવા માટે પધારે ત્યારે **આનંદોત્સવના આવા મંગલનાદો** વડે ભક્તો પણ ભગવાનનું સન્માન કરે છે. વળી, આરતીને અનુરૂપ દિવ્ય વાતાવરણ સર્જાય તે માટે પણ ઝાલર, નગારા, શંખ વગેરેના માંગલિક નાદો કરવામાં આવે છે.

(૬) આરતી પૂર્ણ થયા પછી શંખપૂરિત જળનું આવર્તન શાં માટે કરવામાં આવે છે?

પૌરાણિક માન્યતા છે કે **''ચોકી તો વરુણદેવની''** એને કોઈ ઉલ્લંઘી ન શકે. જે



આરતીની જ્યોત ભગવાનના દિવ્ય વિગ્રહ પર ઘુમી હોય તેમાં ભગવાનની દિવ્ય શક્તિનો પ્રવેશ થાય છે. પ્રવેશેલી દિવ્યતા **વરુણદેવની પ્રદક્ષિણા** દ્વારા અકબંધ રહે તે હેતુથી શંખપૂરિત જળથી અથવા ચમચી વડે ત્રણવાર જળનું આવર્તન કરવામાં આવે છે.


(૭) આરતી બાદ ''આશકા'' શાં માટે લેવાના હોય છે ?

આરતી બાદ આરતીની જ્યોતને પ્રત્યેક ભક્ત પોતાની દૃષ્ટિમાં ઉતારે છે. બે હાથ વડે જ્યોતને વધાવી ભક્ત પોતાના નેત્ર, મસ્તક અને હૃદય ઉપર ચઢાવે છે; તેને **''આશકા''** લીધા એમ કહેવાય છે. 'આશકા' લેવાથી આપણા ઈન્દ્રિયો-મન અને આત્મા ભગવાનના દિવ્ય તેજ અને ગુણોથી સભર બને છે.

વળી, શ્રીહરિના અંગેઅંગ પરથી દિવ્ય સ્પર્શ પામીને આવેલી આરતીની જ્યોત કોઈ સામાન્ય જ્યોત નથી રહેતી; પરંતુ દિવ્યતાનો એક વિશાળ શક્તિ સ્રોત બની રહે છે. વિષ્ણુધર્મોત્તર શાસ્ત્રમાં કહ્યું છે કે: **''જેના શરીર પર આરતીનો સ્પર્શ થાય છે તેને હજારો યજ્ઞના અંતે કરાતા અતિ પવિત્ર સ્નાનનું ફળ મળે છે.''**

(૮) આશકા લેતી વખતે પૈસાનું દાન શાં માટે ?

આરતીની જ્યોત ભગવાનનું જ સ્વરૂપ છે. એના પ્રત્યે આદર વ્યક્ત કરવા ભક્ત કંઈક અર્પે છે. પૈસાનું દાન (દ્રવ્યદાન) કરીને ભક્ત ભગવાનને વધાવી આદર વ્યક્ત કરે છે.



(૯) આરતી કેવી રીતે ઉતારવી ?

પ્રથમ તો સાક્ષાત્ ભગવાન મારી સામે ઊભા છે એ પ્રત્યક્ષભાવ લાવવો. ત્યારબાદ જમણા હાથમાં આરતી લઈ જમણેથી ડાબે એમ ગોળાકારમાં આરતી ઉતારવી. ડાબા હાથે ઘંટડી વગાડવી.

- પ્રથમ ત્રણવાર ભગવાનના ચરણમાં આરતી ફેરવવી.
- ત્યારબાદ બે વાર નાભિ પર ફેરવીને ધીમે ધીમે જ્યોતને પ્રભુના મસ્તક સુધી લઈ જવી.
- એકવાર મસ્તક પર ફેરવવી.
- આરતીની પૂર્ણાહુતિ સમયે ભગવાનના ચરણકમળમાં મસ્તક નમાવવું. ત્યારબાદ શંખપૂરિતજળથી ત્રણવાર આવર્તન કરી આરતી સ્વયં લેવી અને ભક્તોને આપવી.

(૧૦) ''જય સદ્‌ગુરુ સ્વામી'' આરતીનો ઉદ્‌ભવ :-

કાલવાણી ગામે **સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીને** દિવ્ય દર્શન આપીને કહ્યું કે: **હું કાયમ કહેતો હતો કે હું તો માત્ર ડુગડુગી વગાડનાર છું. ખરા ખેલના ભજવનાર તો હવે આવશે. તે આ ''સહજાનંદ સ્વામી'' સાક્ષાત્ ભગવાન છે. સર્વોપરી છે ને સર્વેશ્વર છે ને સૌનાય સદ્‌ગુરુદેવ છે.** હવેથી તેમનું ભજન કરજો.

પછી સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામીએ સ્વયં પુષ્પો ચુંટી સુંદર માળા બનાવી અને શ્રીજીમહારાજ જ્યાં વિરાજમાન હતાં ત્યાં આવ્યા. શ્રીજીમહારાજને સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીની ગાદીએ બેસાડી દંડવત્ કર્યા. પ્રેમમાં ગદ્‌ગદ થઈ ગયાં; ને તેઓ મહારાજને ભેટી પડ્યાં. ચંદનની અર્ચા કરી, પુષ્પની માળા પહેરાવીને સ્વરચિત આરતી ગાતાં ગાતાં આરતી ઉતારવા લાગ્યા.

- **આરતીના શબ્દો :** જય સદ્‌ગુરુ સ્વામી
- **સ્થળ :** કાલવાણી ગામ
- **રચયિતા :** સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી
- **આરતીનો પ્રાગટ્યદિન :** અષાઢી સંવત ૧૮૫૯ - કાર્તિક સુદ દશમ (તા. ૫-૧૧-૧૮૦૨), શુક્રવાર

આપણે તો મહારાજના ગાંડા ઘેલા બાળકો, એટલે આપણને આરતી-પ્રાર્થના કરતા પણ ક્યાંથી આવડે ?! પરંતુ... **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદસ્વામીએ** જેમ વચનામૃતમાં આપણી પર કૃપા કરીને આપણા માટે પ્રશ્નો પૂછ્યાં છે તેમ આ ચરિત્ર દ્વારા આપણને ગદ્‌ગદ્‌ભાવે થઈ આરતી-પ્રાર્થના કરવાની રીત શીખવી છે.

(૧૧) સ્વામિનારાયણ સંપ્રદાયમાં થતી પાંચ આરતી :-

(૧) મંગળા આરતી (૨) શણગાર આરતી (૩) રાજભોગ આરતી (૪) સંધ્યા આરતી (૫) શયન આરતી.

શિખરબદ્ધ મંદિરોમાં ઉપરોક્ત પાંચ આરતી થાય છે અને **હરિમંદિરોમાં** સવારે શણગાર આરતી અને સાંજે સન્ધ્યા આરતી થાય છે. આરતીના સમય ઋતુ પ્રમાણે બદલાતા રહે છે.

(૧૨) એકાગ્રતાથી દર્શન :-

ભગવાનની આરતી દરમ્યાન કોઈ સાથે વાત ન કરવી કે દર્શન કરતી વેળાએ આડુંઅવળું જોવું પણ નહિ. આવા બેદરકાર ભક્ત પર શ્રીજીમહારાજને અત્યંત રોષ આવે છે અને કહે છે:-

અમારા દર્શન કરતા હોય ને કોઈક બાઈ-ભાઈ આવે અથવા કૂતરું નીસરે કે ઢોર નીસરે કે કાંઈક ખડખડે, તેની સામું વારંવાર દર્શન મૂકીને જુએ, પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે, તેની ઉપર તો એવી રીસ ચડે જે, શું કરીએ ? સાધુ થયા, નહિ તો એનું કાંઈક તાડન કરીએ (ગ.અં.૨૫) માટે, આરતી દરમ્યાન એકાગ્ર મને દર્શન કરવા.

(૧૩) ઘરમંદિરમાં આરતી કરતી વખતે આટલું અવશ્ય કરીએ :-

- દિવસમાં બે વાર સવારે અને સાંજે અવશ્ય આરતી કરવી જ જોઈએ.
- આ બે સમયમાંથી ગમે તે એક સમયે ઘરના તમામ સભ્યોએ હાજર રહી સમૂહ આરતી બોલવી જોઈએ.
- આરતી નાહી-ધોઈ પવિત્ર વસ્ત્રો પહેરીને ઉતારવી જોઈએ.
- સવાર-સાંજ બંને સમયે એક કે ત્રણ દિવેટો મૂકી આરતી ઉતારવી જોઈએ.
- આરતી પહેલા અગરબત્તી પ્રગટાવવી ''સ્વામિનારાયણ ભગવાનની જય'' બોલવી જોઈએ.
- ઘર મંદિરમાં સ્થાન અને પરિસ્થિતિ પ્રમાણે બેઠા બેઠા કે

ઊભા ઊભા આરતી ઉતારી શકાય.

- આરતી દરમ્યાન ડાબા હાથથી ઘંટડી વગાડવી જોઈએ. જો ઘંટડી અન્ય કોઈ વગાડે તો આરતી બે હાથ વડે ઉતારવી જોઈએ.
- કદાચ શંખ ઉપલબ્ધ ન હોય તો આચમણી કે ચમચી વડે આરતીને ત્રણવાર જળનું આવર્તન કરવું. ત્યારબાદ ભગવાનને આરતીના આશકા અર્પણ કરવા.
- આરતી બાદ રામકૃષ્ણ ગોવિન્દ, (ધૂન), નવીનજીમૂત (સ્તોત્ર), નિર્વિકલ્પ ઉત્તમ અતિ, (પ્રાર્થના), વિશ્વેશ છો (સ્તુતિ) વગેરે સ્તુતિ પ્રાર્થના પણ કરવી અને અંતે નિયમિતપણે ચેષ્ટા પણ કરવી જ જોઈએ.
- કદાચ સંધ્યા આરતી વેળાએ આપણે ઘરમાં આરતીમાં હાજર ન હોઈએ તો જે સ્થાનમાં હોઈએ ત્યાં ભગવાનની સ્મૃતિ સાથે આરતી-સ્તુતિ-પ્રાર્થના કરી લેવી જોઈએ.
- આરતીના ઉપકરણો જેવા કે દીવી-આરતી-ઘંટડી-અગરબત્તીનું સ્ટેન્ડ - ઘરમંદિર વગેરેને ચોખ્ખાં રાખવાં જોઈએ.
- ઘરમંદિરમાં આપણા ઈષ્ટદેવની જ પ્રતિમા રાખવી જોઈએ.

(૧૪) મંદિરમાં આરતીવેળાએ આટલું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ :-

- આરતી દરમ્યાન જે ખંડમાં હોય ત્યાંજ બેસીને આરતીના દર્શન કરવાં. પણ ફર ફર ન કરવું.
- આરતી બાદ સ્તુતિ દરમ્યાન પણ ભગવાનના દર્શન કરતાં-કરતાં સ્તુતિનું ગાન કરવું. પરંતુ પ્રદક્ષિણા ફરવી નહિ કે પગથિયામાં બેસી ન રહેવું.
- સ્તુતિ બાદ મંદિરના પ્રત્યેક ખંડમાં ઓછામાં ઓછા પાંચ દંડવત્ તો કરવા જ જોઈએ.
- ચાલુ આરતી-સ્તુતિ દરમ્યાન કોઈ સેવામાં જવાનું થાય તો પણ આરતીના દર્શન કરી દંડવત્ કરીને જ સેવામાં જવું.
- દંડવત્ કર્યા બાદ પંચાંગ પ્રણામ કરીને સંતો-ભક્તોનો ચરણસ્પર્શ કરી 'જય સ્વામિનારાયણ' કહેવાં.

(૧૫) પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-

આરતીનો સમય થાય એટલે ગમે તેવું કામ પડતું મૂકીને આરતીમાં દોડીને પહોંચી જવું. દેહની ક્રિયાઓ પણ ઠેલવી કે વહેલી પતાવવી પણ આરતી ન ચુકવી. આરતીના સમયે તો સેવા પણ ન કાઢવી.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) આપણા સંપ્રદાયની આરતી કંઈ છે ? તેની શરૂઆત કંઈ રીતે થઇ ?
(૨) આરતી એટલે શું ?
(૩) આરતી શાં માટે ઉતારવી જોઈએ ?
(૪) આરતીનો ઉદ્‌ભવ કેવી રીતે થયો ?
(૫) સ્વામિનારાયણ સંપ્રદાયમાં થતી પાંચ આરતીના નામ જણાવો.
(૬) આરતી લેતી વખતે પૈસાનું દાન શાં માટે કરવામાં આવે છે ?
(૮) પૂજ્ય ગુરુજી આરતી વિશે શું કહે છે ?

સભા-૩૬ : નિર્માની સંત તુકારામ


મહારાષ્ટ્રના એક મહાન સંત થઈ ગયા. **મહાત્મા તુકારામ.** નાનકડી ઝુંપડીમાં રહે ને સદા ભગવાનનું ભજન કરે. માંડ માંડ ખાવાનું મળે એવી તેમની ગરીબ સ્થિતિ. છતાંય તેઓ આનંદ મસ્તીમાં રહે. કેમકે તેમને મન તો ભગવાનની ભક્તિ એજ સાચી મિલકત હતી.

એકવાર તુકારામ કોઈ કામ માટે બહાર ગયા હતાં. બહારગામથી પાછા આવતા હતા ત્યારે **ગામના પાદરે** કેટલાક તોફાની **યુવાનીયાઓ** એમને જોયા. તેમને ટીખળ કરવાનું મન થયું. બધાએ ભેગાં મળીને તુકારામને પકડ્યા; ને **અસ્તરાથી તેમનું માથુ મૂંડી નાખ્યુ; પછી એના પર ચુનો ચોપડ્યો. ગાજર-રીંગણાનો હાર બનાવી તુકારામને ગળે પહેરાવ્યો. અધુરામાં પુરુ એક રખડતા ગધેડાને પકડી લાવ્યા ને તેના પર મોટે ગધેડે બેસાડ્યા.** અને ધમાલ મસ્તી કરતાં કરતાં આખા ગામમાં ફેરવ્યાં.

તુકારામના મનમાં તેની જરાય અસર ન હતી. તે તો શાંતિથી બેઠા બેઠા ભજન કરતાં હતાં. પણ **તુકારામના પત્ની આ જોઈ ચોધાર આંસુએ રડતાં હતાં.**

જ્યારે યુવાનીયાઓએ તેમને છૂટાં કર્યા ત્યારે તેઓ ઘરે આવ્યા. પત્નીને રડતાં જોઈ તુકારામે પૂછ્યું: અરે ! તમે કેમ રડો છો ? શું કાંઈ મુશ્કેલી આવી ?!

એમની પત્નીએ રડતાં-રડતાં કહ્યું: **મુશ્કેલી સિવાય બીજું શું છે ?** આપણે કોઈનું કાંઈ બગાડ્યું નથી ને આ બધું દુ:ખ શાથી ? આજે ગામના રખડું યુવાનીયાઓએ તમને





ગધેડે બેસાડી આખા ગામમાં ફેરવ્યા. કેવું ભયંકર અપમાન કર્યું !! **ભગવાન આપણને આવું દુઃખ કેમ આપે છે ? આપણે ભગવાનનું શું બગાડ્યું છે ?** એમ કહેતાં કહેતાં તેઓ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યાં.

તુકારામ હસતાં હસતાં બોલ્યા: **અરે ગાંડી! ભગવાન જે કરે છે તે સારા માટે જ કરે છે. જીવનમાં કંઈક સારું થાય તો તેને ભગવાનની ''કૃપા'' સમજવાની અને ખરાબ થાય તો તેને ભગવાનની ''ઈચ્છા'' સમજવાની. આ પ્રસંગ પણ ભગવાને આપણા સારા માટે જ ઉભો કર્યો છે.**

આ સાંભળી તેમના પત્ની ગુસ્સે થઈ ગયાને બોલ્યાં: **શું ધૂળ સારું કર્યું ?** આટલું બધું અપમાન થયું તે તમને સારું લાગે છે ?

તુકારામ હસતાં હસતાં કહે : આપણાં લગ્ન થયા તે વખતે મારો **વરઘોડો** નીકળ્યો ન હતો. આ લોકોએ આટલાં વર્ષો પછી મારો વરઘોડો કાઢ્યો, એ કેટલું સારું કર્યું ! બીજુ, મારે માથાના વાળ વધી ગયા હતાં, પણ હજામત કરાવવાના પૈસા ન હતા. તે આ લોકોએ પ્રેમથી મારું **મુંડન** કરી આપ્યું. અને ત્રીજુ, આ **હાર** છે તે આપણે અઠવાડિયાનું **શાકભાજી** થઈ જશે. બોલ હવે, ભગવાને બધું સારું જ કર્યું છે ને ?

તુકારામની વાત સાંભળી તેમના પત્ની તો બોલતાં જ બંધ થઈ ગયા. એમને થયું કે આ તો ખરેખર **સવળા વિચારવાળા** ભક્ત છે કે જેમને કોઈ ક્યારેય દુઃખી જ ન કરી શકે.

સંસાર ઉંટના બેસણા જેવો છે. માન-અપમાન, સ્તુતિ-નિંદા, સુખ-દુઃખમાં અતિ ફુલાવું નહિ કે દુઃખી થવું નહિ. સુખ-દુઃખ તો આવે અને જાય. તેમાં મનને વિચલિત ન કરવું. દરેક પરિસ્થિતિમાંથી તુકારામની જેમ સવળુ ગ્રહણ કરવું. ''સવળી સમજણ'' એ સુખી જીવનની ચાવી છે. આનંદમાં રહેવું ને ભગવાનનું ભજન કરવું. પરિસ્થિતિઓ બદલવા કરતાં મનઃસ્થિતિ બદલી નાંખવી.



કડીગાન વિભાગ

- **નિર્માન ગુન સમ ગુન ન ઓરા, નહિ આવત તેહિ ઠોરા ઠોરા ।**
  ભૂષન અનંત કહાવત જેહી, નિર્માન સમ ન શોભિત તેહિ ॥
- **સબ ગુન કો નિર્માન હે મુરા, ઓર રખના ધીરજ હી ઉરા ।**
  નિર્માન ધીરજ ક્ષમા જોંઉ, સાધુ કે ભૂષન હે સોંઉ ॥ (હ.ચ.સા.)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જે વ્યક્તિ સંસારનાં દુઃખથી તપતો નથી અને જે વ્યક્તિ સંસારનાં સુખમાં ચલાયમાન થતો નથી એ સત્પુરુષ છે. કદાચ તે સંસારમાં છે તો પણ સંત છે. (કલ્યાણ કણિકા - ૫/૧૧૧)
- એક ઈષ્ટદેવ અને બીજા ગુરુ; આ બેનો કોઈ ભાંગલો શબ્દ બોલે તેની સાથે વેણ પર વેણ લાવવું પણ પાજી પળાવની છાયામાં દબાવું નહિ. (કલ્યાણ કણિકા - ૫/૯૪)

પ્રશ્નોત્તર વિભાગ



(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખ્ય કાર્યો જણાવો?

(૧) લાખો જીવોને મોક્ષનું સાચું જ્ઞાન આપ્યું.
(૨) ૩૦૦૦થી વધુ સાચા સંતો બનાવ્યા.
(૩) સમાજના અનેક કુરિવાજો, હિંસા બંધ કરાવી.
(૪) સમાજશુદ્ધિના કાર્યો કરી દુર્ગુણો- વ્યસનો છોડાવ્યા.
(૫) મોટા મોટા મંદિરો બંધાવ્યા.
(૬) શાસ્ત્રોની રચના કરી-કરાવી.
(૭) આ લોક-પરલોકમાં સુખી કરે એવો સર્વશ્રેષ્ઠ સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો. ૩ લાખ ઉપરાંત ચારિત્ર્યવાન હરિભક્તોનો સમાજ તૈયાર કર્યા.

જાણવા જેવું

વિશ્વના મુખ્ય ધર્મો

(૧) ખ્રિસ્તી (૨) ઇસ્લામ (૩) હિન્દુ (૪) બુદ્ધ (૫) યહૂદી (૬) શીખ (૭) જૈન
(૮) પારસી (૯) શિન્તો (૧૦) તાઓ (૧૧) કોન્ફ્યુશ્યસ

- **આ સમજણ કેળવો.**

ગમે તેવી વિપરિત પરિસ્થિતિ થાય, દુઃખ આવી પડે, કષ્ટ કે રોગ આવી પડે, હાની કે વૃદ્ધિ થાય, સારા કે મોળા અવસરો આવી પડે, પણ માનસિક સ્થિરતા ગુમાવશો નહિ. જે થવાનું છે તેને કોઈ રોકી શકવાનું નથી. મનને દુઃખી કરવાથી મનની વ્યથામાં વધારો થશે. જો તમે ચિત્તને પ્રસન્ન રાખશો તો કષ્ટદાયક પીડા પણ તુચ્છ બની જશે.

- **મારો દ્રઢ ઠરાવ**

ભૂતકાળમાં જે કાંઈ થયું છે, અત્યારે જે કાંઈ થાય છે અને ભવિષ્યમાં જે કાંઈ થશે તે બધુંજ મને મળ્યાં જે પ્રગટ મહારાજ તેનુંજ કર્યું થાય છે. એમ હું ચોક્કસ પણે માનીશ.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) તુકારામના પત્ની શાં માટે રડતાં હતા ?

(૨) તુકારામને દુ:ખ ન થયું તેનું કારણ શું હતું ?

(૩) સંસારને ઊંટના બેસણા જેવો શાં માટે કહ્યો છે ?

(૪) તુકારામને ગામના યુવાનીયાઓએ શું શું દુ:ખ આપ્યા ?

(૫) જીવનમાં સુખ કે દુ:ખ આવે ત્યારે કેવી સમજણ રાખવી ?

(પ્રશ્ન-૨) યોગ્ય શબ્દોથી વાક્ય પૂર્તિ કરો.

જેમકે :- કયારેક આપણા જીવનમાં સુખ આવે છે, તો ક્યારેક આપણા જીવનમાં દુ:ખ આવેછે.....

(૧) ક્યારેક આપણને સફળતા મળે છે...

(૨) ક્યારેક આપણાં વખાણ થયા છે...

(૩) ક્યારેક કોઈ આપણને મદદ કરે છે...

(૪) ક્યારેક આપણે જીતીએ છીએ...

(૫) ક્યારેક આપણે સાજા હોઈએ...

(૬) ક્યારેક આપણને પ્રેમ મળે છે...

(૭) ક્યારેક આપણી ઈચ્છા પ્રમાણે બધું થાય છે...

(૮) ક્યારેક આપણને ગમતી વસ્તુ મળે છે...

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) નિર્માનિ ગુન સમ .....

(૨) સબ ગુન કો .....



સભા-૩૭ : લોયાધામના શાન્તીબા

વહાલા બાળકો ! મહારાજના સખાભક્ત એટલે **સુરાખાચર. લોયા** અને **નાગડકા**નાં તેઓ ગામધણી દરબાર. તેમના પત્નીનું નામ **શાન્તીબા.** બન્ને પહેલાં નંબરનાં પાક્કા સત્સંગી. તેમને **ચાર** સંતાનો હતા. પુત્રનું નામ **નાથાભાઈ** અને **પુત્રીના નામ વલુબાઈ, હેતબાઈ, પીલુબાઈ.**

સુરાખાચર અને શાન્તીબા રહેતા સંસારમાં પણ તેમનું જીવન તો સાધુ જેવું જ. જ્યારે સુરાખાચરની ઉંમર **૨૬** વર્ષની હતી અને શાન્તીબાની ઉંમર **૨૨** વર્ષની હતી ત્યારથી જ બન્નેએ સાંખ્યયોગની દીક્ષા લઈ લીધી હતી. **ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સાદગીપૂર્ણ સાત્વિક જીવન જીવતાં ને આજીવન બ્રહ્મચર્યવ્રત પાળતાં.**

સુરાખાચર અને શાન્તીબાનો ભક્તિભાવ જોઈ શ્રીહરિ અને પાંચસો પરમહંસો વારે વારે લોયા પધારતા ને મહિનાઓ સુધી રોકાતાં. **સુરાખાચર અને શાન્તીબાની ભક્તિથી શ્રીહરિ વશ વર્તતા. એટલે જ તો શ્રીજીમહારાજ ખુદ રસોયા બન્યા ને શાકોત્સવ કર્યો.**

એકવાર શ્રીજીમહારાજ **નાગડકા**માં હતાં. સવારનો સમય હતો. મહારાજ ઓસરીમાં ઢોલિયા ઉપર સુતાં હતાં.

શાન્તીબાએ દહીમાંથી માખણ બનાવવાં **વલોણું** તૈયાર કર્યું. એકલાથી વલોણું થાય નહિ એટલે ઓસરીમાં ઉભા ઉભા કોઈની રાહ જોઈ રહ્યાં હતાં. મહારાજ જાગ્યા અને જોયું. મહારાજે પૂછ્યું: **શાન્તીબા કોની રાહ જોવો છો ?**



શાન્તીબાએ કહ્યું: મહારાજ ! **દાસી પાણી ભરવા ગઈ છે; તે હજું આવી નથી તે આવે એટલે વલોણું** કરવું છે.

મહારાજ કહે : દાસીનું શું કામ છે ? ચાલો અમે મદદ કરીએ. એમ કહી **શ્રીજીમહારાજ ઉભા થયા ને રવૈયાના નેતરાને પકડીને શાન્તીબા સાથે વલોણું કરવા લાગ્યાં.**

એકબાજુ શ્રીજીમહારાજ ખેંચે ને બીજી બાજુ શાન્તીબા ખેંચે. **ઘમર... ઘમર... ઘમર...** વલોણું ચાલવા લાગ્યું. શ્રીજીમહારાજ હસતાં જાય અને શાન્તીબા સાથે મીઠી મીઠી વાતો કરતાં જાય. શાન્તીબાની ઉત્તમ ભક્તિથી વશ થઈ શ્રીહરિ ખુદ સામે ચાલીને વલોણું કરે છે. ભગવાન પોતાના ભક્તને કેટલી હદે આધીન થાય છે તેનું આ ઉદાહરણ છે. **દાસીનું કામ શ્રીહરિ ખુદ કરે છે.** પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે : **ખટદર્શનમાં ખોળ્યાં ન લાધે, નરહરિ નેતરા તાણે રે.**

અડધો કલાક ઘમર... ઘમર... ઘમર... વલોણું ચાલ્યું. માખણ તૈયાર થઈ ગયું. શ્રીજીમહારાજ પરસેવે રેબઝેબ થઈ ગયાં. તેઓ પાછા ઢોલીયે જઈને બેઠા.

શાન્તીબાએ માખણ કાઢ્યુ. તેમાં સાકર નાખી અને શ્રીજીમહારાજને આપ્યું. મહારાજ ખૂબ ભાવથી તે જમ્યા અને બોલ્યા : **શાન્તીબા ! તમે અમારી ખૂબ સેવા કરી છે. અમે તમારા પર ખૂબ પ્રસન્ન છીએ. આજે તમારે જે જોઈતું હોય તે માંગો !!**

શાન્તીબા કહે : મહારાજ ! તમારી કૃપાથી અમારે બધુંજ છે. પરંતુ પૂજા માટે તમારા ચરણારવિંદ નથી. તમે જો કૃપા કરીને ચરણારવિંદ પાડી આપો તો હું તે ચરણારવિંદ મારી પૂજામાં રાખું ને રોજ પૂજા કરું.

શ્રીજીમહારાજ તેમની માંગણી સાંભળી પ્રસન્ન થયા. **એક સફેદ ગોદડી મંગાવી. તેના પર કંકુના ૪૦ જોડી ચરણારવિંદ પાડી આપ્યાં.** આ ચરણારવિંદવાળી પ્રસાદીની ગોદડી આજે પણ આ દિવ્યલીલાની સ્મૃતિ કરાવે છે.

ભગવાન પોતાના પ્રેમી ભક્તને વશ થઈ જાય છે. સુરાખાચરનો પ્રેમ જોઈ શ્રીહરિએ ખુદ તેમને પોતાના સખા બનાવ્યા ને શાન્તીબાના પ્રેમને વશ થઈ શ્રીહરિ સ્વયં વલોણું કરવાં પધાર્યા. આપણે પણ આપણાં જીવનને જેટલું નિર્દોષ, નિખાલસ, નિષ્કપટ, ભક્તિમય બનાવશું તેટલા ભગવાન આપણને વશ થશે.



કડીગાન વિભાગ



- **મુને પ્યાર છે પ્રેમીનો,**
  હું તો પ્રેમી જનને પૂંઠે ફરું ।
  સ્નેહ સાંકળે સાંકળ્યો હું,
  જે જે જન કહે તે તે કરું ॥
- **મુને સંભારે છે સ્નેહીજન,**
  તેમ સંભારું હું સ્નેહીને ।
  અરસપરસ રહે એકઠા,
  જેમ પ્રીત છે દેહ દેહીને ॥
  (સ્નેહગીતા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- કોટી તપ , જપ , વ્રત , દાન યજ્ઞાદિક કરીને પણ જે ભગવાનને પામવા હતાં , તે આજ આપણને મળ્યાં છે . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો)
- આપણે ભગવાનના છીએ પણ માયાના નથી એમ માનવું . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૩૧)
- આપણને જ્ઞાન તો આવડે નહિ ને વૈરાગ્ય તો છે નહિ . માટે "હું ભગવાનનો ને એ મારા"એમ સમજવું . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૨૧૧)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) મુક્તાનંદ સ્વામી કયા સ્થાનમાં રહી અક્ષરધામમાં ગયાં ? **ગઢપુર.**

(૨) મુક્તાનંદ સ્વામીને ગુરુ રામાનંદ સ્વામીના સૌ પ્રથમ દર્શન કયા ગામમાં થયાં હતાં ? **સરધાર.**

(૩) મુક્તાનંદ સ્વામી કેટલા વર્ષની ઉંમરે સાધુ થયાં હતાં ? **૨૮ વર્ષ.**

(૪) "શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્" આ સૂત્ર કોણે-ક્યાં અપાવડાવ્યું ? **મુક્તાનંદ સ્વામીએ - વડોદરા શાસ્ત્રાર્થમાં.**

(૫) અંગ્રેજોએ સુરતમાં તમામ ભૂતિયા મકાનો કોને નામે લખી આપ્યા હતાં? **મુક્તાનંદ સ્વામી.**

જાણવા જેવું

ચાર પ્રકારનાં ધ્યાન

(૧) સાંગધ્યાન- ભગવાનના દિવ્ય અંગોનું ધ્યાન ધરવું.

(૨) ઉપાંગધ્યાન- વસ્ત્ર આભુષણે સહિત ભગવાનનું ધ્યાન ધરવું.

(૩) સલીલધ્યાન- ભગવાનના લીલાચરિત્રોનું ધ્યાન ધરવું.

(૪) સપાર્ષદધ્યાન- ભગવાન સાથે મુક્તો , સંતો-ભક્તોનું પણ ધ્યાન ધરવું.

- **વિચારવા જેવું**

  દેડકો પાણી વિના જીવી શકે છે; પણ માછલી પાણી વિના જીવી શકતી નથી. તેને દુધમાં, છાશમાં, ઘીમાં કે બીજા ગમે તેમાં નાખો તે તરફડીને મરી જાય છે.માછલીનું જીવન જળ છે. જેમ માછલી જળ વિના જીવી શકતી નથી; તેમ આપણે મહારાજ, ગુરુજી અને સંતો વિના જીવી શકીએ છીએ ? જો હા-તો આપણે માછલી જેવા ભગત થયા નથી. દેડકાં જેવા ભગત છીએ.

- **યાદ રાખવા જેવું**

  પ્રેમી જનને વશ પાતળીયો, શ્યામ સુંદર સુખકારી રે..
  જાતિ વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે..(મુક્તાનંદ સ્વામી)

- **મારો દ્રઢ ઠરાવ**

  હે પ્રભુજી ! આપ અને આપના સંતો-ભક્તોમાં હું ખુબ પ્રેમ કરીશ. ભગવાન-ગુરુજી અને સંતો સિવાય મારા જીવનમાં કાંઈ જ પ્રધાન નહિ રાખું !! આપ મને બળ-બુધ્ધિ-શક્તિ પ્રદાન કરજો !!

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ભગવાન કોને વશ થઇ જાય છે ?
(૨) સુરાખાચર અને શાન્તીબા સંસારમાં કેવી રીતે રહ્યાં હતાં ?
(૩) શ્રી હરિએ શાન્તીબા સાથે કઈ લીલા કરી ?
(૪) શાન્તીબાએ ભગવાન પાસે શું માંગ્યું ?
(૫) મહારાજ અને મોટાપુરુષ તમારા પર રાજી થાય ત્યારે તમે શું માંગશો ?

(પ્રશ્ન-૨) યોગ્ય જોડણી કરો.

(અ)	(બ)
(૧) શ્રીહરિ છપૈયામાં	(૧) ૨૮ વર્ષ
(૨) શ્રીહરિ આ પૃથ્વી પર	(૨) ૨૧ વર્ષ
(૩) શ્રીહરિ સત્સંગમાં	(૩) ૩ વર્ષ
(૪) શ્રીહરિનું વનવિચરણ	(૪) ૭ વર્ષ
(૫) શ્રીહરિ ગાદીએ બેઠા	(૫) ૪૯ વર્ષ
(૬) મુક્તાનંદસ્વામી સાધુ થયા	(૬) ૨૯ વર્ષ

(પ્રશ્ન-૩) પંક્તિ પૂર્ણ કરો.

(૧) મુને પ્યાર છે .....
(૨) મુને સંભારે છે .....

સભા-૩૮ : સત્સંગની 'માં'

બાળમિત્રો ! આજે આપણે મુક્તાનંદ સ્વામીને **''સત્સંગની માં''** નું બિરુદ કયાં પ્રસંગથી મળ્યું તે જાણીએ.

એકવાર શ્રીજીમહારાજે સંતોને ઘી-તેલ-ખાંડ વગેરે **રસવાળા** ભોજનો ન ખાવાનું કડક **પ્રકરણ (નિયમ)** ફેરવ્યું હતું. **મુક્તાનંદ સ્વામી ૫૦ સંતોનું મંડળ લઈ ધર્મપ્રચાર માટે મારવાડ દેશમાં આવ્યા,** સાથે વચનમૂર્તિ **''ભાયાત્માનંદ સ્વામી''** પણ હતા.

દુષ્કાળનું વર્ષ. મારવાડ જેવો અજાણ્યો પ્રદેશ અને સંપ્રદાયની શરૂઆતના દિવસો એટલે **સંતોને 3-3 દિવસનાં નકોરડા ઉપવાસો થયાં.**

વિચરણ કરતાં કરતાં **ચોથે દિવસે** બપોરે એક ગામના ભાગોળે પહોચ્યાં. ધ્યાન, ભજન, માનસીપૂજા કરી. ત્યાં એક **ભાવિક બ્રાહ્મણ** આવ્યો. સંતોને જોઈ તેના અંતરમાં શાંતિ થઈ.

મુક્તાનંદ સ્વામીએ તેને પાસે બેસાડી ભગવાનની વાતો કરી. **બ્રાહ્મણને સંતો**નો ગુણ આવ્યો ને પોતાના **ઘરે જમવાનું આમંત્રણ** આપ્યું. મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ભલે ભુદેવ ! અમે આવીશું; પરંતુ **ફક્ત ખીચડી** જ બનાવજો અને **ખીચડીમાં ઘી તો બિલકુલ નાખતાં જ નહિ.**

બ્રાહ્મણ હરખાતો હરખાતો ઘરે આવ્યો. ને જોતજોતામાં ખીચડી તૈયાર કરી દીધી ! ઠાકોરજીને થાળ ધર્યો; **થાળમાં ચમચી ઘી નાખ્યું** ને તે પ્રસાદીની ખીચડી બધી ખીચડીમાં ભેળવી દીધી.

સ્વામી સહિત બધા સંતો ઠાકોરજી ધરાવવા બેઠા, એટલે ભાયાત્માનંદ સ્વામીએ પૂછ્યું: ભૂદેવ ! ખીચડીમાં ઘી તો નાખ્યું નથી ને ?

બ્રાહ્મણે નમ્રતાથી કહ્યું: **ઠાકોરજીનું નૈવેદ્ય ભેળવ્યું છે. તેમાં ચમચી ઘી નાખ્યું હતું. તમારી ખીચડીમાં ઘી નાખ્યું નથી.**

જવાબ સાંભળી ભાયાત્માનંદ સ્વામી બોલી ઉઠ્યા: **એ ન ચાલે ભાઈ, સાધુઓને નિયમ એટલે નિયમ. હું નહિ જમું.** એમ કહીને તેઓ ભોજન પરથી ઉઠી ગયા. બધા સંતો મુંઝાયા. બ્રાહ્મણ દિલગીર થઈ ગયો. તેણે મુક્તાનંદ સ્વામી સામે જોયું. **'માં' સમાન દયાળું અને વ્યવહારકુશળ મુક્તાનંદ સ્વામીએ** ભૂખ્યા સંતો અને ભાવુક ભૂદેવની સ્થિતિ વિચારી.

તેમણે ભાયાત્માનંદ સ્વામીને સમજાવ્યા કે આ તો ભગવાનના પ્રસાદમાં ઘી છે. આપણા પ્રસાદમાં નથી. અને આપણે અત્યારે નહિ જમીએ તો બ્રાહ્મણને ખોટું લાગશે. રસોઈ બગડશે. સાધુઓ નિરાશ થશે ને અન્નદેવનો અનાદર પણ ગણાશે. માટે આપ કૃપા કરીને ખીચડી જમો !!



ના - નિયમ એટલે નિયમ !! આમ, ટૂંકમાં જવાબ આપી ભાયાત્માનંદ સ્વામી તો ચાલતા થયા. આ જોઈ બીજા સાધુઓ પણ ભોજન પરથી ઉઠવા લાગ્યાં. દયાળું મુક્તાનંદ સ્વામી બોલ્યાં : **સંતો બેસો ! આ નિયમભંગથી જે પાપ થશે તે હું મારા માથે લઉં છું. મહારાજ જે ઠપકો આપશે તે હું સાંભળી લઈશ. પણ તમે બધા નિરાંતે ભોજન કરો.**

મુક્તાનંદ સ્વામીની સમજાવટથી સૌ સંતો ખીચડી જમ્યા ને તેમના શરીરમાં પ્રાણ આવ્યા. બ્રાહ્મણને પણ ઘણો સંતોષ થયો ને રાજી થયાં.

આ બાજુ ભાયાત્માનંદ સ્વામી તો ઝટ ગઢપુર પહોંચ્યા ને મહારાજને બનેલી ઘટનાથી વાકેફ કર્યા. મહારાજ ! તમે જેને મોટા માનો છો ને ગુરુ માનો છો તે જ આજે પોતે આજ્ઞા લોપે છે ને બીજા પાસે પણ લોપાવે છે.

મહારાજ કહે : એમ થયું ! ઠીક ! સ્વામી આવશે એટલે એમને જરૂર ઠપકો આપીશું.


મુક્તાનંદ સ્વામી પણ મંડળ સાથે ગઢપુર આવ્યાં. શ્રીજીમહારાજને દંડવત્ કરી આખો પ્રસંગ કહ્યો ને નિયમભંગ માટે ક્ષમા માંગતા કહ્યું: **મહારાજ ! હું આપનો ગુન્હેગાર છું. મેં આપની આજ્ઞા લોપી છે; માટે જે દંડ આપવો હોય તે મને આપો; આ સંતોને નહિ.**

શ્રીજીમહારાજે આખો પ્રસંગ જાણી ભાયાત્માનંદ સ્વામીને નિયમપાલનનાં આગ્રહમાં રાખવાનો વિવેક શીખવ્યો ને **મુક્તાનંદ સ્વામીને ઉભા થઈ ભેટી પડ્યા ને ગદ્‌ગદિત થઈ કરુણાભીના કંઠે બોલી ઉઠ્યાઃ સ્વામી ! તમે જે માર્ગ લીધો તે દેશ-કાળ ને સંજોગો જોતા ઉચિત હતો. સ્વામી ! તમે તો બહુંજ સુક્ષ્મદૃષ્ટિથી નિર્ણય લઈ સંતો-ભુદેવ અને ધર્મની સંભાળ રાખી છે. તમારા આ નિર્ણયથી નિયમભંગ નહિ પરંતુ નિયમનું પોષણ થયું છે. તમે તો સારાય સત્સંગની 'માં' ની જેમ સંભાળ રાખી છે, માટે તમે તો ''સત્સંગની માં છો માં'' !!'' ને આ સર્વે સંતો-ભક્તો તમારા બાળક છે.**



શ્રીજીમહારાજના મુખમાંથી સરી પડેલા આવા વચનો સાંભળી સૌ સભાસદોએ તાલીઓના ગડગડાટથી મુક્તમુનિને વધાવી લીધા. સૌના અંતરમાંથી સંતોષનો એક નાદ નીકળ્યો. હાશ ! આજ આપણને સાચું માતૃત્વ મળ્યું, ખરી 'માં' મળી. આપણા ધન્યભાગ્ય ને ધન્ય ઘડી.

જગતની તમામ માતાઓનું માતૃત્વ ભેગું કરીએ તો પણ મુક્તાનંદ સ્વામીના માતૃત્વના કરોડમાં ભાગની તોલે ન આવે. આવા માતૃત્વ ધરાવનાર દયાળું-માયાળું મુક્તાનંદ સ્વામી હતા.





કડીગાન વિભાગ

નમું મુક્તાનંદ પ્રભુ પદ તણા સેવક સદા;
મહાશાસ્ત્રાભ્યાસી વ્યર્થ ન ગુમાવે પળ કદા,
કરે વાર્તા જ્યારે સુરસરિત ધારા સમ વહે;
કુસંગી સત્સંગી સકળ જન ચિત્તે અતિ ચહે.
(શ્રી હરિલીલામૃત)

શ્લોકગાન વિભાગ

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेत् ॥

અર્થ :- જગતના સર્વે જીવો સુખી રહો, સર્વે રોગ મુક્ત રહો, સર્વે કલ્યાણકારક અને મંગલમયના સાક્ષી રહો, અને કોઈને દુઃખના ભાગી ન બનવું પડે. હે પરમેશ્વર ! આ અમારી પ્રાર્થના છે.

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- જેને મુક્તપણાનો જ આનંદ છે. જેમાં ક્યારેય માયિક સુખે પ્રવેશ કર્યો જ નથી, તે મુક્તાનંદ સ્વામી છે. આવા અમારા મુક્તાનંદ સ્વામી " સત્સંગની માં" છે. સ્વામીની શિષ્ય પરંપરામાં આ જીવનને પાવન કરવાનો આજ મોકો મળ્યો છે. (કલ્યાણ કણિકા - ૨/૧૩૮)
- સંપ્રદાયનાં ઉદયકાળમાં સ્વામિનારાયણની નિષ્ઠા સમજાવનારા જો કોઈ પ્રથમ પરમહંસ હોય તો તે અમારા આદિ ગુરુદેવ મુક્તાનંદ સ્વામી છે. (કલ્યાણ કણિકા - ૪/૩૨૪)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) મહારાજના નખ ઉતારતા કયા સંતને સારું આવડતું હતું ? **મુક્તાનંદ સ્વામી.**

(૨) મુક્તાનંદ સ્વામીએ કેટલા ગ્રંથોની રચના કરી ? **૩૪ જેટલા સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો.**

(૩) મુક્તાનંદ સ્વામીના ગ્રંથો કેવાં છે ? **જ્ઞાન-ભક્તિ પ્રધાન.**

(૪) મુક્તાનંદ સ્વામી વિશેષ અભ્યાસ માટે ક્યાં ગયાં હતાં ? **ભુજ.**

જાણવા જેવું

શ્રી સ્વામિનારાયણ ભગવાને મંદિરોના પ્રથમ મહંત કર્યા તે સંતોના નામ

(૧) અમદાવાદ- સર્વજ્ઞાનાનંદ સ્વામી
(૨) ભુજ- વૈષ્ણવાનંદ સ્વમી
(૩) વડતાલ- અક્ષરાનંદ સ્વામી
(૪) ધોલેરા- અદ્ભુતાનંદ સ્વામી
(૫) જુનાગઢ- ગુણાતીતાનંદ સ્વામી
(૬) ગઢપુર- વિરક્તાનંદ સ્વામી

આટલું યાદ રાખો

પૂજ્ય ગુરુજી કહે છે : આ મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાના સંતો-ભક્તો સાથે આપણને રહેવાનું,જીવવાનું,બેસવાનું સૌભાગ્ય મળ્યું છે તે આપણાં અનેક જન્મનાં પૂણ્ય ઉદય થયા છે માટે મળ્યું છે. મુક્તાનંદ સ્વામી **" સત્સંગની માં"**તો હતાજ પણ આપણી તો એ **"સગી માં"** છે. માટે તેમનાં જેવા સદ્‌ગુણો લાવવાં પ્રયત્ન કરવો અને આ મુક્તાનંદીય ગુરુપરંપરાનું ગૌરવ રાખવું.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મહારાજે સંતોને કયો નિયમ આપ્યો હતો ?

(૨) મુક્તાનંદ સ્વામી ધર્મ પ્રચાર માટે કેટલા સંતોને લઇ ક્યાં ગયા હતા ?

(૩) ક્યાં સંતે ખીચડી ન ખાધી ?

(૪) મુક્તાનંદ સ્વામીએ ભયાત્માનંદ સ્વામીને સમજાવવા શું કહ્યું?

(૫) શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીની શું પ્રશંસા કરી ?

(૬) મુક્તાનંદ સ્વામી વિશે ટૂંકનોંધ લખો.

(૭) સંપ્રદાયની શરૂઆતમાં મહારાજની નિષ્ઠા સમજાવનાર કોણ હતું ?

(પ્રશ્ન-૨) પંક્તિ તથા શ્લોક પૂર્ણ કરો.

(૧) નમું મુક્તાનંદ .....

(૨) સર્વે ભવન્તુ સુખિનઃ .....



સભા-૩૯ : સંત એકનાથજી

મહારાષ્ટ્રના ચાર મહાપ્રતાપી લોકોત્તર-સમર્થ મહાપુરુષો થઈ ગયાં. **(૧) સમર્થ સ્વામી રામદાસ (૨) સંત તુકારામ (૩) સંત જ્ઞાનેશ્વર (૪) સંત એકનાથ.** આ ચારેય મહાપુરુષોએ દક્ષિણ ભારતને ભક્તિની ભાગીરથીથી ભીંજવી દીધો.

એમાં એકનાથજી મહારાજનું સ્થાન આગવું ને અજોડ હતું. તેઓ ભગવાનના **પરમ ભક્ત** હતા. કોઈ તેમણે ક્રોધ કરાવવા ગમે તેટલા પ્રયત્નો કરે છતાં તે ક્યારેય ક્રોધ કરતા નહિ. તેઓ માનતા કે જડ-ચૈતન્ય બધામાં મારો ભગવાન છે, હું કોના પર ક્રોધ કરું ?

આ વાત ૬૦૦ વર્ષ પહેલાંની છે. એકનાથજીની ઉંમર ૮૦ વર્ષની હતી. તેઓ દક્ષિણ ભારતની યાત્રા કરતાં-કરતાં શ્રીરંગક્ષેત્રમાં આવ્યાં. ત્યાં પવિત્ર કાવેરી નદી છે.

એકવાર સવારે **કાવેરીમાં સ્નાન** કરીને પાછા વળતાં હતાં. ત્યાં **બે-ચાર યુવાનીયાઓ બેઠા હતાં.** તેમને મશ્કરી સુજી. આ **બૂઢ્ઢો ભગતડો** લાગે છે. ચાલો પરીક્ષા કરીએ **ઠંડો** છે કે **ગરમ !** અને એક યુવાનીઓ તેમના પર થૂંક્યો. એકનાથજીના મોઢાની રેખા પણ બદલાઈ નહિ. તેઓ પાછા વળ્યાં ને ફરી કાવેરીમાં સ્નાન કરી, પવિત્ર થઈ લાકડીના ટેકે-ટેકે ચાલ્યાં આવે છે.



પેલા ઉદ્ધત યુવાનીયાઓ પાછા તેમના પર થૂંક્યા. એકનાથજી કાંઇ બોલ્યા નહિ. તેઓ પાછા વળ્યાં અને ફરી સ્નાન કરી એજ રસ્તે પાછા વળ્યાં. પેલા મુર્ખાઓ ફરી થૂંક્યા. એમ તેઓ વારંવાર થૂંક્યા કરે ને એકનાથજી વારંવાર સ્નાન કરીને પાછા વળે. **બપોર** થઈ ગયું.

યુવાનીયા કહે : જોઈએ કેટલી વાર બૂઢ્ઢો ચુપ રહે છે. બહું હેરાન કર્યા. તેમ છતાં પણ એકનાથજીએ ધીરજ ગુમાવી નહિ. **૧૦૮ વખત સ્નાન કર્યું, પણ કંઈજ બોલ્યા નહિ કે ગુસ્સો પણ કર્યો નહિ.** અંતે પેલા થૂંકનારાઓ થાક્યાં.

સંતની આવી **સાધુતા-ધીરજ** જોઈ પેલાં



યુવાનીયાઓનું **હૃદય પરિવર્તન** થયું. તેઓ એકનાથજીના ચરણમાં ઢળી પડ્યાં, રડી પડ્યાં, માફી માંગી ને બોલ્યા: મહાત્માજી ! અમે પાપી છીએ; યુવાનીના મદમાં ઘેલા થયા ને તમને દુ:ખ દેવામાં કાંઇ પાછીપાની કરી નહિ, છતાં તમે કાંઇ બોલ્યા નહિ. અમને માફ કરો ! ક્ષમા કરો !

એકનાથજી બોલ્યા : ભાઈ ! તમે ચિંતા ન કરો ! **તમે પાપી નથી પણ પરોપકારી છો. હું પહેલીવાર દક્ષિણ ભારતની યાત્રા કરવા આવ્યો છું. મારે એકવાર કાવેરીમાં સ્નાન કરવાનો નિયમ હતો પણ તમારી કૃપાથી મારે આજે ૧૦૮ વાર સ્નાન થઈ ગયું. તમારા કારણેજ મારાથી આ પૂણ્ય કર્મ થયું માટે તમે મારા હિતેચ્છું છો.**


આ સાંભળી પેલા યુવાનીયાઓની રૂંવાડાં ઉભાં થઈ ગયાં.

●●●●●

એકવાર એક **ઈર્ષા** ખોર **બ્રાહ્મણે** એકનાથજીને ગુસ્સે કરાવવાનો નિશ્ચય કર્યો. એકનાથજી ઘરે **પૂજામાં** બેઠા હતા. **પગરખાં** કાઢ્યાં વિના એ પૂજાઘરમાં પ્રવેશ્યો અને એકનાથજીને **અડકીને** બેઠો.

એકનાથજીએ હસીને આવકારો આપ્યો. **પધારો દ્વિજવર્ય ! આપ હરિભક્ત છો, હું જાણું છું. મારા ધન્ય ભાગ્ય આજે તમારાં દર્શન થયાં. આપ હવે પ્રસાદ લીધાં વિના ન જશો.**

જમતાં-જમતાં એ બ્રાહ્મણ રસોઈ પીરસતા એકનાથજીના **પત્નીની પીઠ** ઉપર



સવાર થઈ ગયો. એકનાથજી બોલ્યા: દેવી ! ધ્યાન રાખજો ! અતિથિ પડી ન જાય.

એકનાથજીના પત્ની બોલ્યા : **અતિથિ શાનો ? એ તો મારો પુત્ર છે. પુત્રને ભલા હું શી રીતે પડવા દઉં ?** એકનાથજી અને તેમનાં પત્નીનું આવું **સહનશીલ** અને **સમજણભર્યું** વર્તન જોઈ પેલો બ્રાહ્મણ ચકિત બની ગયો ને બન્નેના ચરણોમાં આળોટી પડ્યો.

અજ્ઞાની લોકો આપણને ગમે તેટલા હેરાન કરે, નિંદા કરે, ગાળો આપે, તો પણ સહન કરવું. ધોબીએ ધોબી ન થવું. ક્રોધને કાબુમાં રાખવો. સહન કરવું ને ક્ષમા આપવી એ ભક્તનો માર્ગ છે. નાની-નાની વાતે ક્રોધ કરવો નહિ. ને યુવાનીના મદમાં કોઈ સાચા સંતો-ભક્તોનું અપમાન કરવું નહિ. ભગવાનના ભક્ત દુઃખાય જાય તો જીવનો નાશ થઈ જાય છે.

●●●●●

એકવાર એકનાથજી **પ્રયાગથી** ગંગાજળની કાવડ લઈને **શ્રી રામેશ્વરજીને** ગંગાજળ ચઢાવવા જઈ રહ્યાં હતાં. રસ્તામાં એક **તરસ્યો ગધેડો** પાણી વિના તરફડી રહ્યો હતો. એકનાથજીએ ગંગાજળ તે ગધેડાને પીવડાવી દીધું ને રામેશ્વરજીની પૂજા માની લીધી. આમ, તે **બધામાં ભગવાનના દર્શન કરતાં એવાં ભક્તિભાવનાવાળા હતાં.**

કડીગાન વિભાગ

સહન સો સંત કો રાહ, અસહન ગુન હે અસુર કો ।
રહનો સદા ઉછાહ, અપનો ચિતવ્યો ન હોત કછું ॥ (હ.ચ.સા)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે..... સ્વામિનારાયણ હરે.....

- સત્સંગ વિના તીર્થ-વ્રતાદિક અનેક ઉપાય કરે, વેદ,પુરાણ આદિ ગ્રંથો ભણે, જગતનું જેટલું ચાતુર્ય કહેવાય તેટલું શીખે તો પણ સત્સંગ વિના ન શીખ્યા ને ન કર્યા જેવું છે.

(હ.ચ.સા. ૮/૪૩)

- જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન અને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. (વ.ગ.અં.૨૭)
- સાધુને છોડીને જે ભગવાનને આંબવા જાય છે, તે ભગવાનને આંબી શકતો નથી. (કલ્યાણ કણિકા - ૫/૧૧૫)

પ્રશ્નોત્તર વિભાગ

(૧) મુક્તાનંદ સ્વામીએ ભુજમાં કયા-કયા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ?

પિંગળ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, સંગીત વિદ્યા, ગાંધર્વ વિદ્યા, આયુર્વેદ તથા સંસ્કૃત વેદાન્તશાસ્ત્ર.

(૨) મુક્તાનંદ સ્વામી પાસે કયા સંતો રહેતાં ? **ભણનારા વિદ્યાર્થી સંતો.**

(૩) ગોપાળાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે શું ભણ્યા હતાં ? **રામાનુજ ગીતાભાષ્ય.**

(૪) મુક્તાનંદ સ્વામીએ કેટલા પદોની રચના કરી છે ? **૧૦,૦૦૦ જેટલાં કીર્તનોના પદો.**

જાણવા જેવું

શ્રી સ્વામિનારાયણ ભગવાને મંદિરો કરવાં મોકલેલા સંતોનાં નામ

(૧) આનંદાનંદ સ્વામી	-	અમદાવાદ
(૨) વૈષ્ણવાનંદ સ્વામી	-	ભુજ
(૩) બ્રહ્માનંદ સ્વામી ,અક્ષરાનંદ સ્વામી	-	વડતાલ
(૪) અદ્ભુતાનંદ સ્વામી ,નિષ્કુળાનંદ સ્વામી	-	ધોલેરા
(૫) બ્રહ્માનંદ સ્વામી ,ગુણાતીતાનંદ સ્વામી	-	જુનાગઢ
(૬) વિરક્તાનંદ સ્વામી	-	ગઢપુર

- **મનન અને અમલ**

ભગવાનનાં ભક્તોનો અપરાધ ન થાય તે માટે નીચેની વાતો ધ્યાનમાં રાખો.

(૧) ભક્તની નિંદા-ટીકા ક્યારેય ન કરવી.

(૨) ભક્તની મશ્કરી ક્યારેય ન કરવી.

(૩) ભક્તને ગાળ ક્યારેય ન દેવી.

(૪) ભક્ત પર ગુસ્સો ક્યારેય ન કરવો.

(૫) ભક્તને ક્યારેય ન મારવો.

(૬) ભક્તની વસ્તું ક્યારેય ચોરી ન કરવી-પડાવી ન લેવી.

(૭) ભક્તને ક્યારેય છેતરવો નહિ.

(૮) ભક્તને દુ:ખ લાગે તેવું મન-કર્મ-વચને ક્યારેય ન કરવું.

- **આટલું યાદ રાખો**

સહનશક્તિ દુનિયાની સૌથી મોટી શક્તિ છે. બીજાની ભૂલોને-સ્વભાવોને સહન કરવાં ને ક્ષમા આપવાથી અંતરમાં શાંતિ થાય છે ને આનંદના ફુવારા છૂટે છે. હળવા રહેવાય છે. મોટા પણ તેના પર જીવથી રાજી થાય છે.

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) મહારાષ્ટ્રના કોઈ પણ ચાર સંતોના નામ આપો ?

(૨) ૮૦ વર્ષની ઉંમરે એકનાથજી ક્યાં ગયા હતા ? શું કરવા ?

(૩) યુવાનીયાઓએ માફી માંગી ત્યારે એકનાથજીએ શું કહ્યું ?

(૪) મુર્ખ યુવાનીયાઓ એકનાથજી પર કેટલી વાર થૂંક્યા ? સંત એકનાથજીએ શું કર્યું ?

(૫) એકનાથજીનો સ્વભાવ કેવો હતો ? તેઓ શા માટે કોઈ પર ક્રોધ નહોતા કરતાં?

(૬) એકનાથજીએ ગંગાજળ કોને પીવડાવી દીધું ? શા માટે ?

(૭) ભગવાનના ભક્તનો અપરાધ ન થાય તે માટે આપણે શું-શું ધ્યાનમાં રખાવું જોઈએ

(૮) જેને પોતાનું કલ્યાણ જોઈતું હોય તેને કેવી સમજણ રાખવી ?

(પ્રશ્ન-૨) પંક્તિ પૂર્ણ કરો.

સહન સો સંત કો .....



સભા-૪૦ : કેવો અદ્‌ભુત મહિમા

કમઢિયાળાનાં કાયાભાઈ સંધિ એટલે ખુંખાર લુંટારા અને જન્મજાત શિકારી. ચિભડાને કાપે તેમ માણસોને કાપી નાંખે. મોર, સસલાં, હરણાં, માછલાં, તેતર વગેરે પશુ-પંખીને મારી ખાય એવા નિર્દય અને ક્રૂર.

આવાં ક્રૂર અને ઘાતકી કાયાભાઈ જાતે **મુસલમાન** હતાં. કમઢિયાળામાં તેમની ધાક એવી હતી કે તેનું નામ સાંભળી આજુબાજુના ચોર-ડાકુ કમઢિયાળામાં જવાની હિંમત ન કરે. પરંતુ મહારાજનાં સત્સંગી હરિભક્ત બન્યા પછી તેમનું આખું જીવન પરિવર્તન થઈ ગયું ને **સિંહમાંથી સસલું** બની ગયા. તેમને પોતાના જીવનમાં **ભગવાનના સંબંધવાળાનો કેટલો બધો મહિમા** હતો તેનો એક પ્રસંગ જોઈએ.

એક વખત દાદાનાં દરબારમાં શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતાં. તે સમયમાં **કાયાભાઈ** દર્શન કરવા આવતા હતાં. ત્યાં **ચોકમાં** એક **કૂતરું** બેઠેલું હતું. પરંતુ, **સંધ્યા સમય** હોવાથી દેખાયું નહિ. તેથી ચાલતાં ચાલતાં **કૂતરાની પૂંછડી ઉપર પગ પડ્યો** એટલે એકદમ કૂતરાએ બાઉંકારો નાખ્યો.

તુરંત કાયાભાઈનું ધ્યાન ગયું અને કોઈ **મહાન ભક્તરાજનો અપરાધ** થઈ ગયો હોય તેમ તે **કૂતરાને દંડવત્** કરવા લાગ્યાં. શ્રીજીમહારાજે આ દૃશ્ય જોયું એટલે ઊંચે અવાજે બોલ્યા : **કાયાભાઈ ત્યાં કોને દંડવત્ પ્રણામ કરે છે, ત્યાં કોઈ સાધુ બેઠા છે કે શું ? જાઓ; જુઓ તો ખરા શું છે ?** પછી એક ભક્ત તપાસ કરીને આવ્યાં અને કહેવા લાગ્યાં : હે મહારાજ ! ત્યાં કોઈ સાધુ બેઠા નથી, એક કૂતરું ચોકમાં બેઠું છે તેને કાયાભાઈ દંડવત્ કરે છે.

પછી કાયાભાઈને બોલાવીને મહારાજે પૂછ્યું: કાયાભાઈ ! તમે કૂતરાને દંડવત્ કેમ



કર્યા ? ત્યારે કાયાભાઈએ કહ્યું: **હે મહારાજ ! આ કૂતરું મહાભાગ્યશાળી છે, સર્વ અવતારના અવતારી આપ અને અનંતમુક્તો અહીં બિરાજો છો. તેથી આપ સર્વની ચરણરજની આ ભૂમિ અત્યંત પવિત્ર છે. આ ચરણરજ મોટા મોટા દેવોને પણ દુર્લભ છે. આવી ચરણરજનું અધિકારી આ કૂતરું છે. તેને મારા પગનું ઠેબું વાગી ગયું અને તેની પૂંછડી ઉપર મારાથી પગ દેવાય ગયો તે અપરાધ કહેવાય. તે ગુનો માફ થાય તે માટે આ કૂતરાને મેં દંડવત્ પ્રણામ કર્યા. હે મહારાજ ! એના મોટા ભાગ્ય કે દાદાના દરબારમાં તેને બેસવા મળે છે અને તમારા દર્શન કરવા મળે છે.**

કાયાભાઈની વાત સાંભળીને સંતો-હરિભક્તો આશ્ચર્ય પામ્યાં. શ્રીજીમહારાજ પણ ખૂબ રાજી થયાને **પ્રસાદીના ચરણારવિંદ છાતીમાં આપ્યાં** અને કાયાભાઈ જેવો **મહિમા** સમજવા માટે સૌને પ્રેરણા કરી.

મહારાજની આજ્ઞા થતા મુક્તાનંદ સ્વામી પોતાનું મંડળ લઇ ગામડાં ફરવા જવા માટે તૈયાર થયા. મુક્તાનંદ સ્વામીને વળાવવા શ્રીજીમહારાજ ગામના પાદર સુધી આવ્યા. પછી ગામના પાદરે હોળીધારની જગ્યા પાસે આવીને ઉભાં રહ્યા.

મુક્તાનંદ ઉપર એહ ટાણે,
સ્નેહ બહુ કર્યો શામ સુજાણે.
પોતે પાંચ પ્રદક્ષિણા કરી,
પછી ઘોડેથી ઊતર્યા હરી;
દંડવત કરવા લાગ્યા જ્યારે,
મુક્તાનંદે ઝાલી રાખ્યા ત્યારે.
કહે તે સમે ધર્મકુમાર,
દંડવત્ કરવા ઘોને ચાર;
તમે સંત મહાંત છો કેવા,
નથી બ્રહ્માંડમાં તમ જેવા.
(શ્રી હરિલીલામૃતમ-૬-૨૪- ૫૨,૫૩,૫૪)

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને દંડવત્-પ્રદક્ષિણા કરી.

એકવાર શ્રીજીમહારાજે સારંગપુરમાં રંગોત્સવ કર્યો હતો. રંગોત્સવ પુરો થયો પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે સ્વામી! તમે તમારૂ મંડળ લઇ ઝાલાવાડ, દંઢાવ્ય, ચરોતર વગેરે વિસ્તારના ગામડાં ફરવા જાવ. સ્વામી ! તમે તો મારું જ અંગ છો, આપ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છો. માટે મારા વિયોગનું દુઃખ મટાડવા માટે તમે ગામડાં ફરવા જાવ. સર્વે હરિભક્તો મારા સ્થાને તમારી સેવા-પૂજા કરશે અને મારા દર્શનથી જેવું સુખ થાય છે તેવું જ સુખ તમારા દર્શનથી થશે. અમે તમારામાં રહીને સૌને દર્શન આપીશું.



આમ, શ્રીજીમહારાજ સ્વયં ભગવાન હોવા છતાં સંતોને દંડવત્-પ્રદક્ષિણા કરતા.

વાહલા બાળભક્તો ! આપણે પણ દંડવત્-પ્રદક્ષિણાના નિયમો રાખવા જોઈએ. તો ચાલો, આ પાઠમાં આપણે દંડવત્ પ્રદક્ષિણા વિષે જાણીએ.

(૧) દંડવત્ પ્રણામ એટલે શું ?

દંડ એટલે લાકડી અને વત્ એટલે જેમ. ભગવાન અને સંતને જોતા જ ભાવાતિરેકમાં આવી તેમના ચરણોમાં **લાકડીની જેમ પડી જવું** તેને દંડવત્ પ્રણામ કહેવાય છે. **પૂજ્ય-આદરભાવ-દાસભાવ પ્રગટ** કરવાની આ આધ્યાત્મિક ક્રિયાને સમય જતા ઋષિમુનિઓએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામની વિશેષતામાં ફેરવી.

(૨) "સાષ્ટાંગ દંડવત્ પ્રણામ" એટલે શું ?

(૧) મસ્તક (૨) આંખ (૩) બે હાથ (૪) બે પગ (૫) છાતી (૬) ઘુંટણ (૭) મન (૮) વાણી - આ **આઠ અંગો** દ્વારા થતા પ્રણામને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહેવાય છે.

★ સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કરવાં. (૧) બે હાથ (૨) માથુ (૩) આંખ (૪) મન (૫) વાણી. આ પાંચ અંગોને પ્રભુ કે ગુરુ સન્મુખ ભૂમિનો સ્પર્શ કરાવવો તે પંચાંગ પ્રણામ કહેવાય છે.

(૩) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કેવી રીતે કરવા ?

બે હાથ, બે પગ, બે ઘુંટણ, મસ્તક અને **છાતી** આ પાંચ સ્થુળ અંગોને ભૂમિનો સ્પર્શ કરાવવો. ત્યારબાદ **દૃષ્ટિ** દ્વારા ભગવાનના દર્શન કરવા અને પૃથ્વી પર પડેલા હોઈએ,



ત્યારે **મનમાં** ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીને એમ ધારવું કે ભગવાન મારી સન્મુખ સાક્ષાત્ ઉભા જ છે. અને મારો જમણો હાથ પ્રભુના જમણા ચરણારવિંદનો સ્પર્શ કરે છે અને ડાબો હાથ પ્રભુના ડાબા ચરણારવિંદનો સ્પર્શ કરે છે એમ ધારવું. ત્યારબાદ **વાણી** દ્વારા પ્રભુને પ્રાર્થના-સ્તુતિ કરતાં કરતાં ગદ્‌ગદ્‌ભાવે **હે પ્રભુ! હું તમારો છું - આવું ઉચ્ચારણ કરવું એ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ છે.**

આ પ્રમાણે ગદ્‌ગદ્ ભાવે, સાક્ષાત્ ભાવે, પ્રેમભાવની સાથે દંડવત્ પ્રણામ કરવાથી **નિર્માણીપણું** પ્રગટે છે અને **દાસત્વભક્તિની** શ્રેષ્ઠ અભિવ્યક્તિ થાય છે.

(૪) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ શાં માટે કરવા જોઈએ ?

ભગવાન કે ગુરુ પ્રતિ **સંપૂર્ણ સમર્પણ** તથા તેમની **સત્તાના પૂર્ણ સ્વીકાર** સ્વરૂપે સાષ્ટાંગ દંડવત્ કે પંચાંગ પ્રણામ કરવામાં આવે છે.

પ્રભુ કે ગુરુનાં શરણે પોતાનું સર્વસ્વ સમર્પણ એ આધ્યાત્મમાર્ગનું પહેલું પગથીયું છે. **સર્વસ્વ સમર્પણ** એટલે આત્મા, મન અને શરીર આ ત્રણેયનું સમર્પણ. દંડવત્ પ્રણામ દ્વારા આ ત્રણની અભિવ્યક્તિ થાય છે. પોતાના ''અહં'' ભાવને સંપૂર્ણ ઓગાળી દાસભાવ-ગુલામભાવ વ્યક્ત કરવા ભક્ત કે શિષ્ય ભગવાન કે ગુરુ સન્મુખ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે.

હાથ જોડીને, મસ્તક નમાવીને, ચરણ સ્પર્શ કરીને પણ પ્રણામ તો કરી શકાય છે, પણ સંપૂર્ણ શરણાગતિનો ભાવ તો સાષ્ટાંગ દંડવત્ પ્રણામમાં જ જાગૃત થાય છે.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ એ પ્રાચીન પરંપરા રહી છે. પરંતુ કાળે કરીને લુપ્ત થયેલી આ દિવ્ય પરંપરાને શ્રીહરિએ પાછી ઉજાગર કરી છે.

(૫) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કોને કોને કરી શકાય ?

નિત્યપૂજામાં, મંદિરમાં, ઘરમંદિરમાં ઠાકોરજી મહારાજને અને ગુરુ-સંતો-ભગવાનના એકાંતિક ભક્તોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા.

નોંધ : (જ્યારે સંતો મહારાજને દંડવત્ કરતા હોય ત્યારે સંતોને દંડવત્ ન કરવાં. ચાલુ આરતી-સ્તુતિ-પ્રાર્થના વખતે સંતોને દંડવત્ ન કરવાં; ત્યાર બાદ કરવા. ભગવાન તરફ આપણાં પગ ન રહે તે રીતે સંતોને દંડવત્ કરવાં.)



(૬) સાષ્ટાંગ દંડવત્ પ્રણામનો મહિમા :-

વ્યાસજી કહે છે :

एकोऽपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः।

दशाश्वमेधे पुनरपि जन्म कृष्णप्रणामी न पुनर्भवायः॥

(મહાભારત - શાંતિપર્વ - ૪૯/૯૨)

અર્થ :- દશ દશ વાર અશ્વમેધ યજ્ઞ કરીને અવભૃથ સ્નાન કરનારને જે ફળ મળે છે એટલું ફળ શ્રીહરિને માત્ર એકવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાથી મળે છે. એટલું જ નહિ દશ અશ્વમેધ યજ્ઞ કરનારને પુનર્જન્મ લેવો પડે છે; પરંતુ નિષ્કામભાવે શ્રીહરિને એક દંડવત્ પ્રણામ કરનારને પુનર્જન્મ લેવો પડતો નથી, મુક્તિ મળે છે.

(૭) સાષ્ટાંગ દંડવત્ પ્રણામનાં લાભ :-

સાષ્ટાંગ દંડવત્ પ્રણામથી શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મિક ઘણાં લાભો થાય છે.

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ત્રણ યોગાસનો **નમસ્કારાસન, એકપાદપ્રસરણાસન** અને **ભુજંગાસન** અને **સૂર્યનમસ્કારના** કેટલાંક **અંગોનું** સુંદર સંયોજન છે. આનાથી ગળાનો દુઃખાવો, કંઠનો દુઃખાવો મટે છે. કરોડરજ્જુની સ્થિતિ સ્થાપકતા વધે છે. ગરદન, ખભા, છાતી અને પીઠના સ્નાયુઓને કસરત મળે છે. પાચનશક્તિ વધે છે. મન શાંત થાય છે અને નમ્રતા-દીનભાવ-દાસભાવ જેવા સદ્‌ગુણો પણ પ્રાપ્ત થાય છે.

(૮) પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-

શ્રીજીમહારાજ પણ રોજ સાષ્ટાંગ દંડવત્ કરતા, સંતોને પણ દંડવત્ કરતા. માટે આપણે પણ દંડવત્નો નિયમ લેવો. આપણે આપણા અંગત સ્વાર્થ માટે કેટલાયની આગળ દીન-ગરીબ થઈએ છીએ તો આત્યંતિક કલ્યાણ માટે મહારાજ અને સંતોના રાજીપા માટે દીન-ગરીબ કેમ ન થવાય ? દંડવત્થી આપણામાં સદ્‌ગુણોનો વધારો થાય છે. દીનતા પ્રગટે છે ને મહારાજ રાજી થાય છે. કોઈ સંતો-ભક્તોનો અપરાધ થઈ ગયો હોય તો પણ દંડવત્ કરીને માફી માંગી લેવી; આ સંપ્રદાયની શુદ્ધ પરંપરા છે.



પ્રદક્ષિણા

(૧) પ્રદક્ષિણા એટલે શું ?

પ્રદક્ષિણા એ પૂજાવિધિનું જ એક અંગ છે. જીવનની પ્રત્યેક ક્ષણમાં ને પ્રત્યેક ક્રિયામાં ભગવાનને જ કેન્દ્રમાં રાખવાનો નિર્દેશ કરતી ક્રિયા એટલે પ્રદક્ષિણા.

(૨) પ્રદક્ષિણા શાં માટે ?

ભગવાન અને સંત આપણા જીવનનું મુખ્ય **કેન્દ્ર બિંદુ** છે અને વ્યવહાર જગત ગૌણ છે. આ વાતનું સતત અનુસંધાન પ્રદક્ષિણા કરાવે છે.

પ્રાચીનકાળમાં પ્રિય વ્યક્તિ પ્રત્યે આદર-પ્રેમ વ્યક્ત કરવા માનવી હર્ષોલ્લાસમાં આવી નાચી ઉઠતો ને ગોળ ગોળ ફરતો. પોતાની ટોળીમાં કોઈ નેતા ચૂંટે અને તેને વચ્ચે બેસાડી તેની આજુબાજુ ઘૂમતો. આજે પણ આ પ્રક્રિયા ચૂંટણીના પરિણામ વખતે જોવા મળે છે.

સમગ્ર બ્રહ્માંડોના આધાર, મુખ્ય કેન્દ્રબિંદુ, સર્વેશ્વર પરમાત્મા જ છે. એવા ભગવાન મળ્યાં તેનો આનંદ વ્યક્ત કરવાં, ભક્તિભાવ-પ્રેમભાવ-આદરભાવ વ્યક્ત કરવાં, ભક્તો ભગવાનને પ્રદક્ષિણા કરે છે.

જેને જેને પોતાના જીવનના કેન્દ્રમાં ભગવાન અને સંતને મુખ્ય રાખ્યા છે તેઓ સફળ થયા છે.

શ્રીજીમહારાજ પણ વડતાલ મંદિરની નિત્ય ૧૦૦-૧૦૦ પ્રદક્ષિણા કરતાં. વળી, શાસ્ત્રો કહે છે કે **૧૦૦ અશ્વમેધ યજ્ઞ કરતા ભગવાન અને સંતને પ્રદક્ષિણા કરવાનું ફળ અનંતગણું છે.** માટે આપણે પણ પ્રદક્ષિણા કરવાનો નિયમ રાખવો.

यानि कानि च पापानि जन्मातरकृतानि च।

तानि तानि विनश्यन्ति प्रदक्षिणां पदे पदे॥

અર્થ :- ભગવાનને કરવામાં આવતી પ્રદક્ષિણાના એક એક પગલે જન્મોજન્મના જાણતા-અજાણતાં થઈ ગયેલા તમામ પાપો નાશ પામે છે.

(૩) પ્રદક્ષિણા જમણી બાજુ જ કેમ ?

જમણી તરફની ગતિ **ઉર્ધ્વગતિ** છે. તેમજ પૃથ્વી, ગ્રહો, નક્ષત્રો આદિક જે જે ફરે છે તે બધાજ જમણી તરફ જ ફરે છે માટે...



(૪) પ્રદક્ષિણા કેવી રીતે કરવી ?

ભગવાનની મૂર્તિને **મધ્યમાં** રાખી આપણો જમણો હાથ અંદર તરફ રહે તે રીતે પ્રદક્ષિણા કરવી. પ્રત્યેક પ્રદક્ષિણા વખતે પરમાત્માની મૂર્તિ સામે થોડું અટકી, નીરખીને પરમાત્માના દર્શન કરી, બે હાથ જોડી નમસ્કાર કરવાં. ભગવાનની મૂર્તિ સંભારતા-સંભારતા મંત્રજાપ કરતાં કરતાં ધીરે ધીરે પ્રદક્ષિણા ફરવી પરંતુ ઉતાવળી ગતિએ ન કરવી.

અને વળી પ્રદક્ષિણા કરતી વખતે ભગવાનને પ્રાર્થના પણ કરતાં રહેવી કે, **''હે પ્રભુ ! મારા જીવનની પ્રત્યેક ક્ષણે - પ્રત્યેક ક્રિયાના કેન્દ્રમાં આપ જ રહેજો ! હે ભગવાન્ ! મારા જીવનના પ્રત્યેક શ્વાસો તમારી અને તમારા સંતની પ્રસન્નતા માટે જ લેવાય.** અને સાથે સાથે આપણે પણ પ્રતિજ્ઞા દૃઢ કરવાની કે **''હું ભગવાન, પૂજ્ય ગુરુજી, અને સંતને જ જીવનમાં મુખ્ય રાખીશ.''**

સ્વાધ્યાય

(પ્રશ્ન-૧) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) કામઢીયાળાનાં કાયાભાઈએ કુતરાને દંડવત્ શા માટે કર્યા ?

(૨) શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને દંડવત્-પ્રદક્ષિણા કરતાં શું કહ્યું ?

(૩) સાષ્ટાંગ દંડવત્ એટલે શું ?

(૪) સાષ્ટાંગ દંડવત્ પ્રણામનો મહિમા જણાવો ?

(૫) પ્રદક્ષિણા એટલે શું ?

(૬) પ્રદક્ષિણા કેવી રીતે કરવી ?

(૭) પૂજ્ય ગુરુજી દંડવત્ વિશે શું કહે છે ?



ભગવાન શ્રી સ્વામિનારાયણ-સંક્ષિપ્ત જીવન પરિચય



(૧) સ્વરૂપ :- પરબ્રહ્મ, સર્વોપરી ભગવાન પૂર્ણપુરુષોત્તમ નારાયણ.

(૨) અવતરણ :- તા. ૩/૪/૧૭૮૧, સંવત ૧૮૩૭, ચૈત્ર સુદ-૯

(૩) પ્રાગટ્ય સ્થળ :- છપૈયા (ઉત્તરપ્રદેશ-ભારત)

(૪) માતા :- ભક્તિમાતા

(૫) પિતા :- ધર્મદેવ

(૬) બાળપણનું નામ :- ઘનશ્યામ

(૭) અવતરણ હેતુ :- દુસરા જો અવતાર હૈ સો તો કાર્યકારણ અવતાર હૈ। કિન્તુ મેરા જો અવતાર હૈ સો તો જીવો કું આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે પુરુષોત્તમ જૈસા જો મે મનુષ્ય કે જૈસા બન્યા હૂં।

(૮) દિવ્ય બાળપણ :- અનેક ચમત્કારો, ૭ વર્ષની ઉંમરે તમામ શાસ્ત્રોમાં પારંગત થયા.

(૯) કલ્યાણયાત્રા :- ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કઠોર તપશ્ચર્યા, ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ ભારતભરમાં ઉઘાડા પગે - ઉઘાડા શરીરે વનવિચરણ કરી - લાખો મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું.

(૧૦) સંપ્રદાયની સ્થાપના :- ૨૧ વર્ષની ઉંમરે

(૧૧) મંદિર :- આત્યંતિક મુક્તિનાં દ્વારરૂપ ૬ મંદિરો (અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જુનાગઢ, ગઢડા)

(૧૨) શાસ્ત્રો :- વચનામૃત, શિક્ષાપત્રી

(૧૩) પરમહંસો :- ૩,૦૦૦ થી વધુ સંતોને દીક્ષા આપી (૨૫ વર્ષના સમયગાળામાં)

(૧૪) એકાંતિક સમાજ :- હજારો સંતો અને લાખો ભક્તોનું નિયમન ને એકાંતિક સમાજનું નિર્માણ.

(૧૫) સ્વયં શ્રીમુખે :- સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો

(૧૬) સમાધિ અને બ્રાહ્મી સ્થિતિ :- અષ્ટાંગયોગ વિના અનેકોને સમાધિ, અનેકને બ્રહ્મસ્થિતિ

(૧૭) અંતકાળે અક્ષરધામ :- ભક્તોને મૃત્યુ સમયે દર્શન દઈ અક્ષરધામમાં લઈ જવાનું વરદાન પાળ્યું.

(૧૮) સમાજસેવા :- સતીપ્રથા, દુધપીતીપ્રથા બંધ, અંધશ્રદ્ધામુક્તિ, વ્યસનમુક્તિ, જીવનશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ, દલિતોદ્ધાર, અહિંસક યજ્ઞો, સદાવ્રતો, શાસ્ત્રોની રચના.

(૧૯) સંસ્કૃતિનું પોષણ :- સંગીતકળા, નૃત્યકળા, લેખનકળા, ગાયનકળા, વાદનકળા ચિત્રકલા, શિલ્પકળા, સ્થાપત્યકળાનું પોષણ - સંવર્ધન

(૨૦) ધામાગમન :- તા. ૧/૬/૧૮૩૦, સંવત્ ૧૮૮૬, જેઠ સુદ-૧૦, ગઢડા - **(૪૯ વર્ષની વયે.)**

(૨૧) સત્પુરુષ રૂપે પ્રગટ :- મૂર્તિ દ્વારા અને સંત દ્વારા આજે પણ પ્રગટ



મોક્ષનું ધામ - લોયાધામ

'तरन्ति अनेन इति तीर्थः' જેનાથી ભવસાગર તરી શકાય તેને તીર્થ કહેવાય છે. લોયાધામ ભવસાગર પાર કરવાની નૌકા છે. મોક્ષનું ધામ છે. તેના દર્શન કરવાથી, જાત્રા કરવાથી જન્મ-જન્માંતરના પાપ નાશ થાય છે ને મોક્ષ મળે છે. કેમકે જ્યાં શ્રીજીમહારાજ અને પાંચસો પરમહંસો રહ્યાં છે, બેઠાં છે, ફર્યા છે, નાહ્યાં છે, રમ્યાં છે, જમ્યાં છે, જમાડ્યા છે અને અનેકવાર પધારી અનેક લીલાઓ કરી છે. આ ભૂમિના કણ-કણ પ્રસાદીના છે. આ પવિત્ર ભૂમિ અક્ષરધામ તુલ્ય છે.



શ્રીજીમહારાજના સ્વમુખના શબ્દો નોંધતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જિયાં જિયાં અમે વિચર્યા,
વળી રહ્યાં જેજે ગામ;
તે જરૂર જન જાણજો,
સર્વે થયા છે સ્વધામ.
તિયાં પ્રાણી કોઈ તન તજે,
જાણ્યા વિના એહ જાગ્ય;
કહ્યાં ન જાય વળી કોઈથી,
એવા ઉઘડિયા એના ભાગ્ય.
ચરણે અંકિત જે અવનિ,
વળી પદની સ્પર્શેલ રજ;
તે જોતા ન જડે જાણજો,
જેને ઈચ્છે છે ઈશ્વર અજ.
(પુરુષોત્તમપ્રકાશ-૪૪/૨-૩-૪)

લોયાધામમાં સુરાખાચરના નિખાલસ ભક્તિભાવ અને સખાભક્તિને વશ થઈને સ્વયં પ્રભુ **''રસોયા''** બન્યા છે. ને પોતાના હાથે રીંગણનું શાક બનાવીને સંપ્રદાયનો અદ્વિતીય અને અનોખો **''दिव्य**









શાકોત્સવ'' કર્યો છે. દરબારગઢના આંગણે શ્રીહરિએ કહેલા **''ઉપનિષદ્સમાં ૧૮ વચનામૃતો''**ના શબ્દો આજે પણ ગુંજારવ કરે છે.

★ **સંપ્રદાયના ઐતિહાસિક પ્રસંગોની શુભ શરૂઆત પ્રથમવાર લોયાધામમાં :-**

- સંપ્રદાયનું સર્વપ્રથમ હરિમંદિર લોયાધામમાં.
- સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગાદી સ્થાપના લોયાધામમાં.
- શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની સૌ પ્રથમવાર પારાયણ લોયાધામમાં.
- તિલક-ચાંદલાની સૌ પ્રથમવાર વ્યવસ્થિત શરૂઆત લોયાધામમાં.
- ધર્મકુળનું સૌ પ્રથમવાર મિલન લોયાધામમાં.
- માણકી ઘોડી સૌ પ્રથમવાર લોયાધામમાં.
- મુળી મંદિરના રાધાકૃષ્ણદેવ સૌ પ્રથમવાર લોયાધામમાં.
- પરાવાણી સ્વરૂપ વચનામૃત ગ્રંથનું પ્રથમવાર વિમોચન લોયાધામમાં.
- સંપ્રદાયમાં અદ્વિતીય શાકોત્સવની શરૂઆત લોયાધામમાં.

પ્રસાદીના સ્થાનો :-

દરબારગઢ, પરમહંસોનાં ઉતારા, મુક્તરાજ લીંબવૃક્ષ, પ્રસાદીની ચુલ, પ્રસાદીનો પટારો, તલવાર, પ્રસાદીનું સૌ પ્રથમ હરિમંદિર, સિંહાસન, પ્રસાદીના ઠાકોરજી, ૪૦ ચરણારવિંદ અંકિત ગોદડી, પાતાળિયો કુવો, સંગમ કુવો, સુખભાદર નદી, ક્ષુદ્રનદી, ધર્મકુળ મિલનનો ઓટો, પ્રસાદિની વાડી, ખીજડા, દાતણ, થાંભલી, પ્રસાદીનું શિવ મંદિર, રામજી મંદિર,

ભાળીયો કુવો, અંતાક્ષરી છત્રી, પ્રસાદીનું મંદિર (નાગડકા) પ્રસાદીનાં પાયા વગેરે...

આવું અતિ પ્રસાદીનું સ્થાન એટલે

''આપણું લોયાધામ''

જ્યાં ઠાકોરજી મહારાજ
સર્વોપરી ભગવાન.
મુક્તાનંદસ્વામી સર્વોપરી સંત.
લોયાધામ સર્વોપરી તીર્થધામ.
શાકોત્સવ સર્વોપરી ઉત્સવ.
નૂતનમંદિર સર્વોપરી મંદિર.

આવાં પરમપવિત્ર લોયાધામની સેવા પરમ પૂજ્ય ગુરુજીને ઈ.સ. ૧૯૯૮ ની સાલમાં મળી. અત્યારે લોયાધામમાં કરોડો રૂપિયાના ખર્ચે સફેદ આરસનું ભવ્ય-ગગનચુંબી સર્વોપરી મંદિર બની રહ્યું છે. ગુરુજી સ્વયં તેની અંગત દેખરેખ રાખે-રખાવે છે. આ લોયાધામની સેવા કરવાનો અમૂલ્ય અવસર આપણને પણ પ્રાપ્ત થયો છે તે આપણાં બહું મોટાં ભાગ્ય છે. ગુરુજી ઘણીવાર કહે છે : **''આપણે તો લોયાધામના બળદિયા છીએ.''**

ગુરુજી એ આપેલ આ સૂત્ર આપણે પણ આપણા જીવનમાં ઉતારીએ અને તન-મન-ધનથી લોયાધામની સેવા કરીએ !!











: લોયાધામ પરિવાર :
એક આધ્યાત્મિક અને સામાજિક પરિવાર

વાહલા બાળકો ! તમે જાણો છો ? લોયાધામ પરિવારનાં આરાધ્ય ઉપાસ્ય ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરુપ **આદિ ગુરુદેવ શ્રી મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ છે. પરમ પૂજ્ય ગુરુજી આ પ્રસાદીના ઠાકોરજી મહારાજની પ્રતિદિન ખૂબજ ભાવથી સેવા કરે છે ને લાડ લડાવે છે.**





પરમ પૂજ્ય ગુરુજી ઘણીવાર કહે છે : લોયાધામ એ આપણો એક દિવ્ય પરિવાર છે. શ્રીજીમહારાજ આપણા પિતા છે અને મુક્તાનંદસ્વામી આપણી **''સગી માં''** છે. સૌ સંતો-ભક્તો આપણાં સાચા સગાં છે. તેમની સાથે સંપ-સુહૃદભાવ ને એક્તાથી રહેવું ને દેહ ને દેહના સંબંધી જેવી આત્મબુદ્ધિ કરવી.

તો બાળમિત્રો ! ચાલો, આ પાઠમાં આપણે આપણાં **'લોયાધામ પરિવાર'** અને તેની સંસ્થાઓ અને કાર્યો વિષે જાણીશું !!

★ લોયાધામ પરિવાર અને તેની શાખાઓ

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-ગુજરાત

(૨) શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ
લોયાધામ-કંડારી

(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-વડોદરા

(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-નાવલી

(૫) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-સુરત

(૬) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-ન્યુજર્સી (યુ.એસ.એ.)

(૭) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-મેકન (યુ.એસ.એ.)

(૮) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-ફ્લોરીડા (યુ.એસ.એ.)

(૯) શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ-કેનેડા

(૧૦) શ્રી સ્વામિનારાયણ પરિવાર
લોયાધામ-લંડન (યુ.કે.)

વાહલા બાળકો ! લોયાધામ અને તેની તમામ સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા તમામ હરિભક્તો **''લોયાધામ પરિવાર''** તરીકે ઓળખાય છે.

(૧) **મુખ્ય સંસ્થાનું નામ :-** લોયાધામ (સુરેન્દ્રનગર-ગુજરાત-ભારત)

(૨) **આરાધ્ય ઉપાસ્ય :-** ભગવાન શ્રી સ્વામિનારાયણનું અર્ચાસ્વરૂપ મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ





















(૩) **આદિગુરુદેવ :-**
સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

(૪) **પ્રગટ સત્પુરુષ :-** પરમ પૂજ્ય ગુરુજી

(૫) **ટૂંકો પરિચય :-** સનાતન હિન્દુ વૈદિક સંસ્કૃતિના મૂલ્યોનું સંરક્ષણ-સંપોષણ અને સંવર્ધન કરતી સંસ્થા.

– નાત-જાતના ભેદભાવ વિના નિઃસ્વાર્થભાવે સૌના કલ્યાણમાં રત, આધ્યાત્મિક અને સામાજિક સંસ્થા.

(૬) **સ્થાપના :-** લોયાધામની સ્થાપના ઓગણોતેરા કાળમાં શ્રીજીમહારાજે ગુરુદેવ મુક્તમુનિ અને ભણનારા ૬૦ સંતોને લોયા મુક્યા ત્યારથી થઈ. આ ધામની સેવા કરવાનો અવસર પરમ પૂજ્ય ગુરુજીને ઈ.સ. ૧૯૯૮ - અખાત્રીજના દિવસથી મળ્યો.

(૭) **મુખ્ય સિદ્ધાંત :-**

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा॥

(शिक्षापत्री-११६)

(૮) **મૂળ સમજણ :-** શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અનાદિ મુક્તોમાં મુખ્ય અને સત્સંગની 'માં' અને સર્વોપરી સંત, સત્પુરુષ લોયાધામનાં પ્રાણ. દાસના દાસ થઈ, સંતો ભક્તો સાથે સંપ-સુહૃદભાવ એક્તાથી રહેવું. દિવ્યભાવ મહિમા રાખી સેવા કરવી, ભજન ખૂબ કરવું.

(૯) **ઉદ્દેશ :-** આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ.

(૧૦) **મુખ્ય શાસ્ત્ર :-** વચનામૃત, શિક્ષાપત્રી, નંદસંતોના ગ્રંથો



(૧૧)**સૂત્રો :-** ''આપણે સૌ લોયાધામના બળદિયા.''

આપણને મહારાજે લોયાધામની સેવા આપી છે.

આપણને મહારાજે મુક્તાનંદીય ગુરુપરંપરાની સેવા સોંપી છે.



★ લોયાધામ પરિવાર સાથેના જોડાણથી થતો લાભ :-

- સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની શુદ્ધ સમજણ અને સર્વોપરી ઉપાસનાની સમજણ પ્રાપ્ત થાય છે.
- જીવનનું અંતિમ લક્ષ્ય ભગવાન છે તે સમજાય છે. તેમને પામવા માટે આત્મા-અનાત્માની ચોખ્ખી સમજણ પ્રાપ્ત થાય છે.
- સંતો સાથેના સંપર્કને કારણે કુસંગથી રક્ષા થાય છે. જીવન નીતિમત્તાભર્યું પ્રામાણિક બને છે ને સમાજમાં ગૌરવ મળે છે.
- જીવનમાં સુખ-શાંતિ અને આનંદ આવે છે ને સંતોષભર્યું જીવન જીવવાની દૃઢતા થાય છે.
- બાળ-કિશોર અને યુવા મંડળો અને ઘરસભા, સત્સંગસભાના કારણે ઘર પરિવારમાં અને સંતાનોમાં સંસ્કાર જળવાય છે. નૂતન ચારિત્ર્ય નિર્માણ થાય છે. કુસંગમુક્ત, વ્યસનમુક્ત જીવન બને છે.
- શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોના પાલનથી વિષય, વ્યસન ને વહેમ ટળે છે. આર્થિક પ્રશ્નો ને ધંધાકીય પ્રશ્નો ઘટે છે.
- સંતો-ભક્તોના હૂંફ-બળ અને

માર્ગદર્શનથી જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન મળે છે. જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.

- પ્રગટ સત્પુરુષનું દિવ્ય સાનિધ્ય પ્રાપ્ત થવાથી ભગવાન સાથેના જોડાણની અનુભૂતિ થાય છે.
- સત્પુરુષનો રાજીપો મળતા જીવન દરમ્યાન આનંદ અને મૃત્યુ બાદ પણ અક્ષરધામમાં ભગવાનનું અખંડ સુખ મળે છે.

ખરેખર, લોયાધામ પરિવાર સાથે જોડાવવું એ બહું જ મોટા ભાગ્યની વાત છે. માટે ક્યારેય નાના-મોટા સુખ-દુઃખો આવે, કે અપમાન થાય કે ઉપેક્ષા થાય તો પણ ભગવાન ને ભગવાનના સંતોનો સમાગમ છોડવો નહિ. દાસના દાસ થઈ લોયાધામના બળદિયા બનીને રહેવું.

★ લોયાધામ પરિવારનાં સભ્યોનું કર્તવ્ય :-

- આપણી મુક્તાનંદીય ગુરુપરંપરાના સદ્‌ગુરુઓના જ્ઞાનને ઊંડાણથી સમજીને તેની જીવનમાં દૃઢતા કરવી.
- લોયાધામ પરિવારના તમામ સંતોના સદ્‌ગુણો અને કાર્યોની જાણ હોવી અને કોઈ બે સંતો સાથે વ્યક્તિગત સંપર્કમાં રહેવું.
- લોયાધામની તમામ સંસ્થાઓના કાર્યોથી વાકેફ રહેવું.
- આપણા યોગમાં આવનાર મિત્રો આદિક તમામને શ્રીજીમહારાજ, મુક્તાનંદ સ્વામી, ગુરુપરંપરા ને સંસ્થાના મહિમાની વાતો કર્યા જ કરવી.
- મિત્રો આદિકને લોયાધામ પરિવાર સાથે જોડવાં. મંદિરમાં લાવવાં, સમૈયા-











ઉત્સવમાં લાવવાં અને સંતો સાથે પરિચય કરાવવો.

- સાંપ્રદાયિક - બિનસાંપ્રદાયિક ને અન્ય સંસ્થાઓના અનુયાયીઓ સાથે આવકારભર્યો મીઠો વ્યવહાર કરવો. વાણી-વર્તન, નમ્ર અને નિર્મળ રાખવા.
- પોતાનું જીવન પ્રામાણિક રાખવું અને નિઃસ્વાર્થભાવે, પક્ષપાત વિના સૌને અપનાવવા ને સામેનાનું હિત થાય તેવું જ ચિંતવન કરવું.

★ **સંસ્થાની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ :-**

- ૫૦ જેટલા સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત સાધુતાવાન સંતો દ્વારા દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર.
- હજારો સ્ત્રીપુરુષોનો એકાંતિક વર્ગ
- અનેક ઉત્સવો, પારાયણો, બ્રહ્મસત્રો, ગામડે-ગામડે કથાવાર્તા, બાળસભા, યુવાસભા વગેરે.
- શિક્ષણ સાથે સંસ્કાર આપતી ગુરુકુળ સંસ્થાઓ દ્વારા અનેકવિધ આયોજનો.
- મંદિરો બાંધવા, મંદિર જીર્ણોદ્ધાર.

★ **સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓ :-**

ગૌસેવા અને ગૌશાળાઓ, ગામડે તળાવ બાંધવા, હોસ્પિટલ બાંધવી, સ્કુલો બાંધવી, વ્યસનમુક્તિ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, ભૂકંપ રાહત સેવા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં સેવાકાર્યો, ફૂડપેકેટ વિતરણ, ધાબડા વિતરણ, અન્નક્ષેત્ર, સદાવ્રત, ગરીબ બાળકોને નિઃશુલ્ક વિદ્યાદાન, શાળા-છાત્રાલયો, શિક્ષણ દ્વારા લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ સેવા વગેરે

દુષ્કાળ, પૂર, હોનારત, વાવાઝોડુ














વગેરે આપત્તિઓમાં પિડિતોને સેવા.

પરમ પૂજ્ય ગુરુજી કહે છે :-

મારા નાથનું વહાલું, વહાલું, વહાલું.

લોયાધામ, લોયાધામ, લોયાધામ !

આપણને મહારાજે આ લોયાધામ અને મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાની સેવા કરવા માટેજ અહીંયા રાખ્યા છે. એમાજ મારું કલ્યાણ છે, પૂર્ણકામપણું છે, હું કૃતાર્થ થયો છું એમ માનવું !!!

કરોડ જન્મના પૂણ્યે પણ આ લોયાધામની સેવા મળે નહિ તે ભગવાનની ને મોટા સદ્‌ગુરુઓની કૃપાથી આપણને મળી છે. હવે લોયાધામના બળદિયા થઈને રેવું. લોયાધામની સેવા એટલે સાક્ષાત્ શ્રીજીમહારાજની સેવા !! લોયાધામની સેવાથી અક્ષરધામ પાક્કું !!!

લોયાધામની સેવા એજ મારા માટે ભક્તિ અને મુક્તિ છે અને એજ મારું લક્ષ્ય છે એમ જીવમાં દ્રઢ કરવું !!!

લોયાધામ પરિવારના મુક્તોના ઘર આવાં હોવાં જોઈએ.

- આપણું ઘર સ્વચ્છ, પવિત્ર અને વ્યવસ્થિત હોવું જોઈએ.
- આપણા ઘરમાં ખુલ્લી અને યોગ્ય જગ્યાએ સુંદર ઘરમંદિર હોવું જોઈએ.
- તે ઘરમંદિરમાં આપણા ઇષ્ટદેવ અને સદ્‌ગુરુઓની જ મૂર્તિઓ હોવી જોઈએ અને ત્યાં પંખો અને લાઈટ પણ હોવાં જોઈએ.
- ઘરમંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજની નિયમિત આરતી-થાળ સમયસર થતાં હોવાં જોઈએ.
- આપણા ઘરનાં સભ્યો નિત્ય વ્યક્તિગત પૂજા કરતા હોવાં જોઈએ.
- આપણા ઘરમાં શ્રીજીમહારાજ, શ્રી ઠાકોરજી મહારાજ, આપણી ગુરુ પરંપરાનાં સદ્‌ગુરુઓની મૂર્તિઓ હોવી જ જોઈએ.





- આપણા ઘરમાં લોયાધામનું કેલેન્ડર અને આપણા પૂજ્ય ગુરુજીનાં ફોટા/પ્રતીમા હોવા જ જોઈએ.
- આપણા ઘરનું વાતાવરણ મહિમા અને ભક્તિસભર હોવું જોઈએ અને લોયાધામ અને મુક્તનંદીય ગુરુપરંપરાની વાતો થતી હોવી જોઈએ.
- આપણા ઘરમાં સત્સંગના જ કીર્તન-ધૂન-કથાવાર્તા સંભળાવાં જોઈએ.
- આપણા ઘરનાં સૌ સભ્યો દરરોજ સાંજે સાથે ભેગા મળીને આરતી-ધૂન-સ્તુતિ-પ્રાર્થના-ચેષ્ટા બોલતા હોવાં જોઈએ.
- આપણા ઘરનાં સૌ સભ્યો રોજ સાંજે નિયમિત ઘરસભા કરતાં હોવાં જોઈએ.
- વ્યવહારશુદ્ધિ માટે ઘરનાં દરેક સભ્યો પોતાની આવકમાંથી ચોખ્ખો દશમો-વિશમો ભાગ ધર્માદો કાઢતા હોવાં જોઈએ.
- આપણા ઘરમાં ખાવા-પીવાની તમામ વસ્તુઓ ગાળ્યાં-ચાળ્યાં પછી જ વપરાવવી જોઈએ.






- આપણા ઘરનાં દરેક પુરુષ સભ્યો પૂજ્ય ગુરુજી અને સંતોનો સમાગમ/ ફોન કરતાં હોવા જોઈએ. અને સ્ત્રી સભ્યો સાંખ્યયોગી માતાઓનો સમાગમ/ફોન કરતાં હોવાં જોઈએ.
- આપણા ઘરનાં દરેક સારા પ્રસંગો પૂજ્ય ગુરુજી, સંતો, ભક્તોની હાજરીમાં જ ઉજવાવા જોઈએ. અને દિવાળીનાં દિવસોમાં થતા બ્રહ્મસત્રમાં ફરજીયાત પણે હાજરી આપવી જોઈએ.

આપણું ઘર આવુ ન હોવું જોઈએ.

- આપણું ઘર સંસારી વિષયી જીવોનાં ઘર જેવું ન હોવું જોઈએ.
- એક આદર્શ સત્સંગીને લજાય અને મહારાજની પતિવ્રતાની ભક્તિ ખંડિત થાય એવાં કોઈ ફોટા-મૂર્તિ-કેલેન્ડર આપણા ઘરમાં ન હોવા જોઈએ.
- આપણા ઘરમાં ન જોવા જેવી ફિલ્મ-પીક્ચરો ન જોવાતાં હોવા જોઈએ અને ન સાંભળવા જેવા ફિલ્મીગીતો ન સંભળાતાં હોવાં જોઈએ.
- આપણા ઘરનાં કોઈપણ સભ્યોને ચા-કોફી-સીગારેટ-બીડી-પાન મસાલા-ગુટકા વગેરે કેફી પદાર્થોનાં વ્યસન ન હોવાં જોઈએ.
- આપણે સંસારનાં સંબંધો સાચવવા માટે પણ નિયમ-ધર્મ ન છોડતાં હોવા જોઈએ.
- ઘરનાં દરેક સભ્યોની ક્રિયા શુદ્ધ હોવી જોઈએ.
- આપણા ઘરમાં કે બહાર હોટલ આદિકની ખાણી-પીણી ન ખવાવી-પીવાવી જોઈએ. ઘરમાં બનાવેલ વાનગીઓજ ભગવાનને ધરાવીને ખાવી-પીવી જોઈએ.
- ઘરનાં દરેક સભ્યોનો પહેરવેશ, વાણી, વર્તન એક આદર્શ સત્સંગીને શોભે તેવાંજ હોવાં જોઈએ.
- આપણા ઘરમાં અનીતિ કે અન્યાયનો પૈસો ન આવવો જોઈએ.
- શ્રીજીમહારાજની આજ્ઞા લોપાય અને પૂજ્ય ગુરુજી અને સંતોને નીચું જોવું પડે એવી કોઈ પણ વસ્તુ આપણા ઘરમાં ન હોવી જોઈએ.



અલૌકિક પ્રાપ્તિ

ઓહો ! શું મારા ભાગ્ય કે જેને મહારાજ મળ્યાં તે
ગુરુજી મને મળ્યાં ! ઓહો ! મારી લાયકાત કરતા
મારી પ્રાપ્તિ કેટલી મહાન !
આ ગુરુજી મને મળ્યાં અને મારું જીવન
અચરજકારી બની ગયું !
આ ગુરુજી મળ્યાં એટલે રાંકને રતન મળ્યું !!
મહારાજને ગુરુજીને ગમે તેવુંજ મારાથી થાય !
મારી મૂડી છે મારા ગુરુદેવનો રાજીપો !
હે ગુરુજી ! મારે તમને રાજી કરવા છે !
હે નાથ ! તારી દયા કે તે આ ગુરુદેવ મને દીધા !
હે ગુરુદેવ ! હું તમારો છું.

તમે લોયાધામ સંસ્કાર પુસ્તકમાંથી શું મેળવ્યું ?